ખુદા ફરમાવે છે,

જેને હિકમત (દિનની સમજ) અપાયલી છે, ખરેખર વધુ ભલાઈ તેનેજ અપાયલી છે

અને ફરમાવ્યું કે,

"નેક બીબીયો કહેલું કરે છે, અલ્લાહના સંભાળથી તેણીઓ પીઠ પાછળ ખિયાલ રાખનારી હોય છે."

બેહેશ્તી ઝેવર

અથવા

સ્વર્ગનું ઘરેણું.

ભાગ ૯ મો

મુળ ઉર્દુથી ભાષાન્તર કરી
છપાવી પ્રસીદ્ધ કર્તા હકીમ અબદુર રેહમાન બીન મરહુમ મૌલાના
ગુલામ મોહમ્મદ હાજી હાફેજ સાદેક
મેનેજર-કુતુબખાના આદેફીયાહ મુ૦ રાંદેર જીલ્લે સુરત.

મોહર્રમ સને ૧૩૪૧ હીજરી.

આવૃત્તિ પહેલી) કી૦ આ૦ ૧૨ (પ્રત ૧૦૦૦

સુરત લીમડાચોકમાં આવેલા "સુદર" પ્રીન્ટીંગ પ્રેસમા
વીઠ્ઠલદાસ ફીકાભાઈએ છાપ્યો

બેહેશતી ઝેવરના નવમાં ભાગનું અનુક્રમણીકા.

છેવટ ગ્રંથ સમાપ્તી.

બેહશ્તી ઝેવર

ખોદાના નામથી જે મોટો મેહેરબાન રહમ કર્તા.

આ ભાગમા તંદુરસ્તી (આરોગ્યતા) મેળવવાની અને તેને કાએમ રાખવાની કેટલીક અગત્યની તદબીરો છે જેના જાણવાથી સ્ત્રીઓ પોતાની તથા પોતાના બચ્ચાઓની સભાળ તથા બચાવ કરી શકે. આરોગ્યતા એવી વસ્તુ છે કે જેથી માણસનું દિલ ખુશ રહે છે, તો ઇબાદત તથા નેક કામોમાં સારી રીતે દીલ લાગે છે. ખાણુ પાણીની મેજવ હાસેલ થાય છે તો [illegible] તઆલાનો શકર કરે છે (ઉપકાર માને છે) બદનમા તાકત રહે છે તો સારા કામ તથા બીજાઓની સેવા સારી રીતે કરી શકે છે, હકદારોના હક સારી રીતે બજાવાય છે એટલા માટે આવી નેયતથી તંદુરસ્તીની તદબીર કરવી તે ઇબાદત તથા દીનનુ કામ છે વિશેષ કરી સ્ત્રીઓને એવી વાતોને જાણવુ પણ અગત્યનુ છે, કારણ કે તેઓના હાથમા બચ્ચાં પલે છે અને તેઓ પોતાનો લાભ કે ગેર લાભ કંઇ સમજી શકતા નથી તો જે સ્ત્રી

આ વાતોને નહી જાણતી તેઓની બેદરકારીથી બચ્ચા બીમાર થાય છે જો તે લખવા ભણવાને લાએક હોય છે છતા તેઓની વિદ્યામા પણ રોકાણ નડે છે વળી બચ્ચાઓની બીમારીને લીધે અથવા ખુદ સ્ત્રીઓની બીમારીને લીધે મરદોને બેચેની થાય છે તે જુદી દવા દારૂમા તેવણનાજ રૂપીઆ ખરચ થાય છે મતલબ કે નુકસાનજ નુકસાન છે અને અમારા પેગમ્બરે (સલ) પણ દવા તથા પરહેજ કરવાને પસંદ કર્યા છે માટે થોડુ થોડુ જરૂરી વાતોનુ બયાન લખ્યુ છે

હવાનુ વર્ણન

૧ પૂર્વની હવા જે સૂર્ય નીકળવાની જગાથી આવે છે તે વાગેલાને તથા જખમને નુકસાન પોહોચાડે છે અને કમજોર માણસને પણ સુસ્તી લાવે કે જેને વાગુ હોય, તથા જખમ વાળો અને જુલાબ (રેચ) વાળાએ એનાથી સંભાળ રાખવી (બેવડુ કાપડુ પહેરી લ્યા કરે) (૨) દખણ એટલે જે વાયુ દક્ષિણ તરફથી ફુકાય છે તે ગરમ હોય છે બદનના છીદ્રોને ઢીલા કરે છે જે લોક હમણા બીમારીથી ઉઠયા છે, તેઓને એ હવાથી બચવુ જોઇએ નહીં તો મંદગી ફરી પાછી આવવાનો ડર છે (૩) ઘરમા જગ્યા જગ્યા કિચડ નહીં કરો એથી પણ હવા બગડે છે અને આ પણ વિચાર રાખવો જોઇએ કે જાજરૂ, ગુસલખાનુ, અને વાસણ ધોવાની જગ્યા બનતા સુધી પોતાના બેસવા ઉઠવાની જગાથી દૂર રાખો કેટલીક સ્ત્રીઓની ટેવ હોય છે કે બચ્ચાને કોઇ પણ જગ્યા પગ ઉપર બેસાડી હગાવે મૂતરાવે છે ફરી જો ઘણી સંભાળ કરી તો તે જગ્યાને લીપી દે છે પણ આ ... ન બેતમીઝી તથા નુકસાનની વાત છે પ્રથમ તો એ કામ માટે કોઇ જગ્યા ઠેરવી રાખો અને નહીં તો ઓછામા ઓછુ આટલુ કરો કે કોઇ વાસણ એ કામ માટે જુદુ રાખો અને તેને પણ તુરત સાફ કર્યાં કરો (૪) કેદી કદી સુગંધી વસ્તુ ઘરમા સળગાવ્યા કરો જેમકે લોબાન, અગર, કાપુર વિગેરે અને વર્ષાની મોસમમાં લોબાન અથવા ગંધક ઘરના દરેક ઓરડામાં બાળો અને બારણા સારી રીતે બંધ કરો કે જેથી સારી રીતે એ વસ્તુની અસર થાય (૫) સૂતી વેળા જરૂર દીવાને બુઝાવ્યા કરો વિશેષ કરી માટીનુ તેલ (ગ્યાસ) બળતુ રાખવામા ઘણુ નુકશાન છે. હવામા ખુશકી વધી જાય છે અને મગજ તથા આંખોને નુકસાન પોહોચે છે (૬) બંધ ઘરમા ધુમાડો કરી કદી બેસો નહીં કેટલીક જગા એવુ થયુ છે કે એવી રીતે તાપનારાઓના એકાએક દમ ગુગળાયો અને એટલો વખત નહીં મળ્યો કે બારણુ ખોલી બહાર નીકળે ત્યાને ત્યાજ મરી રહ્યા (૭) ઠંડીની મોસમમા સરદીથી બચો જો નાહવાનો પ્રસંગ આવે તો વાળ તરત સુખવો જો મીજાજ (સ્વભાવ)મા સરદી ઘણી હોય તો ચાહ પીઓ અથવા બે તોલા મધ અને પાંચ માશા કલોંજી ચાટી લો (૮) જેવી રીતે ઠંડી હવાથી બચવુ જરૂર છે તેવી રીતે ગરમ હવા એટલે લૂથી પણ બચતા રહો જાડુ અથવા બેવડુ કપડુ પહેરો ગરમીમા આમળાથી માથુ ધોયા કરો

ખાણાનુ વર્ણન.

(૧) ખાણુ હમેશ ભૂખથી ઓછુ ખાયા કરો આ એક એવી યુકતી છે કે એનો વિચાર રાખ્યાથી સેકડો બીમારીઓથી બચાવ થાય છે (૨) રબીઅ (રવી) ના દિવસોમા ખોરાક ઓછો ખાઓ. કદી કદી રોઝો રાખ્યા કરો. અને રબીઅના દિવસો તે કહેવાય છે કે જ્યારે ઠંડી જાય અને ગરમી આવતી હોય (૩) ગરમીના દહાડામાં ઠંડી ગીઝા (ખોરાક) વાપરો જેમકે કાકડી, ચીભડુ, તુરિયુ વગેરે અને જો યોગ્ય લાગે તો કોઇ ઠંડાયની દવા પણ તૈયાર રાખો અને બચ્ચાઓ તથા મોટાઓને જરૂરત

લોગોં આપ્યા કરો જેવું નીલુફરનુ શરબત ઉન્નાબનુ શરબત વગેરે ફાલૂદો પણ ઉમદા ચીજ છે એથી નવા અનાજની ગરમી પણ થતી નથી માત્ર તુખમે રેહાન ફાકવા પણ એ લાભ આપે છે એ મોસમમાં ગરમ અને ખુશ્ક ખોરાક ઘણોજ ઓછો ખાઓ જેમકે તુવેરની દાળ આલુ વગેરે (૪) ખરીફના દિવસોમા જે વસ્તુથી સોદો (ત્રીદોશ) ઉત્પન્ન થાય છે તે ઓછી ખાય જેમ કે તેલ, વેગણુ, ગાયનુ માંસ, મસૂર વગેરે અને ખરીફની મોસમ જેને આપણે વરસાદની મોસમ કહીએ છીએ તે છે (૫) ઠંડીના દિવસોમા જેને શક્તિ હોય તે પુષ્ટીકારક ખોરાક તથા દવા વાપરે જેથી આખુ વર્ષ ઘણી ખરી આફતોથી બચેલો રહે જેમકે નીમબિરશ્ત (અર્ધું કાચુ અર્ધું પાકુ) ઇંડુ નિમકે સુલેમાની સાથે તથા ગાજરનો હલવો અને નીમબિરશ્ત તેને કહે છે કે અંદરથી પૂરૂ બધાયુ નહીં હોય તેની રીત આ છે કે ઇંડા ને બારીક કપડામા લપેટીને ઘણાજ ખલખલતા પાણીમાં સો વાર ડુપકીયા આપે. અથવા જોશ ખાતા પાણીમા પૂરી ત્રણ મીનીટ નાખીને કહાડે એની માત્ર દાલ (ઝર્દી) ખાવી જોઇએ સફેદી સારી વસ્તુ નથી (૬) ઘણી જરૂરત વગર દવા ખાવાની ટેવ નહીં પાડો નાની સરખી માંદગી મા ખોરાક ઓછો લેવાથી અથવા બદલવાથી કામ કાઢા કરો. (૭) આજ કાલ ખોરાકમાં ઘણી બેતરફીબી થઈ ગઇ છે જેથી તહરે તરેહના નુકશાન થાય છે માટે સારો અને ખરાબ ખોરાક લખવામા આવે છે

સારો ખોરાક આ છે.

ઇંડુ નીમબિરશ્ત, કબૂતરના બચ્ચાનુ માંસ, બકરાનુ માંસ, ઘેટાનુ માસ, લવા, બટેર, તીતર કુકડુ, કેટલાક જંગલી પક્ષીઓ, હરણ, નીલ ગાય, બીજા શિકારોનુ માસ, માછલી, ઘઉંની રોટલી, દ્રાક્ષ. અંજીર, દાડમ, સફરજન, શલજમ, પાલક, ખરબુજો, દૂધ જલેબી, સરી પાયા, (મુડીપાયા) પણ સીરી પાયાથી જાડુ ખૂન ઉત્પન્ન થાય છે

ખરાબ ખોરાક આ છે.

વેગણ, મુલા, લાહીની ભાજી, એટલે કાળા પાદડાની સરસની ભાજી સીંગરી, ગાયનુ માસ, બતખનુ માસ, ગાજરૈ સૂકવેલુ માસ, લોબયા, મસૂર, તેલ, ગોળ, ખાટુ અને આ ખોરાક ખરાબ છે એની આ મતલબ નથી કે તેને કદી ખાવુ નહી પણ બીમારીની હાલતમા તદ્દન ખાય નહી અને આરોગ્યતા અવસ્થામા પોતાના સ્વભાવ વગેરે જોઇ જરા ઓછુ ખાય, હા. જેનો સ્વભાવ મજબૂત છે તેમ તે વસ્તુ ખાવાની ટેવ પણ છે તેને કઇ નુકશાન નથી કેટલીક જગ્યા રિવાજ છે કે સુવાવડોને જુદી જુદી જાતનો ખોરાક આપે છે કદી અળદની દાળ, કદી ગાયનુ માસ અને ભાજી તરકારીઓ વિશેષ કરીને આપે છે આ બુરો રિવાજ છે એવા વખતની સંભાળ માટે ખરાબ ખોરાકને લખ્યો છે, હવે એ ખોરાકનુ કેટલુક વર્ણન તેના સ્વભાવ વિષે પણ લખવામા આવે છે

વેગણુ ગરમ અને ખુશ્ક છે એમા ખોરાક પણ ઘણુ ઓછુ છે ખરાબ ખૂન ઉત્પન્ન કરે છે બવાસીરવાળાઓને તથા સોદાવીમીઝાજ વાળાઓને ઘણુ નુકશાન કરે છે પણ જો તેમા ઘી ઘણું નાખવામા આવે અને સરકાની સાથે ખાવામા આવે તો કંઇક તેની ઇસ્લાહ એટલે સુધારો થાય છે મુલો ગરમ અને ખુશ્ક છે એના પાદડામા વળી વધુ ગરમી છે મથાને ગળાને અને દાતોન વધુ નુકશાન પહોચાવે છે મોડેથી હજમ થાય છે પણ એથી બીજો ખોરાક હજમ થાય છે, બવાસીરવાળાઓને કંઈક ફાયદો આપે છે પણ ગરમ છે જો તેની સાથે સરકામા ભિંગવેલુ જીરૂ, મેળવાય તો તેની નુકશાનીમા કમી થાય છે તિલ્લી માટે બિગાડ કરનાર છે વિશષ કરી સરકામાં ભિંગવેલો, લાહીની ભાજી ગરમ છે. ગુરદાના

બિમારને ઘણું નુકશાન કરે છે અને ગર્ભાવસ્થામાં ખાવાથી બચ્ચાને મરવાનો ડર રહે છે સીગરી પણ ગરમ છે ગાયનુ માસ ગરમ ખુશક છે એથી ખૂન બાડુ અને ખરાબ તરેહનુ ઉત્પન્ન થાય છે સોદા (ત્રીદોશ) વધુ ઉત્પન્ન થાય છે ખુજલીવાળાને બવાસીરવાળાને મિરાક તથા વરોલવાળાને અને સોદાના મિઝજવાળાને નુકશાન કરે છે જો પાકવામા ખરબુજનું છલતુ તથા કાળા મરી નાખવામા આવે તો તેની નુકસાની ઓછી થાય છે હા, જેઓ મેહનની લેક છે તેઓને વધુ નુકશાન કરતુ નથી એટલુજ નહીં પણ બકરાના માસથી ખાનારને વધુ મોટો તાજો કરે છે, પણ બીમારીમા એથી પરહેજ કરવી જરૂર છે બતખનુ માસ ગરમ ખુશક છે, ઘણીવારે હજમ થાય છે, પણ કુદનો નાખવાથી તેની નુકશાની ઓછી થાય છે અને જેટલુ ખાનગી બતખનુ માસ નુકશાન કરે છે તેટલું પાણીની બતખનુ માસ નુકશાન કરતુ નથી ગાજર ગરમ તર છે મોડેથી હજમ થાય છે હા, માથા ઉપર ચડતા બાફને રોકે છે અને ફરહત (ખુશી) ઉત્પન્ન કરે છે એ માટે લોકો એને ... છે, આમા નાખવાથી એનુ નુકશાન ઓછુ થાય છે એનો મુરબ્બો સારી ચીજ છે, ગર્ભસ્થાનને પુષ્ટી આપે છે પણ હમેશ... ગાજરની પરહેજ કરવી જોઇએ કારણકે એથી ખુન ભારી થાય છે, લોબીયા ગરમ તર છે મોડેથી હજમ થાય છે માથા ઉપર બાફ ચડે છે, જેથી ખરાબ સ્વપ્ન દેખાય છે સરકો તથા રાઇ ... નાખવાથી એની નુકશાની ઓછી થાય છે પણ ગર્ભવતી એને કદી ખાય નહીં, મસુર ખુશક છે બવાસીરવાળાઓને નુકશાન કરે છે, અને જેનો મેદો (હોજરી) નિર્બળ છે તથા સોદાવી મિઝાજવાળા છે તેઓને નુકશાન કરે છે પણ તેમા ઘણુ ઘી નાખવાથી તથા સરકો મેળવીને ખાવાથી એમા કંઇક સુધારો થાય છે, તેલ ગરમ છે, સોદા (ત્રીદોશ) પેદા કરે છે અને સોદાની બીમારીઓમાં નુકશાન કરે છે કડી ભાજીપોલામા નાંખવાથી કંઇક એમા સુધારો થાય છે, અને જો તલના શેર તેલમા જોઇએ ૬૪ એ તોલા મેથી નાખે અને જ્યારે મેથી બળી જાય તો તેને કાઢીને ફેકી દે ફરી તે તેલમા શેર ઘી મેળવીને થીજવા દે તો તેલની મજા સારી અને ઘીના જેવું થાય છે અને જો બે બે તોલા સફેદ સદબનો બેર અને ચુડના (બી) પાણીમાં ઉકાળી તેને મસળી ધરી ગાળીને આ બનાવેલા તેલમા મેળવી ફરી ઉકાળો તે એટલા સુધી કે પાણી બળી જાય તો તેલના નુકશાન જતા રહેવાની આશા છે, આ યુકતી ગરીબોને કામની છે ગોળ ગરમ અને સોદા વધુ ઉત્પન્ન કરેછે. ખટાસ ઘણી ખાવી પઠાને નુકશાન કરે છે અને જલદી બુઢ્ઢો બનાવે છે સ્ત્રીઓએ એથી ઘણી સભાળ રાખવી જોઇએ અને સુવાવડમા ગર્ભાવસ્થામા અને જુખમમા ઘણોજ બચાવ રાખવો જોઇએ જો ખટાસમાં મીઠી વસ્તુ મેળવાય તો નુકશાન ઓછું થાય છે (૮) કેટલાક ખોરાક એવા છે કે તેને એકલા એકલા એટલે કંઇ વસ્તુ સાથે મેળવ્યા વગર ખાઓ કંઇ ડર નથી પણ સાથે ખાવાથી નુકસાની થાયછે એટલે જ્યા સુધી તેમાની એક વસ્તુ મેદામા હોય તો બીજી વસ્તુ ખાઓ નહીં ઘણા લોકોના મિઝાજ પ્રમાણે એવી વસ્તુઓમાં ત્રણ કલાકનો ફાસલો જોઇએ છે હકીમોએ કહ્યું છે કે દૂધની સાથે ખાટી વસ્તુ ખાએ નહીં, એવીજ રીતે દુધ પીને પાન ખાએ નહીં, આથી દુધનું પાણી હોજરીમાં જુદુ થઇ જાય છે દુધ અને માછલી સાથે ખાએ નહીં એથી ફાલેજ (એકપક્ષાગાત) તથા જુજામનો (ફીનચળ થવાનો) ડર છે દુધ ચાવલની સાથે સત્તુ નહીં ખાઓ ચીકણી વસ્તુ ખાઇને પાણી પીએ નહીં તેલ અથવા ઘી વગર કલઇના વાસણમા રાખે નહીં કસાણું લાગેલુ ખાણું ખાએ નહીં માટીના વાસણમાં રાંધેલુ ખાણું સર્વથી સારૂં છે જમાલ. સ્ત્રી-

ભાંડું, કાંકડી. ખરબુજા, તરબુચ, એવા બીજા લીલા મેવા ઉપર પાણી પીઓ નહીં, અંગુર (દ્રાક્ષ) ની સાથે મુઠી પાયા ખાએ નહીં (૯) ખાણું ઘણુ ગરમ નહીં, ખાઓ ગરમ ખાણુ ખાઇને ઠંડુ પાણી પીવાથી દાતોને ઘણું નુકશાન થાય છે (૧૦) મેદા કરતા જાડો આટો સારો છે અને કોળિયાને સારી રીતે ચાવવો જોઇએ અને ખાણું જલદી જલદી ખાઇ લેવુ જોઇએ ધીમે ધીમે ખાવાથી પચવામા ખરાબી થાય છે (૧૧) ઘણી ભુક લાગી હોય તો સૂવો નહીં, તેમ ખાણું ખાત જ સૂવો નહીં ઓછામા ઓછી બે કલાક વીતા પછી સૂવો (૧૨) જ્યાં સુધી ખાણું પચે નહી ત્યાસુધી બીજી વાર ખાઓ નહીં ઓછામા ઓછી બે કલાક વીતે અને તબીઅત હલકી જણાતી હોય તો તે વેળા કશી નુકશાની નથી

ઝાડા (૧) જો કદી કબજીઅત થાય તો તેની તદબીર જરૂર કરો સેહલી તદબીર તો આ છે કે રોટલી ખાઓ નહી એક બે વાર માત્ર શોરવો જરા વધુ ચીકણાઇ નાખીને પીઓ જો એથી દફે નહીં થાય તો બજારમાથી હબ્બુલ કુરતુમ એટલે કુડના બી નવ માશા વિલાયતી અંજીર અઢી તોલા મગાવી પાસેર પાણીમા જોશ દઇ શેહેદ બે તોલા મેળવીને પીઓ આ દવામા ખોરાકપણુ પણુ છે. (૨) જો પાખાનુ આદત કરતા વધુ નરમ થાએ તો રોકવાની તદબીર કરો. ચીકાશ ઓછી કરો જુજેહું માસ ખાઓ જો દસ્ત થાતા હોય અથવા ઘણી કબજીઆત થાય તો હકીમને ખબર કરો. (૩) ખાણું ખાઇને તુરત પાખાને જાઓ નહીં પણ જો ઘણી લાગી હોય તો મોજાએકો નથી (૪) પેશાબ પાખાનુ લાગ્યા હોય તો કદી રોકવા નહી. આથી તરેહ તરેહની બીમારી ઉત્પન્ન થાય છે.

પાણીનું વર્ણન.

(૧) થાક ઉઠી તરત પાણી પીઓ નહીં, તેમ એકદમ હવામાં નીકળો નહીં જો ઘણીજ તરસ લાગી હોય તો સારી તદબીર આ છે કે નાક પકડીને પાણી પીઓ અને એક એક ઘોટ કરીને પીઓ અને પાણી પીને જરા વાર સુધી નાક પકડી રાખો શ્વાસ નાકથી નહીં લ્યો એવીજ રીતે ગરમીમા ચાલ્યા પછી તરત પાણી પીઓ નહીં વિશેષ કરી જ્યારે લૂ લાગી હોય તે માણુસ જો તરત પાણી પીશે તો તેજ વખતે મરી જશે એવીજ રીતે નહારમો પીવુ અથવા પાખાનાથી નીકળી પાણી પીવુ નહીં જોઇએ (૨) જ્યાસુધી બની શકે પાણી એવા કુવાનુ પીઓ કે જેથી ઘણુ ભરાતુ હોય ખારૂ પાણી તથા ગરમ પાણી પીઓ નહીં વરસાદનું પાણી સર્વથી ઉમદા છે પણુ જેને ખાસી હોય અને શ્વાસ (દમો) હોય તે પીએ નહીં. કોઇ કોઇ પાણીમા તેલ ભેળેલું જણાય છે તે પાણી પણું ખરાબ છે જો ખરાબ પાણીને સારૂ બનાવવુ હોય તો તેને એટલુ જોશ દીઓ કે સેરનુ પોણોશેર રહે ફરી તેને ઠંડુ કરી ગાળીને પીઓ (૩) ઘડાને દરેક વખત ઢાંકેલો રાખો એટલુજ નહી પણુ પીવાના વાસણુને મોપર બારીક કપડુ બાધેલુ રાખો કે ગાળેલુ પાણી પીવામા આવે (૪) બરફ ગુરદાને નુકસાન કરે છે વિશેષ કરી સ્ત્રીઓએ એની ટેવ પાડવી નહી. એથી સારૂ સોડાવાળુ પાણી છે (૫) ખાતી પીતા કદી હસો નહીં એથી મોત નીપજે છે

આરામ અને મહેનતનું વર્ણન.

(૧) એટલુ આરામ નહીં કરો કે બદન ફુલી જાય, અને સુસતી ફેલાય જાય કે દરેક વખત પલગ ઉપરજ દેખાયા કરો કરો ઘરનો કારબાર બીજાઓ પરજ નાખો. કારણુ કે ઘણો આરામ કર્યાથી પોતામા ઘણુ પણુ નુકશાન છે અને કેટલીક બીમારીઓ પણુ લાગી જાય છે અને એટલુ કામ પણુ નહીં કરો કે બીમાર થાઓ પણુ પોતાના હાથ, પગ

અને સઘળા બદનથી મધ્યમ રીતે મહેનતનુ કામ જરૂર લેવુ જોઇએ તેનો માર્ગ આ છે કે દરેક કામને હાથ ચલાવી ફુરતીથી કરો સુરતીની આદત છોડો અને ઘરમા થોડીવાર જરૂર પસાર કર્યા કરો, જો બેપરદગી થતી નહીં હોય તો બે ચાર વાર ધાબા પર ચઢ ઉતર કર્યા કરો અને ચરખો ચક્કીનો પણ જરૂર થોડોક ધંધો રાખો અમો એમ કહેતા નથી કે એથી તમો પૈસા કમાઓ પ્રથમ તો એમા પણ કંઈ દોષ નથી પણ પોતાની તંદુરસ્તીને કાએમ રાખવી તો અગત્યની વસ્તુ છે એથી તંદુરસ્તી ઘણી સારી રહે છે જુવો જે સ્ત્રીઓ મહેનતી છે દળે છડે છે તે કેવી મજબુત અને તાજી રહે છે અને જે આરામમા રહે છે તેને આખી ઉમર દવાનો પ્યાલો મોએ લાગેલો રહે છે એવી મહેનતને રિયાજત કહે છે. ખાણુ ખાધા પછી જ્યા સુધી ત્રણ કલાક નહીં ગુજરે ત્યા સુધી રિયાજત નહી કરવી જોઇએ અને જ્યારે જરા જરા પસીનો આવવા લાગે અથવા દમ ચઢવા લાગે કે રિયાજત બંધ પાડવી જોઇએ (૨) બાળક માટે ઝુલા નાખવા સારી રિયાજત છે (૩) સવારના જલદી ઉઠવાની આદત રાખો એટલુજ નહીં પણ હિમ્મત કરીને તહજ્જોદ માટે ઉઠો કરો. આથી તંદુરસ્તી સારી બનેલી રહે છે (૪) બપોરના વગર જરૂરતે સુવો નહીં, પણ જો થાક અથવા ઊંઘનુ જોર હોય તો બીજી વાત છે. (૫) ભેજાથી પણ કંઇ કામ લેવુ અગત્યનુ છે. જો તેથી તદન કામ નહીં લેશો તો ભેજા મા બીનાસ (રેતૂબત) વધી જાય છે અને જેહન કુંદ થાય છે અને જો હદથી વધુ ભાર આપવામા આવશે દરેક વખત ફિકર ચિન્તા મા રહેશે તો ખુશ્કી તથા કમજોરી ઉપન્ન થશે. માટે અનદાજથી મહેનત કરવી યોગ્ય છે ભણવા ભણાવવાનો શુગલ રાખો કુરઆન શરીફ દરરોજ પઢા કરો કિતાબ જોયા કરો બારીક વાતોને સોચા કરો. એટલો ગુસ્સે નહીં કરવો કે બે અખત્યાર થાઓ અને એટલી નરમાસ પણ નહીં કરો કે કોઈ પર તદન રોક ટોક નહીં રહે એટલી ખુશી નહીં કરો કે ખુદાની બેપરવાહ અને તેની કુદરતને ભૂલી જાઓ કેમકે તે ચાહે તો એક દમમા સઘળી ખુશીને માટીમા મેળવી દે એટનો રંજ નહીં કરો કે અલ્લાહ તઆલાની રહમતજ તદન યાદ નહીં આવે. અને તે ગમનેજ લઇને બેસી રહો જો કોઇ વધુ સદમો પોહોચે તો પોતાની તબીઅતને બીજી તરફ ફેરવો કોઈ કામમાં લાગી જાઓ, આ સઘળી વાતોથી બીમારીનો એટલુજ નહીં પણ હલાકતનો ડર છે. જો કોઇને ઘણી ખુશીની વાત સભળાવવી હોય અને તે કાચા દિલનો હોય તો એકદમ સભળાવવી નહીં પ્રથમ પૂછો કે જો તમારૂ આ કામ થાય તો કેવુ ? ફરી કહો કે જુઓ અમો કોશીશ કરીએ છીએ કદાપી થઇ જશે અને આશા છે કે થઇ જશે ફરી તે વખત અથવા બે ત્રણ કલાક પછી સભળાવો કે તમારૂ આ કામ થયુ એવીજ રીતે ગમની ખબર પણ એકદમ સભળાવો નહીં કોઇના મરવાની ખબર સભળાવવી હોય તો આવી રીતે કહો કે ફલાણો શખ્સ બીમાર હતો તેની હાલત તો બીજીજ હતી અને મોત તો સર્વને માટે છે કદી ન કદી આવશે. કઝા એ ઇલાહીથી તેનો ઇનતેકાલ થયો છે

લાભ બીમારીની હાલતમા તથા પેટમાં જ્યારે બચ્ચાની જાન પડે ત્યારે ધણીની સાથે સુવામાં નુકસાન થાય છે

ઈલાજ કરાવવામાં આ કેટલીક વાતોનો ખિયાલ રાખવાનો છે.

(૧) નાની નાની બીમારીમા દવા નહ કરવો જોઇએ. ખાધા પીધાથી, ચાલવા ફરવાથી, હવાના બદલવાથી તેની તદબીર કરવું જોઇએ. જેમકે ગર્મ હવાથી માથામાં દર્દ

થયું તો ઠંડી હવામા જરા બેસે. અથવા ખાણુ ખાધાથી પેટમા બોજ થયો તો એક બે વાર ભુખા રહેવુ અથવા ઉંઘ ઓછી હોવાથી માથામા દરદ થયુ તો સૂઇ રહેવુ, અથવા વધુ સૂવાથી સુસ્તી અવી તો થોડુ સૂવુ અથવા મગજથી કામ લેવામા ખુશકી થઇ તો જરા મહેનત ઓછી કરવી. તેને આરામ અને ફુરહત આપે જ્યારે આ તદબીરોથી કામ નહીં ચાલે તો હવે દવાને અખત્યાર કરે. (૨) બીમારી ગમે તેવી સખત હોય ધભરાવુ નહી આથી ઇલાજના બદોબસ્તમા ખરાબી આવે છે સારીરીતે નચિન્તાઇ અને સ્વતંત્રતાથી દવાઇ કરો (૩) જુલાબ, ઉલટી, અને ફસદની ટેવ નહીં પાડો એટલે સખત જરૂરત વગર દર સાલ જુલાબ અથવા ઉલટી અથવા ફસદ નહીં લ્યા કરો, જો જુલાબની ટેવ પડે તો તેને છોડાવવાની તદબીર આ છે કે જ્યારે જુલાબની મોસમ નજદીક આવે તો ખોરાક ઓછો લ્યો અને રિયાજત વધુ કરો કોઇ એવી દવા ખાતી રહો કે જેથી પાખાનુ ખુશીને આવ્યા કરે જેમકે હરડેનો મુરબ્બો અથવા ગુલકંદ અથવા જવારેશે મસ્તગી વગેરે ફરી જો જુલાબ લેવાના દિવસોમા તબીઅત કંઇ મેલી રહે તોએ કંઇ ફીકર કરવી નહીં અને જુલાબને ટાલી દો એવી રીતે ટેવ છુટી જાય છે (૪) સખ્ત જરૂરત વગર ધણી તેજ દવા ખાઓ નહીં તેજ દવાઓમા આ ખરાબી છે કે જો માફક નહીં આવશે તો પૂરેપૂરૂ નુકશાન કરશે વિશેષ કરી કુશતાઓથી ઘણાજ બચો કારણ કે એ જ્યારે નુકસાન કરે છે તો આખી જીન્દગાની જતી નથી હા, કલઇ અને મરજાનનો કુશતો ઘણો હલકો છે એમા ઝાઝો ડર નથી અને હરતાલ, સખ્યા, અને જેહરેલી દવાઓના કુશતાને પાસે પણ નહી જાઓ અને હરામ તથા નાપાક દવા નહી ખાઓ નહીં લગાડો (૫) જ્યારે કોઇ દવાને લાબી મુદ્દત સુધી ખાતી હોય તો કદી કદી એક બે દિવસ છોડી દો અથવા તેની જગ્યા બીજી દવા બદલ્યા કરો, કારણ કે જે દવાની આદત થાય છે તેની અસર થતી નથી. (૬) જ્યા સુધી ખોરાકથી કામ ચાલે દવા પસંદ નહીં કરો દાખલા તરીકે જુલાબ લીધા પછી જુવાન માણસને યખની એટલે ગોશતનો શેરવો પૂરતો છે, એને કસ્તુરી અંબર વગેરેની જરૂરત નથી હા, વૃદ્ધ માણસને યખની કબજ કરશે અને તેને હજમ કરવા માટે પણ શક્તિ જોઇએ એવા શખ્સને કોઇ માજુન વગેરે લેવુ યોગ્ય છે (૭) દવાને ઘણી સંભાળ સાથે ઠીક તોલીને નુસખાની માફક બનાઓ પોતાના તરફથી વધારો ગટારો નહીં કરો (૮) દવા પ્રથમ હકીમને દેખાડો જો ખરાબ હોય તો તેને બદલાવો (૯) દિલ, કલેજુ, ભેજુ, ફેફડુ અને આખ વગેરે જે નાજુક વસ્તુ છે એને માટે એવી દવા નહીં વાપરો જે ઘણી તેજ છે અથવા ઘણી ઠંડી છે અથવા ઘણી તહલીલ કરનારી (શકિત કમ કરનારી) છે અથવા જેહરવાળી છે હા, જ્યા ઘણી જરૂરત હોય ત્યા લાચારી છે દાખલા તરીકે કલેજા પર (સોન ગલવેલ) આકાશબેલ નહીં રાખો ખાસીમા સખ્યાનો કુશતો નહીં ખાઓ આખમા એકલુ કાફુર નહીં લગાડો એટલુ જ નહીં પણ જ્યા સૂધી બહારના દવાથી કામ ચાલે તો અંદર દવા નહીં નાખો (૧૦) દવા હમેશ એવા હકીમથી કરાઓ જે વૈદોની વિદ્યા જાણતો હોય અને અનુભવી પણ હોય, દવા ઘણા વિચાર અને તપાસથી કરતો હોય, વગર સોચે સમજે નુસખો લખતો નહીં હોય. જુલાબ આપવામા જલદી કરતો નહીં હોય કોઇનુ નામ સાંભળી ધોકામા આવશો નહીં. (૧૧) બીમારીમા દવા કરતા પરહેજ કરવાને ઘણુ અગત્યનુ સમજો અને તંદુરસ્તીમાં કદી પરહેજ કરો નહીં, મોસમની વસ્તુ (મેવા વગેરે) માથી જેને દિલ ચાહે ખુશીથી ખાઓ પણ આટલો ખ્યાલ રાખો કે પેટથી વધ ખાઓ

નહીં અને પેટમા બોજ લાગે તો ફાકો કરો (ભૂખા રહો) (૧૨) એમ તો દરેક બીમારીનો ઇલાજ જરૂર છે પણ ખાસ કરી આ બીમારીઓને માટે ઇલાજ કરેવામાં ગફલત કરવી નહી અને બચ્ચાઓને માટે ઘણોજ ખ્યાલ રાખો સલેકમ, ઉધરસ (ઠાસો), આખ દુખવી, પાસળીનું દરદ, અજીરણ, ઘડી ઘડી પાખાને જવુ, પેચીશ, આંતરડાનુ ઉતરવુ, હોજનુ વધારે ઓછું આવવુ, જે બુખાર દરેક વખત રહેતો હોય, અથવા ખાણુ ખાધાથી થતો હોય, કોઇ જાનવર અથવા માણુસનુ કરડવુ, ઝેરવાળી દવા ખાવી દિલ ધડકવુ, ચક્કર આવવા જગ્યા જગ્યાથી બદન ફડકવુ, સઘલા બદનનુ સુન થવુ, અને જ્યારે ભૂખ ઘણી વધી જાય, અથવા ગણી ઘટી જાય અથવા ઊંઘ ઘણી વધી જાય અથવા ઘણી ઘટી જાય, અથવા પસીનો ઘણો થાય, અથવા તદન નહીં થાય અથવા કોઇ વાત પોતાની હમેશાની આદતથી ઉલટી પેદા થાય તો સમજો કે બીમારી આવે છે હકીમને જલદી ખબર કરી તેની તદબીર કરો અને ખોરાક વગેરેમા બે તરકીબી નહીં થવા દો (૧૩) નાડી દેખાડવામા આ વાતનો ખીયાલ રાખો, કે નાડી દેખાડતી વેળા પેટ ભરેલુ નહીં હોય તેમ ઘણુ ખાલી પણુ નહીં હોય કે ભૂખથી અકળામણુ થાય. તબીઅત ઉપર વધારે ગમ નહીં હોય તેમ ઘણી ખુશી નહીં હોય સૂઇને ઉઠા પછી પણુ તરત દેખાડવી નહીં તેમ ઉજાગરો કર્યા પછી પણુ નહી કોઇ કામની મેહનત કરવા પછી તેમ દૂરથી ચાલી આબ્યા પછી પણુ નહીં નાડી દેખાડતી વેળા પલાંઠી વાળીને બેસો અથવા પલંગ ઉપર કે પીઢી ઉપર પગ લટકાવીને બેસો કોઇ કરવટ ઉપર વધુ બોજ દઇને નહી બેસો તેમ કોઇ હાથ પર ટેકીને નહી બેસો તકયો પણુ નહીં લગાડો. જે હાથની નાડી દેખાડો તે હાથમાં કોઇ વસ્તુ નહીં પકડો હાથને ઘણો લાંબો કરો નહીં તેમ ઘણો વાંકો કરો નહીં એટલુંજ નહી પણ બાજુને પાંસલીની સાથે મેળવીને ઢીલો રાખો અને શ્વાસ બંધ નહીં કરો અને હકીમથી ડરો નહી આથી નાડીમાં ઘણો ફરક પડે છે જો સુતા સુતા નાડી દેખાડવી હોય તો કરવટ સૂવો નહી પણ ચીત્તા સુવો (૧૪) કારૂરો (પેશાબ) રાખવામા આ વાતોનો ખીયાલ રાખો માણુસ ઉંઘથી પોતાની આદત પ્રમાણે ઉઠયો હોય, હજુ તેણે કંઇ ખાધુ પીધુ નહીં હોય તે વેળા કારૂરો રાખવો જોઇએ લીલી તરકારી ખાધાથી કારૂરામાં લીલાસ આવે છે જાફરાન અને ગરમાળાથી પેશાબમા પીલાશ આવે છે. અને મેહદી લગાડવાથી રતાશ આવે છે રોઝો રાખવાથી, ઉંઘ નહીં આવવાથી, ઘણી થાક થી, ઘણી ભુકથી અને ઘણીવાર સુધી પેશાબ રોકવાથી પીલાશ અથવા રતાશ આવે છે કદી ઘણુ જાગવાથી કારૂરાનો રંગ ઉજળો થાય છે ઘણુ પાણી પીવાથી રંગ હલકો પડે છે દસત આબ્યા પછીનો કારૂરો ભરોસા લાએક નથી ખોરાક ખાધા પછી બાર કલાક પછીનો કારૂરો પૂરો ભરોસા લાએક છે જે સવારના કારૂરો દેખાડવો હોય તે રાતના ઘણુ પેટ ભરીને નહી ખાય સુવાવડીનો કારૂરો ભરોસા લાએક નથી, રાતના કઇકવાર પેશાબ કરી હોય તો સવારનો કારૂરો ભરોસા લાએક નથી જો કારૂરો છ કલાક રાખી મેલ્યો હોય તો તે દેખાડવા યોગ્ય નથી અને કેટલીક પેશાબ એથી ઓછી મુદતમા પણુ ખરાબ થાય છે મતલબ જ્યારે જુએ કે તેના રંગમાં તથા બોમા ફેર પડયો છે તો તે દેખાડવાને લાએક નહી રહ્યો (૧૫) જલદી જલદી વગર જરૂર તે હકીમોને બદલો નહી, હકીમને ખુશ રાખો તેને વિરૂદ્ધ નહી કરો, જો કંઇ લાભ નહી થાય તો તેને દોષ નહી આપો તેને આપીને એહશાન જતાઓ નહી (૧૬) બીમાર ઉપર સખતી નહી કરો. તેના આકરા સ્વભાવને બરદાશ કરો તેની સામે એવી કોઇ વાત નહીં કરો કે જેથી તે નિરાશ થાય તેની ગમે તેવી અવસ્થા હોય પણ તેને દિલાસો આપો.

કેટલીક બીમારીઓનો હલકો હલકો ઇલાજ.

આ ઔષધના લખવાની આ મતલબ નથી કે દરેક માણસ હકીમ બને પણ આટલી મતલબ છે કે હલકી હલકી સાધારણ બીમારી જો પોતાને થાય અથવા પોતાના બાળકોને થાય અને હકીમ આઘે હોય તો એવા વખતમા જેવી કેટલીક સ્ત્રીઓની ટેવ હોય છે કે સુસ્તીને લીધે તેણી હકીમને ખબર કરતી નથી અને પોતે અજાણ હોવાને લીધે પોતે પણ કંઈ તદબીર કરી શકતી નથી અનજામ તેથી માન્દ વધે છે અને ફરી મુશકેલ થાય છે તો એવા વખતને માટે જો સ્ત્રીઓને કંઈપણ જાણ થાય તો તેઓને કામ આવે વળી કેટલીક બીમારીઓના પરહેઝ તથા કેટલીક બીમારીઓથી બચવાના માર્ગો જણાઈ જશે તો પોતાની તથા પોતાના બાળકોની સંભાળ કરી શકશે વળી કેટલીક દવાઓને બનાવવી અને હકીમના બતાવેલા ઇલાજનો પૂરો બરતાવ કરવો અને માંદાની ખિજમત કરવી અને તેને આરામ પોહોચાડવાનો રવૈયો આવી જશે માટે થોડા થોડા ઇલાજ લખ્યા છે અને એમા આ વાતોનો ખિયાલ રાખ્યો છે કે જ્યા સુધી થઈ શકે સૈહલી તદબીર બતાવી છે, અને એવી રીતે લખ્યા છે કે જો સ્ત્રીઓ જરા પણ સમજ રાખતી હશે તો સમજી જશે અને બીમારી પણ તેજ લખી છે જે ઘણુ કરીને થયા કરે છે, અને દવાઓ એવી લખી છે કે તે કદી નુકસાન કરે નહીં, અને જો કોઈ કીમતી નુસખો લખ્યો છે તો તેની સાથે સસતો પણ લખ્યો છે જે લાભ આપવામા કીમતીને લગભગ છે પણ જો કોઈ વાત સમજમા નહીં આવે અથવા બીમારીને સારી રીતે નહીં ઓળખી શકે અથવા બીમારી ભારી હોય અને કદી પોતે દવા કરી નહીં શકે તો હકીમને ખબર કરે. જો તે આઘે હોય અથવા તે ફીસ માંગતો હોય અથવા દવા કીમતી બનાવતો હોય અને અલ્લાહ તઆલાએ શક્તિ આપી હોય તો ખરચની કંઈ પરવા નહીં કરો જાનથી અધિક માલ નથી પણ જો તદ્દન શક્તિ નહી હોય તો અલ્લાહ તઆલાની દોઆ કરો તેને મોટી કુદરત છે કંઈ દવા દારૂ પરજ અટકેલુ નથી દવાથી જરા જીવને સંતોષ થાય છે પણ ખરા આપનાર અને ખુદ દવામા અસર આપનાર (તથા તેનો લાભ પાડનાર) તેજ છે જો તે ચાહે તો દવાથી પણ સારૂ નહી થાય અને જો ચાહે તો વગર દવાએ પણ સારૂ કરે જેમકે આ બને વાતો જોવામા આવે છે હવે બીમારીઓના નામ અને તેની દવાઓ લખાય છે અને યાદ રાખો કે જે દવા તમારે બજારથી મગાવવી હોય તેનુ જેવી રીતે કિતાબમા નામ લખાયુ છે તેને ઘણા સાફ ખત (અક્ષરો) મા લખી અથવા બજારમા મોકલો ગાંધી આપશે

માથાની બીમારીઓ.

માથાનુ દરદ એ કેટલીક તરેહ પર થાય છે, અને દરેક તરેહનો ઇલાજ જુદો છે પણ આ જગ્યા એવી દવાઓ લખાય છે કે જે કેટલીક તરેહના માથાના દરદમા લાભકરતા થશે અને નુકસાની કોઈ તરેહની ડરની નથી (૧) દવા ત્રણ માશા બનફશા ત્રણ માશા ગુલે મચકન ત્રણ માશા ગુલે નીલુફર વાટીને કપાળ ઉપર લેપ કરે (૨) દવા ત્રણ માશા તુખમે આલુ (પેચ, ખોપ્પ) ના ઠળીયાનો ગર પાણીમા વાટે અને ત્રણ માશા તુખમે કાહુ જુદા વાટે ફરી બનેને મેળવીને પેશાની તથા નમણા ઉપર થથેડે એ ઘણી અસરવાળી છે, અને જો સરદી થાય તો ત્રણ માના કબાબચીની વાટીને તેમા મેળવી દે (૩) જો નુસખો જે દરેક તરેહના માથાના દરદને ઉપયોગી છે ફરી તે પુરાનુ હોય કે નવુ હોય, માદદાથી થયુ હોય કે વગર માદદે થયુ હોય ખીતમીના ફૂલ ગુલાબના ફૂલ બનફશા લાલ સંદલ ધોઈ

... સાબુના એક માશો ખસખસના પાસ એક માસો ગરમાલો એક તોલો એ સઘળાને પોપટી (મકો) ના પાતરામા વાટીને લેપ કરે

મગજનુ કોમજ઼ોરી થવુ.

જો ગર્મ સ્વભાવ હોય તો ખમીરએ ગાવ જુબાન ખાએ અને જો થડો સ્વભાવ હોય તો બદામનો ખમીરો ખાએ આ બને ખમીરા બનાવવાની રીત બીમારીઓના વર્ણન સમાપ્ત થવા પછી લખી છે ત્યા જુઓ બીજા પણ લાબા લાબા નુસખા સઘળા તેજ જગ્યા સાથે લખાના છે વચમા કેથે એવા નુસખાઓનુ નામ આવશે તો તે જગ્યા માત્ર આટલુ લખવામા આવશે કે એને ખાતેમા (ગ્રંથ સમાપ્તી) મા જુઓ તો ખાતેમાની મતલબ આજ સમજવી

આખની બીમારીઓ.

આરસી અથવા કોઈ ચમકદાર વસ્તુને સુર્યની સામે રાખી તેનો ઓળો આખ ઉપર કદી નહી પાડવો એથી કદી એકાએક આખની રોશની જતી રહે છે (૧) દવા જેથી આખ ઘણી બીમારીથી બચશે અને રોશનીમા કુવ્વત થશે ખાટા તથા મીઠા દાડમના દાણા અને દાણા વચ્ચેની જીલ્લી તથા ગર લઈને મસળી નાખો અને કપડાને કઈ બેવડ કરી તેમા ગાળવાથી જે અર્ક નીકળશે તેનુ નામ આબે અનાર (દાડમનુ પાણી) છ આ અરક દોઢ લવટાક અને તેમા મધ લવટાક મેળવી માટી ના અથવા પથ્થરના વાસણમા ધીમી આચથી પકવે અને કફ ઉતારતા જાય તે એટલા સુધી કે ઘાડા થઈને થીજવા લાગે તો તેને શીશીમા ઘણી સભાળથી રાખે અને એક એક સળી પોતાની તથ બચ્ચાઓની આખમા લગાડા કરે અલ્લાહ ચહશે તો આખની ઘણી બીમારીઓથી સભળ રહેશે અને રોશનીમા નબળાઈ આવશે નહી (૨) દવા આ પણ આંખની ઘણી બીમારીથી બચાવ કરે છે તાજા આમલા લઈ છુદી તેનુ પાણી નીચોવે અને ગાલીને લોઢાના વાસણમાં પકવે તે એટલા સુધી કે જાડુ થાય ફરી શીશીમા સભાળી રાખે અને એક એક સલાઈ લગાડ્યા કરે (૩) રગડો—જે ધાજની, પડવાલ, પલકની ખુજલી, પલકનો સોજો, આખની રતાશને લીધે ઘણોજ ઉપયોગી છે સફેદો,જસત બે તોલા, સમદ્રફીણ લીમડાની કુપલ, કાચી ફટકરી, ઈકિલીમીયાએ જહબ (સોનાનો મેલ) નવ નવ માશા,લવગ છ માશા, અફીણ, બત્તીનો ગુલ પાચ પાચ માશા—હરતાલ ખીલવેલી બે માશા—રસૂત એક તોલુ—નાની હર્ડે એક તોલો સઘળાને સુરમાની તરેહ વાટીને કરજ-યાના ચોખ્ખા તેલમા મેળવી કાસાના પ્યાલામા લીમડાના મુતારાથી આઠ દિવસ સુધી રગડે ફરી એકસો એકવાર ઠડા પાણીથી ધુવે અને સાફ વાસણમા ધુળથી સાચવીને રાખે, અને પડવાલને ઉખેડીને જડોમા લગાડે બે ચાર વારમા નીકળતા બધ પડશે, અને ધાજા (વાજની)ઉપર ચાલીસ દિવસ લગાડે તમામ ઉમર નીકળશે નહી અને બીજી પણ આખની બીમારીને લાભકારક છે બત્તીનો ગુલ આ છે કે રૂને તેલમા ભીગવીને બાળે જ્યારે હોલાવા લાગે ત્યારે ઢાકે કે ઠડી થાય

આંખ દુખવા આવવી.

આ જે લોકોમા કહેવાય છે કે જ્યારે આખ દુખવા આવે તો ત્રણ દિવસ સુધી દવા નહીં કરે એ તદન ખોટુ છે એટલુજ નહી પણ પ્રથમ દીવસથીજ વિચારીને ઇલાજ કરો હા, શરૂમા કોઇ તેજ દવા લગાડવી નહીં એટલુજનહીં પણ જ્યાસુધી કોઇ અનુભવી હુશયાર હકીમ નહીં બતાવે ત્યાંસુધી છેવટમા પણ લગાડવી નહીં (૧) દવા આખ દુખવા આવતાં પ્રથમ દિવસમા લગાડવામા આવે તો લાભકારક

અને પણ કોઇ પણ હાલતમા નુકશાન કરશે નહીં, જરા સરખા રસૂત (રસવતી) ગુલાબમાં અથવા મકોહના પાણીમા ઘસીને લેપ કરે (૨) દવા પોટલીની ઉજળી ફટકી, ઉજળુ જીરૂ, પોસ્ત ના ડોડા ત્રણ ત્રણ માશા અફીણ એક માશો પઠાનાલૂધ ચાર માશા, આમલીના પાદડા છમાશા, લીમડાના પાદડા નગ અઢી સઘળાને જુદી ત્રણ પોટલી બનાવે, અને કોરા માટીના કોડયામા પાણી ભરી તેમા મૂકે અને આખોને તે પોટલી લગાડા કરે જો સરદીના દીવસ હોય તો જરા ગર્મ કરે (૩) દવા આખ દુખવા આવે ત્યારથી કે છેવટ સૂધી લગાડી શકીએ છીએ, આખમા તદન લાગતી નથી રૂહોન અને નાના જખમમા અને આખની ઘણી બીમારીમા લાભકારક છે, ચાકસુનો ગર છ માશા મિસરી, અજરૂત સુધારેલુ, અને નીશાશતો ત્રણ ત્રણ માશા, સુરમાની તરેહપર વાટીને રાખે અને એક એક સળી અથવા ત્રણ ત્રણ સળી દુરૂર વખતે અથવા સવાર સાંજ લગાડ અને જો એને લગાડી ઉપરથી ગુલાબના તેલમા અથવા ઘીમા ભીગવીને રૂના બે ફાયા થોડી વાર થડા ઘડા ઉપરૂ મૂકી ખુબ ઠંડા કરી ફરી ફાયાને આખો ઉપર રાખી માટીની બે ટીકડી પાણીમા ગુદી મુકીને પટટી બાધે તો ઘણો જલદી લાભ થશે, ચાકસુનો ગર કાઢવાની રીત મોતયાના બયનમા આવશે અને અનઝરૂત આવી રીતે [illegible] (મોદબ્બર કરે) છ ક અઝરૂતને [illegible] વાટીને બકરી ક ગાય કે ભેસના દૂધમા મસળીને ઝાવના લાકડા ઉપર લેપ કરી હલકી આચ ઉપર સુકાવો ફરી લાકડા ઉપરથી ઉતારી કામમા લીઓ આવી રીતે મોદબ્બર કર્યાં વગર અઝરૂતને કદી આખમા નાખો નહીં નહીં તો નુકશાન કરશે +

“લાભ—બચ્ચાઓની આખ દુખવા આવવાનુ વર્ણન જયા થશે ત્યા ખાવા પીવાને લગતી કેટલીક જરૂરી વસ્તુઓ પણ બયાન થશે મોટા માણસો પણ તેનો ખીયાલ રાખે

આંખ બહાર નીકલવી.

એને અરબીમા હોજુજુલ એન કહે છે દવા ગુલે ખતમી બે માશા, ગુલાબના ફુલ ત્રણ માશા, લાલ સદલ ત્રણ માશા, કાલી હર્ડ બે માશા, નરબસી એક માસો એ સઘળાને મકોના પાતરાના અને લીલી કાસનીના પાણીમા વાટી નીમ ગર્મ એટલે સહી શક તેટલુ ગર્મ કરીને લેપ કરે દવા આને જો તદુરસ્તીમા જા લગાડ તો ઘણી બીમારીઓથી બચતા રહે અને આખ દુખવા આની સારી થવા પછી લગાડ તો લાબી મુદત સુધી દુખવા આવશે નહી અને સાધારણ આખના જાલા સુદ્ધા કાપે છે અને રાશનીમા ઘણો વધારો કરે છે સુકા આમળા અર્ધશેર લઇને શેર પાણીમા જોશ દાએ જયારે અધશેર [illegible] રહી જાય તો મસલીને ગાળીને આ પાણીને રાખે ફરી નાની હડ બાર દાણા, નાની પીપલ બાર દાણા, મરી અઢી દાણા ખરલમા અથવા શીલ બટા ઉપર વાટવા શરૂ કરે અને જે આમળાનુ પાણી નાખતા જાય અને એટલુ વાટે કે તમામ પાણી સુકાઇ જાય ફરી એ [illegible] [illegible] પાણીમા [illegible]

મોતયુ.

અરબીમા એનુ નામ નોજુલુલમા છે આજ કાલ એ રોગ ઘણો થવા લાગ્યો છ

+આખ દુખવા આવી હોમા અને તેમા કાકરો ખુચતો હોય અને લાલ થઈ ગઈ હોય તો આ દવાની લેપ આંખને ફરતા બહાર લગાડવાથી ત્રણ દીવસમા સારી થાય છે અને નુકશાન કરતી તથી લેપનો નુસખો, ફટકડી, પીલી મોટી હળની છાલ, રસવતી, ગીલેઅરમની આબા હલદી, ગુલાબજળ અથવા પાણીમા સરખુ વજન ઘસી ટાઢુ ટાઢુ દીવસમા ૩ વાર લેપ કરયા કરો હકીમ આ૦ ગુ૦ મો૦

[illegible] એમા આખની પુતળીમા પાણી ઉતરી આવે છે અને રહેતા રહેતા તદન રોશની ચાલી જાય છે [illegible] કે એની ઓળખ કઠણ છે [illegible] એવા તદબીરા લખાય છે કે જે [illegible] ઓળખમા ભુલ પડે તોએ નુકસાન કરશે નહી

શરૂની નીશાની.

[illegible] ની પીછાન આ છે કે આખની સામે [illegible] જગયા ઉડતા જણાય અને ચીરાગની [illegible] નહી એટલુજ નહી પણ એવુ જણાય કે દીવાની આસપાસ એક મોટુ ચકરડુ [illegible] વખત આ સુરમો બનાવીને લગાડ જો મોતયુ નહી હશે તો આખની બીજી બીમા[રીઓ] [illegible] પણ ફાયદો કરશે [illegible] કાળાગરી [illegible] બાવળનો ગુંદર આઠ માશા, ચાદી [illegible] આઠ માશા [illegible] ચાર માશા [illegible] માશા [illegible] [illegible] રીત [illegible] બે માશા [illegible] ત્રણ માશા એના [illegible] સરમાન સુરમાની [illegible] સળી [illegible] સુરમો આખથી [illegible] નબળાઇને પણ [illegible]

[illegible] રીત આ [illegible] વાટીને નોટા [illegible] પડી [illegible] આ કાઢના પાણીમા [illegible] કાઢી લો આજ [illegible] પાણીમા [illegible] તેને વાટીને એવીજ [illegible] રીત આ [illegible] લીમડાના પાન [illegible] પણ ફૂલી [illegible] ઉલટા ફેર કરે અને [illegible]

અને મોતયાવાળાને આ ગુલ [illegible] ડવો પણ જોઇએ એની રીત આ છે કે સફેદ સદલ ચાર માશા, અજરૂત બે માશા બાવળનો ગુંદર ચાર રતી અફીણ, ચાર રતી જાફરાન ચાર રતી સર્વને બારીક વાટી ઇડાની સુફેદીમાં મેળવી [illegible] જેટલા બે કાગલ કાતરી અને સોઇથી તેમા કોચી દરેક જગ્યા કાણા પાડી તે ઉપર લગાડી બન્નેવ કાનની પટ્ટીઓ ઉપર વળગાવે, એજ રીતે સવાર સાજ બદલી દે આ ગુલ પણ કોઇ હાલતમાં નુકસાન કરતુ નથી અને રાતના સુતી વેળા ઇતિરીફળ ઝમાની તોલો ૧ ચાટી લે અને કદી છઠે સાતમે દીવસે મુકી પણ દે (આતરો કરે) જેથી એની આદત પડ નહી જો મોતયુ પડેલુ હશે તો તેને પણ આ રીતે નફો પુગશે અને જો મોતયુ નહી હશે તોપણ એથી કાંઈ નુકસાન પહોચશે નહી જ્યારે આખનીમા સેજસાજ પણ ધુધ(ઝાખ) જણાય ત્યારે આ રીત કરવી અગત્યની છે વળી કમ્મા કમ ત્રણ માસ સુધી એનેજ નીભાવે કારણ કે જ્યારે (નજલાનુ પાણી ઉતરી આવે છે ત્યારે (બીનાઈ)દેખાતુ જતુ રહે છે ફરી ઓપ્રેશન વગર તેનો ઇલાજ નથી કે જેને (આખ બનાવ્વુ કહેવાય છે) એટલુજ નહી પણ આખના બનવા છતા તેની શકતી રહતી નથી

કાનની બીમારીઓ.

ફાયદો ભરપેટ ખાણુ ખાવા ફરી તરત સુઈ જવાથી કાન જલદી બેહેરા થાય છે ખાણુ ખાધા બાદ જ્યા સુધી બે કલાક જાએ નહીં ત્યા સુધી સુવુ નહી

ફાયદો કાનમા જ્યારે દવા ગરમ કે સરદ નાખવી હોય ત્યારે (નીમ ગરમ) ઉફાળુ કરી નાખવી

ફાયદો નાનપણથી જો કડવી બદામનુ તેલ (નીમ ગરમ) ઉફાળુ કરી પાચપાચ ટીપા કાનમા નાખવાની આદત રાખી હોય તો આશા છે કે ઉમરના છેવટ સુધી કદી પણ સાભળવામા ફેર પડશે નહીં

દવા જેથી કાનનો મેલ નીકળી આવે છે ફુલવેલો સોહાગો મેંદા જેવુ વાટી સેજ કાનમાં નાખો ફરી તેની ઉપર નાના ખાટા લીંબુ (કાગઝી લીંબુ) નુ પાણી ૫ થી ૬ ટીપા ટપકાવો અને જે કાનમા આ દવા નાખી હોય ત્યારે તેજ તરફની કરવટ ઉપર સુઈ રહે એ રીતે બે ત્રણ દીવસોમા મેલ તદન નીકળી આવશે અને સળી વડે મેલ કહાડવાની જરૂરત રહેશે નહીં

દવા જેથી કાનમાં મચ્છર અથવા બીજુ કોઇ જનાવર ભરાય ગયુ હોય તો નીકળી આવશે.

(આળુ) પેચીસના પાન માશા ૩ * આ બગીચાઓમા ઘણા મલી આવે છે અને લીલા ફુદીનાના પાન માશા ૩ અને સકમુનયા (સકે મોનીએના) માશા ૩ સર્વને બારીક વાટો ફરી ગાલી ઉફાલુ કાનમા ટપકાઓ એથી તે જનાવર મરી જશે જો તેનુ કાનમા ચાલવુ કે ફરવુ જણાતુ નહોય ત્યારે બદામનુ તેલ ઉફાલુ કરી કાનમા ઉપર સુધી ભરી દો અને કાનના સુરાખમા રૂનુ પુમડુ દાબી કાનને ઝુકાવી રાખવુ થોડીકવાર પછી રૂ કહાડશો ત્યારે તેલ ની સાથે તે જાનવર પણ બહાર નીકળી આવશે

કાનમાં કોઇપણ કારણે થતો દુખાવો તેને માટે આ તેલ ફાયદો આપે છે અને નુકસાન કરતુ નથી, વળી ઘરમાં જો બનાવી રાખે તો બેહતર છે.

બનફશાના ફુલ માશા ૩ ઉસતો ખુદદુસ માશા ૩ અને બાબુનાના ફુલ માશા ૬ રાતના (૨૦ તોલા) અરધા રતલ પાણીમા ભીંજવો સવારે અરધુ પાણી બળે એટલુ ઉકાળો ફરી હાથે મસલી કપડામા ગાળી તેમા ગુલાબનુ તેલ તોલા ૨ સરકો માશા ૬ મેળવી ફરીથી એટલુ ઉકાળો કે પાણી અને સરકો બળી માત્ર તેલ રહે ફરી કાપુર રતી ૪ રૂમી મસતગી માશો ૧ અનજરૂત માશો ૧ સર્વ બારીક વાટી આ તેલમા મેળવી સભાલી રાખો અને જરૂરત વેળા કાનમા ઉફાલુ કરી ટપકાઓ

*એના ઝાડ આપણા ગુજરાત જીલ્લામા હજુ સુધી જોવામા આવતા નથી પણ હીંન્દુસ્તાનના વધુ બાગોમા જોવામા આવેછે, અને ફળ પણ એના ઘણા સ્વાદવાળા ત્રણ તરેહના હોય છે અને મીઠાશમા આફ્રીકા ઇલાકાથી વધુ ચડયાતા મારા જોવામા આવ્યા નથી અબદુર રહમાન

નાકની બીમારીઓ.

ફાયદો (સરસામ) મુઝારામા જ્યારે નકસોરી ફુટે ત્યારે તેને બદ કરવુ નહીં પણ જો ઘણુંજ વધી ગયુ હોય તોજ બદ કરી દેવુ જોઇએ

નકસોરી જ્યારે સેજસાજ વહેતી હોય ત્યારે (અમરૂદ) જામરૂખના પાનનુ પાણી નિચોવી નાકમા ખેચવાથી બદ થાય છે

બીજી દવા જેની અસર એથી પણ વધુછે

પ્રથમ માથા ઉપર ઠન્ડુ પાણી નાખો ફરી માજુફળ માશા ૩ દાઢમના છલટા માશા ૩ ગુલાબના ફુલ માશા ૩ અને છોલટા વગરની મસુર માશા ૬ રસોત માશા ૧૫ એ સર્વને બારીક વાટી ગુલાબ તથા કુલફાના પાનના પાણીમા મેળવી પેશાની તથા માથા ઉપર લેપ કરવુ પણ આ દવા મોટી ઉમરના ઘરડા ડોસાઓ ઉપર વાપરવી જોઇએ નહીં

ત્રીજી દવા જે દરેક રીતની નસકોરી માટે લાભકારક છે. અને દરેક ઉમર વાળાઓ ઉપર વાપરી શકાય છે.

સુફેદ સન્દલ માશા ૩ રસોત માશા ૩ દાઢમની કલી માશા ૩ અને કાપુર રતી ૪ એ સર્વને ગુલાબ તોલા ૬ મા વાટો ફરી એમા કપડુ ભીંજવી પેશાની ઉપર મુકવુ.

(જુકામ સળેકમ અને નજલો.)

જુકામ અને નજલો આ બન્નેવ બીમારીઓ આજકાલ વધુ પ્રમાણમા થવા લાગ્યા છે એને નાની તથા હલકી બીમારી ગણવી નહીં પરન્તુ આ રોગો આર્વતાજ તેઓનો ઈલાજ તથા તેઓની પરહેજમા ઢીલ સુસ્તીકશ્શુ કરશો નહીં આ જે મશહુર છે કે ત્રણ દીવશ એમા દવા પીવી નહીં પરન્તુ આ વાત પ્રથમ જમાનામા હતી કે જ્યારે (તબીઅતો) શકિતવાન હતી અને પોતેજ ઈલાજ વગર (બીમારીઓ) રોગોને દુર કરી દેતી હતી હાલમા (તબીઅતો) અશક્ત થઈ ગઇ છે માટે હવે એ વીશે ભરોશો રાખી રેહવુ નહી—જુકામ(સળેખમ)જોહમેશ રહે એથી (દેમાગ) મગજ કમજોર થઈ જાય છે અને જો ઉત્પન થઇને બંદ થઈ ગયુ હોય તો તરેહ તરેહના રોગો એથી ઉત્પન્ન થાય છે એટલુજ નહીં પણ એથી મગજ ખસી ગાડો બનાવી દે છે જે પ્રકારનુ જુકામ હોય, તરતજ હકીમથી કહી તેનો ઉપાય કરવો જોઇએ અને ખોરાકીમા મગની દાળ રાખવી ચીકાસ તથા મિઠાસ અને દુધ દહી અને ખટાસથી એમા પરહેજ કરવી અગત્યનુ સમજો, અને સળેકમ ઉમત્ર થતી વેળા માથા ઉપર તેલ મસળવુ નહી, પણ છેવટમા નુકશાન થશે નહીં એજ રીતે સળેખમની શુરૂઆતમા છીંક લાવવા માટે કોઈ નાસ લેવી નહીં એથી કોઈ વેળા આંખોમાં પાણી ઉતરી આવે છે અને આખની રોશની જતી રહે છે અને સળેકમ જ્યારે તદન સારૂં થાય ત્યારે મગજની શક્તી માટે કોઈ દવા જરૂર ખાય લો. એ માટે આ (હરીરો) લાહી ઘણીજ સારી છે

અને સળેખમને પણ રોકે છે તરકીબ આ છે કે મીઠી બદામનાબી ના૦ ૯ મીઠી દુધીના છોલેલા બી માશા ૬ ખસખસના ઉજલા બી માશા પાચ પાણીમા સવને બારીક વાટો તેમા નીશાસતો માશા ૪ મેળવી ચાર તોલા પાણી અગ્ની ઉપર ઉકાળો તેમા મીસરી તોલા જથી મીઠુ કરી લ્હાહી બનાવી પીવુ—અથવા ગાવ જુબાનનો ખમીરો માશા ૯ મા કલ્બેની ખાક બે ચોખાભાર મેળવી ખાવુ અને ખમીરો તથા આ ખાક બનાવવાની રીત આ કીતાબની છેવટમા આવશે

જીભની બીમારીઓ.

(કોલાઅ) મોંહ આવ્વુ જો તેનો રગ ઉજળો હોય તો આ દવા કરો કબાબ ચીની મોટી એલચી એટલે એલચાના દાણા અને ઉજળો કાથો દરેક એક એક માશો બારીક વાટી મોહમા ભભરાઓ અને મહોને લટકાવી દો જેથી (લોઆબ) રાબ નીકળી જાય અને **જો લાલ રગ હોય** ત્યારે આ ઉપાય કરો (ગુલાબનુ છીરૂ) એટલે ગુલાબના બી, ખુરફાના બી, વાસ કપુર અને જેહેર મહોરા દરેક દરેક એક એક માશો મેદાની જેમ બારીક વાટી મોહમા ભભરાઓ

અને જો ઘેરો લાલ ન હોય પણ લાલની સાથે પીળાશ હોય ત્યારે આ ઇલાજ કરવો.

મીસરી માશા ૩ કાપુર માશો ૧ બન્નેવ ને વાટી મોહમા લગાડો એવી રીતનુ મોહ આવ્વુ વધુ ભાગે (સરસામ) મુઝારો તથા જોર ચડેલા તાવમા થાય છે, અને જો કાળો રગ હોય તો તેની તદબીર કોઇ હકીમથી પુછી લો

દવા જે ઘણુ પ્રકરના મોહુ આવ્વાને ફાયદ કરે છે માજલા બાદઝહરના પાન અને ઉજલો કાથો વાસ કપુર (ગીલે અરમની) દાહમની કલી મોટી એલચીના દાણા અને કબાબ ચીની દરેક એક એક માશો લૈ બારીક વાટી મોહમા ભભરાવી મોહને લટકાવ્વુ

દાંતની બીમારીઓ.

ફાયદો ગરમ ચીજો જેવી રીતે વધુ ગરમ રોટી અથવા ઉકળતુ શાક તરકારી વિગેરે ખાવા ઉપરથી થડુ પાણી પીવુ નહીં, એથી દાંતોને નુકશાન પહોંચી દાંતોના રોગો વધે

છે દાતેથી કોઇ કઠણ વસ્તુ તોડવી નહી એથી દાતને તથા આખને પણ નુકશાન પહોચે છે.

મંજન કે જે સ્ત્રીઓ માટે પુષ્કળ ફાયદો કરે છે બદામના બળેલા છોતરા તોલા ૨ અને પીળી કોળીની રાખ માશા ૬ અને રૂમી મસ્તગી માશા ૬ સર્વેને બારીક વાટી મેળવી રાખો અને દરરોજ મલ્યા કરવુ

બીજું મંજન જે ઘણી વેળા વપરાસમા તથા તજરબામા આવ્યુ છે

બાળેલુ સાબરસીંગડુ માશા ૭ અને નાની માઈ માશા ૭ નાગર મોથા માશા ૭ અને ગુલાબના ફુલ સુકા માશા ૭ બાલછળ માશા ૭ અને લાહોરી મીઠું માશા ૭ સર્વેને બારીક વાટી રાખો અને દરરોજ મસલો

ત્રીજુ મંજન દાત ગમે તેવા કમજોર હોય અને હલતા હોય આ મંજનથી જમી જાય છે વળી મસોડામાથી જે લોહી નિકળતુ હોય તેને પણ ફાયદો કરે છે રૂમી મસતગી કાચી ફટકી લોબાન સગજરાહત વાસ કપુર લોખડનો વેર, કાલામરી, ઉજલા મરી, ગતીસ, આતીસ, છબેલા, માજુફળ, સીલખળી જડબોરડીની છાલ, બાવળની છાલ, જાબુની છાલ, ગુદાની છાલ, દરેક માશો માશો લૈ બારીક વાટી રાખો અને રાતના મસલી પાન ખાય સુઈ રહેવુ સવારે ખજુરીની એક ડાલી પાણીમા ઉકાળી કુલ્લી કરવી

ચોથુ મંજન જે દાતોનુ દુખવુ તથા દાઢ નીકળી આવ્વાને ફાયદો કરે છે

રૂમી મસતગી, અકલગરો, લાહોરી મીઠુ અને તમાકુ દરેક ત્રણ ત્રણ માશા લઈ બારીક વાટી મસલો અને મોઢ લટકાવી દો

ગળાની બીમારીઓ.

ગળાનો દુખાવો—સેંથુરનુ શરબત બે ચાર વાર ચાટવાથી ઘણોજ ફાયદો થાય છે—અને એની બીજી બીમારીઓ માટે હકીમને પુછો +

છાતીની બીમારીઓ.

(૧) **અવાજ (સાદ)નું બેસી જવું**

જો સળેખમ અને ખાસીને લીધે સાદ બેસી ગયો હોય તો ખાસી અને સળેખમને લગતી દવાઓથી ઉપાય કરવો અને જો સાધારણ રીતે એમજ બેસી ગયો હોય તો આ દવા કરો

કાચુ આબ્રેશમ કે જે કાતરથી કતરી અંદરથી સફા કરેલુ હોય માશા ૩॥

સોસનની જડ માશા ૫

જેઠીમધાની જડ ઉપરની છાલ છોલેલી માશા ૪

(સીપીસ્તા) લસોડા નગ ૯

(મીસરી) સાકર તોલો ૧

સર્વને અરધા પોણા રતલ પાણીમા ભીંગવી જોશ દઈ કપડામા ગાળી ચાહની જેમ ગરમ ગરમ પીવુ—(પણ દવાઓમા જે જડીઓ હોય તેને પહેલા કુટી લેવી)

(૨) જમી ગયલા જાડા બલગમ કાઢી નાખનારી દવા.

જેઠીમધની જડ છાલ છોલેલી માશા ૪

ગાવ ઝબાન માશા ૪

અનજીર વીલાયતી નગ ૧

બનફશાના ફુલ માશા ૫

સીપીસ્તા (લસોડા) નગ ૯

મીસરી (સાકર) તોલા ૨

સર્વને આ અરધો અથવા પોણો રતલ પાણીમા જોશ દઈ કપડામા ગાળી તેમા મીઠી બદામ નગ ૭ ના બી, તેને સેજ પાણીમા વાટી કપડામા ગાળી મેલવું અને ઉનુ પીવુ

---

* સુખા ખાસ્રા આવવા એ પણ આ બીમારીમાં ફાયદો આપે છે, એસ. એ. રહમાન

+ કારણ કે એના જુદા જુદા ઘણા સબબો હોય છે કોઈ પેટથી તો કોઈ તાવથી અથવા નાના ફુલાએ તથા ચાંદીઓ તથા ગરમ નજલો અથવા તો ગરમ દવા તથા ખાણું ખાવેથી અથવા કાગડો પડવાથી વિગેરે વિગેરે એવા ઘણા કારણો છે જેની સમજણ હરકોઇને થાય એમ નથી, માટે હકીમથી પુછવુ હકીમ અબદુરરહમાન બી મોલવી.

[illegible]

ચાટવાની ચટણી જેના વડે પણ બલગમ છુટુ થઈ નીકળી આવે છે

જેઠીમધનો શીરો માશો ૧
કતીરો ગુદર માશો ૧
બાવલનો ગુદર માશો ૧
કાકડાસિંગી માસો ૧
ધઉંનો નિશાસતો માસો ૧
મીઠી બદામની ગરી નગ ૧

સવને બારીક વાટી શરબત બનફશા તોલા ૨મા મેળવી રાખો અને થોડીથોડી ચાટો

અને જો ખાસીમા પાતળો (કફ) બલગમ નીકળતુ હોય તો આ ઉપાય કરો

જેઠીમધની જડ છાલ છોલેલી માશા ૪
ઉન્નાબ નગ ૫
ખતમીના બી માશા ૫
બનફ્શાના ફુલ માશા ૫
કાળી દરાક્ષ તેના બીજ કહાડી નગ ૯

સવને ગરમ પાણીમા ૮–૧૦ કલાક ભીંગવી કપડામા ગાલી તેમા મીસરી (સાકર) તોલા ૨ મેળવી (ગરમીના દીવસોમા ટાઢુ અને સરદી અથવા વરસાદના દીવસોમા ઉફાલુ કરી પીવુ)

ગોળી જે બધી જાતની ખાસીને ફાઈદો આપે છે અનેકોઈ રીતે નુકશાન કરતી નથી

કાકડાસીંગી બારીક વાટી કપડામા ચાળી પાણીમા ગુદી કાળા મરીના જેવી જીણી ગોળી ઓ બનાવી રાખો અને એક એક ગોળી મહોમા રાખી ચુસો

જો ખાસીમા ખુન (લોહી) આવે તો એમા સુસ્તી કરવા વગર જલદી કોઈ હકીમથી ઈલાજ કરી લેવુ–એવુ ન થાય કે ફેફ્ડામા ઝખમ પડે જેને (સિલ) ની બીમારી કહે છે જો એની શરૂઆતમાજ ઉપાય નહી કરવામા આવશે તો ફરી એ (લાઈલાજ) થઈ જસે અને દવાઓ કાર કરશે નહીં અને શુરૂમા આ દવા ઘણીજ ઉપયોગી છે

નૌ નખાના પાન માશા ૩
ખશખશના બી ઉજલા માસો ૧
મીઠી કાકડીના બી તોલો ૧

પાણીમા વાટી કપૂટ છાન કરી તેમાં મીસરી તોલા ૨ મેળવી ફરી–ગેરૂ માશો ૧ કતીરો ગુદર માસો ૧ બાવલનો ગુદર માસો ૧

બારીક વાટી તે ઉપર ભભરાવી એક અઠવાડીયા સુધી લગોતાલ પીવુ અને ખટાસ દુધ, દહી (તલાણુ) વગેરેથી પ્રગહેજી કરવુ ખુદાનુ ચાહ્યુ છે તો આખી ઉમર (સિલ)ની બીમારી થશે નહી

ખાસી માટે એક ચટણી ઘણીજ ઉપયોગી હમો સાસની બીમારીના વર્ણનમા લખીશુ (ત્યા જોશો)

સુકી ખાંસી લીલી. ખાસી કરતા વધુ નબળા દુખ આપનારી હોય છે તેનો ઈલાજ હકીમથી કરવો

ગોલી કે જે (સરદ) થડી અને ગરમ ખાસી બન્નેને માટે ઉપયોગી છે, અને બલગમને સહેલાયથી કાઢી નાખે છે

જેઠી મધનો શીરો માશા ૩
કાલી દરાક્ષ બી કાઢેલી માશા ૩
ધઉનો નિશાસ્તો માશો ૧
બાવલનો ગુદર માશો ૧
કતીરો ગુદર માશા ૫
મીઠી કાકડીના બી છોલેલા માશો ૧
ખાડ ઉજલી માશા ૫

સવને વાટી કપડ છાન કરી (બેહદાણા) તોલો ૦ાા પાણીમા ભીગવો (જ્યારે અરધા કલાકમા તેનો લોઆબ ગુંદર જેવો ચીકણો થાય) તો તેના બી કહાડી તેમા મજકુર ભુકી મેળવી ગુદી કાળા મરી બરોબર ગોળીઓ બનાવો અને એક એક ગોળી મ્હોમા રાખી ચુસો

પાસલાનો દુખાવો.

આ લેપ એને ઘણો ફાયદો કરે છે

અળસીના બી માશા ૬
મેથીના બી માશા ૬
(મકો) પોપટી સુકી માશા ૬
બનફ્સાના ફુલ માશા ૬

સર્વેને પાણીમા ૬–૭ કલાક ભીંગવી ઉફાળો.

ફરી હાથે મસલી કપડામા ગાળી તેમા (રોગને ગુલ) ગુલાબનું તેલ તોલા ૪ પીળુ મીણ તોલા ૨ મેળવી બીજી વેળા ઉકાળો જ્યારે પાણી તદન બળી જાય અને તેલ રહે ત્યારે તેમા રૂમી મસતગી માશા ૩ અને લોબાન માશા ૩ બારીક (હલકે હાથે વાટી) મેળવી દો પણ જો તાવ વધવા લાગ્યો હોય તો આ લેપમા લોબાન મેળવશો નહીં-અને તાવ જો ઘણો વધી ગયો હોય ત્યારે તો આ લેપમા અફીણ માશો ૧, જાફરાન માશો ૧ પણ મેળવી દો અને ગરમ કરી સેહતુ સેહતુ ચોળો

(દમા) સાંસની બીમારી

આ બીમારીની જડ તો ભાગ્યેજ જતી હોય પણ સભાલણ રાખવાથી તેનો ઉછાળો હલકો થાય છે અને મોટા ઉછાળાની જેમ શરીરનો ગભગાટ થતો નથી

જ્યારે ઉછાળો મારવાની નીશાનીઓ જણાય ત્યારે એક વેળા જમવાનુ બધ કરી દો, અને જ્યારે ઉછાળો બધ રહ્યો ત્યારે જે દવા-અને ચટણી ખાસીની બીમારીમા વર્ણી છે તે વાપરી લેવુ અને (કુશતો) ખાખ ભશમ અથવા કોઇ બીજી ગરમ વસ્તુ કે જે ફુકવી નાખે તેવી ખાવી નહી તેમજ કોઇ ચીકાશ વાળી પણ ખાવી નહીં પણ ઉછાળો મારતી વેળા માખણ અને મીસરી બન્નેને મેળવી ચાટવુ ઘણો ફાયદો આપે છે

અને જો અનુભવમા કોઇ ખાસ તરેહનુ ખાણુ ફાયદો આપનારૂ જણાય તો તેજ ખાતા રહેવુ

ચટણી આ ખાસી માટે ઘણીજ ઉપયોગી છે અને એથી (દમો સાસનો (દોરો) ઉછાળો પણ કમતી પડે છે-અને કબજ ઝાડાને પણ તોડે છે

ગરમાલાનો ગર તોલા ૪ અને માશા બે લઇ પાણીમાં ભીગવી હાથે મસલી કપડામા ગાળી લેવુ ફરી તેજ પાણીમા મીઠી બદામની ગરી માશા ૧૦ વાટી લેવુ અને તેમા ખાંડ તોલા ૨૦ મેળવી અગ્નિ ઉપર શરબતનો જાડો શીરો બનાવી લો ફરી તેમા કતીરા ગુદર માશા ૭ બાવલનો ગુદર માશા ૭ બાકીલાના બી માશા ૭ બારીક વાટી મેળવી દો અને બદામનુ તેલ તોલા બે મેળવી રાખી લો અને દિવસમા બે ત્રણ વારમા ત્રણ તોલા સુધી ચાટવુ

દિલની બીમારીઓ

(હોલદિલી) દિલની હોલ અને (ગશી) એટલે બેહોશી

જ્યારે દિલમા કોઇ કારણે અશક્તિ વધી જાય છે તો હોલ દિલી ઉત્પન થાય છે અને જ્યારે એથી વધુ કમજોરી હોય છે તો બેહોશી સુધઘા આવી લાગે છે, અને જ્યારે બેહોશી તરતે તરત અને જલદી જલદી આવે છે તો માણસ કોઇ વેળા એકાએક મરી જાય છે જેથી એનો પૂરતો ઇલાજ હકીમથી કરાવવો જોઇએ પણ આ દવા જે કદી નુકશાન કરશે નહીં દિલની અને ઘણી બીમારીઓમા લાભ આપે છે

---

*કાળી **ખાસી** હોય તો સોલી માછલી ( ) તેને કાંઇ વસ્તુ સાફ કર્યા વગર તોલા ૨૦ લઇ નાના કટકા કરી ફરી તેમા કુટેલુ લાહોરી નીમક તોલા ૨૦ મેળવી એક માટીના વાસણમા બધ કરી આંટીથી સુણી ૨૦ રતલ અડાયા વતી ફુકી દે આ સર્વ બળીને કોઇનો થઇ જાય ત્યારે સર્વને બારીક વાટી લો અને માખણ અથવા મલાઇ એમા એક રતી વજન મેળવી ચટાડ

બીજો નુસખો કાળા મરી માશા ૩ પીપર માશા ૬ (અનાર દાણા) દાડમના સુકા દાણા તોલો ૧ ગોળ તોલા ૪ સર્વેને બારીક વાટી ગોળમા મેળવો ચણા જેટલી ગોળીઓ બનાવી એક એક ગોળી મહોમા મુકી ચુસવુ. આ નુસખા અનુભવી છે

ચેતવણી-દારૂખાના બીના બહાનાથી વેહમાઓ નહીં કારણ કે આ નુસખો અજમાવેલ છે નુકશાન કરશે નહી

આમલાનો મુરબ્બો, પાણીથી ધોઇ ચાંદી નો વરક ના ૧ ઉપર રાખી ચિટાળી લેવુ પ્રથમ એ ખાય ઉપરથી ગુલે સેવુતી માશા ૫ કાસનીના બી માશા ૫ ગાવજબાનના ફુલ માશા ૫ બરગે બાદરજ બોયા માશા ૩ સર્વને ૬–૮ કલાક પાણીમા ભીંજવી કપડામા ગાળી તેમા સકંજબીનનુ શરબત તોલા ૨ મેળવી પી લેવુ

અને જો થોડા દીવસ સુધી આમલાનોજ મુરબ્બો માત્ર ખાયા કરશો તો પણ (ખફકાન) દિલની ધડક જતી રહે છે

અને જ્યારે કોઇને (ગશી) બેહોશી આવી હોય તો ટાઢા પાણીના છાંટા મ્હો ઉપર મારશો નહી,

અને માણસનુ દિલ ડાબી છાતીના નીચે રહે છે

(મેઅદા) પેટની બીમારીઓનુ વર્ણન

ફાયદો મેઅદાની આરોગ્યતા રહેવાનો વધુ ખિયાલ રાખો ભુખ લાગ્યા વગર ખાઓ નહી અને જ્યારે ભુખ લાગ્યા પછી ખાઓ ત્યારે થોડીક ભુખ રાખી ખાણાથી હટી જાઓ અને એમ ના સમજો કે થોડા ખાવાથી જીવ ને શુ લાગશે એટલુજ નહી પણ વધુ ખાવાથી પાચન શક્તિમા ફેરફાર થઇ જશે અને તે જીવને લાગશે નહીં અને થોડુ ખાધેલુ ઘણુ જલદી હજમ થઇ પચે છે, તેથી (ખુન) લોહી વધુ બને છે અને ખાવામા વધુ ચેનકો કરો નહી અને હમેશ સારૂ અને નરમાશ ચીકાશદાર ખાણુ ખાવાની ટેવ કરો નહીં પરતુ દરેક સારી કે માઠી ગજા બન્નેવ રીતે ખાવાની ટેવ રાખો જો કોઇ ખાસ વસ્તુ ખાવાની આદત પડી જાય છે ત્યારે બીજી તરેહનુ ખાણુ તેને નુકસાનજ આપનારૂ બની જાય છે. અને કદી કદી નફિલ રોજો પણ રાખ્યા કરો એમા સવાબ પણ મળે છે અને પેટનુ મેલાપણુ પણ દુર થાય છે એટલુજ નહીં પણ ઘણી બીમારીઓ (રોગો)થી સભાલણુ રહે છે

ફાયદો તરબુંજ–ખીરા–કાકડી વિગેરે ઠ લકી ચીજો ભરેલા પેટ ઉપર ખાવુ નહી, તેમજ ભુખે પેટ નાળે કોઠે પણ ખાવુ નહીં, પણ તે એવુ વખત કે જેમા ભરેલુ પેટ અથવા તદન ભુખુ પેટ ન હોય ત્યારે ખાઓ અને ભુખ ઘણીજ લાગેલી હોય ત્યારે એવી વસ્તુઓ ખાવાથી તદન પિત્ત બની જાય છે અને તે પિત્ત (સફરા) થી અગોબ (હૈજા)ની બીમારીનો દેખાવ કરી દે છે અને ભરેલા પેટ ઉપર ખવાથી આગલી ખાધેલી ગજાને હજમ થવામા રોકાણ કરે છે

ફાયદો વધુ ચીકાશવાળી વસ્તુઓ ખાવા થી મેદો પાચનશક્તિમા નબળો થઇ જાય છે

ફાયદો બને ત્યા સુધી (મુસહેલ) જુલાબ લેવાની આદત પાડો નહીં એથી મેદાની તાકાત તદન જતી રહે છે

ફાયદો મેદો પેટના વચેવચ હોય છે, જ્યારે કોઈ લગાડવાની દવા લગાડવી હોય ત્યારે પેટની વચ્ચે ડુંટી સુધી લગાડવુ

(ક) ઉલટી કરાવવનુ વર્ણન

જો વધુ ખાવાને લીધે અથવા બીજી કોઇ જરૂરતને લીધે ઉલટી કરવુ પડે ત્યારે આ દવાથી કરાવો સુવાના બી, તોલો ૧॥ સુવાના બી તોલો ૧॥, ૧ા રતલ પાણીમા ઉકાળો અને તેમા સરકાની સોકનજેબીન તોલા ૪ મેળવી સેકતુ સેકતુ પીયો અને ગળામા આંગળી નાખી ઉલટી કરી લયો આ દવા વધુ તેજ નથી અને કોઇ રીતે નુકશાન કરતી નથી* અને ઉલટી થતી વેળા અખ્ખ ઉપર હાથ રાખી લો નહી તો અખ્ખ ઉપર મોટો સદમો પહોચવાનો ભય છે અને ઉલટી

---

* પણ હમલની હાલત (બે જીવથી) હોય ત્યારે હકીમની રાય લેવા વગર ઉલટી કરાવવી નહીં

કરી રહ્યા પછી જ્યા સુધી તબીયત થોભી જાય નહી ત્યા સુધી તદન પાણી પીંવુ નહી કારણ વાયુ ઠાઢા પાણીથી ઉત્પન્ન થઈ પેટને દુખાવશે પરન્તુ ઉલટી થઈ રહ્યા પછી જો ઘોગ ન ખો અને જો દેહ થડો હોય તો ઉકાળેલુ પાણી વડે કોગળો કરો અને ગરમ દેહ હોય તો તાઢા પાણીથી કોગળો કરો

ઉલટી રોકવાનુ બયાન.

કેટલોક વેળા જુલાબ પીવાથી ઉકાલા થવા લાગી જાય છે અને જીવ કચવાયા કરે છે તેનો ઉપાય આ છે કે બન્નેવ હાથના (બાજુ) દણ કપડાવળે કસીને બાધી દો, અને થોડાક અહી તહી ફેરા ખવડાવા ટેહેનાઓ અને એલચી તથા ફુદીનાના પાન ચવડાઓ જો એથી થોભે નહી તો (મેદાનુ મહો) દમે મેદા એટલે કોડી ક જે પેટ ઉપર બન્નેવ નાની પાસલીઓની વચ્ચેની જગ્યા) તે ઉપર આ લેપ કરવુ

ગુલાબ જીરૂ (ગુલાબના બી) માશા ૩ ઉજલુ (સુખડ) સદન માશો ૧ નાસ્તકપુર માશો ૧ આ સર્વને ગુલાબજળ તોલા ૨ અને સરકા માશા ૯ મા વાટી કાઢી ઉપર લેપ કરો આ દવા લગાડી થોડાક વાર ફરી જો ન ... ચાહો પીવડાઓ ઉલટી થશે નહી

(હૈઝા) કોલેરા અથવા અગોકનુ વર્ણન

આ બીમારી ઘણીજ કઠણ છે જેથી એનો ઇલાજ કોઈ હોશિયાર હકીમથી ઉતાવલે કરાવવો જોઇએ અત્રે બે નુસખા એવા લખવામા આવે છે જે કાઇ રીતનુ નુકસાન કરશે નહીં ફરી ઝાડા અટકાવવાની કે ચાલુ રાખવાની જેવી ઇચ્છા હોય તેમ કરી લો

પહેલો નુસખો

ગુલાબના ફુલ માશા ૩

ગુલાબજળ તોલા ૧૫ મા જોશ દઇ અરધુ રહે ત્યારે તેમા દાઢમનુ શરબત તોલા ૨ અને તેમા દરયાઇ નારયલ રતી ૬

જેહેર મોહરા ખતાઇ માશો ૧

બેદમુશકના અરકમા ઘસી ગાળ્યા વીના ભેળવી આપો અને બે ત્રણ વાર પીવડાઓ એથી જો પેટમા બઇ બગડો હોય તો એક બે ઝાડા થઇ આવે છે અને જો બગાડો નહી હશે તો એથીજ ઝાડા બધ પડી જાય છે

બીજો નુસખો

(અરકે કાફુર) એટલે કાફુર બળનો કે જે એમા ઘણોજ ફાયદો કરે છે તેની આ રીત છે કે કાફુર તોલો ૧ વાટી તેમા સરકા તોલા ૩ મેળવી શીશીમા બંદ કરી ત્રીશ દીવસ સુધી તડકામા રાખો અને રોજ એકવાર હલાવી લેવુ ફરી ત્રીસ દીવસ વીત્યા હોય ત્યારે કપડામા ગાળી બોતેલમા સારી પખે (કાક) બુચ મારી નીલુ કાગળ અથવા નીલુ કપડુ વિંટાડી સભાળી રાખો જ્યારે અગોકમા ત્રસ વધુ લાગે ત્યારે એના દસ દસ ટીપા ગુલાબજળ બબે તોલામા મેળવી પીવડાવવુ ઘણો ફાયદો આપે છે અને જો (વબા) ખરાબ ઋતુના મોસમમા આરોગ્યતા રહેવાને લીધે તદોરૂસ્ત માણુસ પણ આજ અરકને દીવસમા પાચ ટીપા પાણીમા નાખી અથવા બતાશામા મેળવી પીતા રહેવાથી ખુદાનુ ચહ્યુ છે તો (અગોક) હૈઝાની બીમારીથી બચી રહેશે આ ઘરોમા તૈયાર રહેવાની ઘણી ઉપયોગી વસ્તુ છે પણ થડી દેહવાળા અને નાના બાળકોએ તદોરૂસ્તીમા એને પીવુ નહીં-અને (અગોક) કોલેરામા પીશે તો કાઇ નુકસાનકારક નથી અને આ કાફુરનુ અરક કુતરાના કરડેલા ઉપર પણ લગાડવામા આવે તો ઘણો અકસીરી ફાયદો આપે છે

અને (અગોકની બીમારી ઘણી પ્રકારની હોય છે) તેમા કેટલાક રીતના અગોકમા એખ્લુ પાણી આપવુ ઘણુ નુકશાન કરે છે. એટલા માટે ઉપાય આ છે કે એક રતલ પાણી અથવા એક રતલ (સોફ) વરયાળીના અરકમા

(ના[illegible]ક) તોલા ૫ ગુલાબજળ મેળવી રાખી લો અને પેયાલામા એનેજ પાઓ આથી કોઈ રીતે નુકસાન પહોંચશે નહીં

(અથોક) હેજાના બીમારને પાણીથી તર સાર[illegible] ફાયદા વગરનુ છે માટે એઓને તરસમા ઉપરનુ ગુલાબજળ મેળવેલુ પાણી પાઓ

અને આ બીમારીમા જ્યા સુધી સજ્જડ ભુખ લાગે નહીં ત્યા સુધી કોઈ ખાણુ આપશો નહી જ્યારે એવી ખરી ભુખ લાગે ત્યારે બે ત્રણ તોલા જેટલુ રોગ્ગે એટલાજ પ્રમાણમા (માનોજવ) જવનુ પાણી (જેની રીત હમો [illegible]ટમા લખીશુ) તે પાઓ અને ધીમે ધીમે ખોરાક વધારો અહાએક પેટ ભરી ના આપો ન[illegible]–નહીં તો તેનુ [illegible] ભય ભરેલુ છે

અને જો (અ[illegible]ક) હેજા વાલાને ઉંઘ આવી જાય તો તેને સુવા દો આ સારૂ થવાની નીશાની છે એટલુજ નહીં પણ તાવ આવવુ તો [illegible] સારૂ છે પણ પેશાબનુ રોકાય જ[illegible] એ સારી નીશાની ન[illegible] અને (નબજ) [illegible] અને નહીં ચાલતુ એનુ કાઈ [illegible] ન[illegible] ન[illegible] ક[illegible] કરતા રહો

[illegible] [illegible]ને [illegible]ગાડો

[illegible] હાડો [illegible]

આ [illegible] [illegible] આતરડાને તાકાત [illegible] છે અને ભુખ લગાડે છે અને ખાણુ [illegible] જો પેટ ચાલતુ હોય તો બંધ [illegible] અને જો ઝાડો કબજ હોય તો (દસ્ત) [illegible] લાવે

[illegible] જુ[illegible] તોલા ૪) માશા ૮

[illegible] ફેલાય [illegible] જાય ત્યારે આ ઉપાય [illegible] અજમાવેલ છે–[illegible] વાટી કપડા ઉપર [illegible]ડી [illegible] તેને [illegible] જગ્યા ઉપર [illegible] [illegible] ઉપર [illegible] અને [illegible] [illegible] અને મહોમા બરફ [illegible] ખુલાસ આવુ છે [illegible] દસ મીનીટમા [illegible] થઈ જશે દસ મીનીટ ફરી કપડુ [illegible]

સુંઠ (જન્જબીલ)	માશા ૭
ઉજલુ જીરૂ	માશા ૭
ઉજલુ નસોત (તુરબદ) સુફેદ	માશા ૨૦
કાલુ જીરૂ	માશા ૨૦
તતરીક (સમાક)	માશા ૨૦
પીલી મોટી હરડેની છાલ	માશા ૨૦
ભેડાની [illegible]	માસા ૨૦
લાહોરી નીમક	તોલા ૪) માશા ૨

આ સર્વને કુટી દોદરૂ કરો અને અરધો અરધો ભાગ કરી લો હવે અરધાને ઝીણી ધુળની જેમ બારીક વાટી કપડામા ચાલી લો [illegible] અરધાને એટલુ જાડુ વાટવુ કે ચાણીમા ચનાય જાય [illegible] બન્નેવને અલગ અલગ વાસણોમા ભરી દો જ્યારે ઝાડો કબજ દુર કરવો હોય ત્યારે હમેશ (નાડે કોઠે) ભુખા પેટે સવારે જાડુ વાટેલામાથી માશા ૭ ફાકી લો–અને જ્યારે એક પછી એક ઝાડો લાગ્યા કરે ત્યારે બંદ કરવાનુ હોય તો ઝીણુ વાટેલુ માશા સાત અથવા માશા નવ ભુખે પેટે અથવા ખાણુ ખાધા કરી ફાકી લો.

નમક સુલેમાની.

આ દવા પાચનશક્તિ વધારવામા વધુ અસર રાખે છે અને એમા ઘણા ફાયદાઓની સમાવીશ છે પેટના દુખાવાને ખોઈ નાખે છે જો સાત રતી હર દીવસ ખાવામા આવે તો અખનિની રોશનીને તાકાત આપે છે અને જો (મિળ–ભરન) જેને (તતૈયા–જખુરમાકણી) પણ કહે છે તેના કરડેલી જગ્યાએ સારી પેઠે મસલવુ સુકી અથવા ગુલાબજળમા મેળવીને તો તેને માટે પણ આઝમાવેલ છે–હાથ પગોમા જ્યા દુખતુ હોય ત્યાં પ્રથમ મધ લગાડી ઉપરથી નમક સુલેમાની ભભરાવી દો તો પણ ફાયદો કરશે–જો (નીમબિરસ્ત) પાણીમા કાચુ પાકુ બાફેલુ મરગીનુ ઈંડાની સાથે લગાડી ખાઓ તો એ ઘણી તાકાત આપે છે. અને એથી યાદદાશ્ત શક્તિમા શક્તિ આવે છે એટલુજ નહી પણ શરીરનો રંગ ખુલે છે અને જેમ જીનુ થાય તેમ આ દવાની તાકત વધેછે,

(નિમક સુલેમાનીનો નુસખો *)

દવાના નામો.	વજન શબ્દોમા	વજન આંકડામા
ભુજેલુ લાહોરી લુણુ	તોલા સત્તાવન માશા ૭	તોલા ૫૭) માશા ૬
સાભર લુણુ (નીમક)	તોલા આઠ માશા પોણાચાર	તોલા ૮) માશા ૩॥।
નોશાદર	તોલા આઠ માશા પોણાચાર	તોલા ૮) માશા ૩॥।
કરફસના બી	તોલા બે માશા અગીઆર	તોલા ૨) માશા ૧૧
કાળા મરી	એકવીશ માશા	માશા ૨૧
ધોળા મરી દખણી	એકવીશ માશા	માશા ૨૧
(ઇજખર) મચ્ચીયા ગદ	સવા ઓગણીશ માશા	માશા ૧૯।
અફ્તીમુન (અફ્તાસબેલ) વીલાઇતી	સાડા દશ માશા	માશા ૧૦॥
હીંગ	સાડાદશ માશા	માશા ૧૦॥
કાલુ જીરૂ સરકામા ભીંજવી સુકવેલુ	સાડાદશ માશા	માશા ૧૦॥
દારચીની સારી	સાત માશા	માશા ૭
હબ્બુલ કુરતુમના (બી)	સાત માશા	માશા ૭
સુઠ	સાત માશા	માશા ૭
અનીસુ રૂમી	સાત માશા	માશા ૭
જેઠીમધની જડ (મુલેઠી) છાલ છોલેલી	સાત માશા	માશા ૭
સુફેદ જીરૂ	સાત માશા	માશા ૭

એની બનાવવાની રીત આ છે કે લાહોરી નીમકને ટોડી નાના ટુકડા કરી એક માટીના વાસણમા મુકી ગરમ (તનુર) રોટી બનાવવાની ભઠ્ઠીમા મુકી દો જ્યારે (તનુર) ભઠ્ઠાની અગ્નિ ટાઢી પડે ત્યારે કહાડી કુટીલો ફરી દરેક દવાને અલગ અલગ કુટી તેના બતાવેલા પરમાણે વજન કરી લો અને સર્વ સાથે મેળવી દો ફરી નીલા રંગની બોતલમા ભરી થોડાક દીવસ જવના અનાજ વચ્ચે મુકી ઉપર નીચે જવ નાખી ઢાપી દો—અને જો એ રીતે ઢાપવા વગર પણ કામમાં લાવશો તોએ નુકશાન કાંઇ નથી ખોરાક માશો એક—એની સાથે કાકડી-ચીભડા ખાઓ તોપણ નુકશાન થશે નહીં

*નિમક સુલેમાનીનો નુસખો પઢવામા લોકો એ ઘણીજ ભુલો કરી હતી જેથી હવે વધુ ખુલાસેથી લખવામાં આવ્યો છે.

નુસખો પાચનશક્તિ વધારનાર ગુટીક (ગોલી હાજેમ)

કાળુ મીઠુ (સચળ) તોલો ૧

કાળા મરી તોલો ૧

આકડાના મો બધાયલા ફુલ જેની પાતરીઓ હજુ ખુલી નહોય તોલો ૧

ફોદીનો સુકો તોલો ૧

સર્વને બારીક કુટી વાટી ચાલી લો અને (ચેણી) નાના બોરના બરાબર ગોળીઓ બનાવી ખાણુ ખાધા ફરી એક ગોળી ખાઇ લો—અને કોલેરાના દીવસોમા સવારે નાડે કોઠે ખાઇ લો તો ઘણીજ ઉપયોગી થઇ પડશે.

દવા જેથા ઝાડો કબજ દુર થાયછે

ગુલાબના ફુલ માશા ૨ અને સુનામકીના પાતરા બે માશા કે જેને ઘી વડે ચીકણુ કરેલી હોય કુટી કપડામા ચાલી ફરી (ઇતરી ફુલ

(કિશનીજી) નામના ચટાણામા મેળવી સુતી વેળા ખાવુ-અને(ઠતરી ફુલ કીશનીજી)ની રીત છેવટમા લખી છે

લેપ જે પેટની સખતાઇને દુર કરે છે.

આ લેપ પેટની સખતાઇ દુર કરી કોઇ રીતે નુકશાન કરશે નહી

રૂમી મમતગી માશા ૩ હલકા હાથે વાટી ગુલાબનુ તેલ તોલા ૨ મા મેળવી ગરમ કરી મસલો એવી રીતે એક બીજો લપ પણ ઘણો સારો છે કે જે રહમની બીમારી ઓમા લખાયો છે જેના નુસખાની પહેલી દવા ગુલે બાબુના(બાબુનાનુ ફુલ) છે

પોટલીનો નુસખો જથી પેટનો દુખાવો સારો થાય છે.

ઘઉની ભુસી તોલા ૨

બાજરી તોલા ૨

સાભર લુણ તોલા ૨

સર્વને સાથે સારી પખે મેળવી દો અને એ પોટલીઓમા બાધી ગુલાબજળ-કેવડોજળ દરેક ત્રણ તોલા લઇ આગ ઉપર ગરમ કરો અને તે પોટલીઓ તેમા ભીગવી એક એકથી સેકો-જો ગુલાબ તુરતા તુર્ત નહીં મળે તો ફરી સુકી પોટલીજ વડે ગરમ કરી સેકો અને આ દવા દરેક જગ્યાના દરદ માટે ઘણીજ ઉપયોગી છે અને એમા કોઇ રીતે નુકસાન નથી જો એથી સારૂ ન થાય તો કોઇ હકી મથી પુછી લો

(મુસાહલ) જુલ્લાબનું વર્ણન.

ફાયદો કોઇ હકીમની રાઇ લેવા વિના કદી જુલ્લાબ લેવો નહી

ફાયદો જુલાબમા (અમલતાસ)ગરમાલાને ઉકાળો નહી

ફાયદો ગરમાલાની સાથે બદામ અથવા બીજી કોઇ એવી ચીકણી વસ્તુ સાથે મેળવી દો જેથી આતરડાઓમા મરડો કરે નહીં

ફાયદો જો જુલાબમા સુનામકી હોય તો પ્રથમ તેને ઘી ચોપડી ભીંગવો નહીંતો પેટમા મરડો કરશે.

ફાયદો જુલાબ પીને સુવો નહીં કારણ એથી (દસ્ત) ઝાડો આવશે નહી અને નુકશાન થશે

ફાયદો જુલાબના દીવસોમા તેમજ જુલાબ લવાફેરા નીરા, પચીશ દીવસ સુધી ખાણુ નરમ-હલકુ તેમ ભુખ કરતા કમતી ખાઓ

ફાયદો જુલાબની દવાઓને વધુ મસલો નહી હલકે હાથે મસલી ગાલી લો ઘણી ઘાડી દવા ઝાડા કમતીલાવછે-જુલાબના દીવસે પેટ ઉપર કોઇ લેપ લગાડો નહી પરતુ જો તેથી કાઇ ઝાડો થયો નહોય ત્યારે લપ લગાડશો તો કાઇ વાધા જવુ ત્યી

જુલાબને બીજે દીવસ ચડાઇનો નુસખો જરૂર પીશો ચડાઇનો નુસખો કાઇ નક્કી નથી હકીમની રાઇ ઉપર છે અને એક પછી એક જુલાબ લો નહી,

(જીગર) કલેજાની બીમારીઓ.

જીગર કલેજાને કહે છે એ પેટમા જમણી પાસલીઓની નીચ રહે છે જ્યારે જીગર ઉપર કાઇ દવા લગડવી હોય ત્યારે જમણી પાસલીઓની નીચ લગાડો

જ્યારે બીમારના મો અથવા હાથ પગો ઉપર સોજો (વરમ) જવુ જણાય આવે તો સમજી લો કે એના કલેજા અથવા તેની આસે પાસેની કોઇ ચીજથી નબળાઇ આવી ગઇ છે ઇલાજ કરવામા વાર લગાડો નહી અને જયા સુધી સારો જાણીતો હકીમ મળે નહીં ત્યા સુધી-માજુન દબીદુલ વરદ માશા પાચ ચાટી ઉપરથી પોપટી (મકો)નુ અરક તોલા દસમા શરબત બજુરી બારેદ તોલા બે મેળવી પીતા રહો અને (લોઆબદાર) રગડા જેવી વસ્તુઓથી પરહેજી રાખો

માજુન દબીદુલ વગેરે અને શરબતે બજુરી બાગેહના નુસખાઓ છેવટમાં લખ્યા છે

(ઇસ્તિસ્કા) ઝલંદરની બીમારી

એનો ઇલાજ હકીમથી કરાવી લો અને (મકો) પોપટીની ભાજી એમા ઘણો ફાયદો આપે છે જો સર્વ ગજાની જગ્યાએ એનેજ ખાવામા આવે તો વધુ બેહતર છે

તીલ્લીની બીમારીઓ.

તિલ્લી પેટમા ડાબી પાસળીઓના નીચે રહે છે જ્યારે એમા કોઇ દરદ લગાડવી હોય ત્યારે ડાબી પાસળીઓની નીચે લગાડવુ

તિલ્લી વધી જવાનો ઉપાય.

ચુનો સારો તોલા ૫
પાણી શેર ૨

મા નાખી ને આ રાત્રી રહેવા દો જ્યારે તે બેસી જાય અને ઉપર (સફા) નીતરૂ પાણી થયલુ લઇ તે પાણીમા ઝકા મીઠા કાગ્દી અંજીર નં. ૨૦ ને ઉકાળો જ્યારે અંજીર સારી પેઠે ફુલી જાય તોકહાડી ચોખ્ખા કપડામા ફેલાવી દો જ્યારે પાણી સુકાઇ ત્યારે મરકો સારો તોલા ૨૦મા નાખી મન મુઆફીક તેમા (નમક) લુણ–અને મસ્યા સવાદ પ્રમાણે મેળવી દો અને પંદર વીશ દહાડા બાદ આ અંજીર દરરોજ ખાવુ શરૂ કરી દો

(ગોળી–વધેલી તિલ્લી માટે ઘણી ઉપયોગી છે

સોસનની જડ માશા ૧૪
ઉજવા મરી દખણી માશા ૭

બન્નેવને કુટી ચાળીને ફરી (ઉશક) નામનો ગુંદર તોલો ૧ સરકામા મેળવી ફરી તેમા સર્વ દવાઓ મેળવી ચણા જેટલી મોટી ગોળીઓ બનાવી લો અને સાત માશા દરેક દીવસે (સાદુ સીકન્જેબીન) તોલા ૨ની સાથે ફાકો આઝમાવેલુ છે અને સેકનજેબીન નામના શરબતની રીત છેવટમા લખી છે

લેપ-વધેલી તિલ્લી માટે ઘણો ફાયદો આપે છે.

બાવનનો ગુંદર માશા રાા
કતીરો ગુંદર માશા રાા

ઝરાવંદ મુદહરજ નામની જડ જે અંદરથી સેજ લાલ અને બહારથી પીળી માશા રાા
ઉશક ગુંદર તોલા ૧ાા

સર્વેને દસ તોલા સરકામા બારીક વાટી રાબળી જેવુ બનાવી તિલ્લીના પરમાણમા એક કપડુ કાટી તે ઉપર આ રાબળી લગાડી તિલ્લીની ઉપર વળ ગારીદો જેમજેમ તિલ્લી ગટતી જશે તેમતેમ કપડુ પણ ધીમેધીમે વળગેલુ અલગ પડતુ જશે તેટલુ કપડુ કતરતા જવુ

અને જો તિલ્લી વધેલી હોય અને તાવ પણ ઘણો હોય ત્યારે હકીમથી ઇલાજ કરાઓ

આંતરડાની બીમારીઓ

(ઝાડા થયા કરવુ)

જો વધુ ખાવાથી અથવા બીજા કોઇ કારણ જણાયા વગર ઝાડા થવા લાગ્યા ત્યારે (પેટ) મેદાની બીમારીમા એના ઉપાય જોય લેવા

અને જ્યારે ઝાડા વધુ આવવા લાગ્યા અથવા લાંબા વખત સુધી આવતા રહ્યા અથવા (દોરો) તેના બંધાઇલા નીયમ પ્રમાણે આવવા લાગ્યા ત્યારે ઇલાજમા સુસ્તી કરો નહીં કોઇ હોશીઆર હકીમ પાસે જાય ઇલાજ કરાવી લો,

(કુલન્જ.)

એક આતરડાનુ નામ કુલુન છે તેના દરદને કુલન્જ કહેવામા આવે છે અને બધા અજાણ માણસો એને પેટ દુખવુ કહે છે- અને એ દુંટીના જોડે સીધી બાજુ નીચે

હોય છે. એમા એડયાનો જુલાબ તોલા ચાર પી લેવુ વધુ ફાયદો આપે છે એક બે ઝાડા આવી દુખાઓ બધો જતો રહે છે

કુલંજની બીજી દવા.

બછ માશા ૬
સુંઠ માશા ૬
અલસી માશા ૬
મેથીના બી માશા ૬
હીંગ માશા ૬
સુવાના બી માશા ૬

સર્વ લઈ કુટી ચાલી અળદનો આટો અરધા રતલમાં મેળવી (સોદ) વરયાલીના અરકથી જુદી બે જાડી રોટલીઓ બનાવો અને ઠિકરી અથવા તવા ઉપર ફકત એકજ તરફ સેકો અને બીજા તરફથી કાચી રાખો અને કાચાની તરફ એડયુ અથવા ગુલાબનુ તેલ અરધો તોલો ચોપડી એકને સેહતુ સેહતુ પેટ ઉપર મુકી બાધી ને જ્યારે તે થડી થાય ત્યારે બીજી બદલી દો આ રોટલી ગુરદાના દુખાવા ઉપર પણ ઘણી ઉપયોગી છે

ફાયદો કુલજની બીમારીવાળાને જ્યા સુધી ખરી ભુખ લાગે નહીં ત્યા સુધી ખાણુ આપો નહીં અને દુધથી પરહેજી કરાઓ જો એને દુધની ટેવ (આદત) હોય અને કાઇ નુકશાન કરે નહીં તો ગરમ ગરમ આપી દો છતાં હકીમથી પુછી લેવુ જોઇએ

પેચીશ-(મરડો).

ફાયદો પેચીશની બીમારીમા જલદી ચાલો નહીં અને ઉચી નીચી જગ્યાએ પગ નાખો નહીં એટલુજ નહીં પણ વધુ ચાલો ફરો પણ નહીં જો થોડોક અસર હોય તો આ દવા કરી લો

રેશાખતમી માશા ૫
તુખમે કનોચા માશા ૫
મકો (સુકી પોપટી) માશા ૫
બનફશાના ફુલ માશા ૫

છ સાત કલાક ગરમ પાણીમા ભીંગવી તેને મસલી કપડામા ગાલી બનફશાનુ શરબત તોલા બે મેળવી પી લો.

મરડાની બીજી દવા

(ચાર બી) એટને ઇસપગોલ-તુખમે રેહાન તુખમે બારતગ-તુખમે કનોચા બધા મલી છ મારા લઇ દસ તોલા મકોના અરક અથવા પાણી સાથે ફાકી લો અને મગની ખીચડી તથા સાગુદાણા પાણીમા રાધી ખોરાક રાખો-કોઇ સખત વસ્તુ ખાઓ નહી

અને જો પેચીશમા (ખુન) લોહી આવવા લાગે ત્યારે આ દવા કરશો

રેશા ખતમી માશા ૫
તુખમે કનોચા માશા ૫
બેલ ગેરી માશા ૫
મકો સુકી માશા ૫
બનફશાના ફુલ માશા ૫

ગરમ પાણીમા ૬-૭ કલાક ભીંગવી કપડામા ગાલી તેમા અન્જેબારનુ શરબત તોલા બે મેળવી પીવુ-જો એથી પેચીશનુ ખુન બદ થાય નહીં ત્યારે એજ દવા તૈયાર કરી એના ઉપર તુખમે બારતગ આખા ભભરાવી પીશો અને એમ કરવા છતા જો બદ થયુ ન હોય તો તુખમે બારતગને થોડુ ભુજી લો ફરી ભભરાવી લો અને શરબતે અન્જેબારનો નુસખો છેવટમાં લખીશુ.

અને જો આ દવાઓથી કાઇ ફાયદો થયો નહોય અથવા સુવાવડી સ્ત્રીને પેચીશ થઇ ગઇ હોય અને હાથ પગો ઉપર (વરમ) સોજો અને સાથે તાવ પણ હોય તો કોઇ હકીમનો ઇલાજ કરાવી લો અને આ ખીયાલ રાખો કે એવા સમયમા વધુ (લોઆબદાર) રાબળી જેવી ચીકણી દવા આપવામા આવે નહીં અને જો ગ્રભવાળી સ્ત્રીને પેચીશ થઇ હોય તો તેને પણ (લોઆબદાર) ચીકણી દવાઓ આપો નહીં પણ તે આપો જે (ગ્રભ) હમલની સાચવવાની રીતોમા આવે છે. (ત્યાં જોશો.)

પેટના કીડા એટલે લાંબી કેચવા અળ-શીઆ જેવા અને (કુંકુ દાણા) તે દોધીના બી જેવા.

એની પહેચાન આ છે કે મોથી લાળ ઘણી વહે અને રાતના હોટો ભીજેલાં અને દીવસમા સુકા રહે અને ઉંઘમાં દાત ચાવવુ અને ખાણું ખાધા પછી જીવ, કમવાવવુ અને પેટમા ચેન પડતુ નહોય

લેપ જેથી પેટના કીડા મરી જાય છે

કલોજી માશા ૬

(શહમેહન્જાલ) ઇંદ્રાયનના અંદરનો ગુદો માશા ૨

એલચો માશા ૬

કારેલાના રસમા વાટી પેટ ઉપર અને ડુંટી નીચે લેપ કરી દો

દવા જે દરેક જાતના કીડાઓને કહાડે છે

લીમડાના પાન માશા ૩

વાયવડીંગ માશા ૩

કપેલો માશા ૩

બારીક વાટી સાકર અધ તોલા ૨ મા મેળવી બધુ ચાટી લો આ એકજ ખોરાક છે

દવા જેથી નાના કરમ મરી જાય છે.

કપીલો બે તોલા લઈ તલનુ તેલ તોલા પાંચમા બાલી ઝાડાની જગ્યાએ લગાડો

પરહેજી અડદની દાળ-વીગેરે બલગમ પેદા કરનારી વસ્તુઓ ખાવી નહીં.

કારેલા વધુ ખાવાથી પણ કીડાઓનો નાશ થાય છે

કોઇ કરમવાળા બીમારને દવા ખાતી વેળા એમ કહો નહીં કે આ કીડા મારવાની અથવા કીડા વીશે દવા છે, નહીં તો દવાનો કાંઈ અસર થશે નહીં

બવાસીરની બીમારી.

ખુનમા જ્યારે સવદાવી માદ્દો વધી જાય છે ત્યારે ઝાડાની જગ્યાએ ખુજલી થયા કરે છે અને જલન રહે છે હવે જો ખુન પણ આવ્યુ હોય તો ખુની બવાસીર છે અને લોહી આવ્યુ નહોય તો એને બાદી બવાસીર કહે છે

ખુની બવાસીરમા એવી તેજ દવા લગાડો નહી જેથી લોહી તદન બંદ થઇ જાય—નહી તો એથી ઘણી મોટી બીમારીઓ ઉત્પન થવાની બીક રહે છે જેમકે મીરગી-ગાંડાપણુ (જનુન) વિગેરે.

અને બવાસીરવાળાને ઘણી વેળા ઝાડો કબજ પણ રહે છે આ કબજને લીધે હમેશ જુલાબ લેવાની ટેવ પાડીજ બુરી છે પણ વધુ સારૂં આ છે કે જ્યારે ઝાડો કબજ હોય ત્યારે મોટીહડેનો મુરબ્બો એક સુતીવેળા ખાઇ લો અથવા તો નીચે આ દવા ઇત્રીફુલ બનાવી ખાઈ લો એથી બવાસીરને તથા પેટ કબજને પણ ફાઇદો થાય છે

ઇત્રીફુલનો નુસખો.

ગુલબ સાડા સાત તોલા અને ગરમાળાનો ગર સાડાસાત તોલા ગંદના બુટીના રસમા અથવા એ નહી મળે તો મુળાના રસમાં જો એ પણ નહીં મળે તો સોફના અરકમા પલાળી નાખવુ ફરી કપડામાં ગાળી તેમાં સાઠ તોલા સાકર મધ મેળવી ઉકાળી શીરો બનાવી તેમા

કાબુલી હડેના છોડા તોલા ૨॥

મોટી પીળી હડેના છોડા તોલા ૨॥

કાળી હિંમેજી હડે તોલા ૨॥

બેહેડાના છોડા તોલા ૨॥

સુકા આમળા તોલા ૨॥

(અફતીમુન) આકાશબેલ તોલા ૨॥

કિસતો ખુદરૂ તોલા ૨॥

સર્વને કુટી કપડામા ચાળી ગાયનું ઘી તોલા પાંચમાં ચોપડી મજકુર શીરામાં મેળવી દો

અને દસ-પદર દીવસ ઘઉં અથવા જવમા તે વાસણ દબાવી રાખો અને સુતી વેળા તોલો એક ખાયા કરવુ-અને જેનો ગરમ મીજાજ હોય તેણે ગુગલની જગ્યાએ (રસૌત) રસવતી મેળવવી

દવા જેથી બવાસીરનું ખુન બંધ પડે છે.

ગેદાના પાન (જેનુ ખુબસુરત દોઢવાર જેટલુ ઉંચુ ઝાડ હોય છે તે) ૭ માશા અને ૭ માશા હારસિગારના ફુલ બન્નેને પાણીમા વાટી તેમા શરબતે અજબાર તોલા બે મેળવી તેના ઉપર મુલતાની (પીળી માટી) માશો એક વાટી ભભરાવી પીવુ, અને ખોરાકમા મસુરની દાળ ખાવી +

અને જો બવાસીરની જગ્યાએ ઘણીં આગ બળતી હોય તો આ દવા લગાડો

ઉજલો કાથો માશા ૩
કાશગરી સફેદો માશા ૩
(રસોત) રસવતી માશા ૩
મુરદારસગ માશા ૩
કાફુર માશો ૧

સર્વને બારીક વાટો ફરી કપડામા ગાલી બે તોલા ગુલાબનુ તેલમા મેળવી ઝાડાની જગ્યાએ મસલો

+ મસુરની દાલનો અસર જોતાં તો એ બવાસીરવાળાઓને નુકસાન કરે છે છતા કીતાબ રચનારે ઉપરના નુસખાની સાથે આ ગજા બતલાવી એથી એમ ધારવામા આવે છે કે એ દવા અને ગજાની કાંઈ ખાસ તાસીર હોવી જોઇએ-નહીં તો બધા હકીમો આ બીમારીવાળાને આ (દાલ) નુકસાન કરતી સમજે છે અને તેઓ ગોડા વિગેરેની સવારી તથા હવા પેદા કરનારી વસ્તુ-દુધ, દહીં અથવા એવી તરકારીથી પરહેજ બતલાવે છે

એચ એ રહમાન.

અને કદી બવાસીરમા ઝાડાની જગ્યાએ સોજો આવી જાય છે, અને એવી આગ બળે છે કે, ઝાડો પણ થતો નથી, જ્યારે એમ થતુ હોય ત્યારે ભગના પાતડા તોલા બે ત્રીશ તોલા દુધમા ઉકાળી પ્રથમ તેનો ભપારો આપો (તે જગ્યાએ વરાળ આપો) ફરી તેજ પાતડા ગરમ ગરમ બાધી દો *

જ્યારે પણ મસ્સા કપાવવાનો સભવ થાય ત્યારે એવો કોઈ એક નાનો મસ્સો કપાવવો નહી કે વખતો વખત તેમાથી કાંઈ બગાડો નીકળતો રહે

ગુરદાની બીમારીઓ.

દરેક માણસના ગુરદા બે હોય છે અને તેની કુખના જોડે કમરમા તેની જગ્યાએ હોય છે જ્યારે કોઈ દવા ગુરદામા લગાડવી હોય ત્યારે કુખથી કમ્મર સુધી લગાડો

અને કોઇ વેળા કુલજ અને ગુરદાની બીમારી સમજવામા શકશુઓ પડયા કરે છે એ બન્નેની તપાસ તે એવી રીતે છે કે કુલજનો દુખાવો પ્રથમ પેટથી શરૂ થાય છે અને ગુરદનો દુખાવો કમરના એક [illegible] એ જણાય છે અને બીજો ફરક બન્નેમા આ છે કે ગુરદાના દુખાવામા સાસ લેવાની સાથે ગુરદા સુધી એક ચમક જેવી લાગે છે, કે જેથી પુરો સાસ પણ લેવાતો નથી

દવા જે ગુરદાના દુખાવાને ફાયદો આપેછે.

ખરબુજાના બી માશા ૬
ગોખરૂ માશા ૬
હબ્બુલ કુરતુમ (કુળના બી) માશા ૯

* ભગ નાપાક નથી અને બહાર લગાડવા વીશે શરીઅતમા વાધા જેવુ નથી હા તેની નીશાને લીધે તેનુ પીવુ દુરસ્ત નથી વધુ ખુલાસો બેહેશતી જોહરના નવમો ભાગ (તિબ્બીજોહર) મા છે

કાસનીની જડ માશા ૫
કાલુ જીરૂ મ શા ૫
કાકનજ માશા ૫

પાણીમા ઉકાળી કપડામા ગાળી તેમા શરબત બજુ‌ ારેદ તોલા ૨ મેળવી દો અને તેમા એક એક માશો હજરૂલ યહુદ (સગ સરેમાહી) એટલે માછલીના માથાનો પત્થર ખુબ બારીક વાટી મેળવી એ રીતે સવાર સાંજ બન્ને વખત પીવુ જો સાથે તાવ પણ આવતો હોય ત્યારે એમાજ આલુ બુખારા ના૦ ૭ પણ મેળવીદો

જ્યારે સાધારણ દવાથી સારૂ ન થાય ત્યારે (કાશટર ઓઇલ) કાચુ એરડયુ તોલા ચાર સોફનુ અરક તોલા પદરમા મેળવી એના પીવાથી ઝાડા પણ આવી જશે તેમજ પેશાબ પણ ખુલાસેથી આવશે અને ગુરદાનો મેલ કચરો નીકલી જશે એટલુજ નહી પણ એ ઘણોજ ફાયદો આપનારી વસ્તુ છે

રેટલી જે ગુરદાના દુખાવાને ઘણોજ ફાયદો આપે છે અને તે કુલજની બીમારીમા હમોએ લખી આપી છે જેમા સુવા તથા મેથીના બી પણ છે ત્યા જોશો

લેપ જેથી ગુરદા દુખાવાને તેમ તેના આસપાસના દુખાવાને ફાઇદો આપે છે.

દારચીની સારી માશા ૩
રૂમીમસતગી માશા ૩
ગુલાબનુ તેલ તોલા ચારમાં બારીક વાટી મેળવી ગરમ ગરમ મસલો અને તેના ઉપર જુના રૂ ગરમ કરી બાધી દો

સેક ગુરદાના દરદને ફાઇદો આપે છે

છછળતુ ગરમ પાણી બોતેલમા ભરી (બુચ) કાકથી બદ કરી દરદની જગ્યાએ બોતેલને ફેરવો—જો બોતેલની ગરમી પસદ લાગતી નહોય તો તેના ઉપર એક કપડુ થોભાય તેવુ વિંટાડી ફેરવો

(ગજા) ખોરાક—ગુરદાના બીમાર માટે સર્વથી સારો ખુરાક શોરવો છે જો કમજોરી ઘણીજ હોય ત્યારે તો મરઘાનો શોરવો આપો નહી તો માત્ર બકરાનોજ શોરવો બસ છે ચોખા ગુરદાના બીમાર માટે નુકસાન કરે છે

(મસાના) પેશાબના ફુકણાની બીમારીઓ.

જે જગ્યાએ પેશાબ ભરાય એકઠી થાય છે તેને **મસાના** કહે છે તેની જગ્યા પેઢુમા છે જો પેશાબ બદ થાય અથવા બીજા કોઈ કારણે મસાના ઉપર દવા લગાડવી પડે તો પેઢુ ઉપર લગાડો

પેશાબમાં આગ બળતી હોય તો

બેહરોઝાનુ તેલ બે ટીપા પતાશા અથવા રોટલીના કટકા ઉપર મુકી ખાય લો, અજમાવેલ છે અને એની રીત છેવટમાં લખી છે

બીજી દવા.

કાળા ખુરફાના બી માશા ૫
કાકડી ચિભડા બન્નેના બી માશા ૫

પાણી દસબાર તોલામા બન્નેને વાટો અને કપડામા ગાળી તેનો રસ કહાડો તેમા શરબત બનફશા તોલા ૨ મેળવી તે ઉપર વાસકપુર એક માશો અને કતીરો ગુદર એક માશો બારીક વાટી ભભરાવી પીલો

પેશાબનું રોકાય જવું.

ટેસુના ફુલ બે તોલા બે રતલ પાણીમા ઉકાળો અને તે પાણીથી ગરમ ગરમ દુટી નીચે ઝારો, અને તે ફુલોને દુટી નીચે ગરમ ગરમ બાધીલો *

---

*પેશાબનો રોકાણુ જો જખમ લીધે હોય તો બેહરોજાનુ તેલ એના જખમ ભરવા માટે અકસીર છે પણજો જખમ નહીંહોય અને બીજા કારણે જેમકે કોઈ માદ્દાને લીધે અથવા બગાડો મેલ કચરાને લીધે અથવા પથરીને લીધે અથવા તો મશાનાની જીલ્લી તણાવાને લીધે હોય તે વેળા ટેસુના ફુલનો નુસખો વાપરવા છતા પેશાબ ખુલતી ન હોય તો આ રીત કરશો કે બીમારને ચીત્ત સુવાડી તેના બન્ને પગો આપણા હાથમા પકડી ઉઠાવી લો અને એક પગને સુકેડો તો બીજા પગને ખેચો એમ દસબાર વેળા જલદી ઉતાવળે કરી જટકો આપવાથી તેની પેશાબ ખુલી જશે અને દાકટરોની સળી નાખવ ની જરૂરત રહેશે નહીં એચ. એ રહેમાન

મસાનાની કમજોરી એટલે પેશાબની પેટલી કમતાકાતથઇ ગઇ હોય.

અને વારે વારે પેશાબ આવતી હોય અને પેશાબ લાગ્યા વિના પેશાબ વગર જાને યતી હોય અથવા સુતી વેળા બચ્ચાઓને પેશાબ થઇ જતી હોય એ સર્વ માટે આ દવા-માજુન ફાયદો કરે છે

કાળા મરી	માશા ૨
પીપલ નાલી	માશા ૨
સુંઠ	માશા ૨
ખુરફો	માશા ૨
દારચીના	માશા ૨
(ખુલનજન) પાનની જડ	માશા ૨
લાલ તોદરી	માશા ૬
ધોળી સોદરી	માશા ૬
લાલ બહમન	માશા ૬
સફેદ બહમન	માશા ૬
એખીલન	માશા ૬
મીઠી ઈન્દ્રજવ	માશા ૬
નાગર મોથ	માશા ૬
બાલછડ	માશા ૬

સર્વ કુટી કપડામા ચાલી (શહેદ) મધ તોલા ૫ દર ગરમ કરી તેમા મેળવી દો, મોટા માણસો એક તોલો ખાઇ અને છોકરાઓ અરધો તોલો

પેશાબમાં (ખુન) લોહી આવવુ.

એને માટે આ દવા ઘણીજ આજમાવેલી છે, સુફેદ સંદલનો વહેર ૭ માશા લઇ રાતના પાણીમા ભીંજવી સવારના કપડામા ગાળી તેમા (શરબતે બજુરી મોતદેલ) તોલા બે મેળવી દો પ્રથમ ચાકસુ ત્રણ માશા છોલીને જીણું વાટી ફાકી લો ઉપરથી તે દવા પીલો અને જો લોહી કોઇ બીજા કારણે આવતુ હોય ત્યારે તો હકીમથીજ ઇલાજ કરાવી લેવું અને શરબતે બજુરી મોતદીલની તરકીબ છેવટમા લખી છે

(રહમ) ગભસ્થાનની બીમારીઓ.

સ્ત્રિઓના શરીરમા ડુટી નીચે ત્રણ અવ્યવો હોય છે સર્વથી ઉપર (મસાના) પેશાબની પોટલી ફરી તેની નીચે દબાઇલું (રહમ) ગભ સ્થાન જેમા બચ્ચુ રહે છે, તેની નીચે દબાઇલા આતરડા

જ્યારે (રહમ) ઉપર કોઇ દવા લગાડવી હોય ત્યારે ડુટી નીચે લગાડો

જો (રહમ)ની બીમારીઓથી બચવુ હોય તો આ વસ્તુઓ ખિયાલમા રાખશો (૧) (હેજ) માસીક આદતમા જરાપણ વધઘટ થયુ હોય ત્યારે તાબડતોબ તેનો ઇલાજ કરી લો (૨) આજકાલની દાઇઓ તદન અનાળી હોય છે જેથી ફક્ત તેનીજ રાઇ ઉપર ચાલો નહીં પરન્તુ કોઇ સાગ હકીમથી પુછી લો (૩) સાધારણ બીમારીમા અંદર લેવાની દવાથી બચતા રહો પીવાની દવા અને લેપથી કામ કાઢી લો (૪) સુવાવડી હાલતમા ભલે સ્ત્રિ સારી તંદુરસ્ત હોય તો તેની પણ દવા અને (ગજા) ખોરાકી વીશે હકીમથી પુછી લો નહીંતો હમેશને માટે તંદુરસ્તીમા ફેર થઇ ખરાબ થઇ જશે (૫) જો વરમ (સોજો) હોય તો પણ હકીમની રાઇ લેવા વિના પેટ મસલાઓ નહીં એથી કેટલીક વેળા મોટુ નુકશાન પહોચી જાય છે (૬) બચ્ચુ પાડવાની તદબીર કદી કરાવશો નહીં (ઘણી વેળા એથી જીવ જતો રહે છે)

[હૈજ] માસિક આદતનુ થોડુ આવવું.

આ દવા સમધારૂ છે ન વધુ ગરમ ન વધુ ટાઢી છે, કોઇને પણ નુકસાન કરતી નથી

ખરબુજાના બી	માશા ૬
ચીભડા કાકડીના બી	માશા ૬
ગોખરૂ	માશા ૬
કાસનીની જડની છાલ	માશા ૬
મસેહાવશા	માશા ૫

(પોસ્તુતલ) ગરમ પાણીમા ૬–૭ કલાક ભીંજાવી કપડામા ગાળી તેમા શરબતે બજુરી

બારેદ તોલા ત્રણ મેળવી પીવુ એ રીતે રોજ પીતા રહેવુ

ધુણી જે હૈજ ખુલાસે લાવે છે.

ગાજરના બી અગ્નિ ઉપર નાખી દો અને તે ઉપર વચ્ચે કાણુ કરેલુ તગારૂ વીગેરે વાસણ ઢાકી કાણા ઉપર બેસવુ અને તે એવી રીતે ધુણી લેવુ કે ધુવાડો અંદર પહોચે *

(ઇસ્તેહાઝા) લોહીવા એટલે આદતથી પહેલા અથવા પાછલ ઘણુ જ લોહી આવવા લાગે.

જો ગરમ ચીજ ખાવાથી નુકસાન થતુ હોય અથવા ગરમીના દીવસોમા આ બીમારી વધી જતી હોય, અને મોનો રંગ પણ ફીકો પડી ગયો હોય ત્યારે સમજી લો કે દેહમા ગરમી વધી લોહી પાતળુ થયુ છે જેથી રગોમા રોકાયુ નથી તેના ઉપાયોમા, એક ઉપાય આ છે કે તાઢુ પાણી કોઈ લગન જેવા ચોળા વાસણમા ભરી તેમા બેસો અને કમર તથા દુટીના નીચે તાઢા પાણીથી ઝારો બીજી દવા દાઢમના છોડા, દાઢમની કલી, માજુફળ સર્વ બબ્બે તોલા લો અને દોદરૂ કરી ચાલીશ રતલ પાણીમા ઉકાળી મોટા લગન અથવા બીજા એવા કોઈ વાસણમા ભરી બેસો—પણ બેસો ત્યારે પાણી ઉકળતુ રહેવુ જોઇએ અને તે એટલીવાર બેસો કે પાણી તાઢુ પડી જાય- ત્રીજી દવા સુફેદ સદલ, ગુલાબના ફુલ, (સમાક)એટલે તિતરક દાઢમના છોલતા સર્વ છ છ માશા ગુલાબજળમા વાટી દુદી નીચે ઉકાળુ કરી લેપ કરો અને અજુબારનુ શરબત પણ એમ પીવાથી વધુ ફાયદો આપશે અને (ગજા) ખોરાક મસુરની દાલ સરકો મેલવી ખાવાથી વધુ ફાયદો થશે

(ઇસિતેહાઝા) લોહીવાની બીજી રીત એવી હોય છે કે અંદરથી કોઈ રગ કે નેસનુ મોં ખુલી જવાથી ખુન જારી થઈ જાયછે તેની ઓળખ આ છે કે એકજ વખતમા વધુ ખુન આવી લાગે છે

ઇલાજ.

પ્રથમ એક નગ કુર્સે કહેરબા (એ નામની દવાની ટીકડીઓ દિલ્હીમા તેમ સર્વ હકીમોને ત્યા બનેલી તૈયાર મળે છે) તે ખાય ઉપરથી,

તુખમે ખુરફા માશા ૫
હબ્બુલ આસ માશા ૫
તુખમે બારતગ માશા ૫

પાણીમા વાટી અને ગાલી તેમા શરબતે અંજુબાર તોલા બે મેળવી પીવુ અને કુર્સે કહેરબા તથા શરબતે અંજુબારની રીત છેવટમા લખી છે

અને એજ રીતનો ઇસિતેહાઝા (લોહીવા) માટે આ દવા પણ ફાયદો કરે છે

માજુફલ તોલા ૨
દાઢમના છોલતા તોલા ૨

બન્ને કુટી એક રતલ પાણીમા ઉકાળો જ્યારે બલીને પાચ તોલા રહે ત્યારે તેમા રૂ ફેલાવી ભીંજવો ફરી તે ઉપર

કાળો સુરમો માશા ૩
સંગે જસહત માશા ૩
ગેલેઅરમની માશા ૩

* એક નુસખો જે (હૈજ) માસિક લાવવામા ઘણો તેજ છે પણ ગરમ દેહવાળા તેને વાપરે નહી-અક્કલગરો-(બરગેસોદાબ)એટલે તિતલીના પાતરા, મુરમક્કી, મુશ્કતરામશી, અભલ, સર્વ ત્રણ ત્રણ માશા અને ફરફેયુન એક માશો દવાઓને તદન બારીક વાટી લો અને ઝેતુનના તેલમા ગુદી આઠ આંગળ લાબી કપડાની બત્તી વીટાડી તે ઉપર આ દવા ચોપડી અંદર મુકો,

ફાયદો મસુરની દાલ અને મસુર, આલુ (બટાકા) સાઠીના ચાવલ અને એવી કોઈ બીજી સુકી ગજા હૈઝને રોકે છે.

બારીક વાટી સારી રીતે ભભરાવી દો અને આઠ આગળ લાબા બત્તી વિટાળી અદર રાખો, અને છ કલાક રાખી બીજી બદલી દો

અને એવુ પનેહાઝા (લોહીવા) માટે તે નુસખો કે જે હમ ઉપર લખી ચુકયા છીએ જેમા દાદમની કલી પણ છે તે પણ ઘણો ફાયદો આપશે

અને બીમારને બનતા સુધી ચાલવા-ફરવા અથવા એવા કાઈ કામો કરવાથી મનાઇ કરી દો જેથી શરીર હીલયા કરે,

અને બગલથી હાથના પહોચા સુધી તેનો હાથ કપડાથી કસીને બાધી દો જ્યારે દુખવાથી સબર કરી નહી શકે ત્યારે તરતજ ખોલી દો અને એ રીતે ફરી પણ બાધી દો

એવા ઇસ્તેહાઝા (લોહીવા) નો ગરીબી ઇલાજ આ છે કે જ્યારે લોહી ઘણુજ આવતુ હોય ત્યારે બે તોલા પિન્ડોલ માટી (જગલ ની કાળી માટી) લઇ સાઠીના ચોખા ઉકાળી તેનુ પાતલુ ધોવણ (પીચ) મા ઘોલી થોડુ થોડુ પીવડાઓ અને મુલતાની માટીના ટુકડા પાણીમા ભીંજવી રાખો અને પીવા માટે પણ આજ પાણી આપો અને ગુનાગજળમા કપડાની બત્તી ભીંજવી અને એ બત્તી ઉપર સુરમો કાળો બારીક વાટી સારી પખે લગાડી અદર રાખો, છતા સારૂ ન થાય અને બીજુ કોઇ કારણને લીધે હોય તો ફરી હકીમથી ઇલાજ કરાવી લો

(રહમ) ગર્ભસ્થાનમાંથી હંમેશ પાણી વહેયાં કરવુ.

આ બીમારી રેહમના કમતાકાત હોવા ને લીધે થાય છે આ દવા એને માટે વણીજ ઉપયોગી છે એટલુજ નહી પણ (જીદગીના મુખ્ય અવ્યવો) મેદે દેમાગ, દીલને પણ તાકાત આપે છે ન ભુખ ઘણીજ ખોલે છે, અને ઝાડો કબજ કરતી નથી વળી (ખફકાન) હોલે દીલ તથા બવાસીરને પણ ઘણો ફાયદો આપે છે

હર્ડે મોટાનો મુરબ્બો તોલા ૨
નાની એલચીના દાણા માશા ૬
સુકા ધાણા માશા ૬

સર્વને ૭ તોલા કેવડાના અરકમા વાટી તે ૭ તોલા ખાડ મેળવી થોડુ પાણી નાખી આગ ઉપર જાડુ કરી માજુન બનાઓ જ્યારે તૈયાર થાય ત્યારે તેમા ચાદીના વરખ ના૦ ૫ મુગાની ખાક માશો એક મેળવે અને અરધા તોલાથી એક તોલા સુધી એમાથી રોજ ખાવુ એ બન્નેની ખાક કરવાની રીત છેવટમા આવશે,

અને સરદીના દીવસોમા આ લાડવા બનાવી ખાવુ પણ ઘણો ફાયદો કરે છે **લાડવાની રીત આ છે** કે ચાર રતલ મેદાને બે રતલ ઘીમા ભુજી લો અને ઘીને તેમાથી અલગ કહાડી લો ફરી સુફેદ ખાડ ત્રણ રતલનો શીરો બનાવી તેમા જે મેદો ભુજેલો છે તે મેળવી દો ફરી તેમા

પસતાના ફુલ તોલો ૧॥
ગુલે ધાવા તોલા ૨॥
કતીરો ગુદર તોલો ૧
બાવલના ગુદર તોલો ૧॥
સોપારીના ફુલ માશા ૬
સુઠ તોલો ૧॥
મજીઠ તોલો ૧
ઢાકનો ગુદર તોલો ૧
સમદર સુખ તોલા ૨
તાલ મખાના તોલા ૨
નાની માઈ માશા ૪॥
મોટી માઈ માશા ૪

આ સર્વ કુટી કપડામા ચાલી પેલા અલગ કરેલા ઘીમા ભુજીલો અને ફરીસેથી બારીક વાટી ઉપરના શીરામા મેલવી અને તેમા

મીઠી બદામ તોલા ૧૦
પિસતા સારા તોલા ૫

અખરોટની ગરી તોલા ૫
ચારોલી તોલા ૨॥ .

ખારક ઠલીઆ કહાડેલી રતલ ૧
આ સર્વને પણ સારી પઠે કુટી તેમા મેળવી દો અને પાચ પાચ તોલાના લાડવા બનાવી લો અને એક લાડવો રોજ ખાઈ લો અને ગરમીના દીવસોમા ખાવુ હોય અથવા દેહ ગરમીની હોય ત્યારે એમા સુઠ નહી મેળવો, અને જો લાડવાથી ઝાડા કબ્જ થતો હોય તો કાળી દરાખ બે તોલા કોઈ વખત અથવા સુતી વેળા મોટી હડેનો મુરબ્બો ખાય લેયા કરવુ

અને કદી આ બીમારી (હમલ) ગ્રભ પડી જવાથી અથવા બચ્ચા જલદી જલદી વરષે વરષ થયા કરવાથી પણથઈ જાય છે એવી સ્ત્રિઓને યોગ્ય છે કે હમલ પડયા પછી અથવા બચ્ચુ થયા પછી જે દવા કે ખોરાક ખાવુ હોય તે હકીમની રાઈ લેના વિના ખાવુ નહી દાયઓના કહેવા ઉપર રહેવુ નહી દાયઓ દરેક સુવાવડીને ગુદર સુઠ (વાની ચાલુ છે તેજ) ખાવા માટે આપતી રહે છે અને કાંઇ સમજતી નથી કે હવે આ વસ્તુઓ સર્વ દેહને મુવાફેક અવે છે કે નહી

રહેમમાં ખુજલી અને આગ બળવા વીશે.

કોઈ ખરાબ મોદક અથવા કોઇ ગરમ વસ્તુ ખાવાને લીધે કદી અન્દર ખુજલી થઈ જાય છે કદી ફુલ્લીઓ પણ નીકળી આવેછે અને બેચેની ઉપજે છે તે વેળા આ દવા કરવુ

રસોત	માશા ૩
મુરદારસગ	માશા ૩
લાલસદલનો વેર	માશા ૩
સુફેદ સદલનો વેર	માશા ૩
કાશગરી સુફેદો	માશા ૩
ગેરૂ (લાલ માટી)	માશા ૩
સોપારી	માશા ૩
કાફુર	માશો ૧

લીલી કોથમીરના રસમા આ સર્વ વાટી અન્દર લગાડો

બીજી દવા ૭ માશા રસવતીને બે-તોલા ગુલાબજળ અને બે તોલા લીલી મહેંદીના પાતરાના રસમા ઘોલી અ દર લગાડવુ

ચેતવણી આ બીમારીમા અભણ અને અજાણ દાયોના કહેવાથી સભાલુના પાતરા અને ફુલટીસો તથા ગરમ દવાઓ વરતશો નહી કેટલીક વેળા દાણા પાકી બીમારી વધી જાય છે અને જે દવાઓ લખવામા આવી છે જો તેઓથી ફાયદો ન થાય તો હકીમથી ઈલાજ કરાવી લો

(રહમ) ગ્રભસથાન મા સોજો થ જવા વીશે.

(વરમ) સોજો ઘણી પ્રકાર નો હોય છે જેથી હકીમ થી ઇલાજ કરાવી લેવુ જોઇએ અત્રે એક હલકી જેવી દવા લખી છે કે જે સર્વ તરેહના એના વરમને ફાયદો આપે છે

માજુન દબીદુલ વર્દ માશા ૫

ચાટી ઉપરથી મકોનુ અરક દસ તોલામા શરબતે બાજુરી બારેદ તોલ બે અને પોપટીના લીલા પાતરા ચાર તોલાનુ ફાડેલુ પાણી મેળવી પીવુ અને દબીદુલ વરદનો નુસખો છેવટમા આવશે પણ જો ખાસી વધુ થતી હોય તો આ માજુન આપશો નહીં

લેપ—એથી રહમ—મેદો તથા નલાના સોજાને ફાયદો થાય છે

બાબુનાના ફુલ	માશા ૩
અકલીલુલ મલેક(નખ જેવા બી)માશા	૩
તુખમે ખતમી	માશા ૩
નાગર મોથા	માશા ૩
મકો સુકી	માશા ૩
લાલ સદલનો વેર	માશા ૩
બાલ છડ	માશા ૩
છળેલા	માશા ૩

એળચો	માશા ૩
અફસતીન રૂમી	માશા ૩
બનફશાના ફુલ	માશા ૩
મસતગી રૂમી	માશા ૩
ઈઝખર મકકી	માશા ૩

સર્વને કુટી કપડામા ચાલી ફરી બે તોલા અરમાલાના ગરને પોપટીના લીલા પાંતરાના રસમાં ઘોલી તેમા તે સર્વ દવાઓ મેળવી દો ફરી તેમા ગુલાબનુ તેલ બાબુનાનુ તેલ એકચુ દરેક અરધો તોલો મેળવી ઉફાલુ મેહતુ લેપ કરો સવારનો લેપ કરેલો સાંજે ધોઇ નાખો અને નવો લેપ કરીદો

ઈખ્તેનાકોર રહમ વીશે.

એમા એકાએક દીલ ગભરાવવા લાગે છે, અને કાંઈ સમજ પડતી નથી એમ લાગે છે કે (જીવ ઉંડાણુમા જાય છે) અને હાથ પગો ઠુંજા થઈ પડવા લાગે છે, અને રગ પીળો પડી જાય છે, અને આખોથી થોડુક પાણીં પણ રડતુ રહે છે, તેમ નબલા નબલા બ્બાલો થાય છે ફરી થોડીવારમા એમ લાગે છે કે દુંટી નીચેથી કોઈ ચીજ ઉઠે છે અને તે દીલ દેમાગ સુધી આવી તેને સતાવે છે, જેથી કરી હોશ હવાસ રહેતો નથી અને કેટલીક એવી સ્ત્રિઓ તો બુમો સુદ્ધા પાડવા લાગે છે ફરી બેશુદ્ધ થઈ જાય છે અને આ બીમારી મિરગી અને (ગશી) બેહોશીની બીમારીને જેમજ લગભગ હોય છે માત્ર ફરક એટલોજ કે મિરગીમા મોથી રાળ આવ્યા કરે છે અને એમાં નહીં આવતી અને (ગશી) બેહોશીમા સુગધ સુઘાડવાથી ફાયદો થાય છે અને એમા સુગધથી નુકશાન થઇ બીમારી વધુ થાય છે, એટલુજ નહીં પણુ દુરગધ સુઘાડવાથી ફાયદો જણાય છે આ ઓળખથી જણાય છે કે આ (ઇખ્તેના કુર રહમની) બીમારી કે મિરગીની અથવા ગશી ની છે, અને આ બીમારી મોટે ભાગે (હૈજ) માસિક ખુનના રોકાણુથી ઉપ્તન્ન થાય છે જ્યારે પણ એવો ઉછાલો જણાય કે તેજ વેળા બીમારના બન્નેવ પગો ગુઠણુથી પીંડલી સુધી જુદા જુદા કપડાંથી એવાતો કસીને બાંધવુ કે બીમારને દુખી આવે અને મો ઉપર તાઢા પાણીના છાંટા મારવુ અને તલયા ઉપર રાઈ તથા નીમક વાટી મસલો અને કોઈ બદબોદાર વસ્તુ જેમકે હીંગ, ચ્યાસતેલ તેને સુગાડો અને ખુશબોની કોઇપણ વસ્તુ કદી સુઘાડો નહીં તેમજ છણ્કવુ અને પીવાડવુ પણ નહી અને પુરો ઇલાજ એનો હકીમથી કરાવી લો

પરન્તુ જ્યારે આ બીમારી તે સ્ત્રિઓને કે હજુ તેઓ પરણેલી ન હોય અથવા રંડાયલી ને થઇ હોય ત્યારે સર્વ ઇલાજ કરતા સારો ઇલાજ આ છે કે તેઓને પરણાવી દો

ફાયદો–(હૈજ) માસીક આદતના દીવશો વીતી ગયા ફરી કપડામા થોડી કસ્તુરી મુકી તે કપડુ અંદર રાખવાથી આ ઇખ્તેનાકુર રહમની બીમારી થશે નહી

[રહમ] ગરભસ્થાન કમતાકાત થઇ જવા વીશે.

એમા (બાદી) હવાનુ જોર ઘણું વધી જાય છે અને દુંટી તળે કદી સોજો હોય તો ઉભરેલુ થઈ જાય છે, કદી અન્દર પાણી જેમ બોલે છે તો કદી હવાથી ગળગળનો અવાજ આવે છે એને માટે (જવારેશકમુની) ૭ માશા અથવા એક તોલો દરરોજ ખાયા કરવુ ઘણુ ઉપયોગી થશે આ જવારેશની રીત પણ છેવટમા છે, અને રહમથી પાણી નીકળતુ રહેવાની બીમારીમા એક રીત લાડવા બનાવવાની લખી છે તે એમા પણ ફાયદો કરશે

અદરનુ શરીર [કે જગ્યા] નુ ચીરાય જવું.

કદી મોટી થયા પહેલા પહેલા પરણાવી દેવાથી અથવા કોઈ બીજા કારણે વાગી પડવાથી

કદી એવુ થઈ જાય છે એને અરબી ભાષામા (શેકાકોર રહમ) કહે છે હકીમથી ઇલાજ કરતી વેળા માત્ર આ બોલ કહી દેશો તોપણ બસ છે, વધુ નફ્ફટ બોલવાની કાંઈ જરૂર નથી એને માટે આ મલમ પણ ઘણો ફાયદો કરશે

ઉજલુ મીણુ (મોમ)	તોલા ૨
બકરીના ગુરદાની ચરબી	તોલા ૨
ગાયના નલાનો ગદુદ	તોલા ૨

સર્વ એક વાસણમા કરી આગ ઉંપર પીઘળાવીલો અને તેમા ચાર-ચાર માશા (સગે જરાહત) અને (મુરદાર સગ) બારીક વાટી સારી પખે મેળવી બે ત્રણ દીવસ લગાડો ઘણુ અનુભવમા આવ્યુ છે

કમર અને હાથ-પગો તથા સાંધાઓના દુખાવા વીશે.

કમ્મરનો દુખાવો કદી સરદી લાગવાને લીધે થાય છે. એમ હોય તો-સારૂ મધ બે તોલા, સોફનુ અરક દશ તોલામા મેળવી પીવડાવો-અને છ માશા કલોંજી ને મધ બે તોલામા મેળવી ચટાડયા કરો

અને કુખના દુખાવા માટે પણ આજ ઇલાજ ફાયદો આપનાર છે

અને કમ્મરનો દુખાવો કદી એમ પણ થઇ આવે છે કે ટાઢના દીવસોમાં છોકરૂ જણ્યુ હતું અને સારી રીતે ખોરાક મલ્યો નહીં જો એમ હોય ત્યારે એવા સ જોગે ગોસતની યખની (ગોસ્ત તોલા દસ ને દોઢ બે રતલ પાણીમા ઉકાલો અને તેમા અદરકની બે ત્રણ ટુકડીઓ તથા એક કપડાની પોટલી તેમા સોફ-વાઇ વર્ણીગ વગેરે હોય તે મેલીદો અને દારચીની લવીંગ કાળામરી ઇલાચી વગેરે ગરમ ચીજો તથા નીમક પણ નાખી દો જ્યારે બળીને અરધુ-પા-પાણી રહે ત્યારે ગાળી પીવું) અને ઇંડુ ખાવુ પણ ઘણો ફાયદો કરશે અને જો ઇંડુ નીમકે સુલેમાની સાથે ખાશો તો ફાયદોજ થશે

અને કદી ગુરદામા બીમારી હોવાને લીધે પણ કમરમા દુખાવો હોય છે તેનો ઇલાજ આ છે કે ગુરદાનો ઇલાજ કરો.

અને કેટલીક વેળા હેજ આવવા પહેલા કમરમા દુખાવો થઇ આવે છે એને માટે આ માજુન તથા આ શરબત ફાયદો કરશે

માજુનનો આ નુસખો છે

તુખમે કરફસ માશા ૪ાા
મેથી (હુલબા) તોલા ૨) માશા ૭ાા
કાકડી-ચીભડાના છોલેલા બી તોલો ૧ાા
(સોફ) વરયાલી માશા ૯
અનીસુન રૂમી માશા ૯
સુવાના બી માશા ૯
મજીઠ માશા ૯

આ સર્વને પાણીમા ઉકાળી કપડામાં ગાળી તેમા ઉજલી ખાંડ સાડાબાવીસ તોલા મેળવી દો અને જાડો શીરો બનાવી લો કે (રાબળી જેમ) માજુન થાય એમાથી એક તોલો ખાઇ ઉપરથી શરબતે બજુરી તોલા બે અને અરકે મકો તોલા પાચમા મેળવી પી લો

આ જેવા મહીનાનું હેજ આવવાને બે ત્રણ દીવસ પહેલાથી પીતા રહો, અને જ્યારે દુખાવો જતો રહે ત્યારે છોડી દો

અને જો હેજના દીવસોમા પણ આ દવા ખાતા રહો તોપણ ફાયદો છે

(અને શરબતનો નુસખો આ છે.)

તુખમે કરફસ (અજમોદ) માશા સાડાચાર
મેથીના બી માશા સાડી એકવીસ
કાકડી-ચીભડાના બી તોલો દોઢ
વરયાલી (સોફ) માશા નવ

આનીસુન રૂમી માશા નવ
ના બી માશા નવ

દવાઓ કુટી દોદરી કરો અને રાત્રે રતલ પાણીમા સર્વ ભીંગવી ઉકાળી કપડામા ગાળી લો તેમા બાવીશ ઉજળી ખાડ મેળવી ઉકાળી શરબતનો બનાવી લો અને આ શરબતના સાત નો એક ભાગ ઉકાળું પાણી અથવા અરકમા મેળવી હેજ આવવા પહેલા કમ્મરમા દુખાવો જણાય કે પીવુ શરૂ

૬–કમ્મરના તથા કુખના દુખાવાને તથા ઘણા દરદો માટે ફાયદો કરે છે

ીના બી. માશા ૬
સીના બી માશા ૬

પાણીમા ભીંગવી દો અને એઓનો) ખુદર જેવુ ચીંકણુ પાણી લઇ તેમા

ગન માશા ૩
મુનાના ફુલ માશા ૩
ોક (કાન્દર) માશા ૩

ેળવી દો અને ફરી બે તોલા એરન્ડયુ આગ ઉપર થોડુ ગરમ કરી મસલો

દવા જ્યારે દુખાવો કમતાકાત હોવાને ત્યારે તે લાડવા જે હમો' (રહમ–નમાથી હમેશ પાણી વહેયા કરવુ) તેના ના લખી ગયા છીએ તે પણ ફાયદો

ડણુ–કોહણી તથા સાંધાના દુખાવા વીશે.

ના દરદો માટે અથવા બીજા એવા ઘણા માટે પણ આ દવા ફાયદો આપે છે

સુરજાન શીરી) મીઠી સુરીજાન માશા બારીક વાટી લાલ ખાડ છ માશા મેળવી સુતી વેળા ખાઓ અને ફરી એના ઉપર દશ તોલા સોફના અરકમા ખમી રએ બનફશા બે તોલા મેળવી પીવુ આ દવા દરેક જગ્યાના દરદો માટે ફાયદોજ આપશે, અને ખમીરએ બનફશાની રીત છેવટમા છે

બીજી દવા કે દરેક પ્રકારના સધીના તથા બધી જગ્યાના દુખાવાને ફાયદો આપનારી છે અને કોઇ પણ રીતે નુકસાન કરશે નહીં

સુરજાન કડવી માશા ત્રણ
કુસ્ત (કૂટ) કડવી માશા ત્રણ

બન્ને વાટી–ગુનાબનુ તેલ તોલા બે અને પીળો મોમ છ માશામા અગ્નિ ઉપર મેળવી મસવો

તેલ નજીવી લાગતનુ વળી શરીરના દરદો માટે ઘણુજ ફાયદો આપનાર છે, અને નુકસાન કાઇ નથી

(ઘૂગચી સુરખ) લાલ ચનોટી સવા તોલો લઇ પ્રથમ દોદરૂ કુટી લો અને તેની દાળ કહાડી ફરી તેને કુટી લો અને એક રાત દીવસ (દસ તોલા) પણીમા ભીંગવી તેમા તલનું તેલ ત્રીશ તોલા મેળવી ઉકલો કે પાણી બધુ બળીને તેની સાથે ચનોટી પણ બળી કોઇનો થાય ત્યરે કપડામા ગાળી તેમા (નમક સાભર) સાભરલુણ સાડાચાર માશા તેમ કુવાનુ તાજુ પાણી દસ તોલા મેળવી લોખડના વાસણમા પાછુ ઉકાલો કે પાણી અને નિમક બળી જાય પણ વધુ ખ્યાલ રાખવાનુ આ છે કે તેલ બળે નહીં–ફરી સભાળી બોતેલમા રાખી લો અને જ્યા શરીરમા દુખાવો હોય ત્યા મસલો–અનેક વેળા ઉપયોગમા આવેલુ છે

ફાયદો સધીવાના દરદોના ઇલાજમા ઘણીજ ખટપટ છે એટલા માટે એનો ઇલાજ કોઇ સારા જાણીતા હકીમથી કરાવી લો

ફાયદો સધીવાના દરદોમા ખરબુજા અને ફુટ પાચનશક્તી મુજબ ખાવાથી ફાયદો આપે છે

ફાયદો સધીનાના દુખાવામા શોરવો (ચપાતી) વગર ઘી ની પાતળી ઘઉંની રોગલી સારી ગજા છે

ફાયદો મશહુર છે કે ગઠીયાની બીમારીમા થડી દવા વાપરવુ નહીં આ ખોટુ છે કેટલીક વેળા કાફુર સુદ્ધા વાપરવુ પડે છે હકીમથી પુછી રાઇ લો

(૧) નિકરસ જો સધીવા નાની હાડકીઓના જોડમા થઈ ગયુ હોય જેમકે પગના નીચે અને ગટટામા તેને નિકરસ કહે છે

(૨)વજઉલ વરક તથા (૩)ઇરકુન નસા

જે દુખાવો કુલામા પેદા થાય છે તેને વજઉલ વરક કહેછે અને જયારે તે ત્યાંથી વધી પગમા નીચે સુધી ફેલાયુ હોય તો તેને ઇરકુન નસા કહેવામા આવે છે

ફાયદો આ ત્રણે બીમારીઓમા થણી થડી ચીજોનો લેપ કરો નહીં.

ફાયદો કારેલા (નો શાક) આ ત્રણે બીમારીમા ઘણોજ ફાયદો કરે છે પણ ઇલાજ એઓનો હકીમથી કરાવી લો *

---

* ઇરકુન નસાની બીમારી એવી સતાવે છે કે તેના દરદથી માણસને રડવા સીવાઇ કાઇ નથી અને એમ પણ જોવામા આવ્યુ છે કે જેમ જેમ દવાઓ ચોળીએ છીએ તેમ તેમ બીમારી વધતી જણાય એમ લાગે છે, [illegible] એને માટે મા [illegible] ખરો અને જુનો અનુભવી ઇલાજ [illegible] વુ છુ [illegible] આ છે કે જે પગમા બીમારી હોય તે પગની નાની અને તેની પાસે વાળી આગળીની વચ્ચેના ગળામા નાના ચપ્પુથી ચામડી ઉપર કાપ પાડીસો કે બે ત્રણ ટીપાં લોહીના નીકળીઆવે ફરી તેમા કાળા મરી વાટી ભરીદો, ફકત એકજવાર એમ કરવાથી ખુદાના ફજલથી સારૂ થશે.

આ ઇલાજ તો માત્ર ઇરકુનનસા મા[illegible] છે, પણ સધીવા–નિકરસ–કુલાનો દુખ

(બુખાર) તાવનું વર્ણન

એની સેકડો જાત છે એટલા[illegible] એના ઇલાજ વીશે વધુ ઇલમ તથા હો[illegible] હકીમની જરૂરત છે આ જગ્યા મા[illegible] વીષે કેટલીક નાની નાની અગત્યની લખવામા આવે છે.

(૧) તાવનો ઇલાજ હમેશ યુના[illegible] મથી કરાઓ અને એમા વાર–ઢીલ લગાડો

(૨) ટાઢવાળા તાવમા જયારે તેને હોય બીમારને ગરમ જગ્યાએ રાખો પણ હવાથી બચાઓ–અને ધ્રુજારો થાય તો કપડુ ઓઢાવી લો શરીરને ભારમુકી દાબો અને ધ્રુજારો ઉત પછી જો પસીનો થયો નહોય તો હ[illegible] નુકશાન કરશે નહીં

(૩) હાથ–પગોને (એક જાડા [illegible]ડુ ચાથી) નીચેથી આગળા સુધી ઉપર લાવા દરેક જાતના તાવને ઉતારવા અને (મ[illegible] નહીં ચડવા) વીશે ફાયદા ભરેલુ છે મીઠાની પોટલી કે બીજી કોઇ દવાની પો[illegible] મસલો અને જયારે તે પોટલી કે કપડુ સ[illegible] જાય ત્યારે બદલી દો. એથી તાવ ઉત[illegible]

અથવા શરીરનો કોઈ રીતે પણ થતા માટે ઘરમા રાખવા લાએક આ પાક[illegible] ધુ સુનામકીના પાતરા સાફ કરેલા વાટી કપડામા ચાલી દુધમા ગુદી તેના ભજીયા બનાવી ઘીમા તલીલો ફરી વચ્ચેના વચ્ચેનો કાચો ભાગ ફરીથી ઘીમા [illegible] ફરી એનો ચુરો કરી એના ત્રણ ઘણા ગરમ કરેલામા મેળવી દો અને ચીની–[illegible] વાસણમા ભરી દો જયારે તદન થડુ [illegible] પી દો ખોરાક તોલો ૧ સવારે [illegible] મ દૂધ સાથે.

એચ. એ [illegible]

(૪) મસલવા કરતાં વધુ ફાયદો સીંગડાની લુમડીએ ચાલવામા છે, અને એથી વધુ સારી રીત (પાશોયા)ની છે એનુ વર્ણન હમણાજ આવશે કેટલાક લોકો એમ કહ્યા કરે છે કે એમા સીંગડાથી કે પાશોયામા ભોભવાની તાકાત નથી એ સર્વ નકામી વાતો છે એથીએતો વધુ તાકાત આવે છે

જયારે સીંગી ખેચી રહ્યા ત્યારે પગોને રાનથી લઇ ઘુટી સુધી કપડાથી કસીને લપેટી બાધી દો અને એક કલાક ફરી ખોલી નાખો, પણ ધીમે ધીમે ખોલો જલદીમા એકાએક ખોલો નહી–લપેટો ત્યારે રાનથી શરૂ કરો અને ખોલો ત્યારે ગુટીથી ખોલો–પાશોયા કરી રહ્યા પછી પણ એવીજ રીતે બાધી લો એજ રીતે જયારે પગોની માલીશ કરી રહ્યા ત્યારે પણ બાધો

(૫) પાશોયા તેને કહે છે કે, કેટલીક દવાઓ પાણીમા ઉકાળી તેનુ ગરમ ગરમ પાણી પગો ઉપર ઉચીધારથી નાખવુ અને હાથે હાથે તેની પીડલીઓ સુધી ઉપરથી નીચે મસળાં

પાશોયાનો નુસખો જે ઘણી રીતના તાવમાં કામ આવે છે

ઓરડોના પાતરા તોલા ૫
ધતુરીના તોલા ૫
ભુસી (ચુલુ) તોલા ૫
(નમક) ખારૂ લુણ તોલા ૨
ખાકસી તોલો ૧
બનરશા તોલા ૨
બાતમીના બી તોલો ૧
નીલુફરના ફુલ તોલો ૧

આ સર્વને એક પોટલીમા બાધી લો અને (બગાલી શેરના વજનથી) વીશ શેર પાણીમા ઉકાળો જયારે જોશ આવ્યો ત્યારે પોટલી કહાડો બીમાને કુરસી અથવા ખાટલા ઉપર તેના પગો લટકાવી બેસાડો અને પગો તળે એક મોટુ લગન અથવા મોટુ તપેલુ ખાલી રાખી લો અને બીમારના મો ઉપર એક પીછોડી નાખી દો એટલા માટે કે તેની વરાળ બીમારના મો ઉપર ઉડે નહીં અને તેની ગરમી બીમારને પહોચે નહીં ફરી બે માણસ બન્ને પગો ઉપર ગુઠણથી તેજ દવાનુ જરા સરખુ ગરમ પાણી ધીરે ધીરે રેળવુ શરૂ કરે–અને બે આદમી બીજા ગુઠણથી તે ઘુટી સુધી જરા જોરથી પગોને મસલે કે બીમારને થોડો દુખાવો પણ જણાય જયારે તે પાણી પુરૂ થઇ નીચેના ખાલી વાસણમા ભરાય ગયુ કે બીજી વારે પણ તેજ પાણી બધણામા ભરી તેજ રીતે રેડી પાશોયા કરવુ ફરી તે એક કલાક સુધી અથવા સારૂ લાગે ત્યા સુધી એમ કર્યા કરવુ–ફરી તરતજ પગોને લુછી બે લાંબા કપડા વડે બાધી દો જેમકે હમો સીંગીના વર્ણનમાં લખી ગયા છીએ.

પાશોયાનો બીજો નુસખો

(ભુસી) ઘઉંનુ થુલુ તોલા ૫
ખારૂ લુણ તોલા ૨
ખાકસી તોલા ૨

એજ રીતે (બગાલી સેરના વજને) વીશ સેર પાણીમા ઉકાળો અને પાશોયા કરો

ફાયદો તાવમા મગજ ઉપર તાવ ન ચડે તે સભાળ માટ (લખલખા) પણ સારી રીતછે.

લખલખા તેને કહે છે કે (શીશી વિગેરેમા ભરી) કોઇ ચેન આપનારી સુગંધવાળી વસ્તુ સુંઘાડવામા આવે

લખલખાનો નુસખો.

ઉજલુ સદલ ત્રણ માશાને ગુલાબજળ છ તોલામા ઘસો અને તેમા ત્રણ માશા કોથમીર વાટી નાખો અને ખસની ઘાસ જેની ટટ્ટીઓ બને છે ત્રણ માશા અને દોધી મીઠી અથવા કાકડી–ચીભડાના ટુકડાં બે તોલા ગીલેઅરમની ત્રણ માશા ગુલાબનુ તેલ એક તોલો અને સરકો ત્રણ માશા મેળવી દો ફરી

બે વાસણોમા અરધુ અરધુ કરી એક એકથી સુધાડતા રહેવું

એજ રીતે ખસની ઘાસ ઉપર પાણી છાટી અથવા પિન્ડોલ માટી સુફેદ .પાણીમા મેળવી છાંટી અથવા કાકડી–ચીભડા સુધાડવુ પણ ફાયદો આપે છે.

જો તાવની ગરમી વધુ જણાતી હોય તો લખલખામા કાફુર પણ મેળવી દો.

બેશુદ્ધી દુર કરવા વીશે એક રીત.

આ છે કે મગના આટાની રોટલી બનાવવી એવી રીતે તેને સેકો કે તેનો એક પાસો ઉપરનો કાચી હોય અને તે કાચા પાસા ઉપર ગુલાબનુ તેલ ચોપડી માથા ઉપર બાધી દો જ્યારે તાવથી ગરમ થાય ત્યારે બીજી બદલી દો.

એજ રીતે દુધનો માવો ગુલાબનુ તેલ ચોપડી માથા ઉપર બાંધવુ. હોશમાં લાવવા માટે ફાયદો આપે છે. *

જો બીમારુને કોઇપણ રીત કર્યા છતા હોશ આવતો નહોય તો એક મરગો હલાલ કરી તેના પેટના અવ્યવો કહાડી ઉતાવળે તરતજ તેના માથા ઉપર એવી રીતે મુકો કે માથુ અદર બધુ ઢકાય જાય. એથી ગમે તે અશુદ્ધી થઇ હોય પણ એકવાર તો ખચ્ચીત હોશ આવી જાય છે.

(૬) જે વેળા તાવનો વારો હોય તથા સખત તાવનો(બોહરાનનો)દીવસ હોય તે દીવસે કાઇ ખોરાક આપો નહીં અને જો દેવુજ હોય તો વારી આવવાને ત્રણ ચાર કલાક પહેલા આપો.

ગરમ તાવમાં જવનુ પાણી (આશેજવ) ઘણીજ સારી ગજા છે એની ઉકાલવાની રીત છેવટમાં છે.

(૭) જયારે પણ કોઇને તાવ આવે ત્યારે આવવાનુ વખત તથા તેનો દીવસ ખ્યાલ કરી યાદ રાખો એની જરૂરત આ છેકે તાવમા કેટલાક દીવસો બીમારીના એવા આવે છે કે તેમાં શરીરની તબીઅત બીમારીને કહાડવા ચાહે છે. એજ રીતે બીમારી પોતાના જોરથી તબીઅતને અશકત બનાવવા વીશે જોર કરે છે, તે વેળા બીમારને વધુ તકલીફ હોય છે. એનેજ (બોહરાન) એટલે બન્નેની લડાઇનો દીવસ કહે છે. એટલાજ માટે બધા હકીમો બોહરાનના દીવશોને ખ્યાલમા રાખે છે

જો તમુને બીમારી શરૂ થવાનો દીવસ તથા વખત યાદ હોય તો હકીમને કહી દેશો વળી આ પણ જરૂરી છે કે બોહરાનના દીવસોમા ઉપરવાળાઓને કેટલીક વાતોની સગવટ રાખવી પડે છે, તો જ્યારે દીવસ અને વખત યાદ હશે તો સર્વ તેના લાગતા કામો સહેલાઇથી થશે

હવે એમાં કેટલીક અગત્યની વાતો યાદ રાખવા જેવી છે.

પ્રથમ આ છે કે બપોર પહેલા જો તાવ આવ્યો હોય તો તેને તાવનો પહેલો દીવસ ગણુવો.

અને જો બપોર પછી આવ્યો હોય અને તે તાવમાં વારો ત્રીજા દીવસનો હોય ત્યારે પણ તેનો આખો દીવસ ગણુવો.

અને હંમેશ રહેતા તાવનાં તથા રોજની વારીવાળા તાવમાં ફરી તે ઘડીથી આવતો હોય કે વગર ઘડીએ તે દીવસને ગણો નહીં પણ તેના આગલા દીવસને પહેલો દીવસ ગણુવો.

બીજુ આ છે કે એવી રીતે યાદ રાખવાની જરૂરત વીશ દીવસ સુધી છે.

---

*એક રીત આ છે કે વધુ તાવ હોય અને તેની બેહોશી થવાની બીહીક હોય અથવા બેહોશી આવી ગઇ હોય તે વેળા માથા ઉપર બરફ ચોળવુ પણ સારો ફાયદો આપશે.

એચ એ. રહમાન.

આ દીવસોમા તાવનો દસમો–બારમો–સોળમો અને ઓગણીસમો દીવસ તદન ખાલી જણાય છે એમા (તાવનુ ઘણુ જોર) બોહરાન થતો નથી

અને સાતમો–અગીઆરમો–ચઉદમો અને સત્તરમો તથા વીશમો દીવસ સખત તેજ બોહરાનનો હોય છે

અને અઢારમો દીવસ હલકો બોહરાનનો હોય છે

અને આઠમો તથા તેરમો દીવસ તો વધુ ભાગે ખાલી જાય છે, અને કદી કદાચ બોહરાન થઇ જાય છે

અને ત્રીજો તથા નવમો દીવસ ઘણુ કરીને બોહરાનનોજ હોય છે ભાગ્યેજ ખાલી જાય છે

અને ચોથો, પાચમો અને છઠ્ઠો તથા પંદરમો દીવસ એવા છે કે એમા બોહરાન કદી થઇ આવે છે અને કદી નહીં

જે તાવની વારી ત્રીજા દીવસની પડતી હોય તેમા સાતમો અને અગીઆરમો દીવસ ઘણો સખત બોહરાનનો હોય છે અને ઘણુ કરીને અગીઆરમા દીવસ સુધીજ બોહરાન પુરો થઇ જાય છે. જો અગીઆરમે દીવસે બોહરાન થયો ન હોય તો કાંઇ પણ ભય જેવુ રહેતુ નથી

ત્રીજુ સમજવાનુ આ છે કે જો રાત્રે બોહરાન થનાર હોય તો દીવસમા તેની નીશાનીઓ જણાય આવે છે અને જો દીવસમા થનાર હોય તો તેની નીશાનીઓ રાતમા જણાય છે.

અને તે નીશાનીઓ આ છે કે, ચેન નહીં પડવુ, કરવટો બદલ્યા કરવી, કદી હોશમા રહેવુ તો કદી અચાનક ભાન જતો રહેવો, બકવાસ કરવો, ગરદનમા દુખાવો થવો, ચકરી આવવી, અખિન સામે કાંઇ કાંઇ મુરત વિગેરે દેખાવવુ કમરમા દુખાવો, આગલા દીવસો કરતા વધુ થાક જણાવવુ, શરીર તુટવુ, કાનમા (શોર) મોટો અવાજ થવુ, કદી તો બધીજ નીશાનીઓ સામટી હોય છે, તો કદી કોઇ કોઇ–ફરી જયારે અશુદ્ધી જેમ જેમ વધવા લાગે અથવા ઉંગમા ચોક થતી હોય, અથવા ઉઠી ઉઠીને નહાસવાનુ કરે અને મારા ઢાડ કરે છે, તો સમજી લો કે આ બોહરાન છે ✳

ફરી જયારે હોશની વાતો કરવા લાગે અથવા પસીનો આવી શરીર હલકુ જણાય ત્યારે સમજી લો કે બોહરાન ખલાસ થયુ છે

✳ ચેતવણી—જે બીમારીનો બોહરાન તેના માદદાના બહાર પડવા વીશે તૈયાર થવા પહેલા થયો હોય તો સમજી લો કે એને બીજો બોહરાન પણ થવાનો અને તેની ઓળખ જેથી એમ સમજાય કે બીમારીનુ જોર થવાનુ છે તે તેર (૧૩) તરેહની છે કે જે તમને નીચેના કોઠાથી જણાય આવશે. આ તેરમાની કોઇપણ નીશાની બોહરાન થયા બાદ તમને જણાય તો એમ સમજવુ કે બીજો પણ બોહરાન આવશે એટલા માટે વીશેષ કરી આ પરહેજી તો કરવીજ જોઇએ, કે જેથી બોહરાન હલકો આવે અને બીમારીનું જોર થાય નહીં ઘણી થન્ડી અજા—મેદાને કમતાકાત કરનારી વસ્તુ–ભરેલા પેટ ઉપર ગજા ખાવી–ભુખમ

ચોથુ આ સમજો કે બોહરાનના દીવસોમા જે જે વાતોની સગવડ રાખવી અગત્યની છે, તે આ છે કે તે દીવસે બીમારને વધુ આનંદમા ચેનથી રાખો–કોઇ પણ તેઝ* દવા તદન આપો નહીં ફરી તે ઝાડા લાવનારી જુલ્લાબની અથવા વારી રોકવા ની કે પસીનો લાવનારી હોય, કેટલાક સભવ એવા બન્યા છે કે એવી દવાઓ આપવાથી બીમારને મોત આવી જાય છે,

પણ હા તેની સુસ્તી તથા હોશ સાચવવા અથવા દીલની તાકાત માટે જો હલકી ફુલકી દવા કે બીજી કાઇ રીત કરી લો તો કાઇ

*વાગવા વીના ગજા ખાવી–કામકોજ–મગજ શકિતના કામો કરવા–સોહબત કરવી–વિગેરેથી પરહેજ કરવુ

પહેલી ઓળખ	બોહરાન હલકો હોવા છતા તાકાત નહીં રહેવુ અને ચેન પડે નહીં તો સમજો કે હજુ માદ્દો નીકળવા તેયાર થયો નથી માટે બીજીવારીએ પણ બોહરાન આવશે
બીજી ઓળખ	ભુખં તદન લાગે નહીં
ત્રીજી ઓળખ	ખાણુ હજમ ન થાય અને જેમ તેમ રહે
ચોથી ઓળખ	શરીરમા સુસતી અને ભારી જણાય
પાંચમી ઓળખ	કયેજુ તિલ્લી મોહ, આખની નીચેની જગ્યા ઉપર સોજો
છઠ્ઠી ઓળખ	રાતમા ઉંઘ નહીં આવવી, અને ચેન નહીં પડવુ
સાતમી ઓળખ	તરસ વધુ લાગવી,
આઠમી ઓળખ	ગજા ખાવા છતા શરીરમા તાકાતનો દેખાવ થાય નહીં
નવમી ઓળખ	બોહરાન શરીરના અન્દર થાય (એટલે જાહેરમા કાઇ નહી પણ અન્દર બેચેની ઘણી હોય તથા તે બોહરાનમા વૈરમ સોજો વિગેરે શરીરના અન્દર થાય અને બહાર ન થાય
દશમી ઓળખ	બીમારીની તકલીફ ઘણી અને સખત થાય
અગીઆરમી ઓળખ	નાળનો ધપકારો જલદી અને ઉભાર સાથે જવું.
બારમી ઓળખ	એ બોહરાનમાં પીશાબ લાલ અથવા લોહીવાળી અથવા તદન પીળી—જેવી બીમારી હોય તેની પીશાબમાં બીમારી રહેલી જણાવવી. (એમા હકીમ સમજે છે)
તેરમી ઓળખ	માથામા દુખાવા સાથે ચકકરનુ થવુ ફરી તે કમતી કે વધુ રહેવુ બીમારી પાછી આવવાની નીશાનીઓ છે (એચ એ રહમાન મેનેજર)

બાંધા જેવું નથી. જેમકે સીંગી બેચાડવું અથવા દીલની જગ્યાએ સદલ ગુલાબમાં ઘસી કપડું ભીંગવી મુકવુ—એથી વધુ જે કાંઇ કરવુ હોય તો હકીમથી પુછી તેને સર્વ અહેવાલ કહી તે જે કહે તેમ કરો.

પાંચમુ આ સમજો કે જો બોહરાન માં નકસીર ફુટી લોહી વહીવા લાગે અથવા ઝાડા આવવા લાગે અથવા ઉલટી થવા લાગે અથવા એકદમ પેશાબ વહેવા લાગે અથવા તો પસીનો આવે તો કાંઇ બીવા જેવુ નથી અને રોકવાનો ઉપાય કાંઇ કરો નહીં આ નીશાની સારી છે. હાં જ્યારે આ વસ્તુઓમા હદ ઉપરાત વધારો જણાય ત્યારે હકીમથી પુછી તેઓના રોકવાના ઉપાયો કરો.

(૮) મી તદબીર આ છે કે જો તાવમા એટલો ધ્રુજારો હોય કે સબર ન થાય ત્યારે બન્ને હાથના ડણીથી લે પહોચા સુધી અને બન્ને પગની રાનોથી લઇ ગુટી સુધી કપડા વડે લપેટી બાધી દો અથવા પાણી છછલતુ તેના ખાટલા તળે મુકી તેની વરાળે બફારો દો એમ કરવામા ખાટલા ઉપર કાંઇ પણ બીછાણુ રાખો નહીં કે જેથી શરીરને સર્વ બાપ સારી રીતે લાગે—અને જોઇએ તો તે પાણીમા પાંચ–છ તોલા સુવાના બી પણ નાખી ઉકાળીલો.

(૯) મી તદબીર આ છે કે જો તાવમા તરાસ વધુ હોય અથવા જીભ સુકી થઇ ગઇ હોય અથવા ઉંગ આવતી ન હોય ત્યારે માથા ઉપર દોધીનુ તેલ અથવા કાહુનુ તેલ અથવા તો એવુ કોઇ તાઢુ તેલ એટલુજ મસલો કે તે પેવસ થાય નહીં અને કાનમાં પણ ટપકાઓ— અને જો ખાસી ન હોય તો મોંમા આલુ બુખારા ચુસવા માટે આપો અને ખાસી હોય ત્યારે તો બેહદાના અથવા ઉન્નાબનો સત્વ રાખો અને જો તાવમા માથાનો દુખાવો વધુ હોય અથવા હાથ પગો તાઢા હોયતો નીમકથી પગોને માલીશ કરી પગો ઉપર કપડુ વિટાળી થો.

(૧૦) મી તદબીર આ છે કે જો તાવમા ધભરાટ અને બેચેની વધુ હોય તો

સદલ ગુલાબજળમાં ઘસી તેમા કપડુ પલાળી દિલ ઉપર રાખો. દિલ ડાબી છાતીના નીચે રહે છે.

(૧૧) તાવવાળો (માદદો જેમકે ખરાબ થયલો બલગમ અથવા સફરા અથવા સોદા) કદી નેસોની અદર હોય છે તો કદી નેસોની બહાર મેદા–(જીગર) કલેજુ અથવા બીજા કોઇ અવ્યવમાં તો જ્યારે માદદો નેસોથી બહાર હોય છે, ત્યારે તાવ વારી સાથે તથા થડી સાથે આવે છે. અને જ્યારે નસોની અદર હોય છે. તો તાઢ વાગતી નથી માત્ર તાવનો વારોજ થયા કરે છે આથી જણાયું હશે કે જે તાઢની સાથે હોય તેમાં એટલું બીવા જેવુ નથી. જેટલુ કે માત્ર તાવમા છે કારણ કે નેસોની અદરથી ખરાબ મદદાઓનુ નીકળવું ઘણુ કઠણુ છે.

(૧૨) ત્રીજા દીવસનો વારો મોટે ભાગે (સફરાવી) માદદાથી તાવ હોય છે અને રોજનો તાવ (બલગમી) માદદાથી અને ચોથે દીવસે (સોદાવી) માદદાથી હોય છે

સફરાવી તાવ વધુ દીવસ રહેતો નથી પણ સર્વથી તાકાત વાળો અને ઘણો બીચામણો ભય ભરેલો હોય છે અને ચોથયો તાવ વરસો સુધી આવ્યા કરે છે. છતા કાંઈ ડર જેવુ નથી.

(૧૩) "આ દવાઓ" તાવ માટે ફાયદા આપનારી છે.

તાવની વારી રોકનારી ગોળીઓ.

ગલો સત્વ તોલો ૧
વાંસ કપુર તોલો ૧

નાની ઇલાચીના દાણાં તોલો ૧
જેહેર મોહરા ખતાઇ * તોલો ૧
કાફુર માશો ૧
કોનાએન (ઇગ્રેજી દવા) માશા ૩

સર્વને કુટી કપડામા ચાલી "ઇસપગોલના લોઆબ" (ઇસપગોલ છ માશા ને ચાર પાચ તોલા પાણીમા થોડીવાર નાખી મેળવી દો ફરી તેનુ લોઆબવોળા પાણી) મા મેળવી ચણા જેવડી મોટી ગોળીઓ વાળી લો-ફરી વારી આવવાને ત્રણ કલાક પહેલા એક ગોળી અને ફરી બે કલાક પહેલા એક ગોળી અને એક ગોળી એક કલાક પહેલા પાણી સાથે ગળવુ ઘણો અનુભવી નુસખો છે. અને કોઇ રીતે નુકસાન કરનારો નથી.

(પાચ વરસથી બાર વરસ સુધીના) બચ્ચાઓને એકથી બે ગોળીઓ આપો

પલેકની મોસમમા એક બે ગોળી દરરોજ ખાવાથી પલેકથી ખુદાનુ ચાહ્યુ છે તો શાત રહેશે

અને તાવ સારો થયા ફરી પણ જો કેટલાક દીવસ સુધી ખાતા રહો તો લાબી મુદ્દત સુધી તાવ આવશે નહીં

દવા તાવનો ઈલાજ કરવા છતાં

જો શરીરમા હજુ થોડો તાવ રહી ગયલો હોય તો (ત્રણ તોલા કાસનીનુ) ટપકાવેલુ પાણી શરબતે બજુરી બે તોલામા મેળવી પીવું ઘણો ફાયદો કરશે એની ટપકાવવાની રીત છેવટમા છે, અને કાસનીનુ ફાડેલુ પાણી બનાવવાની રીત તે જુદી ચીજ છે અને એની પણ બનાવવાની રીત છેવટમા લખીશુ

(વરમ) સોજો તથા દુમ્મલ વિગેરેનું વર્ણન.

ત્રણ જગ્યાના (વરમ) ને કદી બેસાડો નહીં (૧) એક કાનની પાછળ, (૨) બીજુ બગલ અને (૩)ત્રીજી ગનોની વચ્ચેવાળી જગ્યા જેને વચગલા (વચાળા) કહે છે આ જગ્યાઓના સોજા ઉપર કોઇ થડી તાસીરની દવા જેમકે ઇસપગોલ વિગેરે કદી લગાડો નહીં એટલુજ નહીં પણ જ્યારે બગલમા સખત અને ઉંડી નીકલે ત્યારે પીયાજ ભરભટમા બાફી તેમા લુણ વાટી મેળવી બાંધી દો કે તેથી પાકી જાય ફરી ફુટી નીકળવાની તદબીર કરવી અને તેને થડી દવા લગાડી કદી રોકશો નહીં વિશેષ કરી જ્યારે પલેકની રૂતુ હોય કારણ કે પલેકમા આ એજ ત્રણે જગ્યા ગાંઠ નીકળતી છે એમા બેસાડવાની દવા આપવી તદન મોત છે

વરમની કેટલીક દવાઓનુ વર્ણન

દવા જે કઠણ વરમને નરમ કરે છે સવાર સાંજ (મરહમે દાખલયુન) લગાડો- અને જો આજ મરહમને કપડા ઉપર ચોપડી દુમ્મલ પર રાખો ઉપરથી મેદાની પુલટીસ અથવા અલસીની પુલટિસ દુધમા રાંધી બાંધી દો તો ઘણીજ જલદી પકાવી આપસે

મરહમે દાખલયુનનો નુસખો.

અલસીના બી માશા ૬
મેથીના બી માશા ૬
ઇસપગોલના બી માશા ૬
ખતમીના બી માશા ૬
કનોચાના બી માશા ૬

* આ એક જાતનો પત્થર છે જે ચીનથી સારો આવે છે. અને ઘણી તરેહના હોય છે પણ સારો તે છે કે જેમા રગ ઉજલા સાથે લીલાસ-પીળાસ હોય અને સુવાળો કે તે જલદી ઘસાઇ-અને જો તે નીમડાના પાતરા સાથે વાટીએ તો તેનો કડવાસ જતો રહે

એચ એ. રહમાન. મેનેજર.

સર્વને ત્રીશ તોલા પાણીમાં ૬ છકલાક ભીંજવી ઉકાળી કપડામા લોવાબ ગાળી લો ફરી જેતુનનુ તેલ પાચ તોલામા વાટેલુ મુરદાર સગ બે તોલા મેળવી એટલુ બાળી નાખો કે તે કાળુ થાય અને કાંઇક દરજે ઘાડુ થાય ફરી ચુલાપરથી નીચે ઉતારી તે લોવાબ તેમા થોડુ થોડુ નાખી વધુ વાર હલાવી ઘુટો જેથી રગડો કે (મરહમ) બની જાય એજ (મરહમે દાખલયુન) કહેવાય છે—જો જેતુનનુ તેલ મલતુ ન હોય અથવા કમતી ખરચમા બનાવવુ હોય ત્યારે ઝેતુનની જગ્યાએ તલનુ તેલ નાખશો—આ મરહમ દરેક જગ્યાના કઠણુ સોજાને નરમ કરે છે, અને રહમની અદર પણ વાપરવામા આવે છે

દવા જે દુમ્અલને પકવી નાંખે છે.

અલસીના બી માશા ૧૦
મેથીના બી માશા ૧૦
આમલીના ચીગોરા માશા ૧૦
કબુતરનું અગાર માશા ૧૦

સર્વને કુટી કપડામાં ચાળી અઢી તોલા પાણી અને અઢી તોલા દુધમા મેલવી પકાઓ કે જાડુ થાય ફરી ઉફાલુ બાધી દો

અને પીપલના તાજા પાતરા અને પાન અગ્નિ ઉપર સેકી બાધવુ પણ ફોડાને પકવી દેછે.

ફાયદો—કેટલીક વેળા રાન વિગેરે ઉપર પુલટીસ અથવા એવી બીજી કોઇ દવા લગાડવાની હોય છે પણ કારણસર બાધવામાં આવતી નહીં કારણ કે ત્યા પટ્ટી રહેતી નથી તેને માટે સારી રીત આ છે કે, (છ માશા મોમ અને બે તોલા બેહરોજા અને બે તોલા રાલ) લઇ આ ત્રણે ચીજોને અગ્નિ ઉપર પલાળી મલમ જેવુ બનાવી લો ફરી એક મોટી ગોલ પટ્ટીની કોરે કોરે લગાડી લો હવે જે દવા અથવા પુલટીસ તમારે ફોડા ઉપર મુકવી છે તે મુકો ઉપરથી આ મોટી પટ્ટી વળગાવી તેની કોરો શરીર ઉપર સારી રીતે વળગાવી દો આ એવું વળગશે કે જેમ પોતે અલગ થઇ સરકે નહીં તેમજ પુલટીસને પણ પડવા દેશે નહીં એટલુંજ નહીં પણ આ મલમ પોતે પણ પકવી દેછે.

જ્યારે એને ઉખેડવુ હોય ત્યારે થોડુ તેલ અથવા ઘી એની કોરો ઉપર લગાડી દો અને ધીમે ધીમે ઉખેડો

ફરી જ્યારે ફોડો પાકી ગયો ત્યારે તેને ફોડવાની રીત વાપરો અને ફોડો પાકવાની પેહેચાન આ છે કે તેમા (ચીમ) ધીના મારવુ શરૂ થાય અને તે જગ્યા લાલ તથા ગરમ હોય અને તદન પાકવાની નીશાની આ છે કે તદન ગટકા બધ પડી દુખાવો પણ કમતી થાય અને રગ લાલ રહે નહીં

અને જો ચોખ્ખુ પીપ નીકલુ ન હોય અને ફરતી કોર હજુ લાલ હોય તો સમજી લો કે હજુ ફોડો તદન પાકયો નથી માટે ફરીથી પુલટીસ બાધી દો

દવા—જેથી નસતર મારવા વિના ફોડો પાકી ફુટી જાય છે, ચુનો ત્રણ માશા (જે હજુ પાણી લાગેલુ ન હોય અને કોરો હોય) અને એક તોલો તાવેલી બકરાના ગુરદાની ચ બી બન્નેને મેળવી ફોડા ઉપર પટ્ટી વડે મુકો—જ્યારે ફોડો પાકી ફુટી જાય ત્યારે તેના વહેના અને સાફ કરવાની રીત કરો, એને માટે આ દવા ફાયદો આપનારી છે

(પીયાઝ) કાદા ને નીમડાના પાતરા સુકી કપડુ લપેટી ચુલામાં ભુજી લો ફરી બન્નેને છુદી તેમા થોડી વાટેલી હલદી ભભરાવી બાધી દો એ રીતે સવાર સાજ બદલતા રહો અને બન્ને વેળા નીમડાના પાણીથી ધોતા રહો

બીજી દવા જે કાચા ફોડાને પકવે છે અને પકવી તેનો મવાદ કહાડી સાફ પણ કરે છે.

(બીનોલા) કપાસના બી, અલસીના બી તલનો ખોળ આ ત્રણ દવા છે દરેક બે બે તોલા લઇ જીર્ણું કુટી દુધમા પકાવી રામ બનાવી સેહતુ બાધો આ દવા વધુ ગરમ નથી, અને દરેક પ્રકારના ફોડાને ફાયદો કરે છે, એટલુંજ નહીં પણ ઘણી વખત અજમાવેલુ છે

ફરી જયારે ફોડો તદ્દન સાફ થાય અને તેના કીનારા હલકા પડી ગયા હોય અને લાલાટ તદ્દન રહે નહીં ત્યારે તેના ભરવાનો ઉપાય કરો અને એ માટે આ (**મલમ રોસોલ**) ને લગાડવુ ઘણો ફાયદો આપેછે. તેનો **નુસખો** આ છે

ચોખ્ખુ દેશી મીણુ પોણા દશ માશા
નાતીનજ પોણા દશ માશા
જાનશીર એક માશો
ગદા બેહરોજા એક માશો
ઓગોક સવાપાય માશા
ગુગળ ત્રણ માશા

સર્વને વાટી જેતુનનુ તેલ તોલા પાચમા મેળવી અગની ઉપર પલાળી લો જયારે સર્વ પીગળી એક થાય ત્યારે નીચે ઉતારી તેમા

જનગાર માશો એક
મુરમક્કી (બોલ) માશો એક
લાબી જરાવદ માશો દોઢ
કુન્દર માશો દોઢ
મુરદારસગ માશા ત્રણ

સર્વને ઘણુ જીણુ વાટી મેળવો અને એટલુ ઘુટો કે માખણુની જેમ મલમ બની જાય ત્યારે કપડાની પટ્ટી ઉપર લગાડી ફોડાના ઘા ઉપર વળગાઓ ઘણો ફાયદો આપશે, એના સારા ગુણ આ છે કે જો તે (ઘા) જખમમા પીપનો બગાડો રહી ગયો હોય તો તેને કાપી બહાર કાઢે છે. અને સારૂ નવું માસ ઉપજાવે છે. પલેકમા પણ ઘણુજ ઉપયોગી છે, પણ પલેકમા વાપરવાની રીત પલેકના વર્ણનમા લખવામા આવશે જો (ગતી નજ) ન મળે તો એના બદલે બેહરોજાનો વજન વધારી દો એટલે અગીઆર માશા કરી દો. અને જો થોડા પૈસામાં નુસખો બનાવવુ હોય તો જેતુનના તેલના બદલે ગુલાબનુ તેલ મેળવો

બીજો મલમ ગરીબો માટે જે (જખમ) ઘા ને ભરે છે

તલનુ તેલ સારૂ સાડા સાત તોલા કઢાઇમા નાખી અગ્નિ ઉપર ચઢાઓ અને ધીમી આચ રાખો જયારે તેલમા ધુમાડો ઉઠવા લાગે ત્યારે તેમા સફેદો કાશગરી તોલા પાચ જીણા કપડા વડે ચાળી પાસે રાખી લો અને ચપટી ચપટી થોડુ થોડુ મેળવતા રહો અને એક લાકડીથી હીલાવતા રહો તેલમ' જયારે જોશ આવશે ત્યારે તેને જોતા રહેવુ કે તેમા ચીકાશ આવ્યો કે નહી જયારે ચીકાશ આવ્યો હોય અને હાથમા વળગતો હોય અને તેનો રગ કાળો થઈ ગયો હોય ત્યારે અગ્નિ ઉપરથી કઢાઇ ઉતારી ટાઢા પાણીમા મુકી દો– પણ જયારે રગ કાળો થાય ત્યારે ખ્યાલ રાખો કે મલમ બળે નહી ફરી ટાઢુ થયુ હોય તો સભાળી રાખો, અને (જખમ) ઘા ને નીમડાના પાણીથી ધોય સુકવી મલમની પટ્ટી બનાવી વળગાઓ અને નાસુર હોય તો તેમા બત્તી ઉપર લગાડી મુકો ઘણીવાર અજમાવેલુ છે

જો જખમમાં કીડા પડી ગયા હોય તો તેઓને મારવાનો આ ઉપાય કરો

બચ્છને બારીક વાટી અથવા–ટરપીનટાઇન તેલ એકલુ અથવા તો બન્ને સાથે મેળવી (જખમ) ઘા મા પુરી દો અને ઉપર-

થી ગુંદેલા આટા ચડે તે ચા નુ મો બધ કરી દો એથી અન્દરના કીડાઓ મરી જશે

અને કીડાઓ ઘણુ કરીને ઘા ને સાફ નહી રાખવાથી તથા માખીની સભાળ નહી કરવાથી પડે છે, માટે સફાઈ સુથરાઇથી રહેવાનો વધુ ખ્યાલ રાખો

ફાયદો જેને દર વરષે (દુબુલ) ફોડા નીકળતા રહેતા હોય તેને જોગ છે કે એ ત્રણ વરસ સુધી તેની મોસમમા જુલ્લાબ વિગેરે લઈ બગડલા મવાદની વધુ સફાઇ કરી લે-નહી તો (દીટ) સરતાન એટલે કાણા કાણા વાળો ખરાબ જખમ થવાનો ભય છે

જો ગરમીથી (છાલા)–નાના દાણાં અથવા **ફોડી** ફોડાઓ નીકળ્યા હોય ત્યારે તેના ઉપાય માટે આ મલમ લગાડો

સગે જરાહત, મુરદાસંગ અને સફેદો, કારાગરી તથા ગુલ ી મેરટી અને રસવન્તી તથા કથ્થો અને ગોટીના કાગો આ સર્વ દવાઓ દરેક ત્રણ માસા લઈ કુટી કપડામા ચાળી નેક પો નેક વાર ગાયના ધોયલા ઘી તોલા ૭ મા મેળવી નાખી લો અને લગાડ્યા કરો–વરસાતમા બાળકો માટે આ સારી દવા છે

બીજી દવા.

રસવન્તી એક તોલો
ગુલાબજળ ત્રણ તોલા
મેહદીના પાનનો રસ ત્રણ તોલા

આ બન્ને પાણીમા મેળવી લગાડો આ દવામા ચીકાશ નથી જેથી કપડા ખરાબ થશે નહી

સુકી તથા **લીલી ખુજલી** માટે આ દવા ઘણી ઉપયાગી છે

નીમડાની છાલ અને રસવન્તી તથા નાહતરો સર્વ એક એક માશો બારીક વાટી બે તોલા ગુલાબના તેલમા મેળવી લેપ કરી દો અને માખણ વધુ મસળ્યા કરવાથી પણ દરેક પ્રકારની ખુજલીને ઘણો ફાયદો છે

લીલી ખુજલી માટે આ દવા અક-સીર છે–બાપચી અને ખુરાસાની અજમો તથા લાલ સન્દલનો વેર અને આમલાસાર ઘન્દ્રખ અને ચુનો સર્વ દવાઓ એક એક તોલો અને નીલાથુથા, ૭ માશા તથા કાળા મરી નગ ૫ સર્વને સારી રીતે કુટી ઝીણી ધુળ બનાવી (સરસુના) કડવા તેલમા મેળવી માયુ અને મો છોડી રાત્રે આખા શરીર ઉપર લગાડો અને રાતના **ધીવાળો મલીદો બનાવી** ખાઓ અને સવારે ગરમ પાણીથી નહાય લો છતા કાંઈ રહી ગયુ હોય તો બે ત્રણ વાર ફરી એ રીતે કરી લો,

કંઠમાળા આ બીમારી તદન જાતી તો નહીજ પણ આ દવા લગાડવાથી કેટલાક દીવસો સુધી એના ફોડાઓ સુકાય જવાના

મુરદારસંગ ૭ માશા બારીક વાટી બકરી ના દુધ દશ તોલામા મેળવી રોજ સવારમા એથી ધોયા કરવુ, અને એને માટે (મરહમે રોસાલ) રોસોલનો મલમ જેની રીત ત્યા આવી ગઈ છે જ્યા જખમ ભરવાના ઉપાયો લખ્યા છે, એ પણ ફાયદો કરે છે

(સરતાન) જેને ઢીટ કહેવાય છે. આ દવા બહુજ ખરાબ જાતનો ફોડો છે, અને વધુ ભાગે કમ્મર ઉપર નીકળે છે એમા ઘણા કાણા હોય છે, અને ઘણુ દુખાવે છે એનો ઇલાજ કોઈ હોશીયાર હકીમથી કરાવી લો કેટલાક માણસો ઉપર આ બીમારીમા (દુબ ઘાસ) ની જડોનો લેપ લગાડવો ઘણો ફાયદો કરનારો થયો હતો

(પિત્તી ઉછળવુ) વેદમા એને રસપિત્તી કહે છે * આના ઉપાય આ છે કે,

* એમા ચપટા લાલ રગના ફફોલા નાના અને મોટા મોટા પણ હોય છે, અને કોઇ

(અફ્તીમુન) અકાસવેલ્લ જેને સોનગળ વેલ પણ કહે છે,પોટલીમા બાંધી માશા ૫

શાહતરો માશા ૫
કાસનીની જડ (દોદરી કરેલી) માશા ૫
આલુ બુખારા નગ ૭
કાળી દરાખ તેના બી કહાડેલા નગ ૯

સર્વને (૬–૮ કલાક અગર પોણા રતલ) ગરમ પાણીમા ભીગવી લો ફરી કપડા વિગેરેથી ગાળી તેમા ગુલકન્દ, આફતાબી બે તોલા મેળવી પીવડાઓ અને જો (હમલ) બે જીવથી હોય તો **આ દવા** પીવડાઓ

ઉન્નાબ નગ ૫
કાળી દરાક્ષ બી કહાડેલી નગ ૯
મુન્ડી માશા ૫

કરયાતુ (ચેગાઇતા) માશા ૫
એને પણ ઉપરની જેમ ગરમ પાણીમા ભીગવી ગાળી ગુલકન્દ આફતાબી તોલા બે મેળવી પીવડાઓ

પિત્તી ઉપર મસલવાની દવા. આ દવા પિત્તી ઉપર મસનો ખરબુજાના છોલેલા બી ઘઉંની ભુસી અને ગેરૂ સર્વ બે બે તોલા વાટી લો અને સુકી સુકી મસલો અને એમા કામલ એટલુ પણ ફાયદો કરે છે

દાદ (જને અરબીમા **કુબ્બા** કહે છે)
રસકપુર તોલો ૧

સુરનાની જેમ વાટી ચોખ્ખો સરકો તોલા પાચમા મેળવી રાખી લો અને સવાર સાંજ લગાડયા કરો ઘણો ફાયદો કરશે, અને દુખાઓ કાંઈ થશે નહી

અને જો એમા લસણનુ પાણી લગાડશો પણ એ અગ્નિ તો વધુ બાળશે પણ બે–ત્રણ વાર લગાડવાથી તદ્દન સાફ થઇ જાય છે + અને લગાડવાની સારી રીત આ છે કે લસણનુ પાણી દાદ ઉપર લગાડો જ્યારે જ્યારે આગ બળે લાગે થોડુ તેલ અથવા ઘી થી ચીકણી કરી દો *

(ઠેકેન્દરી) એને કેટલાક માણસો આગળમેલ પણ કહે છે (અને એ આગળી ઉપર હોય છે) જ્યારે નીકળતી જણાય ત્યારે તુખમે રેહાન થોડુ પાણીમા ભીગવી બાંધી દો અને નીકળી ગઈ હોય તો આ દવા ઘણીજ ઉપયોગી છે

વેળા તો ખુજલી સાથે ઘણા નીકળી આવે છે પણ એવા ટુક વખતમા પોતેજ સારી પણ થાય છે, અને ત્રણ દીવસથી વધુ રહેતી નથી–હા જો એવામા ત્રણ ચાર દીવસ વીતી ગયા અને કાંઈ સરદી આવી હોય તો પાછી ઉભળે છે અને જ્યારે જવા લાગે છે, ત્યારે ભુસી જેમ ચામડી નીકળી આવે છે એમા કોઇ વેળા તાવ પણ હોય છે, અને સરકો, મધ, કાકડી, સેયુર વધુ ખાવાથી અથવા બલગમની ઉલટી થયા પછી ઉપન્ન થાય છે, અને ખુન બલગમથી બન્ને રીતે હોય છે

એચ. એ રહમાન.

+ દાદ માટે એક અજમાવેલી દવા–આમલાસાર, ગધક છ માશા તેલીયો સોહાગો ફુલવેલો ત્રણ માશા ઉજળો કાથો ચાર માશા નીલાથુથા ભુજેલુ પાચ માશા સર્વને સારી રીતે બારીક વાટી ચમેલીના તેલ તોલો એક અને માશા આઠમા મેળવી સારી રીતે રગડો તો મલમ બનશે, અને દાદ ઉપર લગાડો આ દવા તેજ નથી અને અજમાવેલ છે કરતા

* **[છાઝન]** આ એક ખરાબ તરેહની દાદ છે, જે વધુ ભાગે પગ ઉપર હોય છે. એની દવા આ છે કે વજ લઈ તલના તેલમા, બાળી કોઇલો કરો કોઇલો થાય ત્યારે તેને તેજ તેલમા ઘુટી લો અને છાઝન ઉપર લગાડયા કરો.

સેંદુર બકરીના પીત્તામા ભરી આગળી ઉપર પહેરાવી દો ઘણી વખત આ રીતે એકજ વેળા પહેરાવવુ બસ થઈ પડે છે જો બસ ન થાય તો ત્રીજે દીવસે તેને બદલી બીજો પહેરાવી દો પણ એથી નમાજ દુરૂસ્ત થશે નહી માટે નમાજ વેળા એને ઉતારી આગળી ધોય નાખો અને કોઈ રીતે નહી જાય તો તે ઉપર એક ઝોક તાજી અને એક વાસી વળગાઓ

[મોંહાંસા] ખીલ થવા વીષે.

(જો ચેહરા ઉપર) ખીલ થયા હોય તો સુફેદ કુટકી તોલા બે અને (એરસા) સોસનની જડ તોલો એક બારીક વાટી સરકામા મેળવી લેપ કરવુ

"સુઇ રહેવાથી ચામડી છોલાય જાય."

એને માટે ગુલાબજળમા મુરદારસગ વમી લગાડતા રહો, અને ઉપરથી સફેદો કાશગરી ભભરાવતા રહો, અને નરમ બીછાણા ઉપર સુવાડો

"અગ્નિ અથવા એવી કોઇ બીજી વસ્તુથી બળી જવુ."

અગ્નિથી બળી જવામા તરત લખવાની (દેશી કાળી) શાહી લગાડો અથવા ચુનાનુ પાણી રેડો અથવા બેહરોજાનુ તેલ લગાડો અથવા ઉજળી ખાંડ પાણીમા મેળવી એ શરબત લગાડો +

+ બળેલા માટે ચુનાનુ પાણી અને કોપરાનુ તેલ બન્ને મેળવી લગાડયા કરવુ પણ ૫-૭ દીવસમા તદન ફાયદો કરે છે, તેમજ તેની જલન દુર કરવા માટે ઇંડાની સુફેદી અથવા (હિઝલીન પોમેટ) એક સુફેદ મલમ કાચની શીશીમા બચ્ચાઓના મો ઉપર લગાડવા તૈયાર આવે છે એ પણ લગાડવુ પદર મીનીટમા જલન દુર થાય છે

એચ. એ. રહમાન.

મનસલ અને પોટાસ તથા બારૂદ અને ગરમ તેલ અથવા ગરમ પાણી અને ચુનો વિગેરેથી બળી જવું.

તલનુ તેલ અને ચુનાનુ સાફ પાણી મેળવી લગાડો

એક બાયડીની અગ્નિમા કઢાઇમાનુ ગરમ તેલનો છાંટો ઉડીને લાગ્યો હતો જેથી અગ્નિમા જખમ પડી ગયો હતો તેને કાફુર માશો એક અને નિશાસતો માશા ત્રણ બારીક વાટી ઇસપગોલના લોઆબમા મેળવી ટીપા ટપકાવ્યા હતા તેને એથી તદન સારૂ થયુ હતુ

મલમ જે સર્વ રીતના બળેલા માટે અકસીર છે

ગુલાબનુ તેલ તોલા બે અને મીણુ ૭ માશા મેળવી ગરમ કરો જ્યારે બન્ને એક થાય ત્યારે તેમા સફેદો કાશગરી માશા ૩ અને કાફુર એક માશો બારીક વાટી મેળવી દો, અને લગાડો

"વાળ માટે નુસખાઓનુ વર્ણન."

દવા જે વાળને ઉગાવે છે. એક ઝોક (તલાવ વિગેરેમાથી) લઈ રાખો અને તલનુ તેલ ચાર તોલાને આગ ઉપર લાલ કરો જ્યારે લાલ થાય ત્યારે ઝોકને મારી નાખો અને ફરીતે તેલમા ઘુટી લો અને જે જગ્યાના વાળ જખમ વિગેરેથી ઉડી ગયા હોય ત્યા આ તેલ લગાડો ઘણી જલદી વાળ ઉગી આવશે

અળદની છાળ અને આમલાથી માથું ધોવાથી પણ વાળ માટે ઘણો ફાયદો છે એથી વાળ કાળા રહે છે, અને મગજને પણ શક્તિ આપે છે

દવા જે વાળને ઉડાવે છે. કોરો ચુનો ૭ માશા અને હડતાલ ૭ માશા બન્ને

વાટી ઇડાની સફેદીમા મેળવી જે જગ્યાના વળ ઉડાવવા હોય ત્યા લગાડો થોડીવારમા વાળ સાફ થઈ જશે

દવા જે વાળને વધારે છે. હનસેરાજ અને વાસકપુર તથા સમાક અને ગુલાબના બી અને દાઢમની કળી તથા રૂમી મુસતગી અને દાઢમના છોલતા સર્વ ૭–૭ માશા અને સોપારી તથા કાબળી હર્ડેના છોડા એક એક તોલો અને ભેડાના છોલતા તથા માજુફળ દોઢ દોઢ તોલો સુકા આમળા અઢી તોલા સેતુરીના પાનરા ૭ તોલા લઈ સર્વને કુટી અઢી રતલ પાણીમા એક રાત–દીવસ ભીંજવી ઉકાળો જ્યારે અરધુ પાણી બળે ત્યારે તેને (હાથે) મસલી કપડામા ગાળી તેમા ગુલાબનુ તેલ તથા તલનુ તેલ દરેક પચ્ચીશ તોલા મેળવી ફરી આગ ઉપર ઉકાળો જ્યારે પાણી તદન બળી જાય અને તેલ રહે ત્યારે ઉતારી રાખી લો અને રોજ મસલો એથી નબળા વાળ ખરી સારા દેખાવડા અને કાળા વાળ ઉગી આવશે, અને મગજશક્તિ પણ વધે છે, અને જો આ તેલ કોઇ ને તાડુ પડે તો એમા બાલછડ અને બાબુનાના ફુલ અને લવિંગ દરેક ૭–૭ માશા વધુ મેળવી દો

વાળમાં લીખ અથવા બફો અથવા જમજુ પડવુ.

છળેલા અને ઉજળા કનેરના પાતરા તથા પાનળો ગદા બેહરોજા, અને ઉજલા મરી તથા દાઢમના છોલતા સર્વ એક એક તોલો લઈ પાણીમા ઉકાળી ત્યા રેડો એથી જુ મરી જાય છે અને જમજુ તેને કહે છે કે જે વાળની જડમા વળગેલી રહે છે, અને એકાએક જણાતી નથી કદી એને માટે જુલાબ લેવાની પણ જરૂરત પડે છે (તે વિના જતી નથી)

* વાળમા જુ પડવાનુ વધુ કારણ તો આ છે કે મેલી કુચેલી રહેવુ અને ન્હાવું નહી જો હમેશ શરીર ચોખ્ખુ રાખવા અને વાળ ઓળવાની ટેવ રાખો તો કદી જુ પડશે નહીં એટલુજ નહી પણ માથુ હલકુ રહેશે

એચ એ રહેમાન

માર વાગી જવાનુ વર્ણન.

માથામાં માર વાગ્યો હોય–તો એક (બકરીના) ગોશતનો લોઠડો લઈ તે ઉપર હલદી ઝીણી વાટેલી ભભરાવી ઉકાળી કરી સેહતુ–સેહતુ બાંધો ઘણોજ ફાયદો કરશે,

અને જો માથાનો માર વાગવાથી બેહોશી થઈ સુદ્ધી રહે નહી તો એક મરઘો હલાલ કરી તેના પેટનુ બધુ (આંતરડા વિગેરે) કહાડી તેના ઉપરની ચામડી કે પરો સહીત માથા ઉપર ગરમ ગરમ બાધી દો (એટલે એટલી ઉતાવળે હલાલ કરી બાધી દો કે મરઘો તાઢો પડે નહી) એથી ઘણીં જલદી હોશમા આવી જશે

આંખમાં વાગી જવુ. એક તોલો મેદા અને એક તોલો પઠાની લોદા બારીક વાટી ચાળી એક તોલા ઘીમા મેલવી ગરમ કરી એથી આખને સેકો ફરી એનેજ ગરમ કરી બાધી દો જો એથી નરમ પડે નહી તો બકરીના ગોસતનો લોથડો લઈ તે ઉપર હલદી તથા પુઠાની લોદા બારીક વાટી તે પર ભભ-રાવી બાધી દો

લેપ જે માથા સીવાય બીજી કોઇ જગ્યા એ વાગ્યુ હોય તે પર ફાયદો કરે છે અને જો માથામા વાગેલાને પણ લગાડશો તોપણ કાઈ એવુ નુકસાન કરશે નહી પણ આ દવા ઓ તેઝ (ગરમ વધુ છે)

તલનો ખોળ
હાલુન
નાલ
માલકાંગનિ
મેદા લાકડી

લોટા સાજી

હલદી

દરેક બે—બે તોલા લઇ કુટી કપડામા ચાળી રાખી લો ફરી એમાથી થોડી દવા લઇ બે પોટલી બાધો અને તલનું તેલ તથા દુધ તથા પાણી આ ત્રણ સરખુ લઈ મેળવી આગ ઉપર ઉકાળો અને પોટલીઓ તેમા મેલી દો અને એનાથી સેકો જ્યારે તે ઠંડી પડે તો બીજીએ સેકો એ રીતે એક કરો એમને તે પોટલીઓની દવા કહાડી વાગેલી જગ્યાએ લેપ કરી દો અને તે ઉપર પુરાના ? બાધી દો

મોચ [રગ ઉપર રગ ચઢી જવુ.]

ઇડાની દાળ (જરદી) નગ પાચ અને ઘી અથવા તલનુ તેલ તોલા પાચ એમા હલદી બે તોલા મેળવી મન્દ આંચથી જગ્ય ઉપર મલલો ફરી તે ઉપર ઘણી જાડી રોટલીના વચ્ચેનો ગુદો ગરમ ગરમ મુકી બાધી દો રાતના બાધી સવારે ખોલી દો અને તલના તેલથી માલીશ કરો અને રગને નીપી રી દો એક બે દીવસ એ રીતે કરવાથી રગ તદ્દન સીધી થઈ જાય છે

ફાયદો ચોટ વાગવાને માટે મુરદાઆઈ ઘણીજ સારી દવા છે એથી ? ? ? જોડાય જાય છે,—આજકાલ જેટ એ ? મલતી નથી પણ બનાવી ? ફાયદો કરામા અમલ મુમયાઈથી ઉતરે એમ ? થી અને એનો નુસખો છેવટના ? (ત્યા જોય બનાવશો)

“ ઝેર ખાય લેવાનુ બયાન. ”

(સખીયા) સુખુ અથવા બીજુ કોઈ ઝેર ખાય લીધુ હોય તો આ દવાથી ઉલટી કરાવી લો સુવાના બી બે તોલા એક રતલ પાણીમા ઉકાળો ફરી ? ગાળી તેમા અરધો રતલ તલનુ તેલ અથવા ઘી અને એક તોલો (નીમક) હુનુ મેળવી ઉનુ પાઓ જ્યારે સારી રીતે ઉલટી થઈ જાય ત્યારે દુધ પેટ ભરીને પાઇ દો જો દુધથી પણ ઉલટી આવે તો એ વધુ સારૂ છે દુધ પીવાડતાજ રહેવુ અને જો દુધથી ઉલટી ન થાય તોપણ ઝેરને મારશે, અને બીમારને તદન સૂવા નહીં દો ફરી કોઈ પણ ઝેર ખાધુ હોય અથવા કોઇ ઝેહરીલા જનાવરે કરડેલુ હોય,

અને **આ દવા** દરેક ઝેર માટે ઘણી ફાયદો કરે છે તેનો નુસખો આ છે

ગિલે મખતુન (નામની માટી) તોલા ૨

હબ્બુલગાર—જેની ગરી પીળી હોય છે તોલા ?

(એરસા) સોસનની જડ તોલા ૨

સર્વને કુટી ચાળી લો અને ગાઈના ઘીથી ચીકણુ કરી ચોખ્ખુ સાફ મધ અઢાર તોલામા મેળવી રાખી લો જ્યારે કોઇ ઝેહેર ખાય લે અથવા તેની કોઈ નીશાની જણાય આવે ત્યારે એમાથી છ માસા ચટાડવુ—જો ઝેર ખાધેલુ ન હશે તો ઉલટી આવશે નહી અને ખાધેલુ હશે તો જ્યા સુધી ઝેર નીકળશે નહી ત્યા સુધી ઉલટી પણ બધ થશે નહી—જો, સોસન ની જડ ન મળે તો નહી નાખો પણ મધ ત્યારે બાર તોલા કરી દો અને આ દવા (તિર્યાક ગિલેમખતુમ કહેવાય છે) જો ગિલે-મખતુમ ન મળે તો ગિલે દાગસતાની મેળવો— અને જો એ પણ ન મળે તો ફરી છેવટે દરજે ગિલે અરમની તો જેજ એજ મેળવીદો

સુરદારસંગ ખાધુ હોય તો અનજીર નગ ત્રણ અને સુવા તોલો એક બે રતલ પાણીમ ઉકાલો જ્યારે પાકી જાય ત્યારે તેમા ગુલ અરમની તોલો એક અથવા ખાવાનુ નિમક મેળવી ગરમ પીવડાઓ એથી ઉલટી થશે ઉલટી થયા પછી આ નીચેની દવાના ચાર ખોરાક કરી ખાઓ—મુરમક્કી સાડા દશ માશા, અને બાલછડ સાત માશા કુટી

ચાળી લો અને ચાર તોલા મધમાં મેળવી એની ચાર ખોરાક બનાઓ અને ચટાડો—અને બજામા ગોસતનો શેરવો ખવડાઓ

ફટકી—ફટકડી ખાય લીધી હોય તો તેનો ઉતાર દુધ છે કેટલાક માણુસો ફુલવેલી ફટકડી તાવનો વારો રોકવાને લીધે ખાય લે છે, પણુ એમા નફો કરતા નુકશાન વધુ છે

અફીણુ ખાય લીધુ હોય તો મુલ્લાના બી તોલો એક અને સુવાના બી તોલો એક અને મધ તોલા ચાર બે રતલ પાણીમા ઉકાળો ફરી તેમા નિમક મેળવી ઉકાળુ પીવડાઓ અને ઉલટી કરાવી દો અને ઉલટી થયા પછી મોટો માણુસ હોય તો હીંગ બે માશા ને—બે તોલા મધમા મેળવી અને બચ્ચાને માટે ચાર રતી હીંગ અથવા એથી કમ લઈ—છ માશા મધમા મેળવી પાણીમા ઘોલી પીવડાઓ

અને (નાલી) નારીની ભાજીનુ પાચ તોલા પાણી અફીણુ ખાધેલાને પીવડાવવુ અકસીરનુ કામ કરે છે—નારીની ભાજી મશહુર છે એના વેલા પાણીના ઉપર અથવા ઝીનારા ઉપર પથરાયલા હોય છે

ધતુરાના બી ખાય લીધા હોય તો એનો ઉતાર તેજ છે જે અફીણુ માટે લખાયોછે

ઇસબગોલના બી કુટીને અથવા ચાવીને ખાધાં હોય તો જે દવાઓ અફીણુના ઉતારમાં ઉલટી કરાવવા લખી છે, તે આપી ઉલટી કરાઓ—ફરી ખુરફાના બી. પાચ માસા પાણીમા વાટી તે ઉપર (ચાર બી.) જે હમોએ પેચીશની બીમારીમાં લખ્યા છે તે ભભરાવી મિસરી મેળવી પીવડાઓ

ફાયદો જો અજાણુપણુામા નહીં જાણુવાને લીધે કાઇ ઝેર ખવાય પણુ ગયુ હોય અને સમજાય નહીં કે તે શું ઝેર હતુ અથવા ઝેર ખાનારો બેહોશીના લીધે બતલાવી શકતો નહોય ત્યારે આ નીશાનીઓથી ઓળખ થઇ આવે છે (સખિયા) સમુલ ખાધાથી પેટમાં દુખાઓ થાય છે અને ગળુ બચકાય છે અને ગરમીનો સોસ ઘણોજ થઇ ગળુ સુકાતુ જાય છે—અને મુરદારસંગ ખાધાથી શરીર ઉપર વરમ આવી જાય છે અને જીભ તોટડાય છે અને પેટમાં ઘણો દુખાવો થઇ જાય છે અથવા એટલા બધા ઝાડા થાય છે કે આતરડામા જખમ પડી જાય છે—અને ફટકડી ખાધાથી ખાંસી ધીમી થાય છે, તે એટલા સુધી કે ફેફડામા જખમ પડી સિલની બીમારી થઇ આવે છે, અને અફીણુથી જીભ બધ થવા લાગે છે અને આખો બેસી જાય છે તાઢો પરસેવો આવે છે—સાંસ ગુટવા લાગે છે અને મોઢથી અફીણુની વાસ આવતી રહે છે—અને ધતુરો ખાધાથી પ્રથમ તો ચક્કર આવે છે. ફરી તદન બેભાન થઇ જાય છે—અને ઇસપગોલથી બેચેની અને સાંસ રોકાઇ જાય છે અને નાડી પડી જવુ અને બેહોશી થઇ શરીર થડુ પડી જવું એવી બીનાઓ ઉત્પન્ન થઇ આવે છે. *

---

* ઝેર ત્રણ તરેહના છે. એક માટી, પત્થરનું (મઅદનીયાતી) બીજુ વનસ્પતીનુ (નબાતાતી) અને ત્રીજુ જાનવરોનુ (હેવાનાતી) હોય છે. ફરી તે અંદરનો કે બહારનો અસર હોય, જેમકે મઅદની ઝેહેર સુમુલ, રસકપુર, હીરા, પારો, શગરફ, સેંદુર, હડતાલ અને વનસપતી ઝેહેર અફીણુ, ધતુરો, સીંગયા, જમાલગોટા, ભીલાવુ ઝેરકચુરો, ગાજે, ભંગ, અજવાએન અને શરાબ અને જાનવરોમા હડકાયેલું કુતરું, સાપ, વિછુ, માકડી, ભીંળ, માખ, વરૂ તથા વાઘની મુછોના વાળ તથા તથા સર્વ જાનાવરોના નખોમાં પણુ થોડુ ઘણું ઝેર હોયછેજ માટે એઓથી પણુ બચશો.

એચ. એ. રહેમાન.

ઝેરવાળા જનાવરોના કરડેલાનું વર્ણન.

જ્યારે ઝેરવાળુ જાનવર કોઇપણ કરડે અથવા કરડવાનો સંદેહ થયો હોય ત્યારે સર્વ માટે આટલુ યાદ રાખો કે કરડેલી જગ્યાથી જરા ઉપર તુરત સારી રીતે કસીને બાંધી દો. જેથી કરડેલી જગ્યા સુન પડી જાય અને ઝેરનો ફેલાવો થાય નહી ફરી તે જગ્યાએ એવી દવાઓ લગાડો કે તે ઝેરને ચુસી લે અને એવી દવાઓ પીવડાઓ જે ઝેરને ઉતારી આપે.

અને ઝેરના બીમારને સુવા દો નહીં (એટલે તેના જાગવાની કોશીસ કરતા રહો)

દવા ઝેરને ચુસનારી (પીયાજ) કાંદા સુવામા લુ જી તેની સાથે નિમક મેળવી બાંધી દો.

બીજી દવા કોરો ચુનો (જે પાણી લાગી ફાટયો નહોય) માશા છ અને મધ તોલા બે જૈતુનનુ તેલ તોલા બે, સર્વને મેળવી લેપ કરી દો અને (કલાક બે કલાકે) લેપ બદલતા રહો આ સાપ તથા એવા બીજા વધુ ઝહેરવાળા જનાવરોના ઝેહેરને ચુસી લે છે

ત્રીજી દવા તે જગ્યાએ ભરેલી લુમડી (એટલે જ્યા કરડેલુ હોય તેની ઉપર તથા આસેપાસે ચપ્પુ અથવા અસત્રાથી જીણા જીણા કાપા પાડી સીંગડાની લુમડી તે કાપાઓ ઉપર મુકી ત્યાનુ ખુન ખેચાઓ—અથવા જળો વળગાવી દો

ચોથી દવા કાસટિક અથવા ગંધકનો તેઝાબ લગાડી દો એથી ત્યા જખમનુ થવુ ઝેર માટે ઘણુ શ્રેષ્ટ છે

ફાયદો કરડેલી જગ્યાએ દવાથી અથવા કુદરતી રીતે જખમ થયો હોય તો જ્યા સુધી ઝેર ઉતરવાની ખાતરી થાય નહીં ત્યા સુધી તેને ભરવાનો ઉપાય કરો નહીં

દવા ઝેરને ઉતારનારી એટલુંજ નહીં પણ જો ઝેરવાળી કોઇ વસ્તુ ખાય લીધી હોય તેને પણ ઉતારી ફાયદો આપે છે. જો ઘરોમાપનાથી તૈયાર રહે તો ઘણું સારૂ થાય

કલોજી	માશા સાત
ઇનપદ (કાલા દાણા)	માશા સાત
સુફેદ જીરૂ	માશા સાત
પખાન બેદ (નીજડ)	માશા સાડા ત્રણ
જરાવન્દ ગોલ (એકજડ)	માશા સાડા ત્રણ
ઉજલા મરી દખણી	માશા પોણા બે
સુરમકકી (બોલ)	માશા પોણા બે

આ સર્વ દવાઓ કુટી ચાલીશે અને છ તોલા સારૂ મધ (ગરમ) કરી તેમા મેળવી દો અને (કાચ અથવા ચીનીના) વાસણમા ભરી લો જ્યારે જરૂરત પડે ત્યારે પોણા બે માશા અથવા સાજે અથવા હુતીવેળા ચટાડી ઉપરથી મધ તોલા બે પાણીમા મેળવી ઉકાળી પાઓ અને બચ્ચાઓને એક માશો આપો

હવે કેટલીક દવાઓ મુખ્ય જનાવરોના કડવા વીગે લખવામા આવે છે

સાપે કરડેલુ હોય તો એની રીત અમણા લખી આપી છે છતા આ દવા પણ ફાયદો કરશે, હુકકાનો કીટો જે તેની ચલમના નીચે નૈચા ઉપર જમેનો રહે છે રત્તી ચાર ખવડાવી દો—એ રીતે બે ત્રણ દીવસ ખવડાવો અને બરછ (ગળમચ્છ નામની જડ ચાવી તે પર લગાડો ×

× વળી જીવતા દેડકાને મારી વચ્ચેથી કાપી બે ભાગ કરી તેનુ પેટ વળગાઓ. એજ રીતે દેડકાનો શોરવો પણ પીવડાવવુ એજ ફાયદો આપે છે—જો સાપનો મોહરો હોય અને ત્યા વળગાવ્યો હોય તો અકસીરનો ફાયદો આપે છે. એચ એ રહેમાન.

વીંછુએ કરડેલુ હોય તો જ્યાં સુધી દુખાવો જણાતો હોય તો બેહરોઝાનુ તેલ ત્યા મસલી દો અને જો ભ્રુડવાની સાથેજ તરતજ લગાડી આપો ત્યારે તો ઝેર ચડશેજ નહીં અથવા સખિયા (સોમુવે) પત્થર (ઘસીને લેપ કરો *

સક્કા માખી (તતૈયા) ભીડમાખીએ કરડેલુ હોય તો કાફુર પાણીમા ઘોલી અથવા સરકો લગાડો, અથવા વાઢા પાણીમા ભીંગવી રાખો અથવા નિમકે સુલેમાની મસલો

ફાયદો સાપ વીંછુ ભીડ માખી માટે સારો ઉપાય આ છે ક તે જગ્યાએ ઘણો તેઝ ચોખ્ખો સરકો સારી રીતે મસલો તે એટલા સુધી કે (વરમ) સોજો દુખાવો તથા આગ્નિ થમી જાય આ ઘણી વેળા ઉપયોગમા આવ્યુ છે.

માકડીના ઝેર માટે કોઇ પણ ખાટી વસ્તુ મસલો–જો એથી નહીં ઉતરે અને માકડીનુ ઝેર વધુ તેજ હોય તો (આ ઉપાય કરો) અજમાની જડ ત્રણ માશા લઇ ચાર તોલા સરકામા ઉકાળો જ્યારે સરકો અરધો રહે ત્યારે ગાળી તેમા બે તોલા ગુલાબનુ તેલ અને ત્રણ માશા રસવતી મેળવી મસલો જો એથી પણ ન ઉતરે તો ઝેર ના ઉતારવાની તે દવાઓ જે હમણા ઉપર લખી ગયા છીએ જેમાં પહેલી કલોજી છે તે ખવાડો

---

* અથવા લસણ કુટી લેપ કરો અથવા તો તેજ વીછુ વાટી તેનો લેપ કરો, અથવા લસણ, હીંગ, ગંધરક અને લુણ કુટી લેપ કરો અથવા જીવતો ઉંદર કે દેડકું મારી વચ્ચેથી બે ભાગ કરી વળગાવવાથી પણ એજ ફાયદો કરે છે પણ આ ઉપાયો કર્યા પછી દુધ પીવુ શ્રેષ્ઠ છે, અથવા દસબારવાર આ મંતર કરો (આજ-કલ-પરસુ) મોંથી બોલો અને ત્યાં સૈય પરસુ ઉપર તાલી વગાડો.

એચ. એ. રહેમાન.

છિબકલી (સબ્હલી) એ ભાગ્યેજ કરડે છે પણ જ્યારે કરડે છે તો એના દાત ગોશ્તમા રહી જાય છે જેથી તાવ અને બેચેની રહે છે અને જખમમાથી પાણી વહેયા કરે છે એનો ઉપાય આ છે કે સોઇ વિગેરેથી પ્રથમ તેના દાત કહાડો અને હમણા જે દવા આવી ગઇ છે જેમા પહેલી કલોજી છે તે ખવાડો.

હડકાયલુ કુતરૂ અથવા વરૂ કે કોલું એઓના કર્ડેલાનો જખમ ભરવા દો નહીં પણ આ દવા લગાડો

રાલ	તોલો ૧
જાવતરી	તોલો ૧

બન્નેને સરકામા ઉકાળો જ્યારે સર્વ એક થાય ત્યારે તેમા

નવસાદર	તોલા ૨
સાભરલુણ	તોલા ૨

બારીક વાટી મેળવી દો સાજે (અથવા રાતે સુતીવેળા) લગાડો અને સવારે ગાઇનુ ઘી મસલો કે જખમનુ ખરાબ માસ નીકળતુ રહે જ્યારે તદન ખાત્રી થાય કે ઝેર તદન નીકળી ગયુ ત્યારે જખમના ભરવાનો ઉપાય કરો.

બીજી દવા–ગરમ બનાતના બે કટકા રૂપીઆના પ્રમાણમાં કાતરી અને તે બન્નેના વચ્ચે ઘણો જુનો ગોળ માશા ત્રણ રાખી પીત્તળ અથવા લોખણના (હાવન દસ્તા)માં એટલુ કુટો કે સર્વ એક જેવું થાય ફરી એમાથી તેના બે ખુરાક કરી ખવડાઓ ઘણીવાર આજમાવેલ છે જો સારૂ કુતરૂ કરડે તો એ સભાળણની ખાતર એજ ઇલાજ કરી લે પણ સર્વથી સારી બનાત કાળી છે જો કાળી ન મળે તો ફરી કાળા રંગનુ ઉન લ્યો અને જો કાળા રંગની ઉનપણ નહીં મળે ત્યારે જો

જે રંગની હોય લઇ લો તે પણ કામદેવાથી ખાલી નથી *

બિલાડી એમા પણ ઝેર હોય છે, એથી બચ્ચાઓને ઘણી સભાળ રાખો અને કપડાં ઉપર દુધ પડવાથી બચાવતા રહો એથી બીલાડિ આવી જાય છે

ઈલાજ આ છે કે કુદનો ખવડાઓ અને (પીયાજ) કાદાને ભરભટમા ભુજી તેમા કુદનો મેળવી સેહતુ સેહતુ બાધી દો જ્યારે સમજાય ગયુ હોય કે ઝેર ખેચાય આવ્યુ છે ત્યારે તલ પાણીમા વાટી બાધી દો.

બીજી દવા જે ઘણી વખત આજમાવેલી છે (સોવલી માછલી) લઈ તેનુ પેટ કાપી અન્દરના બધા અવ્યવો કહાડી સાફ કરી તેના કાટા કહાડી તેમા માણસનુ થોડુ પીશાબ મેળવી જખમ ઉપર બાધી દો એ રીતે દીવસમા બે ત્રણવાર બદલી દો જ્યા સુધી આરામ થાય નહીં પણ નમાજ વેળા ખોલી સાફ કરી લો

વાહરાએ કરડેલુ હોય તો (પીયાજ) કાંદા ભુજી તેમા નિમક મેળવી બાધી દો જ્યારે ઝેર ખેચાય ગયુ હોય ત્યારે મલમ રેસોલનો લગાડો અને એનો નુસખો **જખમ ભરવાના** વર્ણનમા આવી ગયો છે

કાનસલો એના કરડવાથી સાંસ ઘુંટાવા લાગે છે. અને મીઠાઇ ખાવાપર મન થાય છે. એનો ઈલાજ આ છે કે તેનેજ વાટી તે જગ્યાએ બાધો જો તે નહીં મળે તો નીમક વાટી સરકામા મેળવી લગાડો અને આ દવા ખાઓ

દવા.

જરાવદ લાબી	માશો દોઢ
પખાન બેદ	માશો દોઢ
બેખે કબેરની છાલ	માશો દોઢ
વટાણાનો આટો	માશો દોઢ

લઇ કુટી બે તોલા મધમા મેળવી ખવાડો આ એકજ ખોરાક છે, અને એને માટે દવાઉલ મિસક મૌતદીલ પણ ફાયદો કરનાર છે.

જો કાનસલો કોઇને વળગી જાય અથવા કાનમાં ઘુસી જાય ત્યારે તેના ઉપર થોડી સુફેદ સક્કર (ખાડ) નાખો તરતજ એથી તે પોતાના નખો કહાડી લેશે. અને જો (પીયાજ) કાદાનુ પાણી કાનસલા ઉપર નચોવી દો ત્યારે તો ત્યાથી છુટી આવશે વળી તરતજ મરી જશે-અને એના નખોના જખમ ઉપર કાદા ભુજી બાધવુ તો અકસીરજ છે.

કીડા-મકોડાઓને નહસાડવાનુ વર્ણન.

સાંપને નહસાડવો હોય તો અરધો રતલ નોશાદાર ને દશ રતલ પાણીમા ઘોળી તેના દરોમા તથા આખા ઘરમા છણુકો સાપ નહાસી જશે, અને જો કદી કદી છણુકતા રહેશો તો તે ઘરમા સાપ આવશે પણ નહીં

બીજો ઉપાય (બારાસીંગા) સામરનુ સીંગડુ અને બોકડીની ખરી તથા સોસનની જડ અને અકલગરો તથા ગંધરક સરખે વજન લ્યો અને આગ ઉપર સર્વને કુટી મેળવી (થોડુ થોડુ) નાખી ધુવાડો કરી ઘર બધ કરી દો ફરી થોડીવાર વીતેને ખોલી દો જો ત્યાં સાપ હશે તો નહાસી જશે.

---

*હડકાયલુ કુતરૂ કરડેલાની **બીજી દવા** આ છે કે ઉદરની લીડીઓ માશા ૬ વાટી અળદની દાળનો સાફ કરી તેમા મેળવી ખવાડો એ રીતે બે ત્રણ દીવસ ખવાડો

ચેતવણી-એનુ ખાવુ લાચારીના કારણે છે. કારણ કે હડકાયલા કુતરાનુ કરડવુ ઘણું ભય ભરેલુ છે. જેથી એવી ખવરાની બીમારીમાં દુરસ્ત છે (તિબ્બી જોહર ઉરદુ બાબ ૮)

ત્રીજી દવા સાપના દરમા રાઇ કુટી ભરી દો તો સાપ મરી જશે અને જો આપણી પાસે રાઇ વેરી સુઇ રહીએ તોપણ સાપ આવી શકતો નથી

ચોથી રીત (બચ્છ) ગળબચ્છની જડ મોમા ચાવી સાપની આગળ નાખવાથી સાપ ત્યાથી આગળ વધશે નહીં અને જો કોઇ રીતે તેના મોહમા પહોચી જાય ત્યારે તો તે મરી જશે અને એને તેના કરડેલી જગ્યાએ પણ લગાડવુ ઘણો ફાયદો આપે છે અને એનુ ખવુ પણ ફાયદો આપશે જેમકે સાપના કડવાના વર્ણનમા આવી ગયુ છે

વિછુને નહાસાડવુ હોય તો મુળા કુટી તેનુ પાણી વિછુ ઉપર રેડવાથી તે મરી જશે અને જો તેના દરમા મુળાના ટુકડા રાખીએ તો તે નીકળી શકતુ નથી અને ત્યાજ મરીજશે

ચાચડ થઇ ગયા હોય તો ઇન્દ્રાયણની જડ અથવા ફળ પાણીમા ભીંગવી આખા ઘરમા છાણુકી દો એથી ચાચડ નહાસી જશે

ઊંદર થયા હોય તો (સખીયા ઝેર) સોમુલ ઝેરથી એ મરી જશે (એટલે એને વાટી કોઇ હલવો-મીઠાઇ વિગેરે ખાવાની વસ્તુમા મેળવી તેના દરની પાસે રાખો જો એને તેઓ ખાશે તો મરી જશે) પણ બચ્ચાવાળ ઘરોમા એને રાખવુ ભય ભરેલુ છે (કે વખતે ભુલેચુકે કોઇ મીઠાઇ સમજી ખાય લે) માટે બેહતર આ છે કે-મુરદારસગ અને કાળી કુટકી બારીક વાટી મેળવી રાખી લો અથવા કાલી કુટકી અને (મજરૂલમજ) ખુરાસાની અજમો મેળવી ઉંદરની જગ્યાએ રાખ લો.

કીડીઓ હીંગથી નહાસે છે

(ભીડ) સક્ક્ષા માખી જ્યા એનુ પુડો હોય ત્યા ગંધરક અને લસણની ધુની દેવાથી મરી જશે.

કપડાઓ તથા કીતાબોના કીડાઓ માટે અફસનતીન અથવા નીમડાના પાતરા અથવા કાફુર કાપડ તથા કીતાબોમા રાખી લો

માંકડ માટે પલગ ઉપર લાલ મરચા નાખી તડકામા રાખો લો બે ત્રણ દીવસ એ રીતે કરવાથી માકડ મરી જાય છે, અને લાલ મરચાની ધુની આપવુ પણ એજ ફાયદો આપશે.

શફર માટે કેટલીક અગત્યની વસ્તુઓનુ વર્ણન.

(૧) સફર કરવા પહેલા ઝાડા પીશાબથી પરવારી જાઓ અને ખાણુ થોડુ ખાઓ જેથી શરીર ભારી ન થાય

(૨) મુસાફરીમા એવુ ખાણું ખાઓ જેથી શરીરમા લોહીનો વધારો થાય જેમકે ગોશતનો ખીમો-કબાબ-કોફતા જેમાથી સારૂ હોય અને લીલા (વનસ્પતી) ના શાકમા ગજા કમતી બને છે, જેથી એ વેળા એને ખાઓ નહીં

(૩) કેટલીક જગ્યા સફરમા પાણી કમતી મળે છે, ત્યારે એવી સફરમા ખુરફાનાબી રતલ એક અને થોડો સરકો પાસે રાખી લો અને નવ માશા (પોણો તોલો) બી ફાકી થોડો સરકો પાણીમા મેળવી પી લો એથી તોસ કમતી લાગશે જો બી નહોય તો માત્ર સરકો પાણીમા મેળવી પીવુ પણ બસ થઇ રહેશે. જો હજજની મુસાફરીમા એને સાથે રાખો તો ઘણુજ ઉપયોગી થઈ પડશે.

(૪) જો મુસાફરીમા અરકે કાફુર પણ સાથે રાખો તો ઘણું સારૂ છે એથી તોસ લાગતી નથી તેમ અધોક માટે પણ ફાયદો આપનારૂ છે એની રીત (હૈજા) અધોકના વર્ણનમા આવી ગઇ છે

(૫) સખત તાવ વેળા લૂમા ચાલવુ પડે તો તદન ભુખે પેટ ચાલવુ બહુજ નબળુ છે.

એથી લુનો અસર વધુ થાય છે શ્રેષ્ઠ આ છે કે કાંદા જુણા કાતરી દહીં અથવા બીજી કોઇ ખાટી વસ્તુમા ચાલવા પહેલાં ખાય લો અને જો કાંદાને ધીમા સુંઘી લો તો તેની વાસ પણ આવશે નહીં, અને કાંદાને પાસે રાખવાથી પણ લૂ લાગતી નથી

અને જો કોઇને લૂ લાગી હોય તો તેનુ મોંહ તાઢા પાણીથી ધોઇ નાખો અને દોધી અથવા કાકડી ચીભઢા અથવા ખુરફાના બી વાટી તેમા ગુલાબનુ તેલ મેળવી માથા ઉપર રાખો અને તાઢા પાણીના કોગળા કરાઓ પણ પાણી તદન પાઓ નહી જ્યારે જીવને કાંઇ આશરો મળે તો ચાખવાની રૂએ થોડુ થોડુ પાણી આપો અને આ દવા પાઓ પરતુ એ પણ સેહેજ સેહેજ કરી પાઓ એકજ વેળા બધુ ઉતારવા દો નહીં

જેહેર મોહરા ખતાઇ (એટલે લીલાસ અને પીળાશ રગનો નરમ પત્થર) માશો ૧

વાસકપુર (ચમકાટવાળુ) માશો ૧

દરયાઇ નારયળ રત્તી ૬

આ સર્વને બારીક કુટી ૭ તોલા ગુલાબજળમા વાટી તેમા દાડમનુ શરબત મેળવી પાઓ

અને આંબાની કાચી કેરી (મરવો) બાફી તેમાં નિમક મેળવી તેનો રસ પાવુ પણ લૂ માટે અકસીર છે રીત આ છે કે કાચી કેરીને ભરભટમા દબાવી દો શુ જાય ત્યારે કહાડી તેને ક્ચુ દી નાખો અને પાણીમા ઘોળી દો ફરી તે પાણી તેમા નિમક મેળવી પાઓ

બીજી દવા જેને લૂ લાગી હોય તેને ફાયદો આપે છે

ચણાપણી સુકી (ચણાનો શાક) તોલો અરધો લઇ અરધા રતલ પાણીમા ભીંગવી દો અને ઉપરનું નીતારેલુ પાણી પીવડાઓ અને તે શાકને હાથ અને તલવાઓ ઉપર લેપ કરી દો.

(હમલ) બે જીવથી હોય તો તેમાં કેટલીક અગત્યની તદબીરો તથા હમલની સંભાલણનુ વર્ણન.

(૧) હમલ એટલે બે જીવથી હોય ત્યારે ઝાડો કબજ નહી થવા દો જ્યારે થોડો પણ પેટમા ભાર જણાય તો એક બે વાર ચોકાશ દાર ગોશનનો શોરવો ગરમ પી લો—જો એથી પેટની કબજીયાત ગઇ ન હોય તો બે ત્રણ તોલા કાળી દરાક્ષ બી કહાડી અથવા હરડેનો મુરબ્બો ખાય લો જો એ પણ બસ ન થાય ત્યારે આ નુસખો વાપરો એમા હમલને કોઇ રીતે નુકસાન થતુ નથી, અને મેદાને તાકાત આપે છે, અને બચ્ચુ પડવા વીશે સભાળ રાખે છે

ગુલાબના ફુલની પાખડીઓ સાડા દશ માશા શ્રેષ્ઠ આ છે કે તાજી હોય નહીંતો સુકીજ લઈ રાતના દશ તોલા ગુલાબજળમા ભીંગવી દો અને સવારના એટલુ વાટો કે ગાળ-વાની જરૂરત રહે નહી ફરી એમા થોડી મિસરી મેળવી (હાથે) નાક બધ કરી પી લો, એથી બે ત્રણ ઝાડા ખુલાસેથી આવી જાય છે એટલુજ નહીં પણ આ હલકો જુલ્લાબ છે અને જેને નજલો સળેખમ એથી થઇ જવાની વધુ બીક હોય તે એને પીયે નહીં પણ હરડેનો મુરબ્બો (બે ત્રણ દીવસ) ખાય લે જો એથી પણ કાંઇ ફાયદો ન થાય તો હકીમથી પુછો †

† હરડેનો મુરબ્બો પહેલા પાણીથી ધોય અથવા તેના શીરાને કપડાથી લુછી રાતે સુતી વેળા ગરમ દુધની સાથે ખાવુ જો એક મુરબ્બો ખાધાથી કબજ દુરયો ન હોય તો બીજે દીવશે બે ખાઓ અને એથી ફાયદો ન થાય તો ત્રીજે દીવશે ત્રણ ખાય ઉપરથી ગરમ દુધ પીને સુઇ જવુ ખુદા ચાહશે તો કબજ દુર થશે પણ પ્રથમથીજ એક નગથી વધુ ખાશો નહીં કારણ, કમતાકાત હોવાને લીધે વખતે ઝાડા વધુ થાય અને તાકાત રહે નહીં,

એસ, એ. રહમાન.

(૨) હમલ હોય ત્યારે આ દવા વાપરો નહીં

(૧) (સોંફ) વરયાળી (૨) તુખમે કસુસ. (૩) (હબ્બુલ કુરતુમ) કુળ તથા કુસુમના બી. (૪) બાળછડ. (૫) ખરબુજા ના બી. (૬) ગોખરૂ (૭) હન્સેરાજ (૮) (સોદાબ) નિતલી (૯) જીરૂ (૧૦) ખતમી. (૧૧) તુખમે ખીયારેન કાકડી ચીભડાના બી (૧૨) તુખમે કાસની. (૧૩) (અમલતાસના) ગરમાલાના છોલતા

અને જેને બચ્ચુ પડી જવાની બીમારી હોય તે આ દવાઓથી પણ બચતી રહે (૧૪) બનફશાના ફુલ (૧૫) ખમીરએ બનફશા (૧૬) આલુ બુખારા. (૧૭) (સેપીસતાન) લસોડા (૧૮) રેશાખતમી.

અને હમલમાં જેને જુલાબ લેવાની જરૂરત પડે તો આ દવાઓથી જુલાબ લે નહીં અરન્ડીયુ, જલાપાજડ, રેવદચીની, તુરંજેબીન, સનામકી, ગારીકૂન, શરબતે દીનાર.

અને હમલમાં આ ગજાઓ નુકશાન કરે છે લોબયા, ચણા, તલ, ગાજર, મુલી, ચુકન્દર, હરન્નુ ગોશત, વધુ મરચા, વધુ ખટાસ, તરબુજ, ખરબુજા, વધુ આડદની દાલ, પણ કદી કદાચ ખાવામા વાધા જેવુ નથી

અને આ વસ્તુઓ નુકશાન કરશે નહીં. દરાક્ષ, પાકા જમરૂખ, નાશપતિ, સફરજલ, દાડમ, જાબુ, મીઠી કેરી બટેર, તીતર અને નાના પક્ષિઓનુ ગોશત.

(૩) ચાલવામા વધુ જોરથી પગ પડે નહીં—ઉંચી જગ્યાથી નીચે ઉતરવા ઉતાવળે ઉતરો નહી સારાસ આ કે પેટને વધુ હીલવાથી સભાળો—કોઇ વખત મેહનતનુ કામ કરો નહીં ભાર બોઝવાળી વસ્તુઓ ઉઠાવો નહીં—વધુ ગુસ્સો કરો નહીં તથા વધુ ગમ પણ કરો નહીં—રમદ લેવડાવ્યાથી તથા જુલાબથી બચતા રહો વિશેષ કરી ચોથો માસ લાગવાથી પહેલા અને સાતમા મહીના પછી તો એઓથી બચતાજ રહો સુધ દવાળી વસ્તુઓ કમતી સુઘો—અને નવમા મહીને તો ખુશબોને પાસે પણ જાઓ નહી કારણુ કે એથી બચ્ચુ મુસીબતે

---

* હમલમા આ દવાઓ વાપરવા વીશે મનાઇ કરવામા આવી છે તેના કારણો નબર દઇ તમને લખીએ છીએ જેથી તમો વીચાર કરી બીજી પણ એવી કોઇ દવા ખાશો નહીં. (૧) અદરના રસતાઓ ખોલે છે અને વારે હજમ થાય છે (૨) અદરના રસતા ખોને છે હેજ લાવે છે અને જીવ કચવાય છે (૩) મેદાને નુકશાન કરે છે અને જમેલી વસ્તુને પાતળી બનાવે છે (૪) જમેલી વસ્તુને કાઢે છે, અને ખુન જારી કરે છે (૫) રસતા ખોને છે. (૬) રસતા ખોલે છે (૭) બદ રસતા ખોલે છે અને ખુન જારી કરે છે (૮) રસતા ખોલે છે અને ખુન જારી કરે છે, અને માથુ દુખાવે છે (૯) જમેલી વસ્તુને પાતળુ કરે છે અને ખુન જારી કરે છે. (૧૦) પોતાના ચીકાશથી બચ્ચુ સેરવામા મદદ આપે છે, અને રગો ઢીલી કરે છે (૧૧) ખુનને પીગળાવે છે અને રસતાને ખોલે છે (૧૨) રસતો ખોલી ખુન જારી કરે છે. (૧૩) એના કાળા છોલતા રસતો ખોલી ખુન જારી કરે છે (૧૪) મેદાને નુકશાન કરે છે તથા મતલી પેદા કરે છે અને ધશારો કરે છે અને દીલને કમતાકાત બનાવે છે (૧૫) એમા પણ બનફશા જેવોજ અસર છે (૧૬) મેદાને નુકશાન કરે છે. અને રગોને ઢીલી કરે છે (૧૭) રગો ઢીલી કરે છે અને પોતાના લોવાબથી ફીસલાવી દે છે (૧૮) એની ખાસયત પણ ખતમી જેમ છે.

એચ એ રહમાન

થાય છે. ચાલવા ફરવાની ટેવ રાખો કારણ કે હમેશ બેસી રહેવાથી બાદી અને સુસતી શરીરમા વધતી જાય છે ધણી પાસે જાઓ નહીં વિશેષ કરી ચોથા માસથી પહેલા અને સાતમો મહીનો વીત્યા પછી તો વધુજ નુકસાન છે– અને જેનુ શરીર બલગમ બાદીવાળુ હોય તે ચીકાશ પણ ઓછુ ખાય

બકરીનો ખીમો અને ભુજેલી મગનીદાળ અથવા એવી બીજી વસ્તુઓ ખાતા રહો

પોતાનુ મન કરી ઉલટી કરો નહીં હા જો આપોઆપ આવે તો રોકવુ નહીં જે વસ્તુઓથી નજલો સળેખમ, ખાસી પેદા થાય તેઓથી બચતા રહો અને પેટને થડી હવાથી બચાવતા રહો

(૪) જો ઉલટી વધુ થયા કરતી હોય તો ત્રણ માશા અનારદાણા (દાઢમના સુકા બી) અને ફુદીનો વાટી તેમાં (શરબતે ગો।) એટલે કાચી દરાક્ષનું શરબત મેળવી ચાટી લો અને જો મેદામાં કોઇ ખરાબ વસ્તુ હોય અને એથી ઉલટી થતી હોય ત્યારે તો ઉલટી લાવનારી દવાઓથી પેટ સાફ કરી લો મેદાની બીમારીઓના વર્ણનમા આ દવાઓ લખાય ગઇ છે ત્યા જોઇ લો

(૫) જો માટી વિગેરે ખાવાને જીવ ચાહે અને થોડુ મન હોય ત્યારે તો તે પોતેજ દુર થઇ શકશે પણ વધુ મન થતુ હોય તો તે ગુલાબવાળી દવાથી પેટ સાફ કરી લો જે નબર (૧) મા આવી ગઇ છે, જયારે એથી બે ચાર ઝાડા થઇ આવે ત્યારે શરબતે ગોરા અથવા (કાગઝી) નાના ખાટાલીબુમા ખાંડ મેળવી ચાટી લો અને ચટપટી વસ્તુઓ ખાતા રહો જેમકે ચટણી ફુદનો અથવા કાશ્મીરની જેમા મરચા અથવા ખટાસ વધુ નહોય ખાણુ ખાવાની સાથે થોડી થોડી ચાટતા રહો અને કાળા મરી મેળવો તો પણ સારૂ થશે.

અને જો માટીનું મન ઘણુજ થાય તો નીશસ્તાની તળેલી ટાકલી (નાની રોટલી) અથવા વાસકપુર ખાય લો એઓથી માટીની ટેવ છુટી જાય છે

(૬) જો હમલમાં ભુખ ઉડી જાય ત્યારે ચીકાશ અને મીઠાશ કમતી ખાઓ અને તેજ ગુલાબવાળી દવા નબર (૧) વાળીથી પેટ સાફ કરી લો અને ખાણુ ખાધા પછી જવારેશ મુસતગી તોલો એક ખાય લો અથવા આ ચુરણુ બનાવી ખાવાની પહેલા અથવા પાછળ અરધા તોલાથી એક તોલા સુધી ચાટી લો

ચુરણનો નુસખો.

મુસતગી રૂમી	માશા ૬
સચળ (કાળુ લુણ)	માશા ૬
ધાણા સુકા	માશા ૬
નાની એલચીના દાણા	તોલો ૧

અનારદાના (દાઢમના બી સુકા) તોલો ૧ સર્વને કુટી ચારણીમા ચાળી (માટી, કાચ, અથવા ચીનીના વાસણમા) રાખી લો

(૭) જયારે દિલ ઢડકયા કરે ત્યારે બે ચાર ગરમ પાણીના ઘોટ અથવા ગુલાબજળના ગરમ ઘોટ પીતા રહો, અને થોડુ ચાલ્યા ફર્યા પણ કરો જો એથી નહી જાય તો (દવા ઉલમિસક મોતદીલ) ખાતા રહો

(૮) જો પેટમા દુખાવો અને હવાનુ જોર જણાય ત્યારે આ જવારેશ ઘણો ફાયદો કરશે કાલુ જીરૂ એક તોલો લઇ એક રાત દીવસ સરકામા ભીંજવી તેને ઠીકરી વિગેરેમાં ભુજી લો અને એક તોલો કુન્દર અને એક તોલો સાતર લય ત્રણે દવાઓને કુટી ચારણીમા ચાળી ૮–૯ તોલા ખાંડનુ જાડુ શરબત (કીવામ) બનાવી તેમા મેળવી દો. ખોરાક સવા બે માશાથી સાડા ચાર માશા સુધી

અથવા (આ દવા કરો) મુસલગી માશો એક નરકચુર એક માશો બને વાટી બે તોલા ગુલકન્દમાં મેળવી ખાતા રહો.

(૯) જો હમલવેળા પેચીશ થઇ ગઇ હોય તો ઘણી વખત આ દવા બસ થઇ રહે છે અને બીજી દવાની કાઇ જરૂરત રહેતી નથી

તુખમે રેહાન માશા ૬ લય ગુલાબજળ તોલા પાચમાં ઉકાળી તેમા થોડી (મીસરી) સાકર તથા નવ દાણા બદામની ગરી વાટી મેળવી ખાય લો,

અને હમલ વેળાપેચીશની બીમારીમાં વધુ કીવાબવાળી દવાઓ જેવી કે રેશાખતમી વિગેરે વાપરશો નહીં વિશેષ કરી જેને હમલ પડી જવાની ટેવ હોય.

(૧૦) જો હમલમાં પગો ઉપર સોજો ચડી આવે તો એ કાઇ બીવા જેવુ નથી પણ બેહતર આ છે કે એલચો, સોપારી અને સન્દલ દરેક ત્રણ ત્રણ માશા લય લીલી પોપટીના પાતરાના રસમા વાટી મસલો.

(૧૧)જો હમલવાળીને (કજગ્યા)ની અન્દરના શરીરમાં કાઇ તકલીફ (ખુજલીની) કે અગન બળતી હોય તે વેળા રસવતી ત્રણ માશા લઇ ગુલાબજળ તથા મેહદીનો રસ એક એક તોલામા મેળવી—અથવા મુલતાની માટી હીના પાણીમાં ઘોળી લગાડો.

(૧૨) જો હમલમાં લોહી આવવા લાગે ત્યારે કુરસે કેહરબા (પાચ માશાથી સાત માશા સુધી) ખાઓ અને તે દવાઓથી ઉપાય કરો જે કે ઇસતેહાઝાના વર્ણનમાં આવી ગઇ છે.

(૧૩) જેને હમલ પડી જવાં કરતુ હોય તેણીએ ચાર મહીના સુધી અને સાતમો માસ વીત્યા પછી ઘણી સંભાળ રાખે કોઇ ગરમ વસ્તુ ખાય નહીં તેમજ કોઇ ભારે વસ્તુ ઉઠાવે નહીં એટલુ જ નહીં પણ હમેશ (લગોટ) કાછડો બાધતી રહે.

અને જયારે પડવાની કાઇ નીશાની જણાય ત્યારે (કોઇ સારા) હકીમથી તરતજ ઇલાજ કરાવી લો અને જો પડી ગયુ હોય ત્યારે તો વધુ સભાળ રાખવાની જરૂરત છે. કોઇ પણ કામ હકીમની રાય લેવા વિના પોતાની અકલથી એમા કરશો નહીં છતાં કેટલીક અગત્યની વાતો હમો પણ જે એમા કરવાની છે તે બતલાવીએ છીએ અને વળી એમા એવુ હોય છે કે જો એક વેળા હમલ પડી ગયુ હોય તો આગળ પણ એ બીમારી વળગી રહે છે, અને પડી જવા કરે છે અને જો બચ્ચુ અમર થયુ હોય તો એ પણ કમતાકાત હોય છે. અને જીવતુ નહીં અને જો જીવી ગયુ તો તે (ઉમ્મુસ સિબયાન) એટલે આકલાની બીમારી તથા મરગી વગેરે બીમારીમા સપડાયલુ રહે છે, એની રોક થાય માટે આ માજુન બનાવી હમલ રહ્યા પછી ચોથો મહીનો લાગ્યા પહેલા ચાળીશ દીવસ સુધી સાડા ચાર (૪॥) માશા જેટલુ દરરોજ ખાતા રહો અને હમલ રહ્યા વિના જો એને ખાતા રહેશો તો પણ રહમને તાકાત આપશે. પણ હમલ રહ્યા પહેલા હકીમની રાઇ લઇ જો જુલાબ લેવાની જરૂરત હોય તો જુલાબ પણ લઇ લો.

ઉજળા સદલનો વેહેર	રત્તી ૧૦
લાલ સદલનો વેહેર	રત્તી ૧૦
માજુફલ લીલા રગનુ	રત્તી ૧૦
દરૂનજ અકરબી	રત્તી ૧૦
હરે સલીબ	રત્તી ૧૦
કાચુ આબેશમ કતરી સાફ કરેલુ	રત્તી ૧૦
આજુબારની જડ	રત્તી ૧૦
ગિલે અરમની	રત્તી ૧૦
ખુરફાના બી.	માશા ૨॥

તરબુજના છોલેલાબી.	માશા ૨॥

સર્વને કુટી કપડાના ચાળી લો અને શરબતે ગોરા તોલા ત્રણ અને દોઢ માશો અને ઉજલી ખાંડ તોલા છ અને માશા ત્રણ અને ચોખ્ખુ મધ બે તોલા એક માશો એઓ સાથે મેળવી કીવામ કરી લો અને એ દવાઓ એમા મેળવી દો કરી એમા

ઉજલા તારા ખેતી	રત્તી ૧૦
ચમકતો કહેરો	રત્તી ૧૦
બાસકપુર	રત્તી ૧૦
ચાદીના વરખ	નગ ૨॥

એઓને અરકે ને મુશક તોલા ચારમા તદન જુદા કરી મેળવી દો એથી દુધ પણ વધશે અને બચ્ચાને આકનાની કે મિરગીની બીમારી પણ થશે નહી

હમલ પડી જવું એટલે (ઇસકાત) ના ઉપાયોનુ વર્ણન.

હમલ પડી ગયા પછી ખોરાક તદન બંધ કરી દો જ્યારે ભુખ વધુ લાગે ત્યારે ખરબુજાના દાનના બી બે ત્રણ તોલા (હીકરી) દિવેમા ભુનો અને સવાર થાય એટલા માટે મેકુ હાઇગી મક તથા કાળા મરી વાટના મેળવી અથવા કાલી દરાક્ષ ખવાડો એ પરેક ત્રણ દીવસ સુધી કઇ ખાવાનુ આપો નહી

અને પેટની સફાઇ માટે આ નુસખો પીવડાઓ.

ખરબુજાના મગજ	માશા ૬
ગોખરૂ	માશા ૬
કાસનીની જડ	માશા ૫
પરસીયાવશાં (હંસરાજ)	માશા ૫
સોંફ (તિતલી)	માશા ૫
મુશક તરામશી એટલે પહાડી પુદનો	માશા ૫
અને ગરમાલાના કાળા છોલતા	તોલો ૧

સર્વને દોદરૂ કુટી (રતલ–સવા રતલ) પાણીમાં ઉકાળો (જ્યારે પોણો રતલ રહે) ત્યારે કપડામાં ગાળી તેમા શરબતે બજુરી બારેદ તોલા ત્રણ મેળવી ઉકાલુ પીવડાઓ

અને કમ્મર તથા દુટી નીચે નીમડાના પાતરાથી સેકતા રહો

ચોથા દીવસે થોડા આખા મુંડ (અના જની જાત જેની દાળ પણ હોય છે, મગ) ઉકાળી તેનું પાણી પીવડાઓ ફરી પાચમા દિવસે (ગોશતના) શોરવામા રોટલી ચુરી ભીંજવી નરમ કરી આપી દો અને પેટની સફાઇમા કસર રહેવા દો નહીં અને એ વતરોક બીજી તદબીરો સત્રાવડી જેવી હોય છે. જેનુ વર્ણન આગળ આવે છે તે કરી લો

અને કેટલીક સ્ત્રીઓને બચ્ચુ પડી જવાથી રહમ અને કલેજામા કમજોરી આવી જાય છે ત્યારે આ બીમારીને પરસોત કહે છે એને માટે આ દવા ઘણીજ ફાયદો આપનારી છે

કોહ્યુ લોબાન લય વાટી લો અને એક માટીના સકોરામા બીછાવી ઉપરથી બીજુ સકોરૂ તે પર મુકી ઢાંકી લો અને કીનારાઓની કોરને આટાથી બંધ કરી લો અને નીચે દીવો મુકી (બત્તીની) આંચ આપો ત્રણ–ચાર કલાકમા લોબાનનો સત્વ (જોહર) ઉડી ઉપરના સકોરામા વળગી જશે અને નીચેના સકોરામા કાઇક રાખ જેવુ રહી જશે. એજ રાખ લય લો અને એના બારોબાર કસ્તુરી લય પાણીથી ઘુંટી ચણાં કરતાં ભમણી ગોળીઓ બનાવી લો અને એક ગોળી દરરોજ સરદીની મોસમમા (૪૦) ચાલીસ દીવસ સુધી ખાતા

રહો–અને દેહ થડુ હોય તો ગરમીના દીવસોમા પણુ ખાઇ સખીએ છીએ. *

અને ઘોખાનનો તે જોહરં જે ઉપર ઉડી સકોરામા છે બચ્ચાની (ડિબ્બા)ની બીમારી અને પાસલાના દુખાવાને એક બે ચોખાભાર ખવાડાવવું ઘણોજ ફાયદો આપશે

સુવાવડી વિષે કેટલીક તદબીરોનું વર્ણન

(૧) જ્યારે નવમો મહીનો શુરૂ થાય કે હરરોજ એક માશો મસતગી જીણુ વાટી તેમા બદામનુ તેલ નવ માશા અને થોડી મિસરી મેળવી ચાટી લો–જો બદામનુ તેલ સાફ નહીં મળે ત્યારે બદામના છોલેલા બી નંગ અગીઆર તદ્દન બારીક વાટી તેમા મિસરી મેળવી ચાટી લો

અને જેનો (મેદો) પાચનશક્તિ સારી હોય તેને મસતગી મેળવવાની કાઇ જરૂરત નથી

અને ગાયનુ દુધ જેટલુ હજમ થય શકે પીતાં રહો અથવા ગાયનુ માખણુ હજમ પરમાણે ચાટી લો અથવા બે-બે તોલા કોપરૂ (નારિયળ) તથા મીનરી કુટી એક કરી હરરોજ ખાતા રહો–આ સર્વ દવાઓથી બચ્ચુ ઘણીજ સેહનાઇથી થાય છે

અને જ્યારે દહાડા થોડા રહે ત્યારે ગરમ પાણી વળે દુટી નીચલી ધાની સેકતા રહો અને ઘણોજ ચીકણો (ઘી વાળો) શોરવો પીતા રહો

અને જ્યારે વખત ઘણોજ પાસે આવ્યુ હોય ત્યારે આ દવા ઘણીજ ફાયદો આપશે

અમલતાસના છોલના દોઢ તોલો દોદરૂ કરી પોણા રતલ પાણીમા જોશ દઇ તેમા શરબતે બઝુરી તોલા ત્રણ મેળવી પીવડાઓ અને મકનાતીસ પત્થર ડાબા હાથમા લેવાથી અથવા (અમદ) મુરગાની જડ ડાબી રાન ઉપર બાધવાથી પણુ બચ્ચુ પેદા થવામા ઘણીજ આસાની થાય છે

વળી એમા આ તેલ ઘણોજ ફાયદો આપશે

બાબુનાના ફુલ	માશા ૬
બનફશા	માશા ૬
ખતમીના બી	માશા ૬
ઇકલુલ મલેક	માશા ૬
અલસીના બી	માશા ૬
ટેસુના ફુલ	તોલા ૨

સર્વને બે રતલ પાણીમા ઉકાળી લો જ્યારે અરધુ પાણી રહી જાય ત્યારે (હાથે) મસળી ગાળી લો અને તેમા અરન્ડયુ તેલ પા (૦।) રતલ અને ગાયના નળાનો ગુદો તોલા બે તથા બે તોલા બકરાના ગુરદાની ચરબી મેળવી ફરીથી પકાઓ જ્યારે પાણી બળી જાય અને તેલ રહી જાય ત્યારે ઉતારી ગાળી લો જ્યારે જરૂરત હોય ત્યારે ગરમ કરી દુટીના નીચે અને કમ્મર ઉપર મસલો અને હાથથી અંદર

* આ પરસોતની બીમારીમા ઝાડા થાય છે. અને ઝાડા થવા છતા પેટ હલકુ પડતુ નથી. પણુ પેટનો દુખાવો વધતોજ રહે છે અને ઝાડાનો ઉછાળો (દોરો) હોયા કરે છે એને માટે આ દવા ખરેખર અકસીર છે પણુ એ નુસખો તાવ હોય ત્યારે આપવો નહીં અને જો તાવ હોય તો આ દવા કરી લો તાલીસપત્તર બે માશા, કાલા મરી બે માશા, સુંઠ ત્રણુ માશા, ઝીણી પીપલ ચાર માશા, વાસેકપુર પાંચ માશા, નાની એલચીના દાણા છ માશા, દારચીની ચાર રત્તી, સર્વ કુટી ચાળી લો, તેમા મીસરી અઢી તોલા મેળવી ફક્કી બનાવી લો અને અડધું તોલો રોજ ખાતા રહો જો વરમ ન હોય તો દુધ સાથે અને સોજો હોય તો પાણી સાથે. ફાકો (કરતાં)

પણુ વપરાઓ—અને જે સ્ત્રીના રહેમમા વરમ હોય ત્યારે તેનું બચ્ચુ થતી વેળા આ તેલની માલીશ થવુ ઘણુંજ અગત્યનુ છે.—નહીં તો તે સ્ત્રીના મરી જવાનો ડર છે, અને આ તેલ એટલાજ માટે ઘરોમાં રહેવુ અગત્યનુ છે

અને જો તકલીફ વધુ હોય અથવા બચ્ચુ પેટમા મરી ગયુ હોય તો તરતજ હકીમને ખબર કરી દો

(૨) આ વાત મશહુર છે કે, બચ્ચાને માટી અથવા ચણાના આટા (બેસન) થી નહાડાવવામા આવે એની જગ્યાએ જો નિમકના પાણીથી નહાવડાઓ અને થોડીવારે ફરી સાદા પાણીથી નહાવડાઓ તો ઘણીજ બીમારીઓથી જેમકે ફોડા—ફુલ્લી વિગેરે સર્વથી બચાવમા રહેશે —પણુ નિમકના પાણીથી નહવાડતા રહો. અને જો મેલ નહોય તોપણુ ચાલીશ દિવસો સુધી ત્રીજો અથવા ચોથો દીવસનો વારો નાખી સાદા પાણીએથી પણુ નહવાડતા રહો અને નહવાડી રહ્યા બાદ તેલ મસલી દો —જો તેલની માલીશ ચાર—પાચ મહીના સુધી રાખો તો વધુ બેહતર છે

(૩) બચ્ચાને એવી જગ્યાએ રાખો જ્યા વધુ અજવાળુ નહોય વધુ અજવાળાથી તેની નીગાહ કમતાકાત બની જાય છે.

(૪) બચ્ચાની ગુટીની દવાઓમા (એટલે શરૂઆતમા તેને દુધ આપવાને બદલે જે દવા-ઓનુ પાણી તેના પેટની સફાઇ માટે પીવ-ડાવવામા આવે છે તેમા) જે ગરમાલાનો ગર હોય છે તેને બીજી દવાઓની સાથે ઉકાળવુ નહીં ઉકાળવાથી એનો અસર જતો રહે છે પરન્તુ અલગ ભીંગવી ગાળી લો. અથવા ઉકાળેલી દવાઓમા મેળવી ગાળી લો.

(૫) બચ્ચાને દુધ આપવા પહેલાં કાંઇ મીઠી વસ્તુ જેમકે મધ અથવા ખજુર ચાવેલું વિગેરે આગલી ઉપર લગાડી તેના તાળવામાં લગાડી દો

(૬) વધુ રીવાજ આ છે કે દરેક સુવાવડીને સોફ અજમો વિગેરે ગરમ દવાઓનુ પાણી અપાય છે પછી ભલે તેનો મેઝાજ (દેહ) ગરમ હોય કે થડી હોય અથવા તો તે બીમાર હોય આ રીવાજ ઘણોજ બુરો છે પરન્તુ તબીયતની માફક દવા દેવી જોઇએ.

જો સ્ત્રીનો થડો મિઝાજ હોય ત્યારે મજીઠ, સોફ, નરકચુર અને સુકી મકોના બી. દરેક એક એક તોલો લઇ સર્વને આઠ રતલ પાણીમાં ઉકાળો જ્યારે છ રતલ પાણી રહે ત્યારે વાપરો—અને જો દેહ ગરમ હોય તો સુકી મકો, ખરબુજાના બી અને ગોખરૂ દરેક બે—બે તોલા સર્વને આઠ રતલ પાણીમાં ઉકાળો જ્યારે છ રતલ રહી જાય ત્યારે વાપરો

અને જ્યારે સુવાવડીનો તાવ હોય તો માત્ર સુકી મકોનુંજ ઉકાળેલું પાણી આપો

એવીજ રીતે આ પણુ રીવાજ છે કે સુવાવડીને (અચ્છવાની) મગજયુ અને ગુંદર સુઠપાક જરૂર આપે છે. એ પણુ બુરો રવયો છે કોઇને માફક આવે છે તો કોઇને નુકશાન કરે છે વિશેષ કરી તાવમા તો એ વસ્તુઓ વધુજ નુકશાન કરે છે.

જો સુવાવડી બીમાર હોય અથવા પાચન શક્તિ નબળી હોય ત્યારે સર્વથી સારો ખોરાક શોરવો અથવા યખની છે —એ વગર રોટલી નહીં આપો તોપણુ નબળુ નથી—અને જો તાવ અથવા બીમારી વધુ હોય તો હકીમથી પુછી તે જે બતલાવે તે આપો.

જેને ગુંદર માફક ન હોય તેને તે લાડુ જેની રીત (રહેમમાંથી હમેશ પાણી વહ્યા

કરવાના વર્ણન) મા હમો લખી ગયા છીએ ત્યાં જોય બનાવી આપો

(૭) બચ્ચાને વધુ વાર એકજ કરવટે સુવાડી એક જગ્યાએ તેની નીગાહ (આંખો તકવા) દો નહીં એથી બાડાપણું થઇ જાય છે. જેથી કરવટ બદલતાં રહો

(૮) સુવાવડીને પણ તેલ ચોપડવુ ઘણુ ફાયદા ભરેલુ છે. પણ ઘણી સ્ત્રીઓને તેલ ગરમી કરે છે અને ફોડા ફુલીઓ થય આવે છે એઓ માટે આ તેલ સારૂ પડશે

ઝાવના પાતરા,	તોલા ૧૦
મેંધીના પાંતરા	તોલા ૫
નીબોલી (નિમડાની)	તોલા ૫
મજીઠ	તોલા ૨

સર્વને રાતના ૨-૩ રતલ પાણીમા ભીંગવી રાખો અને સવારે ઉકાળી હાથે મસલી કપડામાં ગાળી તેમા (સરસ્યુ) કડવુ તેલ અથવા તલનુ તેલ બે રતલ મેળવી ફરી ઉકાળો કે પાણી સર્વ બળી જાય અને તેલ રેહે ત્યારે તેમા

મુસતગી રૂમી	તોલા ૨
કડવી કૂટ	તોલો ૧

સારી રીતે ઝીણુ વાટી મેળવી રાખી લો અને હુંફાળુ કરી ચોપડાઓ.

(૯) જેને દુધ કમતી હોય તેણીએ દુધ પચતુ હોય તો દુધ પીવુ અને બકરીનો ભેજો વધુ ખાતા રહેવુ-અને મરઘાનો શેરવો પીવો અને આ દવાઓ પણ એને માટે ફાયદો આપશે.

કલોંજી માશા ૫ અથવા લાલ તોદરી માશા ૫ હમેશ દુધની સાથે ફાકતા રહો

અથવા હળુ જીરૂ બે તોલાને એક રતલ ઘી, માં થોડું પ્રથમ શેકી, તેમાં ઉજળી ખાંડ બે રતલ તથા એક રતલ સોજી (રવો) મેળવી કેવામ કરી હલવો જેમ બનાવી લો ફરી તેમાં બદામની ગરી, ખારક, નારયળ, ચલગોઝા જોયતુ મેળવી દો. ખોરાક બે તોલાથી ચાર તોલા સુધી છે.

અથવા ગાજરનો હલવો ખવડાઓ-અને ખોરાક સારો ખવડાવો.

(૧૦) દુધ પીવડાવનારી નુકશાન કરનારી વસ્તુ કશુ ખાય નહીં એજ રીતે (તરેહ તેઝક-એટલે તરમરા લાલ પીળા ફુલ વાળી જે વધુ ગરમ હોય છે) તેનો શાક અથવા રાઇ-ફોદીનો પણ ખાવુ નહીં કારણ એઓથી દુધ બગડી જાય છે.

(૧૧) જો દુધ છાતીઓમાં જમી ગયુ અને તેથી ખજવાટ જણાય તો તરતજ એનો ઇલાજ કરી લો એક ઇલાજ આ છે કે બનફ્શા, ખતમી, ગુલેબાબુના, દરેક તોનો તોલો અને ટેસુના ફુલ બે તોલા લય ચાર રતલ પાણીમા ઉકાળી બાધી દો-જ્યારે ટાઢુ થાય ત્યારે કહાડી લો. *

(૧૨) જેનુ દુધ ખરાબ હોય તો બચ્ચાને પીવડાઓ નહીં-પહેલા એક ટીપુ નખ ઉપર કાઢી જોય લો જો તરતજ વહી ગયુ અથવા ઘણીજ વારે વહેયુ તો ખરાબ ગણાશે. અને જો થોડુ વહી, રહીજાય તો સારૂ છે

* વળી કાંઇ વાગી પડવાથી જો છાતીમા ગાઠ બધાય ગઇ હોય અને તેથી દુખાવો થયો હોય પણ હજી જખમ થઇ પાકયુ ન હોય તેને માટે બદામ, કાળી દરાક્ષ, (કિશમિશ) લાલ દરાક્ષ, બીકહાડી દરેક બે બે તોલા અને તેમાં જદવાર માશા ૬ મેળવી લો અને પાણીમાં વાટી ઉકાળી કરી લેપ લગાડો બે ચાર વાર સવાર સાજ લગાડશો તો આરામ થઇ જશે,

એચ. એ. રહમાન,

અને જો દુધ ઉપર માખ બેસે નહીં તે તો બુરૂ જ છે

બચ્ચાઓની દેખરેખ તથા તેઓની સંભાળણનુ વર્ણન.

(૧) જ્યારે દુધ છોડાવવાના દિવસો નજીક આવ્યા હોય અને બચ્ચુ કાઇ કાઇ ખાતુ થાય ત્યારે તેનો ખ્યાલ વધુ રાખો કે કોઈ સખત વસ્તુ ચાવી લે નહીં એમા દોષ આ છે કે તેના દાંત મુશકેલીએ નીકળે છે એટલુજ નહીં પણ હમેશને માટે દાત કમજોર રહેશે

(૨) એવા વખતમા પેટ ભરી ખોરાક તથા પાણી પણ વધુ આપો નહી, એથી મેદો હમેશને માટે કમતાકાત થઇ જાય છે.

જ્યારે થોડુ પણ પેટ ફુલેલુ જણાય આવે તો તરતજ ખોરાક બધ કરીદો અને બને ત્યા સુધી બચ્ચાને સુવાડી દો એથી આગનો ખોરાક જલદી હજમ થઈ જાય છે

(૩) જો ગરમીના દિવસોમાં દુધ છોડવવામા આવ્યુ હોય તો તરસ અને ગરમી લાગવા દો નહીં તેની રીત આ છે કે દરરોજ જેહેર મોહરા ગુલાબજળ અથવા પાણીમા ઘસી પીવડાવતા રહો અને વધુ ચીકાશ ખવાડો નહીં અને હમેશ ત્રીજા દિવસે તેના તાળવા ઉપર મેહદીની ટાકલી રાખીલો અથવા નિશાસતો ગુલાબજળમા મેળવી, તાળવા ઉપર મસલી દો એથી (સુખા) તાન ની બીમારીથી પણ બચાવ રહેશે

અને જો ઘણીજ તાઢના દિવસોમા દુધ છોડાવવામા આવ્યુ હોય તો સરદીથી બચાવતા રહો અને કોઈ ભારી (ખોરાક કબજ કરે) એવી કાઇ ખાવાદો નહીં અને બદહજમીનો ખીયાલ રાખતા રહો.

(૪) જ્યારે દાતનાં મસોડા સખત થઇ જાય અને દાત નીકળતા જણાય ત્યારે મરઘાની ચરબી મસોડા ઉપર મસલતાં રહો અને માથુ તથા ગરદન ઉપર તેલ સારી રીતે મસલ્યા કરો. અને કાનમા પણ સારી રીતે તેલ નાખતા રહો કે જેથી મેલ જમે નહીં, અને આ દવા વાપરતા રહો કે દાત ઘણી સહેલાઇથી નીકળતા રહે

અળસી	માશા ૬
મેથીના બી	માશા ૬
ખતમી	માશા ૬
બાબુનાના ફુલ	માશા ૬

સર્વને રાત્રે પાણીમાં ભીંગવી સવારે જોશ દઇ મસલી કપડામા ગાળી તેમા ત્રણ તોલા ગુલાબનુ તેલ અને બે તોલા મધ અને એક એક તોલો બકરાના ગુરદાની ચરબી તથા મરઘાની ચરબી મેળવી ફરીથી ઉકાળો કે પાણી બલી ને તે મલમ જેવુ બની જાય ફરી તેમા નિમક માશા ૭ બારીક વાટી મેળવી રાખી લો અને ઉફાલુ કરી દરરોજ મસોડા ઉપર મસલતા રહો અને મરઘાની ચરબી નહીં મળે તો ગાયના નલાનો ગદ્દ મેળવો

અને કદી દાતોનુ મુશકેલીએ નિકળતા એવુ થાય છે કે બચ્ચાઓના હાથ પગો એઠી વળવા લાગે છે તે વેળા માથા અને ગરદન ઉપર તેલ મસલો

(૫) જ્યારે દાત થોડા ઘણા નિકળી આવે અને બચ્ચુ પણ કાઇ ખાતુ થાય ત્યારે જેઠી મધની જડનો ગાઠયો (લાકડી) એક લઇ તેના ઉપરની છાલ છોલી પાણીમા ભીંગવી નરમ કરી બચ્ચાના હાથમાં પકડાવી દો કે તેથી રમયા કરે, અને તેને ચાવતુ રહે એથી એક લાભ તો આ છે કે તે પોતાની આગલી ચાવશે નહીં અને બીજુ દાત નીકળવામા તેના મસોડા ફુલશે નહીં અને દુખશે નહીં.

અને કદી કદાચ નિમક અને મધ મેળવી મસોડા ઉપર મસલતાં રહો એથી મોહ આવશે નહીં, અને દાત ઘણીજ સહેલાયથી નીકળી આવશે

(૬) જયારે બચ્ચાની જીભ બોલવાનુ કરે ત્યારે કદી કદાચ બચ્ચાની જીભની જડમાં આંગળી વળે મસળી દો એથી ઘણી જલદી સાફ બોલવા લાગે છે

(૭) હિકમતની કીતાબોમા લખાયલુ છે કે નમલી ટેવથી પણ તદુરસ્તી (આરોગ્યતા) ખરાબ થાય છે એટલા માટે બચ્ચાઓની આદતો સુધારવા ઉપર ઘણોજ ખિયાલ રાખતા રહો વળી તેની સામે કોઇપણ ખરાબ ચાલ કે રીત કરવામા આવે નહીં

(૮) બચ્ચાઓને કોઇ ખાસ ખોરાકની ટેવ પાડો નહીં અને મોસમમા થતી સર્વ વસ્તુઓ પણ ખવાડતા રહો જેથી તેને ટેવ રહે હા વારે વારે તેને ખવાડો નહીં જયા સુધી એક વસ્તુ હજમ થાય નહીં ત્યા સુધી બીજી વસ્તુ નહીં આપો અને કોઇ વસ્તુ એટલી બધી ખવાડો નહીં કે હજમ થાય નહીં

અને લીલા મેવાઓ ઉપર પાણી ન આપે તેમજ ખાટી વસ્તુ પણ વધુ નહીં ખાવા દો વિશેષ કરી છોકરીઓને તો ખટાશ ઘણુજ નુકસાન કરે છે અને ખાણુ ખાતી વેળા કે પાણી પીતા બચ્ચાઓ ઉપર તાકીદ રાખી નીગાહ રાખો કે હસે નહીં તેમજ કોઇ એવી રીત કરે નહીં કે જેથી કોળયો અથવા પાણીનો ગોટ નાકમા ચઢી જાય નહીં.

અને બચ્ચાઓને શક્તિ મુજબ સારી ગજા ખવડાઓ જે કાઇ એથી શરીરમાં તાકાત-આવી ગઇ હશે તે આખી ઉમ્મર કામ લાગશે વિશેષ કરી તાઢના દિવસોમા (સુકો) મેવો અથવા તલના લાડવા ખવાડતા રહો. નારીયલ અને મિસરીથી પણ તાકાત આવે છે, અને એનાથી પેટના કરમ થતા નથી–અને સુતામાં પેશાબ પણ વધુ આવતી નથી. એજ રીતે બીજા મેવાઓમા પણ ઘણા ફાયદાઓ છે *

(૯) બચ્ચાઓને મહેનત કરવાની આદત જરૂર પાડો એટલુજ નહીં પણ જરૂરત જેટલુ તો બચ્ચાઓને (મુગદલ કે ડંડ)થી પહેલવાની ની આદત પાડો–જો શક્તિ હોય તો ઘોડાની સવારીની આદત પાડો અને છોકરીઓને પ્રથમ નાની ઘટી ફરી જરા મોટી ઘટી અથવા તો ચરખો કાતવાની ટેવ પાડી દો

(૧૦) ખતના (સુન્નત) બચ્ચાની જેમ નાની ઉમરમા થાય તેમ સારૂ છે. એથી તકલીફ કમતી થાય છે, અને જખમ પણ જલદી ભરાય છે

(૧૧) વધુ નાની ઉમરમાં પરણાવી દેવામા ઘણાઓ નુકસાન છે સારૂ તો એજ છે કે છોકરો જયારે કમાવવા તથા છોકરી જયારે ઘર ચલાવવાનો બોઝ ઉઠાવી શકે ત્યારે નિકાહ કરાવી દો

"બચ્ચાઓની બીમારીઓ તથા તેના ઉપાયનુ વર્ણન.

ફાયદો બચ્ચાઓને ઘણીજ તેઝ દવા આપો નહીં ફરી તે ગરમ હોય જેમકે ઘણી

* **બદામ મીઠી** મગજશક્તિ–આખોની બીનાઇ–અને દિલને તાકાત આપે છે **પિસતા** દિલ–દેમાગ અને મેદાને તાકાત આપે છે. **અખરોટ** બધા આઝાઓને તથા શરીરને તાકાત આપે છે **ચિલગોઝા** શરીરમા તાકાત આપે છે **લાલ દરાક્ષ** જીગર, દિલ, અને ખુન દેમાગને તથા શરીરને તાકાત આપે* છે.– **અજીર** શરીર જાડુ બનાવે છે પણ વધુ ખાવા નહીં. **અગુર** શરીર જાડુ કરે છે અને ખુન સારૂ પેદા કરે છે એમ. એ. રહમાન

જાતની ભસ્મ (ખાક) અથવા થડી તાસીરવાળી હોય જેમકે કાફુર-એથી દુધ પીતા દિવસો સુધીમા તો બચતા રહેવુ જરૂરી છે એ પછી પણ ૧૪-૧૫ વરષની ઉમર સુધી બચતા રહેવુ

અને દુધ પીતા બચ્ચાઓના ઇલાજમાં દુધ પીવડાવનારીને પરહેજ કરવો ઘણુજ અગત્યનુ છે

અને જ્યા સુધી બચ્ચાની ઉમર બાર વરષની થાએ નહીં ત્યા સુધી કદી ફસદ લેવડાઓ નહીં-જો ઘણીજ લાચારી હોય તો એની જગ્યાએ લુમડી બેચાઓ

અને આ વાત યાદ રાખવાની છે કે જ્યારે કોઈ ખાટી દવા કે ખોરાક દુધ પીતા બચ્ચાને આપવુ હોય ત્યારે એમા અને દુધમા બે કલાકનો ગાળો રાખી આપો જેથી દુધની સાથે મેદામા ખટાસ પણ ભેગો થાય નહીં કેટલીક વેળા એથી વણજ નુકસાન થય જાયછે

હવે કેટલીક બીમારીઓ લખવામાં આવે છે

ઉમ્મુસસિબ્યાન એને કમટીરા-તથા મસાન પણ કહે છે (જેને આપણે ત્યા આકની અથવા આકલા, મિરગી, ફેફરૂ આવવુ પણ કહે છે) એમા બચ્ચુ એકાએક બેહોશ થઇ જાય છે-અને હાથ પગોમા ખેચ થઇ વલવા લાગે છે-અને મોહથી લળ (ઝાગ) આવે છે એનો પુરો ઇલાજ તો હકીમથીજ કરાવવો જોઇએ.

અત્રે કેટલીએક અગત્યની વાતો સમજી લો કે જ્યારે એનો દોરો (ઉછાલો) જણાય ત્યારે તરતજ તેના બાજુઓ (કહોણીથી ઉપર) અને બન્ને રાન થોડુ કસીને બાધી દો અને છુટેલી રાહથા તેની હથેલીઓ તથા તલયા ઓની માલીશ કરી લો અને મોહની ઝાગ સાફ કરી લુછી લો-અને એ બીમારીવાળાને ઘણી તેજ અને ચમકતી વસ્તુ જોવાથી તેમજ ગેટા-ગાઇના માસ ખાવાથી પણ તાકીદે બચાવતા રહો અને (જુદ બેદસ્તર) સુઘાડવુ તથા બચ્ચાના બીછાણા ઉપર ચારે * જગ્યા આસે પાસે થોડુ મુકી દેવુ પણ ફાયદો આપશે વિહેષ કરી ચાદના શુરૂ માસમા કારણ કે આ દિવસો તેના વધુ ઉછાલા મારવાના (દોરો પડવાના) છે અને ઘણી વેળા મોટા થયા પછી તો પોતેજ ચાલી જાય છે અને આ બીમારીનુ વધુ કારણ તો ઝિના (રહમ) ગર્ભસ્થાનનુ ખગાબ થવુ છે જેથી જે ઝિના બચ્ચાઓને આ બીમારી થતી હોય તેણીએ તે માજુન બનાવી ખાવુ ઘણોજ ફાયદો કરશે તેમજ વધુ જરૂરી છે.

અને તે માજુનનો નુસખો હમેલની તદબીરોના વર્ણનમા તદન છેવટમા લખાયો છે

---

* તેમજ સખત બોલવુ-કે બીવડાવવુ કે પાણી વહેતુ જોવુ-અથવા ઉંચી જગ્યાએ ચઢવુ-એ સર્વથી પરહેજ કરો-અને દુધ પીવડાવનારીએ તાપ લાવનારી વસ્તુઓ જેમકે અજમોદના બી તથા જાડી ખરાબ તરકારી અને મીઠાસ તથા ચીકાશદાર વસ્તુ કે ભાજી પાલા વિગેરે તથા સોહબતથી ખાસ પરહેજ રાખવો જોઇએ અને જો દોરો વારે વાર થાય તો જુદબેદસ્તર રાતના તો બચ્ચાને ખવડાવી પણ દો. પણ ઝાડો કબજ રોકવાનો વધુ ખ્યાલ રાખો. અને તરતજ ખુલાસો થવાનો ઉપાય કરી લો

એચ. એ રહમાન.

વળી તેની પહેલી દવાઓ બન્ને તરેહના સદઃ છે (ત્યા જોય બનાવી લેશો) *

સુખા—એબીમારીમા બચ્ચાને તરસ વધુ હોય છે અને તાનકીનુ હીલવુ બધ પડે છે અને તેનુ શરીર જેમ જેમ સુકાતું નબળુ થાય છે ત્યારે છેવટે ખાસી પણ થાય છે અને ઝાડા પણ થવા લાગે છે એનો ઇલાજ આ છે કે કાકડી અથવા કુલફા બે તોલાને છુદી તેમા ગુલાબનુ તેલ મેળવી તેની ગોળ ટાકલી કરી તાળવા ઉપર મુકો જ્યારે તે ગરમ થાય ત્યારે બદલી દો અને

કુલફાના બી	માશા ૨
કાસનીના બી	માશા ૨

ગાવ જુબાનનુ અરક તોલા ૩ મા વાટી લો ફરી કપડામા ગાળી તેમા મીઠા દાડમનુ શરબત તોલો ૧ મેળવી દો ફરી તેમા

વાસ કપુર	રત્તી ૪
ઝેહેર મોહરા ખતાઇ	રત્તી ૪

અરકે બેદમુશક તોલા બેમા ઘસી મેળવી પીવડાવો

---

* એના ઇલાજની મુદ્દતમાં આગલા ઘણા હકીમોએ મતફેર જણાવ્યો છે તેમા બુકરાત કહે છે કે જવાની પહેલા ઇલાજ થઇ શકે છે પણ પચ્ચીશ વરસ સુધી સારૂ થવુ ઘણુંજ કઠણ છે અને પચ્ચીશ વરસ વિત્યા બાદ સારૂ થવુ અસભવિત છે. પણ શફાઉલ અસકામવાળા ખિઝરખાની કહે છે કે કોઇ પણ ઉમ્મરમા સારૂ થવુ મુશકેલ નથી અને ઇલાજને લાયક છે પણ તજરૂબાથી જણાયુ કે જો દોરો હલકો હોય અને ઘણીવારે દોરો પડતો હોય ત્યારે તે વેળા અક્કલગરો વાટી નાસ ફુકવાથી છીંકો આવવી અથવા ગરદનમા કોઢ થવી સારા થવાની નીશાની છે

એચ એ. રહમાન.

અને જો આ બીમારીમા ઝાડા પણ થતા હોયતો કુનફાનાબી. તથા કાસનીના બીને જરા ભુજી લો અને વાટી લો અને જયારે ખામી હોય ત્યારે તેમા બે માશા જેઠી મધની જડ પણ વાટી લો અને હાથ પગો ઉપર દરરોજ મેહદીનુ લગાડવુ ફરી તેને તાઢા પાણીથી ધોવુ પગ ફાયદો કરે છે અને જો બચ્ચુ દુધ પીતું હોય ત્યારે દુધ પીવડાવનારીને થડો ખોરાક આપો જેવુ કે દુધી, તુરીયા, પાલક, ચિભડા, (આશેજવ) જવનુ પાણી વિગેરે અને તેને પણ ઠડી દવાઓ પાઓ અને બચ્ચુ દુધ પીતુ ન હોય ત્યારે તેને માટે સર્વથી સારો ખોરાક (આશેજવ છે) અને જયારે ઝાડા થતા હોય ત્યારે ખીચડી અથવા સાબુ દાણા આપો

(ડિબ્બા) આ બીમારીને પાસલા—ચાલવુ (તેમ સસળી) પણ કહે છે એની શરૂમા ગરમ તથા સુકી દવાઓ આપો નહીં જેવુ કે કકરોન્હા અથવા કસ્તુરી અથવા હળદી પાન વિગેરે

પણ જે દીવસે ડિબ્બાની બીમારી જણાય ત્યારે આ ઘુટટી આપો

ઉન્નાબ	નગ ૨
કાળી દરાક્ષ બી કહાડેલી	નગ ૪
સુકી મકોના બી	માશા ૨
બનફ્શાના ફુલ	માશા ૨
જેઠી મધની જડ છાલ છેતોલી	માશા ૨
ગાવ જુબાન	માશા ૨
આબરેશમ કાતરેલી	માશો ૧

સર્વ ૬–૭ કલાક ગરમ પાણી તોલા ૧૦ મા ભીંગવી દો ફરી કપડામા ગાળી લો ફરી

ગરમાલાનો ગર	તોલા ૨
તુરનજેબીન	તોલા ૨
ખમીરએ બનફશા	તોલો ૧

અલગ પાણીમા મેળવી કપડામા ગાળી ઉપરની દવાના પાણીમા મેળવી દો વળી એમા બદા

મના બી. નંગ ૪ પણ વાટી પાછળથી મેળવી દો અને એક એક દીવસના આનરે દિવસમા ત્રણવાર આ ગુટટી આપો.

અને પહેલા દિવસથી છાતી ઉપર આ મસલો

અલસી	માશા ૬
ખતમીના બી	માશા ૬
બનફ્સાના ફુલ	માશા ૬
મેથીના બી	માશા ૬
સુકી મકોના બી	માશા ૬

સર્વ ૬-૭ કલાક પાણીમા ભીંગવી ઉકાળી હાથે સારી રીતે મસળી લો ફરી કપડામા ગાળી તેમા ગુલામનુ તેલ તોલા ચાર અને પીળુ ચોખ્ખુ મીણુ તોલા બે મેળવી ફરીથી ઉકાળો તે એટલા સુધી કે પાણી બલી તેલ રહે ફરી એ તેલમા ત્રણ માશા રૂમી મસતગી મેળવી રાખી લો. અને ઉફાલુ કરી છાતી ઉપર અને જ્યા પાસલામા ખાડો પડતો હોય ત્યા દીવસમા બે ત્રણવાર મસલો અને ઉપરથી રૂ (ઠીકરી વિગેરેમા) ગરમ કરી બાધી દો કદી આ માલીશથીજ આરામ થઇ આવે છે અને ગુટટીની જરૂરત રહેતી નથી અને એ મોટા માણસોના પાસલાના દુખાવાને પણ ફાયદો આપે છે જો ગુટટી પછી કકરોન્દા અથવા કસ્તુરી વિગેરે આપો તો પણકાઇ ડર નથી પણ બચ્ચાને તેમ ધવાડનારીને પરહેજ કરવાની જરૂરત છે માત્ર ખોરાકીમા મગની દાળ (ચપાતી) વગર ઘીની પાતલી ઘઉની રોટલી અથવા ખીચડી આપો

બચ્ચાનુ વધુ રડવું અને નહીં સુવુ.

જો કોઇ જગ્યા દુખાવો કે ચેન નહોય તો તેનો ઇલાજ પ્રથમ કરો નહીંતો આ દવા બનાવી આપો.

ચારોલી	માશા ૬
ઉજલા ખસખસના બી	માશા ૬
કાલી ખસખસના બી.	માશા ૬
અળસીના બી.	માશા ૬
કુલફાના બી	માશા ૬
તુખમે બારતગ	માશા ૬
તુખમે કાહુ	માશા ૬
અનીસુન	માશા ૬
સોફ (વરીયાળી)	માશા ૬
કાલુ જીરૂ	માશા ૬

સર્વ ૭ ૭ માશા લય કુટી ચાલી સારો ગોળ તોલા પાચનો (ડીવ્રામ) પાયો બનાવી તેમા આ દવાઓ મેળવી દો અને બે માશાથી સાત માશા સુધી (ઉમર પ્રમાણે) ચટાડો-એથી, મોટાઓને પણ સારી ઉંઘ આવે છે પણ જે બચ્ચાઓને આફલાની બીમારી હોય તેને નહીં આપો

અને કોઇ બચ્ચાને અફીણ નહીં આપો છેવટમા એથી ઘણુ નુકશાન થાય છે અફીણની જગ્યાએ ઉપરનીજ દવા આપો

ઉઘમાં ચોંકવુ જો બચ્ચુ કોઇ રીતે ડરી ગયુ હોય તો જેમ બને તેમ તેના દિનથી તે ડર કહાડી દો અને જો પેટ ચઢ્યુ હોય તો ઘુટી વડે (કે જે ડિબ્બામા લખાયલી છે) તેનુ પેટ સાફ કરી લો

કાનનો દૂખાવો એની ઓળખ આ છે કે બચ્ચુ ઘણુ રડે છે પણ રડવાનુ કારણ જાહેરમા કાઇ જણાય નહીં અને પોતાનો હાથ વારેવાર કાન ઉપર લય જાય છે અને જ્યારે તેના કાન ઉપર હલકો હાથ ફેરી પસવાનીએ તો તેને એથી આરામ તથા સ તોશ મળે છે-એ માટે આ દવા ફાયદો કરશે સિખદરસન (સદરસનને કહે છે એક લાબા પાતરાની તથા સુફેદ ફુલની બુટી હોય છે તેનુ) અથવા ગેંદાના પાતરાનુ પાણી કહાડી ઉફાલુ કરી બે બે ટીપા કાનમા નાખો

બીજો નુસખો રસવતી, સાથર, મમુર આખા દરેક ત્રણ ત્રણ માશા લય પાચ તોલા પાણીમાં ઉકાળો જ્યારે પાણી અરધુ રહે ત્યારે તેને મસળી કપડામા ગાલી તેમા ગુલા-

ખનું તેલ અથવા બદામનુ તેલ અથવા તલનું તેલ બે તોલા મેળવી ફરી ઉકાળો જ્યારે પાણી બળી તેલ રહે ત્યારે તેમા નિમક ઇન્દરાની અને બોલ દરેક એક માશા લય બારીક વાટી મેળવી રાખી લો અને બે ટીપા ઉશનુ કરી ટપકાઓ

ત્રીજો નુસખો બાબુનાના ફુલ છ માશા અરધા રતલ પાણીમા ઉકાળી ભપારો આપો

ફાયદો કાનમા દવા હમેશ ઉફાલુ કરી રેડો થડુ રેડવુ નહીં અને બચ્ચાઓના કાનમા ઘણી તેજ દવા નાખો નહીં કારણ તેથી બેહરા થવાનો ભય છે

કાન વહેયાં કરવુ આ બીમારીમા બહારની કોઇ દવા નાખી તેને અટકાવવુ સારૂ નથી પણ હા ખાવાની આ દવાથી મગજને તાકાત આપવુ અથવા એનુ વહેતુ પાણી સુકાવી આપવુ જોઇએ

એક ચોખાભાર મુગાની ખાક (ભસ્મ) ને ઇત્રીફલ કિશનીઝી અથવા ઇત્રીફળ જમાની છ માશામા મેલવી સુતી વેળા એક વરસ સુધી ખવડાઓ અને અથવાડીયામા એક બે વાર આતરો પણ પાડી (નહી ખવાડો) અને બહારથી આ દવા વળે કાનની સફાઇ કરતા રહો નીમડાના પાતરા ઉકાળી તેના પાણીથી કાન ધોય દો ફરી નીમડાના પાતરા કુટી નચોવી તેમા મધ મેળવી ઉફાલુ કરી ટપકાઓ—અને કાનમા રૂ હમેશ રાખો કે માખી બેસે નહીં અને ઘણુ કરી મોટા થયા બાદ કાનનુ વહેવુ પોતેજ સારૂ થાય છે.

આંખ દુખવુ—જીરૂ અને અખરોટની ગરી સરખુ લય બારીક વાટી તેમા થોડી મોંહની થુક મેલવી ફરી વાટો કે એથી મલમ જેવુ બને ફરી તેમા થોડુ બકરી કે ગાઇનુ દુધ મેળવી આંખની ઉપર લેપ કરી દો, અને કલાક બે કલાકે બદલતાં રહો.

અને જે ઇનાજ મોટાઓની આખ દુખવાના વર્ણનમા લખાયા છે તે બચ્ચાઓને પણ ફાયદો આપે છે.

અને જો આખ દુખીને સારૂ થયા ફરી ચાલીશ દિવસ સુધી આ દવા ખવાડતા રહો તો આશા છે કે ફરી હમેશને માટે અમન રહેશે

કાલા મરી	નગ ૫
મિસરી (સાકર)	તોલો ૧
બદામની ગરી	નગ ૫

પ્રથમ વાટી લો ફરી બે તોલા ગાઇના માખણમાં મેળવી દરરોજ ચતાડતાં રહો

ફાયદો આ જે મશહુર છે કે આખ દુખવામા ફક્ત મીઠો ખોરાક આપવો જોઇએ આ તદન ખોટી વાત છે પણ ખરૂ જોતા મીઠી વસ્તુ નુકસાન કરે છે—જ્યારે પણ ખોરાક આપો ત્યારે ખારી વસ્તુ આપો અને ઘી વાળી ચીકણી આપો પણ તેમા નીમક તથા મરચા વધુ ન હોય

અને ખટાસ તથા દુધ—દહીં અને તેલ તથા ગાઇનુ ગોશત તથા બાદીવાળી વસ્તુઓથી પરહેઝી રાખો—પણ જો મગજશક્તિ માટે કોઈ (હરીરો) મગજની લાહી અથવા હલવો આપો તો તેમા જરૂરત જેટલુ મીઠાસ હોવાથી નુકસાન નથી.

માંજરી આંખ થવુ પેદા થતી વેળા બચ્ચાને જોય લો જો તેની આખો માજરી હોય તો આ દવા લગાડો એથી માજરી આખ કાળી થશે.

કસ્તુરી અને જાફરાન (કેસર) સરખુ વજન લો અને સુરમાની જેમ જીણું વાટી લો. ફરી મધમાખીનુ ચોખ્ખુ મીણની એક સળી લાબી બનાવી તે સળીથી આ દવાનો સુરમો અથવાડયામા બે દીવસ લગાડો અને વચ્ચેના બીજા દિવસોમા કોરી સળી ફેરવતાં

ગ્હો અને જો (મોમ) મીણની સળી બનતી ન હોય તો જસતા વિગેરેની સુરમાની સળીઉપર મોમ વળગાવી બનાવી લો એથી ચાલીશ દિવસ વીત્યા પછી માજરી આખ કાલી થશે છતા કાળક આવી ન હોય તો છોડી દો થોડા દીવસોમાં પોતેજ દવાના અસરથી કાળક આવી જશે

* **આખની આંજણી** એટલે (ધ જની અથવા અ જનહારી) નીકળવુ એના વિશે નાની (જોક) જલો લય નાક ઉપર વળગાવી દેવુ અને જો એક જલો તાજી અને એક વાસી વળગાઓ તો હમેશને માટે અમન થઇ જશે. (ખુ ા ચાહશે તો ફરી થશે નહીં) વળી એક ઝગડો જે આખની બીમારીઓમા પહેલા આવી ગયો છે જેમા સરસ્યુ તેલ પણ છે તે તો એને માટે અકસીરજ છે પણ ચાલીશ દીવસ લગાડવુ જોઇએ

મોહની લાળ વહેવુ જો ઘણી વહેતી હોય તો જવારેશ મસ્તગી ત્રણ માશાથી છ માશા સુ ધી (ઉમર પ્રમાણે) ખવાડી દો

જો પૈદા થતા આ વાત ખિયાલમા રાખી દો કે મધમા થોડુ નિમક મેળવી કદી કદી જીભ ઉપર મસળી દો તો મોહ આવશે નહીં વળી એ રીતની બીજી દવાઓ જીભની બીમા રીઓના વર્ણનમા લખાય ચુકી છે (ત્યા જોઇ લેશો)

ઘાંટી એટલે ગળુ ં પડી જવુ એને માટે (પૈદા થયા પછીજ દાઇ જ્યારે તેને ઉઠાવે ત્યારે સારૂ આ છે કે પોતાની આગળી મધ મા ડબોળી તે ઉપર થોડુ લાહોરી નિમક ભભરાવી જીભની નીચે લગ ડી જીભને ઉઠાવી દે *

ખાંસી જો બચ્ચાને ખામી હોય તો

બાવલનો ગુ દર	માશો ૧
કતીરો ગુ દર	માશો ૧
બેહદાનાના ઉપરનો ગર	માશો ૧
જેઠી મધનો શીરો	માશો ૧

બારીક વાટી લો ફરી મધમા ચણા જે-ટલી ગોળીઓ બનાવી રાખી લો અને એક ગોળી થોડા પાણીમા ઘોલી ચટાડી આપો એ રીતે દિવસમા ત્રણ ચાર વાર ગોળી આપો પણ ચીકાશ નહીં આપો

અને **કાલી ખાસી** (જે સુકી હોય અને બલગમ નહીં નિકલતો હોય) તેમા માખણ અને મિસરી મેળવી ચટાડવુ ફાયદો કરશે

ઊંઘમાં બચ્ચાનુ ગભરાઈ ઉઠવુ એવા બચ્ચાઓને માખણ તથા મિસરી-અથવા બદામ અને મિસરી ચટાડતા રહો

દુધ પીતા ઉલટી કરી દેવી એમાં દુધ કમતી આપો અને જો ઉલટીમા માત્ર દુધ અથવા જમેલો મવાદ નીકળતો હોય તો ફુદનો માશા બે અને નાની એલચીના દાણા માશો એક પાણીમા વાટી તેમા એક તોલો મીઠા દાડમનુ શરબત મેળવી પીવડાવો અને જો કોઇ જુદા રગની ઉલટી થતી હોય ત્યારે તો હકીમથી ઇલાજ કરાવી લો

બચ્ચાના મેદાનુ કમતાકત થવુ એથી કદી ઝાડા આવવા લાગે છે તો કદી ભુખ બધ થઇ જાય છે એનો ઇલાજ આ છે કે

---

* આ એક **વરમ** છે જે આંખોના ખુણાઓમા પલકોની કોરો ઉપર જવના રૂપે થાય છે પણ એ બે તરેહની હોય છે એક તો પલકના રગ જેવી હોય છે જે જાડુ લોહીના વધવાનુ કારણ છે અને બીજી લાલ રગે પણ ટીની હોય છે જેનુ કારણ માત્ર માઠુ લોહી છે અને આ બીમા એને અફૂસ કહે છે ડાક્ટરોએ એને ઇલાજ કરવો હોય તો પહેલા જુલાબથી દેમાગ સાફ કરી લો. અને ખાણુ કમતી આપો, વિશેષ કરી રાતનુ ખાણુ તો છાડી દો અને તે ઉપર જાયફળ પાણીમા ઘસી લગાડો. એચ એ. રહમાન.

*એથી તેની જમેલી બલગમની જાલ ખુલી પીગળી જશે અને બહાર નીકળી આ-વશે અને તેથી મોહ-ગળુ તદન સાફ થઇ જશે. એચ. એ. રહમાન.

એક બોતેલમા ગુલાબજળ ભરી તેમા પાચ તોલા લવિંગ મેળવી (કાક) બુચ વળે તેનુ મોહ બધ કરી ચાલીશ દિવસ સુધી તડકામા રાખી લો અને દરરોજ એકવાર હલાવી લો ચાલીશ દિવસ વીત્યા ફરી એક માશાથી ત્રણ માશા સુધી (તેની ઉમર પ્રમાણે) આ ગુલાબ નારે કોઠે સવારમા રોજ પીવડાવતા રહો ઘણી વેળા અજમાવેલુ છે

મેદાની શકિત વધારવા માટે જવારેશ મસતગી ત્રણ માસાથી એક તોલો સુધી (ઉમર પ્રમાણે) દરરોજ ખવાડતા રહો એનો નુસખો છેવટમા લખી આપ્યો છે.

અઘોક–હૈજા જો બચ્ચાને આ બીમારી થઇ હોય તો એનો પુરો ઇલાજ હકીમથી પુછી લો પણ માત્ર આ જગ્યા એટલુ સમજી લો કે બીમારને વધુ ચેનથી રાખો અને તેને સુઇજવાની કોશીશ કરો

અને એમા નાળ બધ પડવી તથા હાથ પગો તાઢા પડી જવા એટલી ખરાબ નીશાની નથી ગભરાઓ નહીં *

ઝાડા થવુ જો દાત નિકળતી વેળા ઝાડા થાય ત્યારે આ ફાકો આપો

બેલગરી (બીલાનો કાચો ગર) તોલો ૧
કુલફાના બી માશા ૬
મસતગી રૂમી માશા ૩

કુટી ચાળી તેમા બે તોલા મિસરી ઝીણુ વાટેલી મેળવી દો અને પોણા બે માશાથી ત્રણ માશા સુધી (ઉમર પ્રમાણે) બચ્ચાઓને પાણી સાથે ફકાઓ અથવા દાઢમના શરબતમા મેળવી ચટાડો અને નરમ પુલાવ પકાવી ખાણુ ખવડાઓ પણ બોટી આપો નહીં. જો બચ્ચુ દુધ પીતુ હોય તો દુધ પીવડાવનારીને એ ખોરાક આપો અને બચ્ચાઓની દેખરેખ તથા તેઓની સભાલણના વર્ણનમા નબર (૪)મા જે દવાઓ દાતોના સેહલાયથી નીકળવા વિષે લખી છે તે કરી લો અને જો ઝાડા દુધ છોડાવવાને લીધે આવ્યા હોય તો દુધ ધીમે ધીમે છોડાઓ (એકાએક છોડાઓ નહીં) પણ દશ પદર દહાડા સુધી એક વાર દુધ આપતા રહો અને રાત્રે બે માશા ખસખસ ખવાડી દો અને ખોરાકીમા નરમ પુલાવ ગાયની તાજી છાશ સાથે આપો પણ ગોશ્તની બોટી નહીં આપો અને જો બીજા કોઇ કારણે ઝાડા થતા હોય તો હકીમથી પુછી લો *

---

*ચુનાનુ પાણી (કોરો ચુનો તોલો ૧ પાણી ૧૬ તોલામા મેળવી હીલાવી દો ફરી તેનુ નીતરૂ પાણી લઇ લો) તે પાણીના બે ચમચામા પીપરમિન્ટનુ સત અરધો ચોખો ભાર વાટી તેમા દાઢમનુ શરબત અથવા સીકનજેબીન એક તોલો તથા ગુલાબજળ મેળવી ચમચી અરધી ચમચી પાઓ જો એથી સારૂ ન થાય તો લાલ સુકા મરચાના બી–કાફુર–હીગ–અફીણ દરેક સરખુ વજન લઇ પહેલા અફીણને પાણીમા વાટી લો ફરી તેમા એ ત્રણ દવાઓ વાટી મેળવી જુવાર જેટલી ગોળીઓ બનાવી લો ખોરાક એકથી બે ગોળી પાણી સાથે દર બે કલાકે આપો અને ઝાડા બધ થાય ત્યારે નહીં આપો. એચ. એ રહમાન,

* દુધ છોડાવવામા નવુ દુધ બેસતુ અથવા ગાઇનુ જે આપતા હોય તેજ આપો દુધ બદલયા કરો નહી તેમજ બનતા સુધી એકજ જનાવરનુ દુધ આપો—અને ઇગ્રેજી દુધ જે ડબ્બાઓમા આવે છે તે તાજા દુધ જેવુ સારૂ નથી. હા મુસાફરીમા લાચારીએ તે પીવડાઓ અને તાજુ દુધ બચ્ચાને ભારી પડતુ હોય તેમા મીસરી તથા ત્રીજે–ચોથા ભાગ પાણી ઉકાળેલુ મેળવી દો છતા પણ ભારે પડતુ હોય તો મીસરી, વાળવણીગ, વાકુમબા, ઇલાયચી નાની તે પાણીમા ઉકાળી મેળવી દો અને જયારે પીવડાવો ત્યારે સેહતુ ગરમ વખત બાવી પીવડાઓ

એચ. એ. રહમાન,

ઝાડા બચ્ચાનો કબજ હોય તો ખોરાક ઘણો ઓછો અને નરમ આપો અને એલચો ત્રણ માશા તથા ગરમાલાનો ગર ૭ માશા લીલી તાજી પોપટીના રસમા અથવા ગુલાબજળમા વાટી હુફાલુ કરી પેટ ઉપર લેપ કરો-જો એથી ન જાય તો ઘુટી (નો નુસખો જે ડિબ્માની બીમારીમા છે તે) આપો અને જો એથી પણ ન જાય તો ફરી હકીમથી પુછી લો

પેચીશ બચ્ચાને મરડો અને જલસ હોય તો ડાગ્રી પાકીં વરીયાળી ભુજી તેના સરખે વજન ખાડ મેળવી દુધ પીવડાવનારીને ખવરાઓ તેમજ બચ્ચાને પણ ખવરાવવુ અથવા દુધમા વાટી કપડામા ગાળી દેવુ પણ ઘણો ફાયદો કરશે

જો પેચીશ વધુ દિવસો સુધી રહે અને સાથે લોહી જળસ પણ વધુ આવતુ રહે ત્યારે જલદીથી હકીમનો ઇલાજ કરાવી લો

જો પેચીશની સાથે હાથ પગો ઉપર વરમ તથા ખાસી અને બુખાર (તાવ) પણ હોય ત્યારે આ દવા આપો,

સુકી મકો	માશા ૨
જેઠીમધાની જડ છાલછોલેલી	માશા ૨
કાસનીના બી	માશા ૨
ખરબુજાના બી	માશા ૬
ગાવજબાનના ફુલ	માશા ૨
રેશાખતમી	માશા ૨

સર્વ બે બે માશા લય પા (૦।) રતલ પાણીમા ૫-૬ કલાક ભીંગવી કપડામા ગાળી તેમા શરબતે બજુરી બારેદ તોલો ૧ મેળવી પીવડાઓ

દવા જે બચ્ચાની બગડેલી પેચીશ અને ખાંસી તથા તાવ અને કમશક્તિ તથા બે શુદ્ધી માટે ફાયદો આપે છે

દવાઉલ મિસક મોતદેલ માશા બે પહેલા ચતાડો અને ઉપરથી

(મેલગીરી) બીલાનો કાચો ગર	માશા ૨
કાસનીના બી.	માશા ૨
જેઠીમધની જડ છાલ છોલેલી	માશા ૨
ગોખરૂ	માશા ૨
ખરબુજાના બી	માશા ૨
કાકડી-ચીભડાના બી	માશા ૨

સર્વ બે બે માશા લય દશ તોલા પાણીમા વાટો અને કપડામા ગાળી તેમા શરબતે બજુરી બારેદ એક તોલો મેલવી પીવડાઓ

પેટના કરમ ચનોના એટલે નાના કીડા જે ઝાડાની જગ્યાએ હોય છે (અને પનીર અથવા સરકામા જેવા પડે છે તેવીજ શિકલ ના હોય છે જેનુ કારણ બલગમનુ વળગી રહેવુ છે) એની એક દવા તો આતરડાની બીમારીઓમા લખાઈ ચુકી છે

અને ખાવા માટે એક દવા આ છે કે, સોમનની જડ અને ખાવાની હલદી દરેક તોલો તોલો અને ખાડ બે તોલા સર્વ કુટી મેળવી રાખી લો અને ત્રણ માશાથી છ માશા સુધી (બચ્ચાની ઉમર પ્રમાણે) દરરોજ પાણી સાથે ફકાઓ અને નારીયલ તથા મિસરી ખવરાઓ અને આ દવા ત્યા રાખવાની છે.

(મોમ) મીણ આગ ઉપર પધાળી લો ફરી નીચે ઉતારી તેમા સુકી મેહદી વાટેલી મેળવી બચ્ચાની આગલી જેવી જાડી તેની બત્તી બચ્ચાની ચાર આગળ પ્રમાણે લામી બનાવી લો અને ઝાડાની જગ્યાએ અદર રાખી લો-થોડીવારે ધીમે ધીમે તે બત્તી બહાર ખેચી લો. આ રીતે કરવાથી કીડાઓ તે ઉપર વલગી બહાર આવી જશે-અને પરહેજીમા બચ્ચાને તથા દુધ પીવડાવનારીને બાદીવાળી વસ્તુઓથી બચાવતા રહો.

આંમણ નીકળવી (વધુ ઝાડા જવાથી ઝાડાની જગ્યા જ્યારે ઢીલી થાય છે, ત્યારે તે બહાર નીકલે છે.) એ માટે જુની ચાળણીનુ ચામડુ (અથવા અનાજ ભરવાની ટોપલીમાં

જુનું ચામડું હોય છે તે લય) બાળીલો અને ઝાડાની જગ્યા ઉપર બાજરાઓ ફરી હાથે હાથે અંદર દબાવી દો

અને આ પાણીમા બેસડાઓ

નાસપાલ (મગુરસ્તાનના)છોલતા	માશા ૬
સેથુ ીના પાતરા	માશા ૬
કાગલ બાળેલાની રાખ	માશા ૬
ફટકડી ઉજલી	માશા ૬
નીલા માજુફળ રંગના	માશા ૬

સર્વને પોટલીમાં બાંધી વીશ રતલ પાણીમા ઉકાલો જયારે સારી પખે પાકા જાય ત્યારે પોટલીને કહાડી તે ઉકાલા પાણીમા બચ્ચાને દુંટી સુધી બેસાડો જયારે થડુ થાય ત્યારે ઉઠાવી લો—અને મેટા થયા પછી તો આ બીમારી પોતે પણ ચાલી જાય છે

ઉંઘવામા પેશાબ નીકળી પડવુ એના વિષે એક બે વાર રાતના ઉઠવી પેશાબ કરાવી દો અને ખાવાની દવાઓ એ વિષેની (મસાના) પેસાબની પોટલીની બીમારીઓનાં વર્ણનમા આવી ગઇ છે (ત્યા જોશો)

ચણુક મારવુ એટલે પેશાબનુ જલન સાથે ટીપુ ટીપુ આવવુ—એને માટે બચ્ચાને બેહરોજાનુ તેલ એક ટીપુ પતાશામા મેળવી ખવરાવો અને આ તેલની બનાવવાની રીત છેવટમા છે

અને ટેસુના ફુલના ગરમ ગરમ પાણીથી ધારો—જો એથી પણ નહીં જાય તોજ હકીમથી ઇલાજ કરાવી લો *

તાવ—બુખાર બચ્ચાને થયો હોય તો એનો પુરો ઇલાજ હકીમથીજ કરાવી લો માત્ર કેટલીક અગત્યની વાતો એ વિષેની હમો તમને બતલાવી આપીએ છીએ

પ્રથમ આ છે કે બચ્ચુ જો દુધ પીતું હોય તો દુધ પીવડાવનારી ને દવા પાવી તથા પરહેજી કરાવવી અગત્યનુ છે **બીજુ** આ છે કે જેમ મોટાઓના તાવ માટે જુલમડી બેચાવવુ અથવા પશોયા કરાવવુ અને બેહુદી વેળા માથા ઉપર દવાઓ રાખવામા આવે છે તેમજ બચ્ચાઓ માટે પણ (થોડા વજનમા) હોયછે એ સર્વની રીતોનુ વર્ણન મોટાઓના તાવના વર્ણનમા આવી ગયુ છે ત્રીજુ આ છે કે બચ્ચાઓનો તાવ વધુ ભાગે પેટની ખરાબીથી થાય છે જો એવુ હોય તો ઝાડા કબજનો ઉપાય કરો જેનુ વર્ણન ઉપર આવી ગયુ છે

(સીલી) ચિચક બચ્ચાને નીકળી હોય તો એનો પુરો ઇલાજ તો હકીમથીજ કરાવી લો પણ અત્રે કેટલીક જરૂની વાતો લખવામા આવે છે

(૧) જેમ બીજી બીમારીઓનો ઉપાય કરવામા આવે છે તેમજ આ સીતલાનો પણ કરવો જોઇએ એમ સમજવુ ખોટુ છે કે એમા ઇલાજની કાંઇ જરૂરત નથી

(૨) સીતલાવાળા પાસે તેલનુ કોડયુ બળતુ હોય તો તેની પાસે બુઝાવો નહીં એની ગંધ વળે તેને નુકસાન પહોચે છે જેથી દુર રાખી બુઝાવો એજ રીતે ગોશત વિગેરે એટલી દુર પકાઓ કે તેના વધારની ગંધ એની પાસે જાય નહીં એથી પણ નુકસાન પહોચે છે—અને ધોબીના ધોઇલા કપડા પહેરી પણ એકાએક તેની પાસે આવો નહીં એની સુગંધ પણ તેને નુકસાન કરે છે—વળી એને ગરમ તથા થડી હવાથી પણ બચાવતા રહો.

(૩) સીતલાની બીમારી વધુ ભાગે થડીની મોસમ શરૂ થતા હોય છે તેથી તે દીવ-

---

* પેશાબમા જલન હોય તો ત્રણ ચાર દીવસ સવાર સાંજ આ દવા બાટી પીવડાઓ. ખરબુજાના બી માશા ૨, તરબુજના બી માશા ૨, બદામના બી નં ૩, ગોખરૂ માશા ૨, કુલફાના બી. માશા ૨ કાકડી ચીભડાના બી, માશા ૨, દુધમા પાણી મેળવી તેમાવાટો ફરી મીસરી તોલો ૧ મેલવી તાઢુ તાઢુ પીવડાઓ

એચ એ. રહમાન,

સોમા સભાલણુ માટે આ દવાનો ઉપયોગ કરાવી લો

રત્તી બે રત્તી સાચા મોતીને બેદમુશકના અરક તથા કેવડાન ્ઝકમા ખરલ કરી લો ફરી (ખરલ કરતા કરતા સુકાય જાય) ત્યારે તેમાથી એક ચોખાભાર ખમીરા ગાવજુબાન અથવા ઉન્નાબના શરબતમા મેળવી દરરોજ બચ્ચાને ખવરાવતા રહો દર અઠવાડીયામા બેજ દિવસ ખવરાવવુ બસ થઇ રહેશે અને સીતલા કે એવી બીજી ખરાબ મોસમના દિવસોમા પાણીમા કેવડો મેળવી પીવુ ઘણુ ફાયદા ભરેલુ છે-હા જો નજલો સળેખમ હોય ત્યારે એને નહી પીવુ-એજ રીતે ઘોડીનુ દુધ જો એક બે વાર તે મોસમમા પીવડાવતા રહો તો તે વરસ સીળી નીકળશે નહીં અને એ મોસમમા નાના મોટા સર્વ ગરમ ખોરાકથી બચતા રહો જેવા કે વેગણા, તેલ, ગાઇનુ ગોશત, ખજુર, અજીર મધ, દરાક્ષ વિગેરે અને દુધ તથા મીઠાઈ પણ વધુ ખાઓ નહી પરતુ થડો ખોરાક ખાવો અને થડા પાણીથી નહાતા રહો

(૪) સીતલા નીકળતી હોય ત્યારે થડુ પાણી ગોટ ગોટ પીવાડો અને સદલ તથા કાપુર સુઘાડો ઘણો ફાયદો થશે એથી સારી રમા રહેશે બધો ખરાબ માદ્દો બહાર નીકળી આવશે

(૫) જે જે નાજુક અવયવો છે, તેની સભાલ નીચે મુજબ જરૂર રાખો આખો માટે ગુલાબજળમા સુરમો મેળવી આખમા ટપકાઓ અને આખ જો બધ હોય તો આ લેપ કરો

રસવતી	માશા સાડા ત્રણ
એલયો	માશા સાડા ત્રણ
નીલુફરના ફુલ	માશા સાડા ત્રણ
અકાકીયા	માશા સાડા ત્રણ
જાફરાન	રતી બે

સર્વ ઝીણુ વાટી કોથમીરના રસમાં અથવા ગુલાબજળમા ગુદી તેની ગોળીઓ બનાવી લો ફરી ગુલાબમા ઘસી આખની આસેપાસે લેપ કરી દો

જો શીતલાના કારણે આખો બહાર ઉભરી આવવાનુ સમાન હોય કે ઉભરી હોય ત્યારે આખના પ્રમાણે કપડાની (ચેની) પોટલી સીવી તેમા ત્રણ માશા સુરમો ભરી પ્રથમ ઉપરની દવા ટપકાવવાની ટપકાવતા રહો અથવા લેપ કરી ઉપરથી ચેની બાધી દો, જેથી બોઝાા લીધે ઉભરશે નહીં વળી એથી આખનો બચાવ રહેશે. અને સેયુરનુ સરબત ચતાડતા રહો અને દાડમના દાણા તેના બી સચે સારી રીતે ચાવી ખવરાવો એથી ગળાની સભાળ રહેશે

અને છાતી તથા ફેફસાની સભાળ માટે,

દોધીના બી	માશા ૪
બદામની છોલેલી ગરી	માશા ૨
કતીરો ગુદર	માશા ૨
ઉજલી ખાડ	માશા ૬

ઝીણુ વાટી ઇસપગોલના લોવાબમા મેળવી થોડુ થોડુ ચતાડો

અને હાથ-પગોના સાધાની સભાલ માટે કે વળી જાય નહીં આ દવા લગાડો.

લાલ સદલનો વહેર, નીલુફરના ફુલ, ગિલે અરમની, ગુલાબના ફુલ સર્વ ત્રણ ત્રણ માશા ગુલાબજળમા વાટી અવયવોના સાધા ઉપર લગાડો

અને આતરડાની સભાલણ માટે કે તેમા જખમ થઇ પેચીશ થાય નહીં આ ટીકડીઓ બનાવી રાખો અને શુરૂ સીતલાથી તે છેવટનુ જોર તુટવા સુધી ખવરાવતા રહો અને છેવટમા તો જરૂર ખવરાવો.

ગુલાબના ફુલ	માશા સાડા ત્રણ
ચુકાના બી	માશા સાડા ત્રણ
બાવલનો ગુદર	માશા સાત

નિશાસતો	માશા સાત
વાસ કપુર (આકારી રંગનુ)	માશા સાત
કતીરો ગુદર	માશા સાત

સર્વને કુટી કપડામા ચાની ઇસપગોલના લોઆબમા ગુંદી (સાડા ચાર માશા વજનની મોટી તિકડીઓ બનાવી લો અને એક અથવા બે ગોળી (ઉપર પ્રમાણે) દરરોજ ખવરાવતા રહો

(૬) સીળીથી સારા થયા ફરી પણ થોડા દિવસો સુધી ઉન્નાબનુ શરબત તથા મુન્ડીનુ અરક પીવડાવતા રહો એથી તેની અન્દરની ગરમી રહેતી નથી

(૭) સીતલા પછી. જો બચ્ચાને પેચીશ અથવા ખાસી થઇ જાય ત્યારે આ દવા આપો દવા ઉન્નાબ નંગ ત્રણને પાણીમા વાટી ફરી કપડામા ગાની ફરી તેમા બે દાણા માશો દોઢ પાણીમા ભીંગવી તનુ પાણી) એટલા લોઆબ લઇ મેળવી દો અને તેમા નીલુફરનુ શરબત તોલો એક મેળવી પીવડાવો

(૮) સીતલા સારી થયા ફરી તેના ચાઠા (ડાઘા) રહી ગયા હોય તો તે માટે સુહાગા સંગ તોલા પાચ અને સાભર લુણ તોલા પાચ બારીક વાટી એટલા પાણીમા ભીંગવો કે પાણી ચાર આગળ ઉપર હોય ફરી એક અઢવાડયુ તડકામા રાખો અને દરરોજ ત્રણ વાર હલાવતા રહો અને અઠવાડીયામા એક વાર પાણી બદલતા રહો જ્યારે ચાલીસ દીવસ થાય ત્યારે પાણી કહડી તેને સુકાવી લો ફરી તેમા ચણાનો આટો (મેસન)–અને નરકચુની જડ ( ) તથા જુની હાડકી અને કડવી કુટ તથા ચોખાનો આટો, ખરબુજાના મગજની ગરી તથા બકાએનના બી સર્વ દવાઓ સુહાગાસંગની બરાબર વજન કરી લોટી કુટી કપડામા ચાળી રાખી લો ફરી એમાથી થોડી લય મેથીના બીના લોઆબમા એટલે (મેથી પાણીમા ૧–૨ કલાક ભીંગવી અથવા ઉકાળી તે પાણી)મા મેળવી મળો અને એક કલાક વીત્યા પછી ધોઇ સાફ કરી લો એરીજ રીતે બે ત્રણ માસ સુધી મળતા રહો

(૯) એક તરેહની સીળી તે છે કે જે ખસરા–ચેચક અને કન્ઠી પણ કહેવાય છે અને એ ફરી ખાન ગાળા પછી નિકળે છે તો કરી બધા શરીર ઉપર તેના દાણા મોતી જેવા ઝીણા નાના હોય છે અને આ જે મશહુર છે. કે એનો ઇલાજ કાઇ નથી તદન ખોટી વાત છે–ના એના બચ્ચાનો (એટલે નિકળતી અટકે) જેનો ઇલાજ થતો નથી–પણ એનો ઇલાજ કરવે કે જલદી આરામ નિકળી જાય–એનો ઇલાજ પણ તેજ છે કે જે બીજી સીળીનો છે જેનુ વર્ણન ઉપર થયુ છે

(૧૦) અને એક સીળી તે છે કે જેના દાણા તડકાના રંગ જેવા હોય છે, જેને (ખસરા) કહે છે એમા તદન નિકળી આવ્યા પછી જ્યારે છેવટનુ વખત જેમા એનુ જોર રહે નહી ત્યારે બીજા પ્રકારની જન આ દવા બેસવાનુ નથી પણ તે વગર એમા વધુ ડર હોય છે એમા ઉન્નાબનુ શરબત અથવા નીલુફરનુ શરબત તથા મુન્ડીનુ અરક પીવડાવવુ અગત્યનુ છે અને દાની ને ટીકડીઓ જે નંબર (૫) મા લખેલી છે તે ખવાડતા રહે

બચ્ચાના ફોડા ફુનસીનુ વર્ણન

કદી કદાચ નીમડાના પાણીથી નહાવડાવતા રહો એજ રીતે કચનાલ એટલે કાનાગીના છાલ પાણીમા ઉનાળી તે વડે પણ નહવડાવવુ ફાયદો કરનાર છે

અને વરસાતમા નિકળતી ફુનીઓ માટે (ફરી) એટલ આમાની ગોટલીનુ બીજ પાણીમા ઘસી અથવા વાટી દરરોજ લગાડતા રહો

અને આ દવા દરેક જાતની ફુનીઓને ફાયદો કરે છે કે એક તોલો ઉન્નાબ ને ચાર તોલા ઘીમા બાળી વાટી લો કે સર્વ ભેગા મળી એક થય–ફરી તેમા ધોયલુ મીણ થયુ

(વુતયા) માશા બે મેળવી રાખી લો અને ફુલ્લીઓ ઉપર લગાડતા રહો એથી ફુલ્લીઓ તથા ફોડાઓના જખમ જલદી સારા થાય છે અને ફરીથી નીકળવુ અટકી જાય છે વળી માખો પણ બેસશે નહીં

અને (તુતયા) મોરથુથુ એવી રીતે ધોવાય છે કે તેને બારીક વાટી પાણીમા નાખી દો જ્યારે તલયામા બેસી જાય તો બીજુ પાણી બદલી દો અને તેમા હલાવી દો ફરી જ્યારે તલયામા બેસી જાય તો ત્રીજુ પાણી બદલી દો એજ રીતે ત્રણ ચાર વાર કરી તો અને સુકાવી કામમા લાવો

માથાનુ ગન્જુ થવુ એના વિષે

કમ્પેલો	માશા ૩
મુરદારસંગ	માશા ૩
માજુફલ	માશા ૩
દાડમના છોલતા	માશા ૩

સર્વને બારીક કુટી કપડામા ચાળી લો ફરી પીલુ મીણ તોલા ૨ નીલુફરના ફુલનુ તેલ તોલા ૪ બન્નેવ પલાળી લો અને તે દવાઓ એમા મેળવી સારી રીતે રગડો કે મલમ જેવુ થઇ જાય ફરી તેમા સરકો તોલો ૧ મેળવી વળી પણ રગડી લો અને માથા ઉપર લગાડયા કરો

બીજી દવા કમતી લાગતવાળી ચણા ના આટા બે તોલા અને મોરથુથુ ત્રણ માશા જુણી ધુળના જેમ વાટી ખાટા દહીં ૬-૭ તોલામા મેળવી સારી રીતે રગડી લો કે મલમ જેવુ થાય ફરી માથા ઉપર મસલી દો અને એક કલાક પછી નિમડાના પાણીથી ધોય સાફ કરી લો આ રીતે વધુ ભાગે એકજ અઠવાડીયામા સારૂ થાય છે.

દરાજ બચ્ચાને થઇ હોય તો તેના ઉપર વાસી મોહની થુક લગાડવુ ઘણો ફાયદો કરે છે-જો એથી નહીં જાય ત્યારે તે દવા જે ઉપર હમો (મોટાઓની દરાજમા) વર્ણાવી ગયા છીએ તે વરતો

બળી જવુ એની દવાએ મોટાઓના બળી જવામા ઉપર આવી ગઇ છે ત્યા જોશો

"પલેગની બીમારીઓનું વર્ણન."

એની મોસમમા આ વાતોનો ખિયાલ રાખવો જોઇએ

(૧) ઘરની સફાઈ સારી રીતે રાખો અને ત્યા સુધી તેમા સેહ-ભીનાશ નહી થવા દો એ માટે અઠવાડીયામા એક બે વાર આ વસ્તુઓ સળગાવી ધુવાડો આપો

ઝાવ સુકી અથવા લીલી	રતલ ૧
નીમડાના પાત	રતલ ૧
દરનજ અકરબી	તોલા ૨
ગુગલ	તોલા ૨

સર્વને અગ્નિ ઉપર નાખી બધેથી બંદ કરી દો કે ધુવાડો ઘેરાય જાય ફરી ખોલી ધુવાડો કહાડી સાફ કરી લો અને ઘરમા સરકો તથા ગુલાબ થોડુ થોડુ છણકતા રહો એવીજ રીતે ગંધક સળગાવવુ અથવા હીંગ ગુલાબમા ઘોલી તેનો છણકાવ કરવો પણ ફાયદો કરશે અને બે-ચાર એવા વાસણમા જેનુ મોહ ખુલ્લુ હોય તેમા સરકો અને કતરેના પીયાજ ભરી મકાનની જગાએ ચાર ખુણાઓ ઉપર લટકાવી દો

(૨) પાણી ઘણુ સાફ પીવુ પરંતુ ઉકાળેલુ પાણી સારૂ હોય છે અને કેવડો નાખી પીવુ ઘણુજ ફાયદો આપનારૂ છે-અને જો દેહ ઘણો થડી નહી હોય તો પાણીમા થોડો સરકો મેળવી પીવુ ઘણોજ ફાયદો કરે છે અને પાણી પીયો ત્યારે ઘણુ ઠંડુ પીવુ.

(૩) સરકો-પીયાજ (કાંદા) તથા લીંબુ વધુ ખાતા રહો અને આ વસતુઓ ઘણી ઓછી ખાઓ વધુ ચીકાશ અને ગોશત તથા મીડાઇ અને માછલી તથા દૂધ દહીં અને

લીલી તરકારીઓ તથા લીલા મેવાઓ જેમકે દરાક્ષ, કાકડી તથા તરબુજ ખરબુજા વિગેરે

(૪) વધુ ભુખ્યા નહી રહેવુ થોડો તેમજ પણ ઝાડો કબજ થવા નહીં દો જો પેટનો ભાર થોડો પણ જણાય તો તરતજ ખોરાક ઓછા કરી દો અને ગુલકન્દ વિગેરે ખાતા રહો.

(૫) વધુ ગરમ પાણીથી નહાઓ નહીં જો થોભી શકો તો તાઢાજ પાણીથી નહાઓ નહીં તો ફરી તાજુ પાણી તો છેજ

(૬) ધણી-ધણીયાણી સુવુ બેસવુ ઓછુ રાખો

(૭) ખુશ્બમો સુગદં અને અત્તરનો વધુ ઉપયોગ રાખો વિશેષ કરીં ગુલાબ ખસતુ અત્તર અને ઘરોમા ખુશબોવાળા ફુલના ઝાડ રોપેલા રાખતા રહો જેમકે બેલા, ચમબેલી, ગુલાબ અથવા કાફુર ઘરના ખુણાઓમા રાખી લો તેમજ કાફુરની ટુકડી બાજુ ઉપર પણ બાંધો

(૮) શરીર ઉપર તલનુ તેલ લગાડો નહી તેમજ બાળો નહીં અને ખાઓ પણ નહીં

(૯) આ દવાઓ આપણા તથાં આપણા બચ્ચાઓમા વાપરતા રહો

પહેલી દવા તે ગોળી જે મોટા માણસોના તાવના વર્ણનમા લખાયલી છે જેમા જેહેર મોહરા ખતાઇ પણ છે

બીજી દવા

સાચા મોતી	દોઢ માશો
જેહેર મોહરા ખતાઇ	છ માશા
ઉજલા સદલનો વહેર	ત્રણ માશા
(જદવાર) નરબસી	સવા માશો
કસતુરી	એક રત્તી
કાફુર	એક રત્તી
આદીના વરક	એક રત્તી

સર્વને સુરમાની જેમ ઝીણું વાટી ઇસપ ગોલના લુવાબમા ચણાં જેવી ગોળીઓ બનાવી લો અને એક ગોલી સવારે તથા એક સાંજે લેતાં રહેવુ

ત્રીજી દવા કેસરની ગોળી જે ઘણી બરકતવાળી છે

નીમડાના લીલા પાતરા અથવા લીલા ફુલ અને કરયાતુ તથા શાહતરો ત્રણેવ સરખુ વજન લય લો અને રાતના જુદા જુદા પાણીમા શાનરો તથા કરયાતુ ભીંગવી દો સવારે બન્ને પાણી મેળવી દો અને તેમા તે નીમડાના પાતરા કે ફુલ જે હોય તે વાટી લો અને ફરી ઉકાળો જ્યારે તદન પાણી બળી ઉડી જાય અને પાણી તદન રહે નહીં ત્યારે એ દવા જેટલા તોલા હોય દર તોલાના હીસાબે કેસર ચાર રત્તી તેમાં મેળવી દો અને ત્રણ ત્રણ માશાની ગોળીઓ બનાવી ત્રણ દીવશ સુધી તેમા થોડી ખાંડ મેળવી એક ગોળી રોજ ખાતા રહો-પલેગથી બચાવ રહેશે

ખોરાક પલેગવાળા માટે સર્વથી સારો (આશજવ) જવનુ પાણી છે તેમા થોડુ ખાટા લીમુનો રસ તથા કેવડાનો અરક પણ મેળવી લો જો બરફ મળી આવે તો તે પણ મેળવી તાઢુ કરી લો-વળી એવી બીજી થઢી વસ્તુઓ આપવુ ઘણુજ સારૂ છે.

ચોથી દવા જે ઘણી ફાયદો આપનારી છે. જ્યારે કોઇ પલેગમા સપડાય જાય અને તેને તાવ પણ હોય ત્યારે આ દવા બનાવી વાપરી લો.

અજમાનુ સત (થાઇમોલ)	માશા ૬
કાફુર સારૂ	તોલો ૧
ફુદનાનો સત (મેન્થોલ)	માશો ૧

આ ત્રણેવને એક શીશીમા (એક પછી એક) નાખી મેળવી સારી રીતે બધ કરી હલાવી દો એઓ મળતાજ (એક બીજાના અસરથી) પાણીની જેમ પીગળી તેલ થઇ

જશે, જ્યારે જરૂરત હોય ત્યારે નાના નાના બચ્ચુ બતાશા લઇ તેઓમા એના ત્રણ ત્રણ ટીપા નાખી આઠ આઠ કલાકના છેટથી એક એક બતાશો [illegible] અને દુધ તેનુ પ્રમાણમા પીવડાવો અને જો બીમાર [illegible] ના કહે તો ખાવુ પીવડાવતા રહો અને બીજી કોઇ [illegible] નહી આપો જ્યા સુધી કે તાવ તદન જાય નહી

અને નાની ઉમરવાળાને એકેક બતાશામા બે બે ટીપા અને નાનુ બચ્ચુ હોય તો એક એક ટીપુ બસ થઇ રહેશે

અને જો પલેગની ગાઠ પણ દેખાતી હોય તો તે માટે [illegible] તથા [illegible] ઝાડ [illegible] તેમા એક માશો જદવાર વાટી [illegible] લેપ કરો અને તે ઉપર દુધ [illegible] પુલટીસ ગરમ ગરમ બાંધો તેજ ગરમ ગરમ બદલતા રહો

[illegible] ઉપાય જ્યારે કોઇને [illegible] પીવાની [illegible] આપો [illegible] પણ [illegible] તેની [illegible] બેસાડવા [illegible] નહી [illegible] તાદી [illegible]

[illegible] (સન્દલ) [illegible] અને તાજા ગુલબનફશાના [illegible] તે [illegible]

[illegible] બીજા તાવમા [illegible] હાથ પગોમા [illegible] (સાગી [illegible]) [illegible] આવે છે અને [illegible] આવી ગયછે

અને ગાઠ ઉપર [illegible] પહોચવા દો નહી જ્યારે થન્ડી પહોચવાની શકા થાય ત્યારે તરતજ બાબુના પાણીમા ૩ કાળી મરમ ગરમ વળે ગાઠને ઝારો–સારાશ આ છે કે તેના પકાવવાનો ઉપાય કરવો જોઇએ એજ રીતે જનો વળગાવવી પણ સારી રીત છે કમમાકમ [illegible] વાસી વળગાવીદો.

અને [illegible] એના બીજી પણ સારી રીતો નીચે મુજબ છે

પટી જે ઘણીવાર અજમાવેલી છે

ઉજનો એલચ (પ બીયા)	તોલો ૧
અરીઠુ	તોલો ૧

બન્ને વાટી ફરી લસણના પાણીમા સારી રીત મેળવી એની પટીઓ બનાવી લો ફરી એક પટી ગાઠ ઉપર બાગે લો અને તેના ઉપર (પીયાજ) કાદા ભુજી છુદી બાધી દો જ્યારે કાદા થડા થાય ત્યારે બીજા કાદા ગરમ બદલી બાધી દો અને બે બે કલાક વીત્યા પછી પટી પણ નવી બદલી દો–એથી એકજ દીવસમા અન્દરનો મવાદ નિકળી આવશે–તે એવી રીતે પાકશે કે ગાઠ પોતેજ પાકી ફુટી જશે વસ્તા નશતર મારવાને લાયક થઇ જશે અથવા પુલટિસના ગરમાવાથી ફુટી મવાદ બાહાર નિકળી આવશે

પીવાની દવા પ્રથમ આલુબુખારા નગ ૭ નય દાના તોલા પાણીમા ૧–૨ કલાક ભીગવી દો ફરી તેનુ નીતરૂ પાણી લય લો ફરી તે પાણીમા

જરીશ્ક	માશા ૫
કુલફાના બી	માશા ૫

વાટી કપડાના ગાળી નો અને તેમા

ઉજલુ સન્દલ	માશા ૩
જદવાર (નરબસી)	માશો ૧
જેહેર મોહરા ખતાઇ	માશો ૧
દરીયાઇ નારીયળ	માશો ૧
કાફુર	માશો ૧

સર્વને ગાવઝબાનનુ અરક તોલા ૧૨ મા વાટી મેળવી દો ફરી તેમા દાડમનું શરબત તોલા બે મેળવી પીવડાવો.

પીવાની ત્રીજી દવા આ થડો જુલાબ અને ઘણોજ ફાયદો કરનારો છે

કાલી જીણી હરડે	માશા ૬
જદવાર (નરગસી)	માશા ૬
સુનામકીના પાતરા ઘીમા ચાપડેલા	માશા ૬
ગુલાબના સુગ ફુલ	તોલા ૧

રાતના અરધા પોણા રતલ ગરમ પાણીમા ભીંગવી સવારે કપડામા ગાલી તેમા ગુલકન્દ આફતાબી તોલા ૨ અને લાલ ખાંડ તોલા ૪ મેળવી ફરીથી કપડામા ગાલી લો અને તેમા ચાર તોલા ગુલાબનુ શરબત તથા બદામની ગરી નગ ૯ થોડા પાણીમા વાટી તે પણ મેળવી બરફ વિગેરેથી તાઢુ કરી પીવડાવો અને દરેક ઝાડા થયા પછી ઘણું તાઢુ પાણી વાસી અથવા બરફનુ આપતા રહો—અને એક એક દીવસનો આંત્રો વચમા નાખી એવા ત્રણવાર જુલાબ આપો—અને વચ્ચેના દહાડા ઓમા તુખમે રૈહાન પાચ માશા ફકાવી ઉપરથી શરબતે બનફશા તોલા ૨ પાણીમા મેળવી પીવડાવો

છુટી છુટી કેટલી અગત્યની અને કામની વાતો.

ગોશત નાખવાની રીત ખાટા કાગજી લીમુના રસમા જુનો ગોળ ઘોલી ગોશત ઉપર સારી રીતે લગાડી દો કે તેની કોઇ જગ્યા કોરી નહીં રહે ફરી તે ઉપર કલમી શોરો જીણુ વાટી ભભરાવી દો અને સારી પખે મસલી દો અને તે ઉપર લાહોરી નીમક અથવા સાભર લુણ વાટી ભભરાવી મસલી તડકામા સુકાવી લો એ રીતે મહીનાઓ સુધી ગોશત રહી શકે છે (બગડશે નહીં)

ઇંડુ રાખવાની રીત ઇંડાને ઘીય તેલ અથવા ચુનાના પાણીમા મુકી દો લાંબી મુદત સુધી બગડશે નહીં.

ગોશત ગળાવવાની રીત અંજીર અને સોહાગો તથા નોશાદર અને કચરી (બાદયાન)વાટી રાખી લો અને દહી અથવા ઇંડાની સુફેદીમા એમાથી થોડુ મેળવી ગોશતમા મેળવી આઠ દસ મિનિટ તપેલીમા રાખી ઢાકી હલકી આચે ચઢાવો એટલી ગોશત હલવોથઇ જશે. ફરી જેમ ગમતુ હોય તેમ રાંધીલો

દુધ ફાડવાની રીત પહેલા દુધ ઉકાળો ફરી તેમા એક ઇંડની સુફેદી તથા તેની જરદીને અલગ અલગ થોડુ પાણી અથવા દુધમા સારી રીતે ઘોલી તેમા મેળવી દો તરત ફાટી જશે જો વાર લાગે તો ચમચાથી હલાવી દો

પાણી અથવા ખાણુ ગરમ રાખવાની રીત પેટી અથવા ટોપલી કે ગુણીમા નવી રૂ ભરી રાખો ફરી ગરમ ખાણુ અથવા પાણીનુ વાસણ સારી પખે ઢાકી તેમા દબાવી દો અને પેટી ટોપલી કે ગુણીનુ મોહ દબાવી બધ કરી દો—જ્યારે ખોલશો ગરમ મળશે—જો નવો રૂ નહીં મળે તો જુનો રૂ પણ એજ કામ લાગશે અને જો પેટી, ટોપલા નહી હોય તો ગોદડામા જુનો રૂ ભરી તેમા વાસણ લપેટી લો અને તે ઉપર કસીને રસ્સી બાધી દો તો વધુ સારૂ થાય આ રીત બરફ પડતા દેશોમા ઘણી ઉપયોગી છે

છેવટ—ગ્રંથ સમાપ્તી.

એમા કેટલા તે નુસખાઓની રીતો લખવામા આવે છે જેના કાનો આ ભાગમા આવ્યા છે—જો આ નુસખાઓ વધુ દીવસો સુધી ખાવુ હોય અથવા બજારમા ભરોસા લાએક મળતી ન હોય ત્યારે ઘરમા બનાવી લેવુ શ્રેષ્ઠ છે.

ખમીરે ગાવજુબાનનો નુસખો.

આ દિલ તથા દેમાગ એટલે મગજને તાકાત આપે છે.

ગાવજુબાન	તોલા ૩
ગાવજુબાનના ફુલ	તોલો ૧
ધાણા	તોલો ૧
આબ્રેશમ કતર્યા સાફ કરેલુ	તોલો ૧
લાલ બહમન	તોલો ૧
ઉજલી બહમન	તોલો ૧
ઉજલા સન્દલનો વહેર	તોલો ૧
ફરજમુશકના બી પોટલીમા બાંધી	તોલો ૧
તુખમે બાલંગો કપડામા બાંધી	તોલો ૧

રાતના બે રતલ પાણીમા ભીંજવી દો અને સવારે ઉકાળો જ્યારે ત્રીજો ભાગ પાણી રહે અને બે ભાગ બળી જાય ત્યારે કપડામા ગાળી તેમા ઉજલી ખાંડ રતલ એક મેળવી (કીવામ) એટલે જાડુ શરબત બનાવી ફરી તેમા

જેહેર મોહરા ખતાઇ	માશા ૪॥
ચળકતો કહેરબો	માશા ૪॥

ખરળ કરી જીણુ વાટી મેળવી દો ફરી તેમા

ચાંદીના વરક	નગ ૧૦
* સોનાના વરક	નગ ૫

થોડા મધમા ઘુંટી વાટી ખમીરામા મેળવી દો (અ મ્રતાન વિગેરથી બે ત્રણ કલાક હુ । ફરી કાચ અથવા ચીનીના વાસણમા ભરી દો પણ વાસણમા અધુરૂ ભરો કે ખમારનો ઉભરો આવી બહાર નીકળી જાય નહીં) એનો ખોરાક ચાર માશાથી સાત માશા સુધી છે

અને જો એમા દરરોજ મુગાની ભસ્મ (મર્જાનનો કુશતો) બે ચોખાભાર મેલવી ખાતા રહે તો તેનો અસર ઘણી જલદી થવાનો વળી આ નુસખો ગરમ દેહ વાળાને વધુ ફાયદો કરશે

* જો કમતી ખરચમા બનાવવુ હોય તો સોનાનો વરક નહીં નાખો. કરતા

બદામના ખમીરાનો નુસખો

આ ખમીરો થડી દેહવાળાઓને વધુ ફાયદો કરે છે

મીઠી બદામની ગરી છોલેલી	તોલા ૪
કાહુના બી	માશા ૬
મીઠી કોળાના બી છોલેલા	તોલા ૨

પ્રથમ પાણીમા જીણુ વાટી લો ફરી તેમા (મીસરી) સાકર અરધો રતલ અને મધ પા (૦।) રતલ મેળવી પકાવી કીવામ (કેવામ) કરી લો ફરી તેમા

નાની એલચીના દાણા	માશા ૬
લાલ બહમન	માશા ૬
સુફેદ બહમન	માશા ૬
જેઠીમધની જડ	માશા ૬
ગાવજુબાન	માશા ૬
ગાવજુબાનના ફુલ	માશા ૬

કુટી ચાળી મેળવી દો એની ખોરાક સાત માશાથી એક તોલો સુધી છે અને જો શક્તિ હોય તો એમા કસ્તુરી એક માશો અને ચાંદીના વરક બે માશા પણ મેળવી દો

ઇત્રીફલ ઝમાનીનો નુસખો આ ઇત્રીફલ સર્વ તરેહની દેહવાળાઓને માફક આવે છે કોઇપણ જગ્યાનો નજલો-ગાડાપણુ તથા મગજ પરની ગરમી ચડવાને (તબખીરને) ફાયદો આપે છે અને એ વતરીક એના ઘણાઓ ફાયદા છે.

બેડાના છોલતા	માશા ૧૧
સુકા આમલા	માશા ૧૧
કાબલી હરડેના છોલતા	માશા ૨૨॥
પીળી મોટી હરડેના છોલતા	માશા ૨૨॥
કાળી જીણી હરડે	માશા ૨૨॥

સર્વને કુટી કપડામા ચાળી લો અને મીઠી બદામનુ તેલ સાડા પાંચ તોલાથી મેળવી ચોપડી લો ફરી એમા

ઉજલાં સન્દલનો વહેર	માશા ૬॥
કતીરો ગુંદર	માશા ૬॥
ગુલાબના સુકા ફુલ	માશા ૧૧।
વાસકપુર (આકાશી રગતુ)	માશા ૧૧।
નીલુફરના ફુલ	માશા ૧૧।
બનફશાના ફુલ	માશા ૨૨॥
સકમુનયા (ભુજેલુ)	માશા ૨૨॥

(સકમુનયાને ભુજવાની રીત આ છે કે સફરજનના ઉપરથી ત્રણ ખુણુ ની એક કાપથી કાઢી ઉચકી લો અને અન્દર ચપ્પુથી કોતરી ખાડો પાડી તેમા સકમુનયા ભરી દો અને તે ઉપર થોડા ઉજલા તલ નાખી તે કાતલીથી બધ કરી ગુંદેલા આટા વડે મધે લપેટી દો અને વજનસર ગરમ તન્નુરમા રાખી લો જ્યારે આટાનો ખમીર લાલ થાય ત્યારે તેમા થી કહાડી નુસખાના કામમા લાવો)

તુરબદ (નસોત) એક પોલીં જડછે	માશા ૪૫
ધાણા સુકા	માશા ૫૫

સર્વને કુટી ચાળી લો ફરી

બનફશાના ફુલ	માશા ૨૨॥
ઉન્નાબ	નગ ૫૦
સેપીસતાન	નગ ૫૦

પાણી ૨-૨॥ રતલમા ઉકાળી કપડામા ગાળી તેમા મધ તોલા ૩૨॥ અને હરડેના મુરબ્બાનો શીરો તોલા ૫૨॥ મેળવી આગ ઉપર શરબતનો કેવામ કરી લો અને તેમા ઉપરની સર્વ દવાઓ મેળવીદો ફરી અનાજમા ૪૦) દીવશ સુધી દબાની રાખો (કે સર્વ એક થાય) અને જલદી ખાવુ હોય તો દસ દીવસ તો જરૂર દબાવી રાખો એનો ખોરાક સુતી વેળા સાત માશાથી એક તોલો સુધી છે

અને જો એમા નીચે લખેલા મગજો મેળવી દો તો મગજ શક્તિ માટે વધું ઉપયોગી થઇ પડશે.

કાકીના બી	તોલા ૨
ખારક સુકી ઠલયા કહાડી	તોલા ૪
તરબુજના બીની ગરી	તોલા ૨
ઉજલી ખસખસ	તોલા ૨
કાકુના બી	તોલા ૨
બદામની ગરી	તોલા ૨

સારી રીતે કુટી મેળવી દો—જો આપોમા નજલો ઉતર્યો હોય એટલે મોતયો હોય તેમા આ રીતે બનાવી ખાઓ તો વધુ ફાયદો આપશે

મુગાની ભસ્મનો નુસખો

બે તોલા લાલ મુગો લય એક રતલ કુટેલી મીસરીમા વચ્ચે રાખી એક કાગલ અથવા કપડુ કે ગુણી લપેટી દોરડીથી બાધી લો ફરી વીશ રતલ અડીયામા રાખી સળગાવી આચ આપો—જો અડીયા નહીં મળે તો બનાવેલા છાણામા મુકી આચ આપો જ્યારે આચ તદન બુઝી જાય ત્યારે મુગાને છાણુની રાખમાથી કહાડી લો તેની બધી જડો ઉજળી દુધ જેવી નીકળી આવશે પણ જે જે ઉજલી થઇ હોય અને સેહલાયથી તુટતીં હોય તેને બારીક વાટી રાખી લો આજ મુગાની ખાક છે—અને જે મુગાની જડો હજુ કાળી રહી ગઇ હોય તેને નવેસ થી બીજી થોડી મીસરીમા મુકી લપેટી વીશ રતલ અડીયામા આંચ આપી દો કે ઉજલી થાય ફરી વાટી રાખી લો અને દશ પન્દર દીવસ પછી વાપરો કારણ કે આ વધુ ગરમ હોય છે અને જેટની જુની ભસ્મ હોય તે સારીજ હોય છે, આ ભસ્મ લીલી ખાસી અને દિલની હોલ તથા મગજ શક્તિ કમજોર થઇ હોય તે માટે સારો ફાયદો કરે છે અને ભુખ પણ લગાડે છે. એવા એવા રોગો માટે બે ચોખાભાર લય ખમીરે ગાવજુબાન નવ માશામા મેળવી ખાવુ જોઇએ

એક સ્ત્રિએ આ ભસ્મને (પેઠા) ઉજલા કોલાના મુરબ્બામા મેળવી ખાધી હતી જેને

દિલની હોલ અને તમખીર તથા લોહીવા (ઇસતેહાઝાની બીમારી હતી) તેને ઘણો ફાયદો થયો હતો

(રાંગ) કલઇની ભસ્મ એની રીત આ છે કે એક તોલો ચોખ્ખી સારી રાગ લય તેને કુટી ચપટી બનાવી કાતરથી કાતરી ચોખાની જેમ નાની તુકડીઓ કરી લો અને આમલાના ઝાડની છાલ અરધો રતલ લય કુટી એક ગુણીના કટકામા બીછાવી તે ઉપર કતરેલી રાગ બીછવી લો અને (ગુણી) ટાટને ગોળ વાળી લપેટી સુતલીથી ખેચી બાધી દો ૫૧ વીશ રતલ અડીયામા રાખી સળગાવી દો જ્યારે આગ થન્ડી થાય ત્યારે સભાળી રાખ હટાવી રાગની તુકડીઓ કહાડી લો રાગની તુકડીઓ તેમાથી ફુલી કોડીની માફક ઉજલી નીકળશે ફરી હાથે મસલી કપડામા ચાલી લો જેટલી રાગ બળી ભસ્મ થઇ ગય હશે અને ચુનાની જેમ ઉજલી થઇ હોય તેજ સારી છે અને જે તુકડીઓ હજુ સખત હોય તેને જુદી કરી લો (અને ફરીથી આચ દો) આ ભસ્મ (મેદાને) તાકાત આપી પાચનશક્તિ વધારે છે. જેટની જુની ભસ્મ હોય તે સારી હોય છે જો બે ચોખાભાર થોડી મલાઇમા મેળવી ચાટીએ તો ભુખ વધુ લગાડશે

જવારેશ મસતગીનો નુસખો

વાસકપુર (આકાશી રગની)	તોલો ૧
રૂમી મુસતગી	તોલો ૧
નાની એલચીના દાણા	માશા ૬

વાટી અરધા રતન ગુલાબજળ અને પા (૦I) રતલ ખાડનો (કીવામ) શીરો બનાવી તેમા મેલવી દો–ખોરાક ૬ માશાથી એક તોલો સુધી–ભુખ કમતી લાગતી અને વારે વારે ઝાડા થવાને ફાયદો આપે છે–જો ખાણુ ખાધા પછી લીધી હોય તો હજમ કરે છે જો આજ જવારેશમા ત્રણ માશા (સગદાના મુર્ગ) એટલે જુવાન મરઘાના પેટમા પડવાલો સખત મેદો છે તે સાફ કરી સુકાવી વાટલી ભુકી) મેળવીએ તો મેદાની કમતાકાતને ઘણો ફાયદો કરશે

જવારેશ કમુનીનો નુસખો

અદરકનો મુરબ્બો	તોલા ૩
ગુલકન્દ આફતાબી	તોલા ૭
હરડેનો મુરબ્બો ઠળીયો કહાડી	તોલા ૪

સર્વને પોણો રતલ ગુલાબજળમા વગર મસાલી કુડી અથવા સિલ ઉપર તદન ઝીણું વાટી તેમા ઉજલી ખાન્ડ તોલા ચાર અને મધ તોલા ચાર અને સાડાચાર માશા વધુ મળવી કીવામ કરી લો ફરી તેમા કાનુ જીરૂ જે કે સરકામા ભીજવી સુકવેનુ હોય તોલા ત્રણ તથા

ઉજલા મરી	માશા ૪
તિતલીના કા પાતરા	માશા ૪
દારચીની	માશા ૪
લાન બુરા (નિમકની જાત,	માશા ૪

સર્વને કુટી ચાળીમા ચાની તેમા મેળવી દો ખોરાક ૭ માશાથી એક તોલા સુધી છે પેટમા થતો ચ્વાનો દુખાવો તથા વારે વારે બદ હજમીથી ઝાડા થતા હોય તેને પણ ફાયદો આપે છે

ગુલકન્દનો નુસખો મોસમના ગુલાબના ફુલની પાખડીઓ જે ખુસબોદાર અને સાફ રગની હોય રતલ બે લઇ ઉજલી ખાડ રતલ છની સાથે મેળવી લાકડાની કુડી અથવા પત્થરની સીલ ઉપર વાટી લો કે બન્ને એક થાય પછી થોડા દીવસો તડકામા જે વાસણમા ભરયુ તે વાસણનુ મોઢુ બધ કરી મુકો કે જેથી એક મીઝાજ થાય આ બે વર્ષ

*ગરમ દેહવાળાએ તથા ગરમીના દીવસોમા આ જવારેશ કમુનીનો ખોરાક ઓછો લવો તેમ જરૂરત હોય તોજ ખાવી અને આદત પાડવી નહીં. એચ એ રહમાન.

સુધી બગડશે નહીં. અને જો ખાંડની જગ્યાએ મધ મેળવો તો ચાર વર્ષ સુધી તેનો અસર કમ થતો નથી આ ગુલકન્દ ઝાડાનો કબજ દૂર કરે છે મેદાને તાકાત આપે છે જો એમાં થોડું કાળું જીરૂ મેળવી ચાટીએ તો પેટ તથા કમરના દુખાવાને ફાયદો આપે છે

અને આ વાત યાદ રાખો કે જ્યારે ગુલકન્દ કોઇ દવામાં ઘોલી પીવું હોય ત્યારે ઘોલી ગાળી લો-નહીંતો તેના ફુલની પાખડીઓ ઉલટી લાવશે

દવાઉલ મિસ્ક

આ નામ એક માજુનનું છે જેમાં કસ્તુરી એટલે (મિસ્ક) જરૂર હોય છે આ માજુન દિલને ઘણુંજ તાકાત આપે છે, અને એના નુસખાઓ થોડાક ઘટારા વધારા સાથે થડા તથા ગરમ તાસીરવાળા ઘણા છે પણ વધુ ઉપયોગ સમધારણ તાસીર તથા થડી તાસીરવાળાઓનો હોય છે, જેથી તે બન્ને નુસખાઓ નીચે મુજબ લખ્યા છે

(૧) દવાઉલ મિસ્ક થડી તાસીરવાળું

ગાવજુબાન	માશા ૯
નરકચુર	માશા ૬
ગાવજુબાનના ફુલ	માશા ૬
આબ્રેશમ કતરી સાફ કરેલું	માશા ૬
ઉજલા સંદલનો વહેર	માશા ૬
ફરંજ મુશ્કના પાતરા	માશા ૬
કાહુના બી	માશા ૬
સુકા ધાણા	માશા ૬
કુલફાના કાળા બી	માશા ૬
મીઠી દૂધીના છોલેલાં બી	માશા ૬
સુફેદ બહમન	માશા ૬
લાલ બહમન	માશા ૬
દરૂનજ અકરબી	માશા ૬
ગુલાબના સુકા ફુલ	માશા ૬
રૂમી મુસતગી	માશા ૬

સર્વને અલગ અલગ કુટી ચાળી દવાઓનું અલગ અલગ વજન કરી લો ફરી

મીઠા શફરજનનું શરબત	તોલા ૧૦
મીઠી બેહીનું શરબત	તોલા ૧૦
ઉજલી ખાંડ (સક્કર)	તોલા ૪૦

મેળવી અગ્નિ ઉપર ઉકાળો જ્યારે શરબતનો કેવામ થાય ત્યારે એમાં ઉપરની દવાઓ મેળવી હલાવી એક કરી લો ફરી તેમાં

સાચા ઉજળા મોતી	માશા ૪
ચળકતો કેહેરબો	માશા ૬
વાસકપુર આકાશી રંગનું	માશા ૫
બસદ લાલ (કાણાવાળો મુંગાની જેમ દરયાઇ એક લાલ પત્થર)	માશા ૬
લાલ રંગની યાકુત ની કણીયો	માશા ૬

કેવડાનું અરક ચાર તોલામાં આ સર્વને ખરલ કરી ઝીણી ધુળની જેમ વાટી સુકવી મેળવી દો ફરી તેમાં

ચોખ્ખી કસ્તુરી	માશા ૨
જાફરાન (કેશર)	માશા ૩
ચાંદીના વરક	માશા ૬

કેવડાના અરકમાં ખરળ વડે વાટી એ પણ મેળવી દો ખોરાક એનો અરધા તોલાથી એક તોલા સુધી ઉમર તથા જરૂરત સમજી આપો

(૨) દવાઉલ મિસ્ક મોતદેલનો નુસખો

આ દવા દિલ અને મગજને તાકાત આપે છે અને મેદાની ખરાબ તબખીર તથા નબળા વિચારો ને દુર કરે છે, વળી ગરમી સરદીમાં સાધારણ છે

ગુલાબના સુકા ફુલ	માશા ૨
આબ્રેશમ કતરી સાફ કરેલી	માશા ૨
દારચીની	માશા ૨
લાલ બહમન	માશા ૨
સુફેદ બહમન	માશા ૨

દરૂનજ અકરબી	માશા ૨
છળેલા	માશો ૧
રૂમી મુસતગી	માશો ૧
નાની ઇલાચીના દાણા	માશો ૧
ઉજલા સન્દલનો વહેર	માશા ૩
લાલ સન્દલ નો વહેર	માશા ૩
ધાણા સુકા	માશા ૩
સુકા આમલા	માશા ૩
કુલફાના બી	માશા ૩
ગાવ જુબાનના ફુલ	માશા ૪
(જરીસ્ક)	માશા ૫
ઉદે હિન્દી (સાદુ-અગર)	માશો ૧॥
બાદરજ બોયા	માશો ૧॥

સર્વ ને કુટી કપડામા ચાલી લો અને રૂબ્બે બેહીશીરીં (બેહી, બીહાનો જાડો શીરો) તોલા પાચ તથા ઉજલી ખાન્ડ તોલા પાચ-મધ તોલા પાચ પ્રથમ એઓનો સાથે (કિવામ) શીરોકરી તેમા ઉપરની દવાઓ મેળવી દો ફરી તેમા

સાચા મોતી (ખસખસ જેવા નાના)	માશા ૨
ચળકતો કહેરબો	માશા ૨
બસદ લાલ એટલે (કાણાવાલો મુગાની જેમ એક દરયાનો લાલ પત્થર)	માશા ૩
વાસ કપુર ચળકતુ	માશા ૩

ચાર તોલા કેવડાના અરકમા ખરલ કરી નક્ષવીદો ફરી તેમા

કસ્તુરી	માશો ૧
કેસર (જાફરાન)	માશો ૧

બન્ને ને અલગ કેવડા મા વાટી મેળવીદો ફરી ચાંદીના વરખ સાડા ત્રણ માશા થોડા મધમા ઘુટી મેળવીદો અને - ચ અથવા ચીની ના વાસણમા ભરીદો અને ખોરાક એનો પાંચથી નવ માશા સુધી છે, અને વધુ ભાગે આજ નુસખો સર્વ જગ્યા બનાવવામા આવે છે અને મોટા મોટા યુનાની દવાખાનાવાળા પણ બનાવી વેચે છે.

માજુન દબીદુલ વર્દનો નુસખો.

બાલછડ	માશા ૩
રૂમી મુસતગી	માશા ૩
જાફરાન (કેશર)	માશા ૩
વાસકપુર ચળકતું	માશા ૩
દારચીની	માશા ૩
ઇજખર મક્કી	માશા ૩
અસ ળુન	માશા ૩
મીઠી કુટ	માશા ૩
ગાફેસના ફુલ	માશા ૩
તુખમે કસુમ	માશા ૩
મજીઠ	માશા ૩
ધોયલી લાખ	માશા ૩
અજમોદ (કરફસના બી)	માશા ૩
અજમોદની જડ	માશા ૩
લાબી જરાવદ	માશા ૩
હબ્બે બલસાં	માશા ૩
અગર ગરકી (ઉંચુ તથા પાણીમા ડુબનારૂ)	માશા ૩
ગુલાબના સુકા ફુલ	તોલા ૪૧

સર્વને કુટી કપડામા ચાલી લો અને સત્તર (૧૭) તોલા મધનો (કિવામ) કરી એટલે મધમા થોડુ પાણી મેળવી હીનવી આગ ઉપર ચડા ઓ જોશ આવે ત્યારે તેનો કફ ઉતારી સાફ કરી લો જયારે પાણી બળે અને મધ પોતાના વજન ઉપર આવી જાય ત્યારે) નીચે ઉતારી તેમા સર્વ દવાઓ મેળવી રાખી લો એનો ખોરાક ૩થી ૫ માશા સુધી છે આ માજુન દબીદુલ વ ર્દ જીગર (લેવર) તથા મેદો અને સ્ત્રિના રહમ વિગેરેના સોજાઓને ફાયદો આપે છે એનો મીઝાજ થોડો ગરમ છે અને જો તાવમા આપો તો એને ચાટી ઉપરથી એદ મુશ્કનુ અરક તોલા ચાર પીવડાઓ તો વધુ સારૂ છે

કાસનીનુ પાણી ટપકાવવાની રીત.

કાસનીના બી તોલા ત્રણ દોહરા કરી રાતના રતલ સવા રતલ પાણીમા ભીંજવી દો.

સવારે એક ચાર ખુણીઆ કપડાના ખુણાઓ બાંધી લટકાવો અને તેમા ઉપર લખેલા તુખમે કાસની તેના પાણી સાથે નાખી ટપકાવી લો જયારે ટપકી રહ્યું ત્યારે બીજી વારે પણ તેજ પાણી કપડામા નાખી દો અને ટપકાવી લો એવી રીતે સાતવાર કરી લો

કાસની વિગેરેનુ પાણી કાઢવાની રીત.

કાસનીના તાજા પાતરાને લય ધોયા વિના વાટી લો અને તેનુ પાણી કહાડી આગ ઉપર રાખી ઉકાળો કે ફાટી તેનુ બધુ લીલાપણુ અલગ થય જશે અને પાણી અલગ થય જશે, ફરી તે પાણી ગાળી લો–આ પાણી કલેજાના સોજાને ઘણોજ ફાયદો આપે છે

આશેજવ એટલે જવનું પાણી બનાવવાની રીત.

જવ ત્રણ તોલા લય તે ઉપર થોડુ પાણી છાટી કુટો કે જેથી તેના છોલતા જુદા થાય ફરી તેને દોઢ રતલ પાણીમા ઉકાળો જયારે અરધુ પાણી રહે ત્યારે એ નકામુ પાણી નીતારી કહાડી લો અને તે જવમા નવુ પાણી દોઢ રતલ બીજુ મેળવી ઉકાળો કે એ પણ અરધુ રહે ત્યારે એને પણ નીતારી ફેકી દો એ પરમાણે છ વાર પાણી બદલી ફેકી દો ફરી સાતમીવારનુ પાણી ઉકાળેલુ નીતારી કપડામા ગાળી લય તેમા ખાંડ અથવા નીલુફરનુ શરબત મેળવી પીવુ જો મન થાય તો તેમા કેવડાનુ અરક પણ થોડુ મેળવી દો

જો (દિક) ખઇના તાવમા ઝાડા પણ થતા હોય તો પ્રથમ જવને થોડુ કુ જુ જી ફરી આશેજવ બનાવી-લો તે વધુ ફાયદો કરશે અને આ વિચાર કરશો નહીં કે એવા હલકા પાણીથી બીમારને શું ખોરાક મળશે પરંતુ આ બધુજ તેને સારી રીતે પચી તેનો ખોરાક બની જાય છે. અને ઘણી જલદી હજમ થાય છે અને પેટમા ભાર થવા દેશે નહીં વળી સારૂ ખુન પેદા કરે છે અને સિલની બીમારી (એટલે ફેફસામા જખમ પડવાને) તથા સુકી ખાસીને ફાયદો આપે છે. અને પેચીશની બીમારીમા પણ આપવુ સારૂ છે-અને તાવમા તો આ ખોરાક અને દવા પણ છે–તેસોમાથી બગડેલો મવાદ હોય તેને કહાડે છે–એની તાસીર તરાવટ સાથે થડી છે તેથી જેના (મેદામા) પેટમા સરદી વધુ હોય અથવા પેટમા દુખાવો હોય અને ઝાડો કબજ વધુ હોય તેને હકીમની રાય લેવા વિના પાવું નહીં

ગુલાબનું ઉંચુ શરબત એટલે શરબતે વર્દ મુકર્રરનો નુસખો.

ગુલાબના ફુલ બે તોલાને અડધા રતન ગુલાબજળમા ઉકાળો જયારે અડધુ ગુલાબજળ રહે ત્યારે કપડામા ગાળો તેમા અડધો રતલ ગુલાબજળ બીજુ મેળવી દો અને બે તોલા ગુલાબના ફુલ બીજા મેળવી ફરીથી ઉકાળો કે અડધુ રહે ત્યારે પાછુ ગાળી લો અને એજ રીતે ઉપરની જેમ સાત વાર કરી લો ફરી સાતમીવારે કપડામા ગાળી તેમા પા (૦।) રતલ ખાંડ મેળવી ઉકાળી શરબતનો કેવામ બનાવી લો અને ચાસણી આવી ગયા ફરી તેમા વાસ કપુર માશા ૬ બારીક વાટી મેળવી દો જયારે ઝાડા લાવવાનો વીચાર થાય ત્યારે ચાર તોલા એમાંથી પાણીમા મેળવી તેમા બરફનુ પાણી જેટલી વાર પીશો તેટલા ઝાડા થયાં કરશે–અને બીજા જુલાબોથી એમા એક ઉલટી તાસીર આ છે કે એની તાસીર થડી છે અને મેદાને તાકાત આપે છે વળી કોઇ કારણે જો એથી ઝાડા નહીં થાય તો પણ કાઇ નુકસાન કરતુ નથી અને ગરમ બીમારીઓમા ઘણો ફાયદો આપનાર તથા હલકો જુલાબ છે.

સાદી સિકન જેબીનના શરબતનો નુસખો.

ઉજલી ખાંડ ત્રીશ તોલાને ઉંચો સરકો દશ તોલામા મેળવી દો અને તેમા પાણી પણ વીશ તોલા નેલવી ધણી હલકી આંચ ઉપર ઉકાળો, અને હલાવતા રહો જ્યારે તેની ઝાગ જે ઉપર આવે તેને (ઝાગ, કફગીર અથવા કાણા વાળા ચમચા વડે) કહાડતા જાઉ ફરી જ્યારે તેમા રીગનો તાર બધાય ત્યારે અગ્નિ ઉપરથી નીચે ઉતારી નીચે પણ હલાવતા હલાવતા તાઢુ કરી લો અને બોતેલ મા ભરી લો

આ સિકનજેબીન સફરાવી માદ્દાને ઘણી જલદી દુર કરે છે જો ખરબુજા તથા બીજા એવા હલકા મેવા ખાય ઉપરથી આ સિકન જેબીન ચાટી લો તો વધુ ફાયદો કરે છે કારણ આ વસ્તુઓથી સફરાવી માન્દો બનવાનો હોય તેની રોકાણ થઇ જાય છે

ફાયદો જ્યારે ખાસી હોય અથવા મેદો(જઠર) કમતાકાત હોય અથવા પેચીશની બીમારી હોય અથવા જુલાબ લીધો હોય તેમા સિકન જેબીન આપો નહીં

જો સિકન જેબીનમા ખાંડની જગ્યાએ મધ મેળવી દો તો તેની થડી તાસીર ઓછી થાય છે અને એનેજ (અરબીમા) અસલ કહેછે

અને કદી સરકાની જગ્યા અરકે નાઅના મેળવવામા આવે છે ત્યારે તેને સિકન જેબીન નાઅનાઈ કહે છે–અને લીમુ તથા ખાંડના શરબતને લીમુની સિકન જેબીન કહેવાય છે,

કોઇપણ જાતના અરક ખેચવાની સેહેલી રીત

જે દવાનુ અરક ખેચવુ હોય અને અરક ખેચવાનુ જતર નહી મળતુ હોય તો તેની રીત આ છે કે જેટની દવા હોય તેનુ બાર ગણુ પાણી દવાની સાથે એક મોટા તપેલામા ભીંજવી રાખી ચુલા ઉપર ચડાવી નીચે અગ્નિ બાળો અને આ મોટા તપેલાની વચેવચ એક નાની તપેલી પાણીના વચેવચમા એવી રીતે રાખી લો કે એમા અંદરનુ પાણી જાય નહીં જો તપેલી વધુ પાણીના લીધે વચમા ટકે નહીં ત્યારે તેની નીચે કાઇ ઇટ અથવા લોખંડનો બટેરો વિગેરે રાખી તે ઉપર મુકી ટકાવી લો ફરી મોટા તપેલા ઉપર એક માટીનો ઘડો પાણી ભરી મુકી દો જ્યારે તપેલાના પાણીને આંચ લાગશે ત્યારે વરાળ ઉડી તે ઘડાના તળીયામા વળગી અરકના ટીપા બની આ નની તપેલીમા ટપકવા લાગશે–થોડી થોડી વારે ખોલી જોતા રહેવુ જ્યારે નાની તપેલી ભરાય જાય ત્યારે તેને શીસા વિગેરેમા ભરી લો અને તપેલી મોટા તપેલામા ફરી પણ મુકી દો અને ઉપરના ઘડાનુ પાણી પણ જોતા રહેવુ જ્યારે તે ગરમ થાય તો એ ઘડો ઉતારી બીજો તાઢા પાણીનો ઘડો ભરી બદલી દો એ રીતે અરક નીકળી આવશે એક સેર દવા હોય તો તેનુ સાત આઠ શેર અરક લેવુ સારૂ છે તે એવી રીતે કે બાર શેર પાણી નાખી આઠ શેર અરક ખેચી લો અને તે પછી જે બચેલુ રહે તે રહેવા દો

શરબત બનાવવાની રીત.

શરબતની સર્વ દવાઓ રાતના ઝ ઘણા પાણીમા ભીંજવી દો ફરી સવારે તેને ઉકાળો જ્યારે પાણી બળી એક ત્રીજો ભાગ પાણી રહે ત્યારે મમલી કપડામા ગાળી લો અને તે દવ ઓના વજન પ્રમાણે બમણી અથવા ત્રણ ઘણી ખાંડ અથવા સાકર તેમા મેળવી ઉકાળી તાર બંધાય તેવો શીરો બનાવી લો અને નીચે ઉતારી જ્યારે તાઢુ થાય ત્યારે શીસાઓમા ભરી રાખી લો *

* શરબત બનાવતા તેનો મેળ–કફ જે ઉપર આવે તે કહાડી ફેકી દો–અને ઇંડાના કાચલા અથવા સફેદી તથા ખટા લીંબુના છોલતા પણ ઉકાળતા મેળવવાથી તેનો મેલ ઘણી જલદી નીકલી આવશે વળી ચુલા ઉપર ચડાવ્યા પછી તેને છેવટ સુધી હીલાવતા રહેવું.

એચ. એ. રહમાન.

ફાયદો ચાદીના વરખ જ્યારે કોઇ માજુન કે શરબતમા મેળવવાનો વીચાર હોય તો તેની સારી રીત આ છે કે વરખને પહેલા થોડા મધમા વાટી લો ફરી આ રધ તે માજુન કે શરબતમા મેળવી દો–વરખ જેવી રીતે મધમા વટાય મેળવાય છે તેમ બીજી કોઇ ચીજમા મેળવાતા નથી

શરબતે અન્જુબારનો નુસખો

અન્જુબાર ની જડ તોલા પાચ લય દોદરી કરી રાતના પાણીમા ભીંગવીદો સવારે ઉકાલી તેને મસની કપડામા ગાલી તેમા અદધો રતલ ખાડ મેળવો ચીનાની કવામ કરીલો એનો ખોરાક બે તોલા સુધી છે– આ શરબત–નકસીર (નાકમાથી ખુનજવાને)ના સ્ત્રિના લોહીવાની બીમારી (ઇસ્તેહાઝા)થવાને વ ઝાડાને રોકે છે–આ શરબત તાસીરમા ગરમ હોય છે જો એની થડી તાસીર કરવી હોય તો ઉજલા સદલનો વહેર તથા લાલ સદલનો વહેર પણ તે પાણીમા (તોલો દોઢ તોલો) ભીંગવી દો અને તે વેળા ખાડ કે સાકરનો વજન એક રતલ કરીલો

કુરસે કુહેરબાનો નુસખો

કતીરો ગુદર	માશા સાડા દશ
ધઉનો નિશાસતો	માશા સાડા દશ
બાવલનો ગુદર	માશા સાડા દશ
કાકડી ચીભડાના બીની ગરી	માશા સાડા દશ
દાડમની કલી	માશા સાત
અકાકયા ( )	માશા સાડા ત્રણ
ચળકતો કહેરબો	માશા સાડા ત્રણ
તુખમે બાર તગ	માશા સાડા ત્રણ

સર્વને કુટી ચાળી પાણી મા ગુદી સાડા ચાર માશાની ટિકડીઓ બનાવી સીલામા સુકવી લો.

શરબતે બઝુરી બારેદ (થડી તાસીર વાળાનો) નુસખો.

કાકડી ચીભડાના બીની ગરી	તોલા ૨
મીઠી દોધીના બીની ગરી	તોલા ૨
ભુરા કોલા (પેઠાના બીની ગરી)	તોલા ૨
ગોખરૂ	તોલા ૨
ખતમીના બી	તોલા ૨
ખુરફાઝીના બી	તોલા ૨
તરબુજના બીની ગરી	તોલા ૨
કાસનીના બી	તોલા ૨
કાસનીના બીની જડ	તોલા ૨

સર્વે દોદરી કરી રાતના પાણીમા ભીંગવી દો સવારે ઉકાળી કપડામા ગાળી તેમા બત્રીશ તોલા અથવા ચાલીસ તોલા ઉજલી ખાડ મેળવી ઉકાળી કવાન કરી લો ખોરાક બે તોલાથી ત્રણ તોલા સુધી છે જો ભુરા કોળા ના બી નહીં મળે તો નહી મેળવો અને વધુ ઉપયોગ એનોજ છે અને મોટા દવાખાનાઓમા પણ વેચાય છે

શરબતે બઝુરી ગ (ગરમ તાસીર વાળાનો) નુસખો.

આ શરબત પેશાબ અને માસિક ખુલ્લાને ખુલાસા લાવે છે (ઇસ્તે જુઓ જુલાબ છે) અને ગુરદાની તથા (મ ના) પેશાબની થેલીમા બનેલી રેતને કહાડી સાફ કરે છે અને (યરકાન) કમળો તથા જુના તાવને ફાયદો આપે છે, તેની રીત

તુખમે કાસની	તોલા રાા
વરીયાળી (સોફ)	તોલા રાા
ખરબુજાના બી	તોલા રાા
મીઠી દોધીના બી	તોલા રાા
કુરફુસના બી	તોલા રાા
કાસનીની જડ	તોલો ૧ાા
ગુલે ગાફેસ	તોલો ૧ાા
ખતમીના બી.	તોલો ૧ાા

જેઠીમધની જડ છાલ તોલી	તોલો ૧॥
બાલછડ	તોલા ૧॥
બનફશાના ફુલ	તોલો ૧॥
ગાવજુબાન	તોલો ૧॥

સર્વને દોદરૂ કરી ગતના (ઉપર બનવા વવા મુજબ) છ ઘણા પાણીમા ભીંગવી દો સવારે તેમા આઠ તોલા કાળી દરાક્ષ બાજ કહાડી મેળવી એટલુ ઉકાળો કે પાણી અરધુ રહે ફરી કપડાણુ ગાળી તેમા ઉજલી ખાડ તોલા (૬૨) બાસેઠ મેળવી તાર બધાય તેવો શીરો બનાવી લો ખોરાક એનો બે તોલાથી ત્રણ તોલા સુધી છે

શરબતે બજુરી મોતેદેલ (એટલે સમાધાર તાસીરવાળાનો નુસખો.

કાસનીની જડની છાલ	તોલા ૨
ખરબુજાના બી	તોલા ૨
ગોખરૂ	તોલા ૨
કાકડી ચીભડાના બી	તોલા ૨
જેઠીમધની જડ છાલ છોલેની	તોલા ૨

સર્વને દોદરૂ કરો અને રાતે (ઉપરની રીત મુજબ) પાણીમા ભીંગવી સવારે ઉકાળો કરી કપડામા ગાળી તેના ઉજલી ખાડ તોલા વીશ મેળવી શીરાના (કેવામ) કરી લો ખોરાક બે તોલાથી ત્રણ તોલા સુધી છે "

ખમીરએ બનફશા તથા શરબતે બનફશાનો નુસખો.

બનફશાના ફુલ તોલા ૨ લય રાતના પાણીમા ભીંગવી રાખી લો સવારે તેને મસલી ગાળી લો ફરી તેમા ઉજળી ખાડ અરધો રૂતલ મેળવી તાર બધાય તેવો કેવામ કરી લો તો આ શરબતે બનફશા બની ગયુ અને જો આજ શરબતમા બીજા બે તોલા બનફશા ના ફુલ લય કુટી ચાળી ભુકી બનાવી મેળવી દો અને (મતારા વગેરેથી તપેલામા ઘુટી લો) તો હવે આ ખમીરએ બનફશા બની જશે અને ઉજલી ખાડની જગ્યા લાલ ખાડ મેળવવામા આવે તો ઝાડા લાવવા વિષે સારી દવા થઇ પડશે.

ઇત્રીફલ કશનીઝી અને ઇત્રીફલ સગીરનો નુસખો.

મોટી પીળી હર્ડેના છોલતા	તોલા ૨
કાબલી હર્ડેના છોલતા	તોલા ૨
બેહેડા	તોલા ૨
આમલા સુકા	તોલા ૨
નાની કાળી હર્ડે	તોલા ૨

સર્વને કુટી ચાળી બદામનુ તેલ અથવા ગાયના ઘીથી ચોપડી તેમા બે તોલા કુટી ચાળેલા સુકા ધાણા પણ મેળવી રાખી લો અને છત્રીશ તોલા ઉજળી ખાડનો તાર બધાય એવો શીરો કરી તેમા મેળવી દો અને કાચ વગેરેના વાસણમા ભરી ચાલીશ દિવસ સુધી જવ અથવા ઘઉમા દબાવી(કે એક મિઝાજ થાય) ફરી કહાડી ખાવુ અને ખોરાક સુતી વેળા તોલો એક છે

અને કેટલાક લોકો ઉજલી ખાડની જગ્યા મધ મેળવે છે અને કેટલાક હર્ડેના મુરબ્બા નો શીરો મેળવે છે

અને ઉપરો નુસખો ધાણા નાખવાથી ઇત્રીફલ કશનીઝીના નામે ઓલખાય છે અને જો ધાણા નહી નાખીએ તો તે ઇત્રીફલ સગીર કહેવાય છે

બેહરોઝાનુ તેલ કહાડવાની રીત.

સુકૂ બેહરોઝાના તુકડા કરી તેમાં થોડી રેત મેળવી કુટી એક કરી લો અને (આતેશી શીશી) એટલે અગ્નિમા નહી ફાટે તેવી શીશી મા ભરી દો અને શીશીના મોહમા પાતળી પાતળી ઘાસ અથવા લાકડાની સળીઓ સાથે મેળવી મુકી સખત બધ કરી દો ફરી ? તુટેલાં માટલાની ઠીબ લય વચ્ચે કાણુ પાડી તેમાં

ઉપલી શીશી ઉંધી કરી તેનુ મોહ અંદર મુકી બહાર કહાડી લો અને ઓતેન જરા ઢગતી રાખો

ફરી તે ઠીમમા ભુસી ભરી સળગાવીએ અને શીશીના મોહના નીચે એક પીયાલુ રાખી લો જ્યા સુધી તેલ આવતુ રહે આચ રહેવા દો અને જ્યારે તેલ નિકળવુ બંધ થાય ત્યારે પિયાલુ અલગ કરી લો અને રેત એટલા માટે મેળવવામા આવે છે કે એહરોઝા સળગી ભડકો થાય નહીં અને ભુસીની આચ એટલા માટે હોય છે કે આચ ઓતેનને સરખા ભાગે લગે અને હલકી રહે

અને તેલ કહાડવા પહેલા મુલનાની માટી પાણીમગ ભીંગવી તેમા કપડાના કટકાઓ ભીંગવી શીશી ઉપર ત્રણ ચાર આટા વિંટાડી લો અને સુકાવી લો એનેજ (ગિલે હીકમત) ગજપટ કરવુ કહે છે જ્યારે તદન સુકાય જાય ત્યારેજ તેલ કહાડો—અને મોમ એટને મીણનુ તેલ પણ એજ રીતે કહાડવામા આવે છે

આ એહેરોઝનુ તેલ પેશાબમા બળતી આગને માટે ઉમર પ્રમાણે એક ટીપાથી ચાર ટીપા સુધી બતાશા મેળવી ખવરાવવુ વધુ ફાયદો આપે છે વળી અગ્નિથી બળી જતા તથા ભિડ સકકા માખી અને વિછુના ડંખના જગ્યા ઉપર લગાડવુ તેનેપણ ફાયદો આપે છે અને કાનના દુખાવાને પણ ટપકાવવાથી ફાયદો થાય છે

મોમીયાઇ બનાવવાનો નુસખો.

ઇંડાની જરદી (દાલ)	નંગ ૩
બીલાવા	નંગ ૭
ઉજલી રાળ	તોલા ૧૦

પ્રથમ બીલાવાને દશ તોલા ઘીમા અગ્નિ ઉપર બાળી લો બીલાવા જ્યારે બળી જાય ત્યારે તેમાથી કહાડી ફેકી દો અને તે ઘીમા બીજી દવાઓ મેળવી હીલાવતા રહો અને ઘણી તેજ આચ કરીદો પણ હાથ ચલાવવામા ઘણી હોશીયારી રાખવી જોઇએ જ્યારે વધુ આચ થવાને લીધે દવામા આગ લાગી ભળકો થાય ત્યારે તરત જ તેને ઢાપી ચુલાપરથી નીચે ઉતારી લો જ્યારે તાઢુ થવા લાગે ત્યારે તેને કહાડી કોઇ ડબ્બી વિગેરેમા ભરીદો એનો ખોરાક બે રત્તીથી એક માશા સુધી છે

આ મોમીયાઇ શરીરના જોડોને ઘણી તાકાત આપે છે અને (ખાવા તથા લગાડવાથી) થોડા દીવસોમા હાડકી સુદ્ધા જોડાય જાય છે

કરબને દીનારનો નુસખો

કાસનીના બી	માશા ૧૭ અને રત્તી ૪
ગુલાબના ફુલ	માશા ૧૭ અને રત્તી ૪
કાસનીના જડની છાલ	તોલા ૨॥
નીલુફરના ફુલ	માશા ૮॥।
ગાવઝુબાન	માશા ૮॥।
કસુમના બી પોટલીમા બાંધેલા માશા ૨૬।	

સર્વ દવાઓને માત્રા પ્રમાણમા છ ઘણુ વધુ પાણીમા ભીંગવી રાખો અને જોગ દેતીવેળા તેમા રેવંદચીની ૯ માશા દોઢડ કરી પોટલીના બાંધી તેમા મુકી દો અને (કરગીર) એટલે ઝારાથી તે પોટલી દબાવતા રહો જ્યારે જોગ આવી જાય ત્યારે તે પોટલી મસલયા વિના કાઢી લો અને બાકી દવાઓને મસળી કપડામા ગાળી લો અને તેમા અરધો રતલ ઉજલી ખાંડ નાખી તાર બંધાય તેવો શીરો કરીલો એનો ખોરાક બે તોલા છે આ શરબત કબ્જની બીમારીઓમા આપવામા આવે છે અને ફુના મકના પાતરાના ઉકાળાની સાથે દેવામા આવે તો વધુ ઝાડા લાવે છે

સાકમુનાયાને ભુજવાની રીત

જ્યારે (સક મુનીયા) ભુજવુ હોયતો તેને વાટી એક કપડાની થેલીમા મુકી એક દાટમ

અથવા સફરજન કે જમરૂખમા ત્રણ ખુણુયાની કાપની કાટી ખાડો કરી વચ્ચે રાખી લો. અને ખાડા ના ઉપર તે કાપલી રાખી બંદ કરી આખા ફલને આટો ગુંદી લપેટી બળતા ચુનાની ભરભટમા દબાવી દો જ્યારે ગોળો લાલ થાય ત્યારે સકમુનીયા ને કહાડી લો આજ (મુશવવી) એટલે ભુજેલુ કહેવાય છે—અને વગર ભુજેલુ આતરડા ને નુકસાન કરે છે

શરબતે ઉન્નાબ બનાવવાની રીત

અરધો રતલ ઉન્નાબ લય કચુરી અથવા દોદરૂ કરી રાતના ભીંજવીદો અને સવારે સારી પઠે ઉકાળો ફરી કપડામા ગાળી તેના ઉજલી ખાંડ એક રતલ મેળવી ભાજી (કેગમ) એટલે તાર બધાય તેવો શીરો કરીલો—ખાંડ મેળવવા નો મુળ વજન તો આજ છે જ્યા વધુ મેળવવુ હોય તો બે રતન સુધી પણ મેળવી બનાવીએ છીએ

આમલાનો મુરબ્બો બનાવવાની રીત.

તાજા આમળા મોટા અને સાંગ લઈ એક જાડી સોયથી તેમા બધે ગોદી કોચા મારી પાણીમા ઉકાળો જ્યારે થોડા પ્રમાણમા નરમ થય ત્યારે તેમાંથી કહાડી ફટકડીના પાણીમા અથવા છાશમા એક રાતદીવસ દબાવી રાખો ફરી તેમાથી કહાડી તેનુ પાણી સુકાવી જેટલા આમલા હોય તેની ત્રણ અથવા ચાર ઘણી ઉજળી ખાંડનો શીરો બનાવી તેમા આમળા નાખી જરા હલકા જોશ દઈ રાખી લો ફરી ત્રીજા અથવા ચોથા દીવસે એક જોશ બીજો આપી દો (કે એમા જે કાંઈ આમલાના પાણીનો કાચો ભાગ હશે તે પણ જોશ દેવાથી પાકો થશે) અને કમમા કમ ત્રણ માસ વીત્યા બાદ આ મુરબ્બો સારો થાય છે

કાફુરનુ અરક બનાવવાની રીત.

આ અરક અજીરણ (હૈઝા અથવા કોલેરા) માટે તથા ગરમલુ લાગવાને અકસીરી ફાયદો આપે છે અને એની રીત હેઝાના વર્ણનમાં લખાય ગઈ છે

ચાકસુનો છોરવાની રીત.

એની રીત આખની બીમારીના વર્ણનમા આવી ગઈ છે

મરહમે રોસોલ (મલમ) નો નુસખો.

આ મલમ શરીરના જખમ (ફોડા ફુલ્લાને) ફાયદો આપે છે અને ખરાબ થયેલા મવાદ (પીપ પરૂ)ને અલગ કરી દે છે અને સાફ કરી જખમ ભરી રૂઝાવે છે અને એના બનાવવાની રીત દુમબુલના વર્ણનમા આવી ગઈ છે

ઇંડુ નિમબિરીશત (અરધુ કાચુ અરધુ પાકુ) ઉકાળવાની રીત

એની રીત ખાવાના વર્ણનમા આવી ગઈ છે

માછલીના કાંટા પીગળાવવા (ગલાવવા) તથા પકાવવાની રીત.

બે રતલ માછલી—અને અદરક પા (૦।) રતલ—ખાટી છાશ એક રતલ જો છાશ ખાટી નહોય અને મોળી હોયતો માછલી એક રતલ લેવુ

રીત આ છે કે પહેલા માછલીના પેટની બધી (આનાએગ) નકામી વસતુ કહાડી સાફ કરી લો અને તના નાના તુકડા કાટી થાલી કે લગનમા બીછાવી લો તે એવી રીતે કે વચ્ચેની જગ્યા ખાલી હોય ફરી તે ખાલી જગ્યામા થોડી કોલસાની આગ રાખી તે ઉપર થોડુ મીણુ (મધમાખીનુ મોમ) મુકીદો અનેતે વાસણને કોઈ બીજા વાસણથી ઢાકી દો જેથી તેનો ધુવાડો માછલીના તુકડાઓમાં પહોચી જાય અને પાચ મિનિટ પછી ખોલી દો—આ રીત કરવાથી માછલીની ગન્ધ દૂર થઇ જશે અને તેનો વિસાણ તદન જતો રહેશે—ફરી માછલીનો મસાલો પ્રથમ ઘી અથવા તેલમા ભુજી લો અને તે માછલીના તુકડાઓ તેમાં એક ઉપર

એક સીચી દો ફરી તેના ઉપર અદરક બારીક બારીક કાટી છાશમા ભીંગવી ફરતા નાખી દો અને થોડુ પાણી પણ જોયતુ નાખી દો ફરી કાઈ સરપાશ વિગેરેથી ઢાકી ગુદેલા આટાવળે તેનુ મોહ બદ કરી હલકી આચ ઉપર પકાવી લો આ રીતે પકાવવાથી કાટા ગળી જશે

જો માછલીને (સરસુના) તેલમા પકાવવુ હોય તો તેલને સાફ કરવાની **રીત આ છે** કે સરસુના તેલને આગ ઉપર રાખી સરપોરાથી ઢાકી દો જ્યારે તેલમા કકલો આવે ત્યારે થોડુ સરપોશ ઉચકી ઉતાવળે દહીમાથી નિકળેલુ પાણી તેમા રેળી તરતજ ઢાકી દો કે તેલમાં ભડકો થાય નહીં–થોડીવારે ફરીનુ બીજુ પાણી પણ નાખીદો એવી રીતે બે ત્રણ વેળા કરવાથી તેલ તદન સાફ થય તેની ગધ તદન નિકળી જશે

આ ભાગમા (એના અસલ ઉર્દુ ભાશામા) દવા દારૂનુ બયાન જોયતુ લખ્યુ છે પણ એના ખરા થવાના લીધે મોલવી **હકીમ** મોહમ્મદ મુસતોફા સાહેબને બતલાવવાથી તેનણે પણ એના ખરા હોવાનો ટેકો આપ્યો છે તેવણની સહી **ખાદેમુલ અતિબ્બા મોહમ્મદ મુસતોફા બિજનોરી હાલ મુા. મેરઠ.**

ઝાર ફુંકનું બયાન.

જેવી રીતે બીમારીઓનો ઇલાજ દવા દારૂથી થાય છે તેવી રીતે કેટલીક બીમારીઓને ઝારફુક થી પણ ફાયદો થાય છે જેથી દવાઓનુ વર્ણન લખ્યા પછી થોડુક ઝાર ફુકનુ વર્ણન પણ લખવુ સારૂ સમજ્યુ છે

વળી બીજુ આ છે ક કેટલીક અણસમજ અભણ સ્ત્રિઓ બચ્ચાઓની બીમારીઓમા અથવા અવલાદ થવાની ઉમ્મેદમા પોતાનો અકીદો બગાડી એવા એવા કામો કરી બેસે છે કે જે ઇમાન અને શરીઅતથી તદન ઉલટુ કરવા લાગી જાય છે કોઈ જગ્યાએ ફાલ ખોલાવે છે તો કોઇ જગ્યા ચઢાવા ચઢાવે છે તથા કોઇ વેળા એવી તેવી વિચાર વગરની નકામી મન્નતો પણ માને છે કોઇને કેથે હાથ દેખાડે છે અને બેદીન તથા ઠગારા પાસે તવીજ પલીતા અથવા ઝારફુક કરાવે છે એટલુજ નહી પણ કોઈ વેળા કેટલીક ગાડી અને અભણ સ્ત્રિઓ તો (સીતલા ભવાની) સીળી નીકળવાને પણ પુજવા લાગી જાય છે. જેથી દીન ઇમાન તો બગડે છે અને ગુનોહ પણ થાય છે વળી એવી કાઈ વાતોથી તો માણસ કાફેર મુરતેદ સુદ્ધા થઈ જાય છે,–(ખુદાની પનાહ) અને કોઈ વેળા એવા ઢોગી લોકો કાઈ પૈશા રૂપીઆ કપડુ–અથવા અનાજ મરઘા, બકરા વિગેરે પણ ઢોગ કરી પડાવી લે છે અને કદી કદી એના માણસો પાસે સ્ત્રિઓના આવવા જવાને તથા વાતચીત કરવાથી તેઓની નૈયત પણ બગડી જાય છે અને તેથી આબરૂ ઇજ્જત ના લાગુ થઈ જાય છે મતલબ સર્વ રીતે નુકસાનજ નુકસાન છે અને તે છતા તેજ થાય છે કે જે ખુદાને મન્જુર હોય છે (એટલે મનમુજબ વખતે કામ થાય અને નહીં પણ થાય) એટલા માટે એવો વિચાર થયો કે ઝાર ફુકના કેટલાક એવા તરીકાઓ બતલાવવામા આવે કે જે શરીઅતથી વીરૂદ્ધ નહોય–જેથી ખુદાપાકના નામની બરકતથી સારૂ પણ થાય અને દીને ઇમાનની પણ સભાળ રહે અને માલ તથા આબરૂ ઇજ્જતની પણ નુકસાની પણ થાય નહીં

આધું તથા દાંતનો દુખાવો તથા વાયુથી દુખાવાનો ઈલાજ.*

લાકડાની એક પાક તખતી ઉપર પાક રેતી બેછાવી લોખંડની એક ખીલી વડે તે ઉપર (અરબી અક્ષરોમા) આ લખો **અબજદ હુવ્વઝ હુત્તી** અને **અલેફ્**ના અક્ષર ઉપર ખીલી કોચી જોરથી દબાવો અને જેને દુખાવો હોય તે પોતાના દુખાવા ઉપર જોરથી પકડી દાબી રાખે ફરી તમે એકવાર અલહમદો શરીફ પઢો અને તેથી દુખાવાનો હાલ પુછી જુવો જો આ કરવા છતા દરદ રહ્યુ હોય તો એવીજ રીતે **બે**ના અક્ષરને ખીલો કોચી દબાવો મતલબ કે એજ રીતે એક એક અક્ષર ઉપર મજકુર અમલ કરી લો તો ખુદાના ફજલથી બધા અક્ષરો પુરા નહી થવા પામશે કે દુખાવો સાજો થઈ જશે

કોઈપણ જગ્યાના દુખાવાનો ઇલાજ.

આ આયત પહેલા બિસ્મીલ્લાહ તથા ત્રણ વાર આયત (**વ બિલ-હકકે અન્ઝલનાહો વબિલ-હકકે નજલ૦ વમા અરસલનાક ઇલ્લા મોબશ્શેર વ-વ નઝીરન૦** પઢી દરદની જગ્યાએ ફુંકો અને લગાડવાના કોઈ તેલ ઉપર પણ પઢી દમ કરી મસલાવો અથવા વોહ્યુ કરી એનીજ તવીજ લખી બાધી દો

મગજ કમતાકાત થયુ હોય તો.

પાંચે વખતની નમાજો પઢી માથા ઉપર હાથ રાખી અગીઆર વાર **(યા કવીય્યો)** પઢો

---

*આ ફુંક કરના પહેલા તથા તાવીઝ લખના પહેલા જે જે એ વીશેનો દસતુર નામનો પડે છે તેને આજ ઝાર ફુકનુ બયાન ફુંક થના **ચેતવણી**મા લખી આપ્યુ છે માટે પઢેના ત્યા જોઈ લેવુ અને ફરી આ કામ કરવા, વળી જ્યારે તમો તવીજ-રકાબીમા કોઈ હરફ લખો તો અરબી ભાશામાજ લખવુ ગુજરાતી ભાશામા લખશો તો કાઇ અસર થશે નહી. એચ એ. રહમાન.

નિગાહ કમજોર થઈ હોય તો

પાંચે વખતની નમાજો પઢી અગીઆર વાર **[યા નુરો]** પઢી બન્ને હાથોની આંગળીઓના પોરવાઓ ઉપર દમ કરી આખો ઉપર ફેરવો,

જીભનુ તોતડાવવુ તથા સમજ શક્તિ કમજોર હોય તો

ફજરની નમાઝ પઢી એક પાક કાકરી મોહમા રાખી આ આયત શરીફ **[રબબિશ-રહલી સદરી વયસ્સેર-લી અમરી વહલોલ ઉકદતમ-મિ લ્લેસાની યફકહૂ-કવલી]** એકવીશ વાર પઢવુ-એવીજ રીતે એક પાક બિસકીટ ઉપર **અલ-હમદો** શરીફ લખી ચાલીશ દિવસ સુધી ખાવાથી પણ સમઝ શક્તિ વધે છે

દિલમાં હોલ પડતી હોય તો

આ આયત બિસમિલ્લાહ સાથે લખી ગળામા બાંધવુ પણ ધાગો એટલો લાંબો રહે કે તવીજ દિલ ઉપર પડી રહે અને દિલ ડાબી તરફ છાતી નીચે હોય છે તે આયત આ છે **અલ્લઝીન આમનુ વતત-મઈન્ન કોલૂબો-હુમ બેઝિકરિલ્લાહ૦ અલા બેઝિકરિ-લ્લાહે તત-મઈન્નલ-કોલૂબ૦**

પેટના દુખાવા વિષે.

આ આયત પાણી વિગેરે ઉપર ત્રણવાર પઢી પીવાડો અથવા એની તાવીઝ લખી પેટ ઉપર બાધવુ તે આ છે **(લા ફીહા ગવલુન વલા-હુમ અન્હા યુનઝફૂન૦).**

અધોક તથા એવી દરેક તરેહની વબા-અથવા પ્લેક માટે.

એવા દિવસોમા જે કાંઈ ખાવુ કે પીવુ હોય પહેલા ત્રણવાર તે ઉપર **ઇન્ના અનઝલનાહો**ની સુરત પઢી દમ કરી ખાઓ ખુદા ચાહશે તો બચાવ રહેશે-અને જેને થયો હોય તેને પણ કોઈ વસ્તુ ઉપર દમ કરી ખવાડો-પીવાડો ઇન્શાલ્લાહ શફા થઇ જશે.

તિલ્લીનુ વધી જવુ.

આ આયત બિસ્મેલ્લાહ સાથે લખી તિલ્લી ની જગ્યાએ બાધો (ઝાલેક તખફીફુમ-મિર્‌રબ્બેકોમ વ-રહમહ૦)

નાફનુ હટી જવુ એટલે [અમ્બોય કે દૂટીનુ ખસવુ.]

આ આયત બિસમિલ્લાહ સાથે લખી દુટી ઉપર બાધી દો દુટી પોતાની જગ્યાએ આવી જશે અને જો બાધીજ રાખો તો ફરી ટલશે નહી તે આયત આ છે (અલ્લાહો યુમસેકુસ્સમાવાતે વલ-અરદ અન-તઝુલા વ-લઈન ઝાલતા ઇન અમસક-હોમા અહદુમ-મિમ બઅદિહિ૦ ઈન્નહુ કાન હલીમન ગફુરા૦].

તાવ વગર તાઢ વાગે હોય તો

આ આયત લખી તવીજને ગળામા અથવા હાથના બાજુ ઉપર બાધવુ તથા દમ કરવુ તે આયત આ છે (કુલના યા નારો(કુની બરદ વ-વ-સલામન અલા ઇબ્રાહીમ) અને જો તાઢ વાગીને તાવ આવતો હોય તો, ગળામા અથવા બાજુ ઉપર તવીજ લખી બાધી દો ત આયત આછે (બિસમિલ્લાહે નજરાહા વ-મુરસાહા, ઈન્ન-રબ્બી લ-ગફુરૂર-રહીમ.)

ફોડા ફુલ્લી અથવા વરમ વિષે.

પાક માટી ફરી તે બધાયલો ઢેપલો હોય કે ધૂળ હોય લય તે ઉપર આ દુઆ પઢી થુકી દો (બિસ્મીલ્લાહે બેતુર-બતેહી અરદેના બેરીકેહી બઅદેના યશરી સકીમના બેઇઝન રબ્બેના) ફરી માટી ઉપર થોડુ પાણી છાટી તે માટી દુખની જગ્યાએ અથવા તેના આસેપાસે દીવસમા બ વાર વાર મસલી દો

ડંખ વીંછુ અથવા ભિડ માકડી વિગેરેનુ કડવુ

થોડા પાણીમા નિમક ઘોલી તે જગ્યા ઉપર મસલતા રહેવુ અને ફુલયા ની પુરી સુરત પઢી દમ કરતા જવુ ઘણીવાર સુધી એજ પ્રમાણે કરવુ

સાપનુ વન્ખા નિકળવુ અથવા આસેબનુ હોવુ.

લોખન્ડની ચાર ખીની લય એક એક ઉપર આ આયત શરીફ પચ્ચીશવાર પઢી દમ કરી વરના ચારે ખુણાઓમા ભોઈમા ગાડી દો ખુદા ચાહશે તો સાપ તે વન્ખા રહશે નહી તે આયત આ છે (ઇન્નહુમ યકીદૂન કયદ વ-વ-અકીદો કયદા૦ ફમહ-હેલિલ કાફેરીન અમહુ-લ હુમ રાવયદા૦) વળી એથીજ તે વરમા આસબનો પણ કાઈ અસર રહેશે નહી

અડકેલા કુતરાએ કરડેલુ હોય તો

ઉપરનીજ આયત (ઇન્નહુમ યકીદૂન થી રોવયદા સુધી) એક રાટલી અથવા બિસ્કેટના ચાલીસ તુકડા ઉપર લખી એક તુકડા રોજ તે માણસને ખવાડતા રહેવુ ખુદા ચાહશે તો અડકનુ અસર નહી,

સ્ત્રીનુ વાંઝીયુ થવુ.

ચાલીસ લાવગ લય દરેક ઉપર સાત સાત વાર આ આયતને પઢે જે દિવસે સ્ત્રી પાકીનુ ગુસલ કર તે દિવસથી એક લવિગ દરરોજ સુતી વેળા ખાવુ શરૂ કરી દે અને તે ઉપર પાણી પીય નહા અને કદી કહાય મીયાની પાસ (ગેમ ઉઠે) તે આયત આ છે (અવ-કઝોલોમાતિન ફી બહરિલ-લુ-જજીયન,યગશાહો,મવજુમ-મિન ફવકેહી મવજુમ, મિન ફવકેહી સહાબો ઝોલો-માતિન બઅદોહા ફવ-ક બઅદહન ઈઝા અખરજ યદહુ લમ યકદ યરાહા વમલ-લમ યજઅલિલ્લાહો લહુ નુરન ફમા-લહુ મિન-નુર૦)ખુદા ચાહશે તો ઓલાદ થશે

હમેલ પડી જવુ.

એક કાચો ધાગો કુસુબથી રગેલો સ્ત્રીના શરીર જેટલો લાબો લય તેમા નવ ગાઠ વાળી

દરેક ગાઠ ઉપર આ આયત પઢી દમ કરી દો ખુદા ચાહશે તો હમેલ પડશે નહી અને જો કાંઈ વેળા વાગો નહી મળે ત્યારે કોઈ કાગલ ઉપર લખી (કપડામા લપેટી) પેટ ઉપર બાંધી દો તે આયત આ છે [વસર્બેદ વલા સબ-રોક ઈલ્લા બીલ્લાહે વલા તહઝન અલૈહિમ વલાતકો ફી ઝયકીમ-મિમ્મા યમકોરૂન૦ ઈન્નલ્લાહ મ-અલ્લઝીનત-તકવ વલ્લઝી-નહુમ, મોહસેનુન૦]

બચ્ચુ થતી વેળા દુખાવો થાય તો

આ આયત એક કાગળ ઉપર લખી પાક કપડામા લપેટી સ્ત્રિની ડાબી રાન ઉપર બાંધી દો અથવા કાંઈ મીઠાઇ ઉપર પઢી દમ કરી ખવરાવી દો ખુદા ચાહશે તો બચ્ચુ સહલાઈથી થશે તે આયત આ છે [ઈઝસ-સમાઉન શક-કત વઅઝેનત લેરબ્બેહા વ હુક-કત-વઈઝલ-અરદો મુદદત-વઅલ-કત મા ફીહા વતખલ્લત૦ વઅઝેનત લેરબ્બેહા વહુક-કત૦]

બચ્ચુ જીવતુ નહોય તો

પા પા (¼) તોલા અજવાએન તથા કાલા મરી લઇ પીરના દીવસ બપોરી વખતે ચાલીસ વેળા વસ્સનશ્શેની સુરત એવી રીત પઢો કે જયારે શુરૂ કરવા લાગે પહેલા દારૂદ શરીફ પણ પઢી લેવુ-અને જયારે ચાલીસ વાર ખતમ થાય ત્યાર ફરી છેલ્લા પણ એકવાર દોરૂદ શરીફ પઢી લો અને અજવાએન તથા કાલા મરી ઉપર દમ કરી દો-અને શુરૂ હમેલ રહ્યાથી અથવા હમેલ જણાએ ત્યારથી દુધ છોડાવ્યા સુધી દરરોજ દરરોજ તેનાથી થોડુ થોડુ ખાતા રહો ખુદા ચાહશે તો અવલાદ જીવતી રહેશે

હમેશા છોકરીજ થયાં કરતી હોય તો

તે સ્ત્રિનો ધણી અથવા કોઇ બીજી ઓરત તેના પેટ ઉપર સિત્તેરવાર આંગલી વળે ગોલ કુડાલુ પાડતા ખેચતા રહો અને દરેક વેળા આ લફઝ (યા મતીનો) કેહતાં રહે ખુદા ચાહશે તો છોકરો થશે

બચ્ચાને નજર લાગવી અથવા રડયા કરવુ અથવા ઊંઘમા ડરવુ કે આફલા આવતા હોય તે માટે

કુલ અઉઝો બે રબ્બીલ-ફલકે તથા કુલ અઉઝો બેરબ્બીન-નાસે ની સૂરત ત્રણ ત્રણવાર પઢી તે ઉપર દમ કરી દો અને આ દોઆ લખી તેના ગળામા બાંધી દો (અઉઝો બે-કલેમાતિ-લ્લાહિત-તામ્માતે મિન શર્રે કુલ્લે શૈતાનિન વહામ્મતિન વ-અયનિન લામ્મતિન) તો ખુદા ચાહશે તો સર્વ આફતોથી બચી રહેશે

સીલી-સીતલા માટે.

એક-સાત તારનો ઉદો ધાગો લય તે ઉપર સૂરહ અરરહમાન જે સત્તાવીશમા સીપારા ના અરધામા છે તે પઢે અને જયારે આ આયત આવ્યા કરે ફબે અયે આલા એ ત્યારે એ પુરા થયાથી તે પર દમ કરી એક ગાઠ બાંધી દો એ પ્રમાણે સૂરત ખતમ થયાથી એકતીશ ગાઠો થઈ જશે ફરી તે ગાઠો બચ્ચાના ગળામા પહેરાવી દો-જો સીળી નીકળવા પહેલા બાંધી દો તો ખુદા ચાહશે તો સીળીથી બચાવ રહેશે-અને જો સીળી નીકળી ગયા પછી બાંધ્યુ હોય તો વધુ દુખ થશે નહી

દરેક તરેહની બીમારી માટે

ચીનીની રકાબી ઉપર બિસમીલ્લાહ તથા અલહમદોની સૂરત અને આ આયતો લખી દરરોજ બીમારને પીવડાવતા રહો આ અમલ મોટી તાસીરવાળો છે તે આયતો આ છે (વ-યશફે સોદૂર કવમિમ મુઅ મેનીન વ-ઇઝા મરદત ફહો-વ યશફીન વશફાઓન-લેમા ફીસ્સોદૂરે વહોદવ-વર-હમતલ-લિલમુઅ મેનીન-વનો-નઝઝેલો મિનલ-કુરઆને માહો-વ શફા-ઉંવ

વ-રહમતુલ-લિલમુઅ મેનીન-વલા યઝીદુઝ્ઝાલેમીન ઈલ્લા ખસારા કુલ હોવ લિલ્લઝીન આમનુ હોદ વ-વ શફા૦)

મોહતાજ તથા ગરીબ હોય તો

ઈશાની નમાઝ પછી પહેલા તથા છેલા અગીઆર અગીઆર વાર દોરુદ શરીફ અને વચમા અગીઆર વાર તસબી (૧૧૦૦) **યા-મોઈઝ્ઝોની** પઢીને દોઆ કરતા રહો

અને જોઇએ તો આ બીજો દોઆ પઢતા રહો કે ઈશાની નમાઝ પછી પહેલ તથા પાછલ દોરૂદ શરીફ અને વચમા અગીઆર **(યા વહહાબો)** પઢી દુઆ કર્યા કરો ખુદા ચાહશે તો હાથ ફરાખ થશે અને બરકત થશે

આસેબ [જીન] લાગ્યો હોય તો

આ આયતોને બીમારના કાનમા પઢી દમ કરી દો તથા પાણી ઉપર દમ કરી તેને પાઓ **(અ-ફ-હસિબ-તુમ અન્નમા ખલકના-કોમ અબસવ-વઅન્નકુમ ઈલયના લા-તુરજઊન -ફ-તઆલલ્લાહોલ-મલેકોલ-હક્કો લાઈલાહ ઈલ્લાહુ૦ રબ્બુલ-અરશિલ-કરીમ૦ વમ યદઓ મઅલ્લાહે ઈલાહન આખર લા-બુરહાન લહુ બિહી ફ ઈન્નમા હેસાબોહુ ઈન્દ-રબ્બેહી૦ ઈન્નહુ લા-યુફલેહુલ કાફેરૂન૦ વકુર-રબ્બેગ ફેર વર-હમ વ-અન્-ત ખૈરુર-રાહેમીન૦)**

એજ રીતે **વસ્સમાએ** -ની સુરહ સાતવાર પઢી કાનમા દમ કરવુ અને ફરી સીધા કાનમા **અઝાન** દેવી તથા ડાબા કાનમા **તકબીર** કહેવુ પણ આસબને નસાડે છે

કોઇ રીતનુ કામ અટકી પડયુ હોય તો

બાર દિવસ સુધી દરરોજ બાર હજાર **વાર** આ દોઆ પઢી અલ્લાહ પાસે દોઆ માગો **ખુદા** ચાહશે તો ગમે તેવુ મુશ્કેલ કામ હોય **તે** પણ પુરુ થઈ જશે તે આ છે **યા બદી ઉલ અજાએબે બિલખૈરે યા બદીઓ)**

દેવના હોવાનો શક થયો હોય તો

કુલ અઉઝો બેરબ્બીલ-ફલકે તથા કુલ અઉઝો બરબ્બીન્નાસની સુરહ ત્રણ ત્રણવાર પઢી પાણી ઉપર દમ કરીને બીમારને પીવડાવો અને થોડુ પાણી ઉપર પણ દમ કરી તેથી તેને નવડાવો—અને આ દોઆ ચાલીસ દીવસ સુધી રોજ ચીનીની રકાબી ઉપર લખી પીવડાવતા રહો [બિ-ઝુરેહો [illegible] લા-હુવ્વ] **ફી દેમૂગને હુરકેહી [illegible] યા હુવ્વો** તો ખુદા ચાહે તો જલદી અસર જતો રહેશે વળી આ દોઆ જે બીમારો માટે હકીમેએ જવાબ આપી દીધો હોય તેવા બીમારો માટે પણ ઘણીજ ફાયદાકારક છે

ધણીની નારાજી તથા પુછનો ન હોય તો

ઈશાની નમાઝ પછી ડાબા મગીના ઉપર [illegible] આગળ પાછળ દોરૂદ શરીફ અગીઆર વાર અને વચમા અગીઆર તસબી (૧૧૦૦) [illegible] (યા લતીફો-યા વદૂદો) પઢવુ અને પઢતી વેળા ધણીની [illegible] ખિયાલ રાખવો [illegible] તો તે ડાબા મગીને [illegible] ધણીની [illegible] તમના [illegible] દોઆ કરી [illegible] ખુદા ચાહે તો ધણી [illegible] અમને [illegible] ચલાવતી [illegible]

[illegible] હોય તો

આ બન્ને આયતો નિમક ઉપર સાતવાર પઢી તે અબલની દાળમા નાખી ખવરાવી દો **પહેલી આયત (વઅવાઝેહાલો યુરદેઅન** અવલા-દહુન્ન હવલયને કામેલયને લેમન અરાદ અન-યોતિમ્મર-રઝાઅત) **બીજી આયત (વ ઈન્ન લકુન) ફીલ અનઆમે લઈબરહુ૦ નુસકી કોમ મિમ્મા ફી બોતૂનેહી, મિમ-બૈન ફરસિવ-વદમિન લબનન ખાલેસન સાએગલ લિશ્શારેબીન૦)** આ બીજી આયતને જો આટાના પેડામા પઢી

દમ કરી ગાઇ ભેસને ખવરાઓ તો તે પણ ઘણુ દુધ આપશે

ચેતવણી—જેઓને આ કરતા વધુ ઝાર ફુક કરવાનો કે જાણવાનો શોક હોય તેઓ હમારી (ઉર્દુ) **અઅમાલે કુરઆની**ના ત્રણ હીસ્સા તથા (ઉર્દુ) શફાઉલ અલીન અને ઝફરે જલીલ જોય લેવુ

(અને જેયારે કોઈ તાવીજ કે રકાબી લખવી હોય તો તે અરબી હરફોમાજ લખવુ નહી તો ફાયદો થશે નહીં)

અને આ વાતોને હમેશા યાદ રાખો કે કુરઆનની આયતો વઝુ કર્યા વગર લખો નહી તેમજ જ્યારે નહાવાની જરૂરત હોય ત્યારે પઢવુ પણ નહી

અને જે કાગઝ ઉપર કુરઆને શરીફની આયત લખી તવીઝ બનાઓ તે વેળા તે તવીઝ ઉપર એકસાદુ કાગલ બીજું લપેટી દો જેથી તાવીઝ લેનાર માણુસ જો બેવોઝુ હોય તો તેને હાથમા લેવુ દોરૂસ્ત થાય

અને ચીનીની રકાબીમા પણ આયત લખી બેવોઝુના હાથમા આપો નહીં પણ તમો પોતેજ વોઝુ સાથે રહી પાણી વિગેરેથી ધોલીદો

અને જ્યારે તાવીઝનુ કામ રહે નહીં ત્યારે તેને પાણીમા ધોવી તે પાણીને કોઈ નદી અથવા નેહેર અથવા કૂવામા મુકાવી દો

સમાપ્ત.

સર્વ સ્તુતી અલ્લાહ માટેજ છે અને તેનો અણહદ એહસાન કે તેણે આ નવમા ભાગનો તરજુમો ગુજરાતી ભાશામા કરવાની મને તોફીક બખશી અને એના દશમા ભાગને પણ ગુજરાતીમા થવાની તોફીક તથા મદદ મળવાની તે માલેકથીજ ચાહુ છુ—વસ્સલામો અલા રસુલેહી મોહમ્મદીન—વઆલેહી વઅસહા બેહી વ અહલે બૈતેહી વસ્લલમ—આમીન

હકીમ અબ્દુર્રહમાન બીન મરહુમ મોલાના મોલવી ગુલામ મોહમ્મદ હા૦ સાદેક
મેનેજર કુતુબખાનએ—સાદેકીય્યહ **રાંદેર** જી૦ **સુરત.**

મેહેશતી ઝેવરના નવમા ભાગમા જે નુસખાઓ લખાયા છે તેમા કેટલીક દવાના યુનાની નામો પણ લખાયા છે પણ તેને વખને કોઈ ગાધી નહીં સમજે જેથી આ લીસ્ટમા તેની સાથે ગુજરાતી ભાશ મા પણ ઓલખાતી દવાઓ લખી આપ્યા છે હવે જ્યારે નુસખો લખવો પડે ત્યારે નુસખાની દવા આ લીસ્ટમાંથી જોઈ તે દવાનુ નામ લખી દેશો તો તમને ગુજરાતના મોટા ગાધીઓ પણ દવાઓ બાધી આપશે

દવાના નામોની લીસ્ટ.

યુનાની નામ	ગુજરાતી નામ	યુનાની નામ	ગુજરાતી નામ
કાસની	કાસનીના બીજ	જાફરાન	કેસર
કતીરા	કીયો યા કડીયો ગુન્દર	જેહેર મોહરા ખતાઇ	પાવઝેરની પથરી
કાકળાસીંગી	કાકડા સીગી	ઝરાવન્દ	એ જાતના ફળ
કરસફના બી	જીણીઅજમોદ	ઝરમબાદ	નરકચુર
કુસત	કુટ અથવા કરૂ	ઢાકનો ગુદર	ખાખરનો ગુદર
કુન્દર	મોટુ શહેરીલોબાન	તુખમે કાહુ	કાવના બી
કુરતુમ	(કુસુમના બી)	તુખમે કતા	(અલસીના બી)
કેહેરબા	કેરૂબો	તુખમે કનોચા	(મરેડ) ના બીજ
કશનીજે ખુશક	ધાણા સુકા	તુખમેખિયારેન	કાકડી ચીબડાના બી
કમેલા	કપીલો	તાલ મખાના	ગોખરો
કતા	અલસી	તુખમે કરફસ	કરફસના બીજ
કબાબ ચીની	ચીનીકબાલા	તિતલી (સોદાબ)	તિતલી
કુશતો	ભસ્મ (ખાક	તુરબદ	નસોતર (લીસોતર)
ખીરા	કાકડી	તુરઇ	તુરયા
ખુરફા	કુલફાના બી	તુખમે રેહાન	કેહાનના બીજ તુકમરયા
ખાકસી	ખાકસી (ખુબકલા)	તબાશીર	વાસકપુર
ગુલાબજીરા	ગુલાબના કુલનુ જીરૂ	તુખમે શબેત	સુવાના બીજ
ગિલે અરમની	ગીલે અરમનીલાલ માટી	તુખમે હમ્માજ	ચુકાના બીજ
ગુલે ધાવા	ધાવળીના ફુલ	ઘુગચી	ચનોટી
ગુલે ટેશુ	કેસુરી તથા ખાખરના ફુલ	નીલુફર	નીલોફરના ફુલ કમળના ફુલ
મદા બેહરોજા	સુકુ બીરજી	નીલા થુથા	મોરથુથુ (તુતથા)
ગુલે ગાફીસ	ગાફેસના ફુલ	નાગર મોથા	નાગર–મોઠની જડ
[illegible]	(ચીમર)	નસોત	લીસોતર
ચુકાના બી	(ચોલાઇના બી)	નમકે સાભર	સાભર લુણુ
		નમક સીયાહ	સચલ

[illegible]ની નામ	ગુજરાતી નામ
મક લાહોરી	સીધા લુન સિંધવખાર
ઝ્નુર	નરકચુરો
નાર જીલ હરયાદ	દરયાઈ નારિયલ
નરપસી	(નિરમલી)
નવનખના પાતરા	
નીશાસ્તો	ઘઉંનો નીશાસ્તો ઘઉંનુ દુધ
પડની વાદા	પડાનો વાવર
પરસ્યાવાનગાન	હનસરાજ
પેડ	સુર્યમુખી
રેજ મુશ્ક	(રામ તુલસીના ફુલ)
બાદરજ બોયા	સુફેદ વગની
બારા સિનગા	સાબર સીંગડું
બેખ મેનન	સ્વડાની જડ
નાકલા	એક જાતના વાલ
બેલગીર	બીલાંનો કચો ગર
બોઝીદાન	મીઠા અકલગરો
બેહદાના	બીજ
બુરા અરમની	સંચોરો (પાપડખાર લુણ)
બચ્છનાગ	વચ્છનાગ
[illegible]	(વનસ્પતિ)
[illegible]	નવસી (રોઝ)
બીલાવા	ભિલામુ
બફા (એન પુસ્તાક)	પોપટી (કીચોરી)
મગજે કુદદુ શીરી	મીઠી દૂધીનુ મગજની ગરી
માહ પરવ	(પરવાળ)
માઠ કલાન	માજુફલ
માજરી	સાકર
મોમ	ખડ મીણ
મુરદારસંગ	બોદાપથરી
મુલ્મકી	ગોલ
મામકગરી	મામકગરી
મેદાલાકડી	મેદા લાકડી
મુરગો	પરવાલાની જડ
મુઃ	મમ
મુનક્કા	બી કહાડેલી કાલી દરાખ
મજીઠ	
મેખા આબેના	નીલો બેહરોઝા જદા બેહરોઝા
મ કતર મર્ઝા	પહાડી કુદનો
મક નતી મ	લોહચુમ્બક (પત્થર)
મરોડફલી	મરડાસીંગ
માડીનો સાર	કાલી વાદના પાનરાનો સાર

યુનાની નામ	ગુજરાતી નામ
લોટા સજજી	લોટા સાજી
હનસરાજ	પરસીયાવશા
શોનીઝ	કલોંજી
સજજી	માજીખાર
સેમાક	તનરીક
રસોત	રસવતી
સદલ	સુખડનુ લાકડુ
સુફેદ જનન	જસતના ફુલ (ખાર)
સમદર ઝાગ	સમુદ્રફીણ
સરમ	સરસવના ફાન્સ
સુફેદ કાગળી	કનડ સફેદ
મગ નાસેન	[illegible]
સીવ બળી	બળી માટી
સેપીમનાન	[illegible]
સમાક	(એક જાતના દાણા)
મગે જરાહત	સગજીરૂ
સમન્દર સુખ	(બીજ હોય છે)
શહમે હનજલ	ઇન્દ્રવેણાનો ગર
હબ્બુલ કુરતુમ	કોસુમના બીજ (કળના)
હબ્બુલ આસ	[illegible]
હાલુન	અમાલવો
અમલતાસ	ગરમાળો
અકલીમયા ઝહબ	સોનાનો મેલ
અન્ઝરત	ઝુરવારી અજમો
અકાસમેલ	(પીળી) અમરવેલ
આળુ	(પેચ)
અકલીમયા નુકરા	ચાંદીનો મેલ
અકસનતીન રૂમી	"
અતીસ	(એક કલી હોય છે)
આબેરેશમ	રેશમના દોડા
ઉશુક	(કાન ર) ગુંદર
અકલીલુલ મલેક	નાખુના
ઇસપન્દ	ઇસબગુલ
ઇઝખર	મરચીયા ગદ
ઉદેગરકી	પાણીમા ડુબતુ ભારી અગર
ઉદે હીન્દી	સાદુ અગર
અગર	અગરૂ તથા અગર
અસારૂન	તગર
અનીસુન	અનીસુ (એરવાદુસ)
અજવાએન	અજમો